પર્યુષણ પર્વ વિશેષાંક

જૈન સાહિત્ય કથા વિશ્વ

# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૮-૯ • ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૧ • પાના ૬૮ • કીમત રૂ. ૩૦





# જિન-વચન

## સંયમનું સ્વરૂપ

जो जीवे वि न याणत्ति अजीवे वि न याणति ।
जीवा ऽ जीवे अयाणंतो कह सो नाहिइ संजमं ।।

दसवैकालिक-४-३५

જે જીવોના સ્વરૂપને નથી જાણતા તથા અજીવોના સ્વરૂપને પણ નથી જાણતા, એમ જે જીવ અને અજીવ બંનેને નથી જાણતા તે સંયમના સ્વરૂપને કેવી રીતે જાણી શકે ?

One who does not know what life is also does not know what non-life is. Thus he being ignorant of what life is and what non-life is, how can he know what self-control is ?

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
 ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
 ૧૯૩૨ થી ૧૯૩૩
 બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
 એટલે નવા નામે
૩. તરુણ જૈન
 ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
 ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
 ૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

### પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## 'પ્રબુદ્ધ જીવન' જૈન સાહિત્ય કથા વિશ્વ વિશેષાંક

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | આ સંપાદન અંગે કિંચિત્ | પ્રા.ડૉ. કાન્તિભાઈ બી. શાહ | ૩ |
| (૨) | આ વિશિષ્ટ અંકના માનદ સંપાદક ડૉ. કાન્તિભાઈ બી. શાહ | ડૉ. ધનવંત શાહ | ૫ |
| (૩) | જૈન કથાસાહિત્ય-એક વિહંગાવલોકન | ડૉ. કાન્તિભાઈ બી. શાહ | ૬ |
| (૪) | બુદ્ધિચતુર બાળ રોહા | — | ૧૦ |
| (૫) | નિયમપાલનના મીઠાં ફળ : બે કથાઓ | — | ૧૪ |
| (૬) | ચાર પુત્રવધૂઓની પરીક્ષા | — | ૧૮ |
| (૭) | વિનયથી શોભતી વિદ્યા | — | ૧૯ |
| (૮) | સગાં જ સગાનો અનર્થ કરે : કથાસપ્તક | — | ૨૧ |
| (૯) | શ્રદ્ધા ડગે, સંશય વધે | — | ૨૩ |
| (૧૦) | દગલબાજ દોઢું નમે (ચાર પાંખડીની કથા) | — | ૨૬ |
| (૧૧) | છીંક સમસ્યા | — | ૨૭ |
| (૧૨) | એક ભાગ્યહીનની આપત્તિઓ : અંતે છુટકારો | — | ૨૮ |
| (૧૩) | કેટલીક પ્રાણીકથાઓ | — | ૩૦ |
| (૧૪) | ધૂર્ત અને દ્રોહી મિત્રને પદાર્થપાઠ | — | ૩૩ |
| (૧૫) | ભણ્યા પણ ગણ્યા નહિ | — | ૩૫ |
| (૧૬) | કરકંડુની કથા | — | ૩૬ |
| (૧૭) | સાવધાની, સમતા, સહિષ્ણુતા - તે આનું નામ | — | ૩૯ |
| (૧૮) | ગુણાવળીની શીલરક્ષા | — | ૪૦ |
| (૧૯) | સૌજન્ય, સ્વપ્નદર્શન અને સંપ્રાપ્તિ | — | ૪૨ |
| (૨૦) | આરામશોભા | — | ૪૪ |
| (૨૧) | પરમહંસ અને ચેતના : એક વિશિષ્ટ રૂપકકથા | — | ૪૭ |
| (૨૨) | દાંતે દળ્યું ને જીભે ગળ્યું | — | ૪૮ |
| (૨૩) | આપમતિલાપણાનું દુષ્પરિણામ | — | ૫૦ |
| (૨૪) | વૃદ્ધજનની કોઠાસૂઝ | — | ૫૪ |
| (૨૫) | વૃદ્ધા-કથા | — | ૫૫ |
| (૨૬) | જા સા સા સા | — | ૫૭ |
| (૨૭) | પીડા વહેંચાય તો પાપ વહેંચાય | — | ૫૮ |
| (૨૮) | મુનિવર કેમ હસ્યા ? | — | ૫૯ |
| (૨૯) | બે લઘુ દૃષ્ટાંતકથાઓ | — | ૬૦ |
| (૩૦) | ઊંઘ વેચી ઉજાગરો | — | ૬૧ |
| (૩૧) | અધ્યાત્મ રસનું કુંડા ભરી પાન કરાવતી ગૌતમકથા | ગુણવંત બરવાળિયા | ૬૧ |
| (૩૨) | જયભિખ્ખુ જીવનધારા : ૩૧ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૬૪ |


**મુખપૃષ્ટ સૌજન્ય :**

**(૧) સરસ્વતી, ૧૯મી સદી પૂર્વાર્ધ**

**(૨) આશ્રમ ઋષિ માર્કન્ડેય : બી. જે ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ - અમદાવાદ**

બહેનશ્રી પુષ્પાબેન પરીખની પારિશ્રમિક નિરીક્ષણ દૃષ્ટિ અને શ્રી જવાહરભાઈ શુક્લનું કોમ્પ્યુટ શબ્દાંકન, મુદ્રણ અને સુશોભન દૃષ્ટિ આ સમૃદ્ધ અંકને પ્રાપ્ત થઈ છે. ધન્યવાદ. આભાર......**-તંત્રી.**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૮-૯ ● ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● શ્રાવણ-વદ-તિથિ-૩

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂ.૧૨૫/- ● ●　　● ● છૂટક નકલ રૂ. ૩૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ વિશિષ્ટ અંકના માનદ સંપાદક

પ્રા. ડૉ. કાંતિભાઈ બી. શાહ

## જૈન સાહિત્ય કથા વિશ્વ

### સંપાદકિય...

## આ સંપાદન અંગે કિંચિત્

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિકાસાભિમુખ પ્રવૃત્તિઓ માટે સદા જાગ્રત અને 'પ્રબુદ્ધ જીવન'ના માનદ તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહનો ફેબ્રુઆરી '૧૧ની આખર તારીખોમાં પર્યુષણ વિશેષાંક – 'જૈન કથાઓ'ના સંપાદન કાર્ય અંગેનું નિમંત્રણ આપતો પત્ર આવી મળ્યો. વિષય તો રસરુચિવાળો હતો જ, કેમકે મારે હાથે જે કેટલુંક સંશોધન-સંપાદનનું કાર્ય થયું તે જૈન કથનાત્મક સાહિત્ય સંદર્ભે જ હતું. છતાં આ જવાબદારી સંભાળવા અંગે થોડીક અવઢવ હતી. કથાઓની પસંદગી, એના આધારસ્રોતોની ખોજ, ઉપયોગમાં લેવાનારાં પુસ્તકો હાથવગાં થવાં અને એને આધારે એ બધી કથાઓનું આલેખન. 'થશે આ બધું ?' એમ થોડીક મથામણ થયા કરી. પણ ધનવંતભાઈનો સૌજન્યપૂર્ણ આગ્રહ અને મૂકેલો વિશ્વાસ–એની આગળ, બસ, ઝૂકી જવાયું. 'ના' કહેવાનું મુશ્કેલ બન્યું. અને સોંપાયેલું કામ પાર પાડવું જ એવા દૃઢ નિશ્ચયથી કામગીરી આરંભી.

જૈન કથાઓનો પટ કોઈ ઘૂઘવતા મહાસાગર સમો વિશાળ છે. આગમો, આગમેતર ગ્રંથો, વૃત્તિઓ અને ટીકાગ્રંથો, ઉપદેશાત્મક ગ્રંથો, કથાકોશો, બાલાવબોધો, કથનાત્મક રાસાઓ, પદ્યવાર્તાઓ – જ્યાં પણ નજર નાખો– નાનીમોટી કથાઓથી આ સાહિત્યસાગર છલકાઈ રહ્યો છે. અને તે પણ પાછો પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી જેવી એકાધિક ભાષાઓમાં. ગદ્યમાં અને પદ્યમાં પણ.

તીર્થંકરો, ચક્રવર્તીઓ, ગીતાર્થો, મુનિવરો, રાજવીઓ, શ્રેષ્ઠીઓ, સતી નારીઓની ચરિત્રકથાઓ, પશુ-પંખીઓની કથાઓ,

**આ વિશિષ્ટ અંકના સૌજન્યદાતાઓ**

| ઑગસ્ટ ૨૦૧૧ | સપ્ટેમ્બર ૨૦૧૧ |
|---|---|
| સૌજન્યદાતા : શ્રીમતી કુમકુમબેન હર્ષદભાઈ દોશી<br>શ્રી રૂત્વિક હર્ષદભાઈ દોશી<br>સ્મૃતિ : સ્વ. માતુશ્રી લીલાવંતીબેન નીમચંદ દોશી<br>સ્વ. હર્ષદભાઈ દોશી | સૌજન્યદાતા : શ્રી વિનોદભાઈ એમ. શાહ<br>શ્રીમતી ભાનુબેન વિનોદભાઈ શાહ<br>સ્મૃતિ :<br>સ્વ. શ્રી સુબોધભાઈ એમ. શાહ |

દૃષ્ટાંતકથાઓ, રૂપકકથાઓ, માર્મિક બોધકથાઓ–એમ વિષયવસ્તુ અને પ્રકાર દૃષ્ટિએ વિચારતાં કેટલું વૈવિધ્યપૂર્ણ આલેખન જોવા મળે!

આ વિશેષાંક સંદર્ભે ધનવંતભાઈને અને મને–બન્નેને જે અપેક્ષિત હતું તે અનુસાર જે જૈન કથાઓ ખૂબ જાણીતી અને પ્રચલિત છે તેવી કથાઓને અહીં સમાવી નથી. તેથી જ સ્થૂલિભદ્રની કે શાલિભદ્રની, નેમ–રાજુલની કે ચંદનબાળાની, મેઘકુમાર-વયરસ્વામી–પુણિયા શ્રાવક કે સનત્ચક્રવર્તીની–આવી અતિપરિચિત કથાઓ અહીં જોવા નહિ મળે. એ જ રીતે 'સમરાઈચ્ચ કહા' કે 'વસુદેવહિંડી', 'પઉમચરિય' કે 'ઉપમિતિભવપ્રપંચા કથા', 'શ્રીપાળ રાજાનો રાસ' કે 'સુરસુંદરીરાસ'–આવાં દીર્ઘ કથાનકો પણ અહીં અપ્રસ્તુત જ હોય એ પણ સમજી શકાશે. પરંતુ જે જૈન કથાઓ જૈનેતરોને તો અપરિચિત હોય, પણ જૈન સમુદાયને પણ એકંદરે અપરિચિત સમી કે અલ્પપરિચતિ હોય અને જે કથારંજકતાની સાથે માર્મિક બોધકતાયુક્ત પણ હોય એવી કથાઓને અહીં રજૂ કરાઈ છે.

જૈન કથાસાહિત્યનો જેમને વિશેષ અભ્યાસ છે કે એમાં વિશેષ રુચિ છે એવા અભ્યાસુઓમાંથી કોઇકને એમ પણ લાગવા સંભવ છે કે અહીં અમુક કથાનો સમાવેશ કરવા જેવો હતો પણ થયો નથી, અથવા તો આ કથા કરતાં ફલાણી કથા પસંદગી પામી હોત તો વધુ ઉચિત ગણાત. પણ આગળ કહ્યું તેમ સમગ્ર જૈન કથાસાહિત્યના પ્રદેશમાં વિહરવું એ સમુદ્રને બાથમાં લેવા જેવું કપરું કામ છે. અને વળી, એને એક માસિક અંકની ગાગરમાં સમાવી શકાય પણ શી રીતે?

છતાં અહીં કથાના આધારસ્રોતો, કથાનું વિષયવસ્તુ, કથાના પ્રકારો, કથાની રંજકતા–બોધકતાનું વૈવિધ્ય જળવાય એને ધ્યાનમાં રાખીને કથાપસંદગીનો પ્રયાસ કરાયો છે.

કથા એ વિવિધ પ્રદેશોમાં, વિવિધ ગ્રંથોમાં, વિવિધ લોકમુખે વિહરતો–વિચરતો પ્રકાર છે. તેથી તો એક જ વિષયવસ્તુ ધરાવતી કથા એકાધિક ગ્રંથોમાં સમાવેશ પામેલી જોઈ શકાય છે. અને કથા જ્યાં જ્યાં પહોંચી હોય છે ત્યાં ત્યાં પાત્રનામો, સ્થળનામો, કથાંશો, કથાઘટકો, શૈલી, ગદ્ય-પદ્યનાં માધ્યમ, આલેખનનો સંક્ષેપ કે વિસ્તાર–એમ નવનવા સ્વાંગમાં એ પ્રકટ થતી ભળાય છે. ઉદાહરણ તરીકે, જૈન સમુદાયમાં અત્યંત જાણીતા સ્થૂલિભદ્ર-કોશાના કથાનક સાથે સંકળાયેલા સિંહગુફાવાસી મુનિના કથાનકમાં, સ્થૂલિભદ્ર પરત્વેની ઈર્ષ્યા અને સ્પર્ધાથી પ્રેરાયેલા આ મુનિને 'ઉપદેશમાલા' અને 'ઉપદેશપદ' ગ્રંથોમાં કોશાની બહેન ઉપકોશાને ત્યાં જતા દર્શાવાયા છે, જ્યારે 'ઉપદેશપ્રાસાદ', 'શીલોપદેશમાલા' પરની 'શીલતરંગિણી વૃત્તિ' અને 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની 'સુખબોધા વૃત્તિ'માં આ સિંહગુફાવાસી મુનિને કોશાને ત્યાં જતા બતાવાયા છે.

એટલે જ, એકાધિક ગ્રંથોમાં સ્થાન પામેલી કથાના સર્જકનું નહિ, કથા જે ગ્રંથમાં સમાવેશ પામી હોય એ ગ્રંથકર્તાનું નામ બતાવી શકાય. હા, ગ્રંથકારે ગદ્ય કે પદ્યના માધ્યમથી જે સ્વરૂપે એને શબ્દબદ્ધ કરી હોય એ મર્યાદામાં એનું કર્તૃત્વ ગણી શકાય.

આ વિશેષાંકના આરંભમાં મુકાયેલા અભ્યાસલેખ 'જૈન કથા-સાહિત્ય–એક વિહંગદર્શન'માં જૈન કથાસાહિત્ય કેટલા વિસ્તૃત પટ ઉપર પથરાયેલું છે એની ઝાંખી થઈ શકશે.

આ અંકમાં પ્રત્યેક કથાના પ્રારંભે ચોરસ કૌંસમાં કથાનો આધારસ્રોત-ગ્રંથ, ગ્રંથકર્તા, એનું રચનાવર્ષ વગેરે દર્શાવ્યા છે. ક્યાંક એકથી વધુ આધારગ્રંથોનો પણ ઉલ્લેખ કર્યો છે. તે પછી કથાલેખન માટે જે પુસ્તકને ઉપયોગમાં લીધું છે તેનું નામ, સંપાદન, પ્રકાશન, પ્રકાશનવર્ષ વગેરેની માહિતી આપી છે. કથાલેખનમાં જૈન પારિભાષિક શબ્દોનું ભારણ ન રહે એ ખ્યાલમાં રાખ્યું છે. ક્યાંક એવી ભાષા પ્રયોજાઈ હોય તો સરળ પર્યાય આપવાનો પ્રયાસ કર્યો છે.

અહીં અપાયેલી કથાઓ પૈકીની કેટલીકમાં હાસ્યની છાંટ, કેટલીકમાં કુતૂહલપ્રેરક ઘટનાક્રમ, કેટલીકમાં હૃદયસ્પર્શિતા, તો ક્યાંક સંકેત-સમસ્યા અને એનો ઉકેલ–આ બધું જોવા મળે. દેવ કે યક્ષ જેવા પાત્રો સાથે સંકળાતી કથામાં ચમત્કારિક તત્ત્વ પણ જોવા મળે, પણ કથા જે કહેવા જઈ રહી છે એ માટે એ તત્ત્વને એ કથાપ્રદેશના વાસ્તવ તરીકે સ્વીકારવું જોઈએ. છેવટે તો દૃષ્ટાંતરૂપે આલેખાયેલી આવી કથાઓમાંથી એનો વિસ્ફોટક મર્મબોધ ગ્રાહ્ય બનવો જોઈએ.

કથાનાં શીર્ષકો સંપાદકે આપેલાં છે.

વિશેષાંકના આ સમગ્ર કથાલેખનમાં કે કથાસંદર્ભે અપાયેલી માહિતીમાં ક્યાંય પણ શરતચૂક થઈ હોય કે ક્ષતિ રહી હોય તો તે માટે ક્ષમાપ્રાર્થી છું.

આ વિશેષાંક અંગે આપના પ્રતિભાવ/સૂચન જાણવાનું આ સંપાદકને જરૂરથી ગમશે. ધનવંતભાઈને તો એ ગમે જ. તેઓ તો હંમેશાં એની પ્રતીક્ષામાં રહેનારા છે.

આ વિશેષાંક–સંપાદનની જવાબદારી સોંપીને મને જૈન કથાના સાહિત્ય પ્રદેશમાં લટાર મારવાની તક પૂરી પાડી એ માટે હૃદયથી ધનવંતભાઈનો આભારી છું.

□ **કાન્તિભાઈ બી. શાહ**

'નિશિગંધા', ૭, કૃષ્ણ પાર્ક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૫૫૦૨૩૪૮.

• **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
• **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)

## જૈન સાહિત્ય કથા વિશ્વ

# આ વિશિષ્ટ અંકના માનદ સંપાદક
# ડૉ. કાંતિભાઈ બી. શાહ

બહુશ્રુત, મિતભાષી, સુશ્રાવક ડૉ. કાંતિભાઈ બી. શાહનો પરિચય કરાવવો એટલે જ્ઞાનના ભંડારમાં પ્રવેશી જ્ઞાન સૌરભના અણુ-પરમાણુ લઈને બહાર આવવું.

આપણે એમને મળીએ એટલે એ પળે જ આપણે એમના આત્મિક સ્મિત અને ગોરંભાયેલા શુદ્ધ શબ્દ ધ્વનિના તરંગો અને એ તરંગોમાં ગુંજિત થયેલા જ્ઞાનમાં જકડાઈ જઈએ જ.

ગુજરાતના દહેગામ તાલુકાના રખીયાલી ગામે ૧૯૩૩માં જન્મેલા શ્રી કાંતિભાઈએ પ્રાથમિક શિક્ષણ વતનમાં લીધું, પછી માધ્યમિક શિક્ષણ અમદાવાદ શેઠ સી. એન. વિદ્યાલયમાં, બી.એ. સુધીનો અભ્યાસ અમદાવાદના શ્રી મહાવીર જૈન વિદ્યાલયના છાત્રવાસમાં રહી ગુજરાત કૉલેજમાંથી કર્યો. જૈન વિદ્યાલયમાં નિવાસ સ્થાનને કારણે જૈન દર્શન-સાહિત્ય પ્રત્યે રસ-રુચિ કેળવાયા.

અમદાવાદમાં શ્રી ઉમાશંકર જોષીના અધ્યક્ષપદે શરૂ થયેલ ભાષા સાહિત્ય ભવનમાં અનુસ્નાતકનું શિક્ષણ લઈ ગુજરાતી-સંસ્કૃત વિષય સાથે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી.

૧૯૬૬માં પ્રખર પંડિત અને સાહિત્ય મર્મજ્ઞ પ્રા. જયંત કોઠારીના માર્ગદર્શનથી 'સહજસુંદરીકૃત ગુણરત્નાકર છંદ : એની સમીક્ષિત વાચના અને આલોચનાત્મક અભ્યાસ' એ શીર્ષકથી શોધપ્રબંધ લખી પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી.

આવું ઉચ્ચત્તમ શિક્ષણ પ્રાપ્ત કરનાર ડૉ. કાંતિભાઈ આજીવન શિક્ષક બની રહ્યાં, અને સાડાત્રણ દાયકા સુધી શાળા, કૉલેજ અને સંશોધન સંસ્થામાં શિક્ષક, પ્રાધ્યાપક અને સંશોધક તરીકે એઓશ્રીએ સેવા આપી.

આ સારસ્વત દીર્ઘ કારકીર્દિ દરમિયાન એઓશ્રીએ ઉચ્ચતમ લેખન કાર્ય કર્યું અને વિવિધ લેખો લખ્યા, પરિસંવાદો અને વાર્તાલાપોમાં સક્રિય રહ્યા ઉપરાંત સંશોધિત, સંપાદિત, લિખિત અને અનુવાદિત એવા એમના ૨૪ ગ્રંથો પ્રકાશિત થયા છે. આ બધાં જ ગ્રંથો, લેખો સાહિત્ય અને જૈન જગત તેમજ વિદ્વાનોએ અંતરથી આવકાર્યા છે અને એ બધાં યશાધિકારી બન્યા છે.

'હસ્તપ્રતવિદ્યા' ઉપરાંત પ્રાચીન અને મધ્યકાલિન જૈન સાહિત્ય એઓશ્રીનો વિશેષ રૂચિનો વિષય છે અને આ ક્ષેત્રમાં એઓ સાહિત્ય જગતને મૂલ્યવાન સેવા આપી રહ્યા છે.

ડૉ. કાંતિભાઈની સાહિત્ય સિદ્ધિ લખવા બેસીએ તો એક વિપુલ નિબંધ લખાઈ જાય એવા આ વિદ્વાને 'પ્રબુદ્ધ જીવન'ના આ વિશિષ્ટ અંક માટે સંપાદન કાર્ય સ્વીકારી 'પ્ર.જી.'ના વાચકોને પરિશ્રમિક ઉત્તમ અને મર્મજ્ઞ રસથાળ આપ્યો છે એ માટે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો અને આ સંસ્થા એઓશ્રીની ઋણી રહેશે.

□ તંત્રી

# જૈન કથાસાહિત્ય–એક વિહંગદર્શન

☐ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

કથાસાહિત્ય વિશેના આ નિબંધનો આરંભ પણ નાનકડાં દૃષ્ટાંતોથી જ કરું.

એક ધર્માનુરાગી શ્રેષ્ઠીનો પુત્ર અત્યંત નાસ્તિક. નગરમાં જૈન આચાર્ય પધાર્યા. શેઠની વિનંતીને ધ્યાનમાં લઈ મહાત્માએ પેલા શ્રેષ્ઠીપુત્ર સમક્ષ શાસ્ત્રકથિત સિદ્ધાંતો ઠાલવવા માંડ્યા. પેલાએ એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નાંખ્યા. મહાત્માને થયું કે 'ઉજ્જડ ધરતી પર મેઘવર્ષા વ્યર્થ છે.' થોડા સમય પછી બીજા એક મહાત્માએ એ બીડું ઝડપ્યું. એમણે પેલા શ્રેષ્ઠીપુત્રને પાસે બેસાડી એક રસિક કથાથી આરંભ કર્યો. નાસ્તિક પુત્રને રસ પડવા માંડ્યો. ચોત્રીસ દિવસ સુધી મહાત્માએ રોજ એકેકી કથા કહી અને શ્રેષ્ઠીપુત્ર નાસ્તિકમાંથી આસ્તિક–ધર્માનુરાગી બની ગયો. આ છે 'વિનોદ ચોત્રીસી'નો કથાદોર.

x x x

સંસ્કૃતની એક જાણીતી કથા 'શુકસપ્તતિ'માં વિદેશ ગયેલા યુવાનની પત્ની જારકર્મ અર્થે રાત્રે બહાર જવા નીકળી. પાળેલા પોપટે સ્ત્રીનો ઈરાદો પારખી જઈને એને એક કથા સાંભળવા કહ્યું. સ્ત્રીને કથામાં રસ પડ્યો. રાત વીતી ગઈ. સ્ત્રીએ એની ભોગેચ્છા કાલ ઉપર મુલતવી. પેલા પોપટે પ્રત્યેક રાત્રીએ એકેકી કથા કહીને ૭૦ રાતો સુધી એને રોકી રાખી. પતિ પાછો આવ્યો. એની પત્ની શીલભ્રષ્ટ થતી બચી ગઈ.

x x x

શૈવધર્મી કુમારપાળ રાજાને હેમચંદ્રાચાર્યે જૈન ધર્મથી અવગત કરાવવા ૫૪ કથાઓ કહી. એ કથાશ્રવણ દ્વારા કુમારપાળ રાજા જૈન ધર્મથી પ્રભાવિત અને પ્રતિબોધિત થયા.

પહેલા દૃષ્ટાંતમાં જોઈ શકાશે કે સીધી સિદ્ધાંતચર્યા કે સીધા ધર્મોપદેશ જે ન કરી શક્યાં તે કથાએ કરી બતાવ્યું. બીજા દૃષ્ટાંતમાં કથાશ્રવણ આગળ પેલી સ્ત્રીનું જારકર્મનું પ્રયોજન ગૌણ બની ગયું. કથારસે એને શીલભ્રષ્ટતામાંથી ઉગારી લીધી. ત્રીજામાં કુમારપાળ રાજાને અહિંસા, દાન, દેવપૂજા, ચારિત્રવ્રતની કથાઓએ પલટાવી દીધા.

**કથાનું માધ્યમ :** આ છે કથાના માધ્યમની પ્રબળતા અને સક્ષમતા. એ માનવીના હૃદયને સોંસરી સ્પર્શે છે. મર્મસ્થલને ચોટ આપી વીંધી નાંખે છે. હા, શરત એટલી કે આ કથામાધ્યમ શુભ ઈરાદાથી પ્રયોજાયું હોય તો એની સત્ત્વશીલતા અને અસરકારકતા નિરપવાદ છે. અને તેથી જ જૈન, બ્રાહ્મણ કે બૌદ્ધ પરંપરામાં ધર્મકથાનું માધ્યમ પ્રચુર માત્રામાં પ્રયોજાયેલું જોવા મળે છે.

**જૈન કથાસાહિત્યનો આધારસ્રોત :** જેમ જૈન દર્શન અને જૈન જીવનશૈલીનો આધારસ્રોત આપણાં આગમો છે તેમ જૈન કથા સાહિત્યનો મુખ્ય આધારસ્રોત પણ આપણું આગમસાહિત્ય છે. આપણાં આગમસૂત્રો સમજવા માટે ચાર અનુયોગો પ્રસ્થાપિત થયા છે. ચરણકરણાનુયોગ, દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ. આમ આપણા શ્રુતાભ્યાસમાં ધર્મકથાનું પાસું એક મહત્ત્વનું પરિબળ બની રહ્યું છે. આપણી દ્વાદશાંગીમાં છઠ્ઠું અંગ 'જ્ઞાતાધર્મકથાંગ' છે. જેમ આચારાંગસૂત્રમાં ચરણકરણાનુયોગની મુખ્યતા સ્વીકારાઈ છે તેમ આ છઠ્ઠા અંગમાં ધર્મકથાનુયોગની મુખ્યતા છે. પણ એનો અર્થ એ નથી કે અન્ય આગમગ્રંથોમાં ધર્મકથાનું આલેખન નથી થયું. તીર્થંકરો, ચક્રવર્તીઓ, સાધુમહાત્માઓ, સાધ્વીજીઓ, રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ, સતી સ્ત્રીઓ આદિ નિજી જૈન પરંપરાની તેમજ બ્રાહ્મણધારાની પુરાણકથાઓથી માંડીને લૌકિક સ્વરૂપની કથાઓ આપણાં એકાધિક આગમોમાં સમાવિષ્ટ થઈ છે.

પ્રથમ અંગ 'આચારાંગસૂત્ર'ની ત્રીજી ચૂલિકામાં ચ્યવનથી માંડી નિર્વાણ સુધીની શ્રી મહાવીરની જીવનઘટના પ્રાપ્ત થાય છે. પાંચમા અંગ 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'માં જમાલિ અને ગોશાલકનાં ચરિત્રકથાનકો મળે છે. 'જ્ઞાતાધર્મકથાંગ' નામક છઠ્ઠા અંગમાં મહાવીરમુખે કહેવાતી કથાઓ છે. દૃષ્ટાંતકથાઓ, રૂપકકથાઓ, સાહસશૌર્યની કથાઓ, પુરાણકથાઓથી એ આગમ–અંગ સભર બન્યું છે. સાતમા અંગ 'ઉપાસકદશા'માં મહાવીરપ્રભુના આનંદ, કામદેવ, ચુલણીપિયા, સુરાદેવ આદિ દશ શ્રાવકોની કથાઓ ઉપલબ્ધ છે, જેઓ વિવિધ પ્રલોભનો અને ભૂત–પિશાચો દ્વારા પેદા કરાયેલાં વિઘ્નોને પાર કરીને દેવત્વને પ્રાપ્ત કરે છે. આ શ્રાવકો પોતાના ભોગ અને વ્યવસાયની મર્યાદા સ્વીકારીને એમનું સાત્ત્વિક જીવન જીવ્યા છે. આઠમા અંગ 'અંતકૃતદશા'માં જેમણે કર્મોનો અને એના ફલસ્વરૂપ સંસારનો નાશ કર્યો છે એવા ૧૦ અંતકૃત કેવલીના ચરિત્રોનું આલેખન થયું છે. એમાં ગજસુકુમાલ, અર્જુનમાલી, સુદર્શન વગેરેની રોચક કથાઓ છે. નવા અંગ 'અનુત્તરોપપાતિકદશા'માં પોતાનાં તપ–સંયમ દ્વારા અનુત્તર વિમાનલોકમાં પહોંચેલા વારિષેણ, અભયકુમાર, ધન્યકુમાર આદિ ૩૩ રાજકુમારોનાં કથાનકો નિરૂપાયાં છે. અગિયારમા 'કર્મવિપાક' અંગમાં કર્મવિપાકની કથાઓ છે. દુઃખવિપાકની કથાઓમાં પૂર્વભવમાં કરેલાં દુષ્કૃત્યોના માઠા પરિણામ દર્શાવાયા છે. એમાં આવતી મૃગાપુત્રની કથા તો રૂંવાડાં ઊભા કરી નાખે એવી છે. આ મૃગાપુત્ર અત્યંત દુર્ગંધ મારતા, દેહાકૃતિ વિનાના કેવળ માંસપિંડ રૂપે જન્મ્યાં છે.

આગમ–અંગોની જેમ એનાં ઉપાંગોમાં પણ અજાતશત્રુ, અરિષ્ટ નેમિ, પ્રદેશી રાજા અને કેશી ગણધરના કથાનકો તેમજ દેવદેવીઓના પૂર્વભવોની કથા મળે છે.

અન્ય આગમોમાં 'ઉત્તરાધ્યયનસૂત્ર' જે મૂળસૂત્ર ગણાયું છે તેમાં નમિ નામે પ્રત્યેકબુદ્ધની પ્રવ્રજ્યાકથા, કપિલમુનિનું ચરિત્ર, હરિકેશબલ સાધુનું ચરિત્ર, ઇષુકાર રામ, મૃગાપુત્ર, અનાથ મુનિ, સમુદ્રપાલ, રથનેમિની કથાઓ તેમજ પાર્શ્વનાથશિષ્ય કેશીકુમાર અને મહાવીરશિષ્ય ગૌતમ વચ્ચેની સંવાદકથા પ્રાપ્ત થાય છે.

**વિવરણગ્રંથો અને ધર્મગ્રંથો અંતર્ગત :** સમયાંતરે વિવિધ ગીતાર્થો દ્વારા આ આગમગ્રંથો ઉપર નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ, ટીકા અને વૃત્તિઓની રચના થઈ. આગમગ્રંથોમાં ઉલ્લેખાયેલી કથાઓનો આધાર લઈને જુદાજુદા વૃત્તિકારોએ એ કથાઓને વિસ્તૃતરૂપે આલેખેલી છે તેમજ અન્ય પૂરક કથાનકો પણ આ ટીકાગ્રંથોમાં સ્થાન પામ્યાં છે. જેમકે 'ઉત્તરાધ્યયન' પરના ટીકાગ્રંથોમાં ૨૨ પરીષહોની કથાઓ વિસ્તારથી મળે છે. 'નંદીસૂત્ર' પરની મલયગિરિની 'નંદી–અધ્યયનવૃત્તિ'માં બુદ્ધિના ચાર પ્રકારો પરની બુદ્ધિચાતુર્યની રસિક લૌકિક કથાઓ ઉપલબ્ધ છે.

જેમ આગમિક વિવરણગ્રંથોમાં તેમ આગમેતર ધર્મગ્રંથો અને તે–તે ધર્મગ્રંથો પરના ટીકાગ્રંથોમાં પણ થોકબંધ કથાઓ સમાવેશ પામી છે. જેમકે ધર્મદાસગણિનો 'ઉપદેશમાલા', હરિભદ્રસૂરિનો 'ઉપદેશપદ', જયકીર્તિનો 'શીલોપદેશમાલા', મલધારી હેમચંદ્રસૂરિનું 'પુષ્પમાલા પ્રકરણ', શાંતિસૂરિનું 'ધર્મરત્નપ્રકરણ' વગેરે ગ્રંથોમાં અનેક કથાઓ નિર્દિષ્ટ છે. આ ધર્મગ્રંથો પર રચાયેલા ટીકાગ્રંથોમાં એ કથાઓનો વ્યાપ વિસ્તરે છે. ધર્મદાસગણિના 'ઉપદેશમાલા' ઉપર ૧૦મીથી ૧૮મી સદી સુધીમાં વીસેક જેટલી સંસ્કૃત ટીકાઓ લખાઈ છે. એમાં સિદ્ધર્ષિગણિ કૃત 'હેયોપાદેય' ટીકામાં સંક્ષેપમાં જૈન પરંપરાના ચરિત્ર–કથાનકો મળે છે. પાછળથી વર્ધમાનસૂરિએ પ્રાકૃતમાં બીજા કથાનકો એમાં ઉમેર્યાં છે.

હરિભદ્રસૂરિની પ્રાકૃત રચના 'ઉપદેશપદ' પર વર્ધમાનસૂરિએ અને મુનિચંદ્રસૂરિએ ટીકાઓ લખી છે. આ ગ્રંથોમાં મનુષ્યભવની દુર્લભતાનાં દસ દૃષ્ટાંતો અપાયાં છે તેમજ ચાર પ્રકારની બુદ્ધિ – ઔત્પત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી – ને લગતી ૮૩ જેટલી દૃષ્ટાંતકથાઓ મળે છે. એમાં નટપુત્ર ભરત રોહાની ઔત્પત્તિકી બુદ્ધિનાં અપાયેલા દૃષ્ટાંતો અત્યંત રસિક છે. 'પુષ્પમાલા પ્રકરણ'ના ૨૦ અધિકારોમાં અહિંસા, જ્ઞાન, દાન, શીલ, તપ, ભાવના, ચારિત્રશુદ્ધિ વગેરેની પુષ્ટિ અર્થે દૃષ્ટાંતકથાઓ આપવામાં આવી છે. જયકીર્તિરચિત 'શીલોપદેશ-માલા'ની સોમતિલકસૂરિ રચિત 'શીલતરંગિણી' વૃત્તિમાં ૩૯ કથાઓ ઉપલબ્ધ છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે રચેલા 'યોગશાસ્ત્ર' અને એની સ્વોપજ્ઞ ટીકામાં ઋષભદેવ, મહાવીર સ્વામી વગેરે તીર્થંકરો, બ્રહ્મદત્ત, ભરત, સુભૂમ, સનત્કુમાર આદિ ચક્રવર્તીઓ, ચિલાતીપુત્ર, દઢપ્રહારી, સ્થૂલિભદ્ર આદિ સાધુ મહાત્માઓ, આનંદ, ચુલણીપિયા વગેરે શ્રાવકો, સુદર્શન શ્રેષ્ઠી વગેરેના કથાનકોનો સમાવેશ થાય છે.

**કથાકોશો :** સંસ્કૃત–પ્રાકૃતમાં કેટલાક કથાગ્રંથો એવા મળે છે જે કથાકોશની ગરજ સારે છે. હરિષેણનો 'બૃહત્કથાકોશ' પ્રાચીન કથા કોશ છે; જેમાં ૧૫૭ કથાઓ છે. એમાં ભદ્રબાહુની કથા નોંધપાત્ર બની છે. વિમલસૂરિનું 'પઉમચરિયં', જિનસેનનું 'હરિવંશપુરાણ', શીલાંકનું 'ચઉપન્નમહાપુરિસચરિયં', ભદ્રેશ્વર કૃત 'કથાવલિ', હેમચંદ્ર'નું ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર', શુભશીલગણિની 'ભરતેશ્વર–બાહુબલિ વૃત્તિ', સોમપ્રભાચાર્યકૃત 'કુમારપાલ–પ્રતિબોધ', વિજયલક્ષ્મી કૃત 'ઉપદેશપ્રાસાદ' તેમજ ઉપર જેનો ઉલ્લેખ કર્યો તે 'ઉપદેશમાલા', 'ઉપદેશપદ', 'શીલોપદેશમાલા' વગેરે કથાકોશ પ્રકારના કથાગ્રંથો છે.

'ત્રિષષ્ટિ'માં ૬૩ શલાકાપુરુષોનાં ચરિત્રો છે, જેમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવ, ૯ બળદેવ અને ૯ પ્રતિવાસુદેવના ચરિત્રોનો સમાવેશ છે. આ ગ્રંથના ૧૩મા પર્વમાં મહાવીરચરિત્રની સાથે સાથે શ્રેણિક, કોણિક, ચેલ્લણા, મૃગાવતી, ધન્ના–શાલિભદ્ર, દર્દુશંક દેવ અને જાસા સાસાની કથાઓ પણ સંકળાયેલી છે.

વિજયલક્ષ્મીના 'ઉપદેશપ્રાસાદ'માં ૩૫૭ કથાનકો છે. જેમાં ૩૪૮ દૃષ્ટાંતકથાઓ અને ૯ પર્વકથાઓ છે. શુભશીલગણિની 'ભરતેશ્વર–બાહુબલિ વૃત્તિ' એ મૂળમાં તો ૧૩ ગાથાની 'ભરતેશ્વર-બાહુબલિ સજ્ઝાય'માં નિર્દેશાયેલા ધર્માત્માઓ અને સતી નારીઓના ચરિત્રાત્મક કથાનકોનો સંગ્રહ છે. જેમાં ભરતથી મેઘકુમાર સુધીના ૫૩ પુરુષો અને સુલસાથી માંડી રેણા સુધીની ૪૭ સતી સ્ત્રીઓની કથાઓ છે.

**સ્વતંત્ર જૈન કથનાત્મક કૃતિઓ/રાસાઓ :** અહીં સુધીમાં તો આપણે સમૂહમાં એકાધિક કથાઓ સંગ્રહાઈ હોય એવા આગમ અને આગમેતર સંસ્કૃત–પ્રાકૃત કથાગ્રંથો અને કથાકોશોની વાત કરી. પણ જૈન પરંપરાની આ બધી ચરિત્રકથાઓ નિરૂપતા સ્વતંત્ર ગ્રંથો પણ સંસ્કૃત–પ્રાકૃતમાં પ્રચુર માત્રામાં રચાયા છે. એક જ વિષય ઉપર અનેક ગ્રંથો રચાયા હોય એવું પ્રમાણ પણ સારું એવું છે. જૂજ અપવાદ સિવાય મોટા ભાગના તીર્થંકર ચરિત્રો મહદંશે પ્રાકૃતમાં રચાયા છે. એમાંયે 'સંતિનાહ ચરિય' કે 'મહાવીરચરિય' તો અનેક કવિઓને હાથે રચાયા છે. જૂની ગુજરાતીમાં પ્રવેશ કરીએ તો એ સાહિત્યનો આરંભ જ શાલિભદ્ર કૃત 'ભરતેશ્વર-બાહુબલિ રાસ' અને વજ્રસેનસૂરિકૃત 'ભરત–બાહુબલિઘોર'થી થયેલો છે. પ્રાચીન–મધ્યકાલીન આપણા જૈન સાધુકવિઓને માટે તો જૈન પરંપરાના ચરિત્રાત્મક કથાનકોએ એમની રાસાકૃતિઓ માટે મોટો ખજાનો ખોલી આપ્યો છે. જૂજ અપવાદ સિવાય લગભગ મધ્યકાળના બધા જ જૈન કવિઓએ કથનાત્મક રાસારચનાઓ આપી છે એની અહીં યાદી આપવી એ પણ સમુદ્ર ઉલેચવા જેવું કપરું કામ બની જાય. કેવળ રાસા-કૃતિઓમાં જ નહીં, ફાગુ, બારમાસી, સજ્ઝાય જેવા લઘુ પદ્યપ્રકારોમાં પણ આ કથાનકો સંક્ષિપ્ત સ્વરૂપે

નિરૂપાયાં છે.

શાલિભદ્રસૂરિ, લાવણ્યસમય, સહજસુંદર, જયવંતસૂરિ, કુશલલાભ, નયસુંદર, સમયસુંદર, ઋષભદાસ શ્રાવક, જિનહર્ષ, ઉપાધ્યાય યશોવિજયજી, જ્ઞાનવિમલ, ઉદયરત્ન, પદ્મવિજય, પં. વીરવિજય, ઉત્તમવિજય વગેરે જૈન કવિઓએ ઘણા મોટા પ્રમાણમાં આવું કથનાત્મક સાહિત્ય આપ્યું છે. એમાં જૈન પરંપરાના તીર્થંકરો, ગૌતમસ્વામી, સુધર્માસ્વામી વગેરે ગણધરો, શ્રેણિક, અભયકુમાર, પ્રદેશી રાજા, પ્રસન્નચંદ્ર રાજર્ષિ વગેરે રાજપુરુષો, જંબૂસ્વામી, સ્થૂલિભદ્ર, નંદિષેણ, ચંદ્રકેવલિ, ઈલાચીકુમાર, વજ્રસ્વામી, મેતાર્યમુનિ વગેરે સાધુભગવંતો, સુદર્શન શેઠ, ધન્ના–શાલિભદ્ર આદિ શ્રેષ્ઠિઓ, ચંદનબાળા, અંજનાસતી, મૃગાવતી, ઋષિદત્તા વગેરે સતીનારીઓ જેવા ચરિત્રકથાનકો સમાવિષ્ટ છે.

**જૈનેતર બ્રાહ્મણધારાની પુરાણકથાઓ :** અહીં સુધીમાં આપણે મુખ્યત્વે નિજી જૈન ધારાના જ કથાસાહિત્યની વાત કરી. પણ આપણા જૈન સાધુ કવિઓએ બ્રાહ્મણધારાની જૈનેતર પુરાણ-કથાઓ, જેવી કે રામ, કૃષ્ણ અને પાંડવકથાઓને પણ વ્યાપક રીતે રૂપાંતરિત કરી જૈનાવતાર આપ્યો છે. આ સિલસીલો છેક આગમકાળથી જોવા મળે છે. દા. ત. 'જ્ઞાતાધર્મકથાંગ'માં દ્રૌપદી અને તેના પૂર્વભવની કથા મળે છે. પૂર્વજન્મની સુકુમાલિકાએ જુદા જુદા પાંચ પુરુષોને ભોગવતી ગણિકાને જોઈને પોતે પણ આવા સુખની મૃત્યુસમયે ઈચ્છા કરી, જે બીજે ભવે દ્રૌપદી રૂપે અવતરી પાંચ પતિને પામી. કૃષ્ણ અને નારદના ઉલ્લેખો પણ અહીં થયા છે. 'અંતકૃતદશાઃ' નામક આગમમાં પણ કૃષ્ણકથા આવે છે.

જૈનેતર પૌરાણિક રચનાઓમાં વિમલસૂરિની 'પઉમચરિયં' પ્રાકૃતમાં રચાયેલી સૌથી પ્રાચીન કૃતિ છે. એમાં રામનું નામ પદ્મ છે. અહીં રામકથાનો જૈનાવતાર થયો છે. આ કૃતિમાં રાવણ, કુંભકર્ણ, સુગ્રીવ, હનુમાન આદિ પાત્રોને રાક્ષસ કે પશુ રૂપે નહીં પણ મનુષ્ય રૂપે નિરૂપવામાં આવ્યા છે. આ જ પ્રાકૃત કૃતિની છાયા જેવી રવિષેણની સંસ્કૃતમાં 'પદ્મચરિત/પદ્મપુરાણ' રચના મળે છે. જિનસેનના 'હરિવંશપુરાણ'ને જૈન મહાભારત કહી શકાય એવી રચના છે. એમાં નેમિનાથનું ચરિત્ર મળે છે. પણ આ ધારાની અત્યંત લોકપ્રિય બનેલી કથાકૃતિ છે સંઘદાસગણિની 'વસુદેવ-હિંડી'. એમાં કૃષ્ણપિતા વસુદેવની દેશદેશાંતરની ભ્રમણયાત્રાનું વર્ણન છે. પણ આ કથા સાથે જૈન ધારાની તેમજ લૌકિક કથાઓ પણ મોટી સંખ્યામાં સમાવેશ પામી છે. આ કૃતિનો બીજો ખંડ ધર્મદાસગણિએ રચ્યો છે.

માણિક્યદેવે 'નલાયન' કથાગ્રંથમાં નળ–દમયંતીનું ચરિત્ર જૈન પરંપરાગત રીતે પ્રસ્તુત કર્યું છે. સંસ્કૃત–પ્રાકૃતમાં જ નળદમયંતી વિષયક ૧૩ જેટલી રચનાઓ થઈ છે. આ ઉપરાંત જૂની ગુજરાતીમાં ઋષિવર્ધન, નયસુંદર અને મેઘરાજ જેવા કવિઓ પાસેથી 'નલદમયંતી રાસ' મળે છે.

એ જ રીતે નયસુંદરનો 'પાંચ પાંડવચરિત્ર રાસ', સમયસુંદરનો 'સીતારામ ચોપાઈ રાસ' અને 'દ્રૌપદી ચોપાઈ', શાલિસૂરિનું 'વિરાટપર્વ', ધર્મસમુદ્રનો 'શકુંતલા રાસ' રચાયાં છે. આમ રામાયણ–મહાભારતની કથાઓની જૈન પરંપરા વ્યાપક સ્વરૂપે ઊભી થઈ છે.

કેટલાક મૂળભૂત સિદ્ધાંતો પરત્વે જૈન અને બૌદ્ધ મત સમાન વલણ ધરાવતા હોઈ, બૌદ્ધ ધર્મની જાતકતથાઓ અને અવદાન સાહિત્યની કથાઓ પણ જૈન કથાસાહિત્યમાં સમાવેશ પામી છે.

**લૌકિક કથાધારા :** ભારતીય કથાસાહિત્યની એક ધારા લૌકિક કથાઓની છે અને તે ખૂબ જ વ્યાપક બનેલી છે. આ કથાસાહિત્યનો પ્રાચીનતમ આકરગ્રંથ ગુણાઢ્યની 'બૃહત્કથા' છે. પણ એ ગ્રંથ લુપ્ત થયો છે. એમાંનો મોટો ભાગ 'બૃહત્કથા શ્લોકસંગ્રહ', ક્ષેમેન્દ્રકૃત 'બૃહત્કથામંજરી' અને સોમદેવકૃત 'કથાસરિત–સાગર'માં સંગ્રહીત છે. આ ગ્રંથો એ પાછળથી રચાયેલી લૌકિક કથાઓનો મોટો આધારસ્રોત ગણી શકાય.

આગમગ્રંથોથી માંડી પછીના અનેક કથાગ્રંથોમાં આ લૌકિક વાર્તાઓ પ્રવેશ પામી છે. હા, પાત્રો, પાત્રનામો કે પરિવેશ બદલાયાં હોય પણ એનો કથાઘટક એક સરખો હોય.

'જ્ઞાતાધર્મકથાંગ'માં સસરા પોતાની ચારેય પુત્રવધૂઓના બુદ્ધિચાતુર્યની કસોટી કરે છે. શેઠ અને ચોરની, કાચબાની કથા પણ અહીં જોવા મળે છે. 'ઉપદેશપદ' અને એની વૃત્તિમાં તેમજ 'નંદીસૂત્ર' અને 'નંદીઅધ્યયનવૃત્તિ'માં બુદ્ધિચાતુર્યની લૌકિક કથાઓ મળે છે. વર્ધમાનસૂરિકૃત 'મણોરમા કહા', શુભશીલગણિની 'વિક્રમાદિત્ય ચરિત્ર', વિજયભદ્રની 'હંસરાજ વચ્છરાજ ચોપાઈ', હીરાણંદની 'વિદ્યાવિલાસ પવાડુ', મલયચંદ્રની 'સિંહાસન બત્રીસી ચઉપઈ', સિંહકુશલની 'નંદબત્રીસી ચઉપઈ', જિનહર્ષ, રાજસિંહ આદિ પાંચ કવિઓએ રચેલી 'આરામશોભા', મતિસારની 'કર્પૂરમંજરી', કુશળલાભની 'માધવાનલ–કામકંદલા રાસ' તથા 'મારુ–ઢોલા ચુપઈ', હેમાણંદની 'વેતાલપંચવિંશતિ રાસ', રત્નસુંદરની 'શુકલહોતેરી', કીર્તિવર્ધનની 'સદયવત્સ સાવલિંગા રાસ' – આ બધી લૌકિક ધારાની વાર્તાઓ છે; જે જૈન સાધુ કવિઓની કલમે મધ્યકાળના વિવિધ તબક્કે રચાયેલી છે. જૈન સાધુકવિ હરજી મુનિએ 'ભરડક બત્રીસી' અને 'વિનોદ-ચોત્રીસી' એ બે હાસ્ય–વિનોદે રસાયેલી લૌકિક કથાઓને આવરી લેતી પદ્યવાર્તાઓ આપી છે.

**ધર્મોપદેશના પ્રયોજનવાળી જૈન પરિવેશયુક્ત વાર્તાઓ :** જૈન કવિઓને હાથે, જૈન પરિવેશ પામેલી અને ધર્મોપદેશના પ્રયોજને રચાયેલી વાર્તારચનાઓમાં પાદલિપ્તે રચેલી 'તરંગવતી' અને એના સંક્ષિપ્ત રૂપ સમી પ્રાકૃત કથા 'તરંગલોલા', હરિભદ્રસૂરિએ પ્રાકૃત ગદ્યમાં રચેલી 'સમરાઈચ્ચ કહા' તેમજ પદ્યમાં રચેલી 'ધૂર્તાખ્યાન' કથાઓ મળે છે. 'તરંગવતી' મૂળ રૂપે ઉપલબ્ધ નથી, પણ

'તરંગલોલા'માં એક શૃંગારકથા રૂપે એ મળે છે. સુવ્રતા સાધ્વી એક શ્રાવિકાને પોતાની જીવનકથા કહે છે એ પ્રકારની એની કથનરીતિ છે. સંસારી અવસ્થાની આ વણિકપુત્રીએ જાતિસ્મરણથી જાણ્યું કે પૂર્વભવમાં તે હંસયુગલ હતી ને એક શિકારીએ હંસને મારી નાખતાં પોતે બળી મરી હતી. પૂર્વ ભવના એના પતિને આ ભવમાં ખોળીને એની સાથે લગ્ન કરે છે. અંતમાં બન્ને સંસાર ત્યજી દીક્ષા ગ્રહણ કરે છે.

'સમરાઈચ્ચ કહા'માં સમરાદિત્ય અને ગિરિસેનના નવ માનવભવોની કથા કહેવાઈ છે; જેમાં અનેક અવાંતરકથાઓ પણ આવે છે. એમાંથી ચોથા ભવની અવાંતરકથા 'યશોધરચરિત' ઉપર તો ૨૪ થી વધુ કૃતિઓ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશમાં રચાઈ છે. એમાં હિંસાનો નિષેધ અને વ્યભિચારનું દુષ્પરિણામ દર્શાવાયા છે. 'ધૂર્તાખ્યાનમાં' ધૂર્તવિદ્યામાં પારંગત એવા પાંચ ધૂર્તોની કથા છે જેમાં એક સ્ત્રી-ધૂર્ત પણ છે. એ સ્ત્રી ચતુરાઈથી બાકીના ધૂર્તોને ભોજન કરાવે છે. બધા એની પ્રત્યુત્પન્નમતિની પ્રશંસા કરે છે.

સિદ્ધર્ષિગણિની 'ઉપમિતિભવપ્રપંચાકથા' જૈન પરંપરામાં અત્યંત સુપ્રસિદ્ધ બનેલી કથા છે. તે સંસ્કૃત ગદ્યકથા છે. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ – એ ચાર ભવોની વિસ્તારકથા અહીં રૂપકકથાની શૈલીએ કહેવાઈ છે. ડૉ. યાકોબીએ આ કથાની અંગ્રેજી પ્રસ્તાવનામાં કહ્યું છે કે, `It is the first allegorical work in Indian Literature.' આ કથાના અનેક સંક્ષેપો થયા છે. જૂની ગુજરાતીમાં આવી એક રૂપકકથા જયશેખરસૂરિની 'ત્રિભુવન દીપક પ્રબંધ' નામે મળે છે. આ કવિએ જ સંસ્કૃતમાં રચેલ 'પ્રબોધ ચિંતામણિ' ગ્રંથનું એ ગુજરાતી રૂપાંતર છે.

ઉદ્યોતનસૂરિની 'કુવલયમાલા' એ પ્રાકૃતમાં રચાયેલ ગદ્યપદ્ય મિશ્રિત કથા છે. ભવભ્રમણના કારણરૂપ ક્રોધ, માન, માયા, લોભ, મોહ આદિ કષાયોને સાંકળતી આ પણ એક રૂપકકથા છે. પૂર્વભવનો માનભટ્ટનો જીવ આ ભવે કુવલયચંદ્ર અને પૂર્વભવનો માયાદત્તનો જીવ આ ભવે રાજકુંવરી કુવલયમાલા તરીકે જન્મે છે. બન્ને લગ્ન કરી, સમય જતાં પુત્ર પૃથ્વીસારને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરે છે. જૂની ગુજરાતીમાં ઋષિદત્તા, નર્મદાસુંદરી, સુરસુંદરી, મનોરમા, મલયસુંદરી વગેરે નારીપાત્રોવાળી જૈન ધર્મોપદેશને બંધબેસતી કથાકૃતિઓ રચાઈ છે. જયવંતસૂરિએ 'શૃંગારમંજરી' નામક કૃતિમાં શીલવતીની કથા આલેખી છે. માણિક્યસુંદરે 'પૃથ્વીચંદ્રચરિત્ર' નામે ગદ્યકથા આપી છે જેમાં પઈઠાણ નરેશ પૃથ્વીચંદ્ર અને અયોધ્યાની રાજકુંવરીના થતાં લગ્ન વચ્ચે અનેક વિઘ્નો નડે છે અને એનું ચમત્કારયુક્ત રીતે નિવારણ પણ થાય છે. પુણ્યનો પ્રભાવ દર્શાવતી અને જૂની ગુજરાતી ભાષાની 'કાદંબરી' કથા સમી આ કથા નોંધપાત્ર બની છે.

**બાલાવબોધો-અંતર્ગત કથાઓ :** જેમ સંસ્કૃત-પ્રાકૃતમાં અનેક જૈન-જૈનેતર લૌકિક પરંપરાની કથાઓને સંગ્રહીત કરતા કથા-સંગ્રહો – કથાકોશો રચાયા છે તેમ સંસ્કૃત-પ્રાકૃત ધર્મગ્રંથો ઉપરના જૂની ગુજરાતીમાં રચાયેલા બાલાવબોધોએ પણ કથાકોશ બનવાનું કામ કર્યું છે.

ધર્મદાસગણિના પ્રાકૃત ગ્રંથ 'ઉપદેશમાલા' ઉપર સોમસુંદર-સૂરિએ સં. ૧૪૮૫માં રચેલા બાલાવબોધમાં નાની-મોટી થઈને ૮૩ કથાઓ મળે છે. 'ઉપદેશમાલા'ની ગાથામાં જેનો માત્ર ટૂંકો ઉલ્લેખ જ હોય ત્યાં બાલાવબોધકારે તે તે ગાથાના બાલાવબોધની નીચે વિસ્તારીને કથા કહી છે. એમાં મુનિમહાત્માઓની ચરિત્ર-કથાઓનું પ્રમાણ સવિશેષ છે. તે ઉપરાંત રાજાઓ, મહાસતીઓ, શ્રેષ્ઠીઓ, દેવો, ભીલ, માતંગ, રથકાર, ધૂર્ત, બ્રાહ્મણ, તેમજ પશુપંખીની કથા, રૂપકકથા, અન્યોક્તિ કથા, સમસ્યા અને એના ઉકેલ સમી કથા મળે છે. નિકટનાં સગાં જ સગાંનો અનર્થ કરે એ પ્રયોજનવાળી કથાઓનું તો આખું ગુચ્છ છે; જેમાં માતા પુત્રને, પિતા પુત્રને, પુત્ર પિતાને, ભાઈ ભાઈને, પત્ની પતિને, મિત્ર મિત્રને, સગો સગાને અનર્થ કરે છે.

આ જ રીતે 'પુષ્પમાલા પ્રકરણ', 'ષડાવશ્યક સૂત્ર', 'ભવ-ભાવના', 'શીલોપદેશમાલા' જેવા ગ્રંથોના બાલાવબોધોમાં આવી કથાઓ મળે છે.

**જૈન કથાસાહિત્યનું પ્રયોજન :** આ કથા સાહિત્યનું મુખ્ય પ્રયોજન ધર્મોપદેશનું રહ્યું છે. આ કથાસાહિત્ય ભાવકના કથારસને પણ પોષે છે, સાથે ધર્મોપદેશને મિષ્ટતાપૂર્વક હૃદયસ્થ કરવામાં સહાયક બને છે. પૂર્વભવોનાં કર્મોનો વિપાક અને એના સારાં-માઠાં ફળ દર્શાવવાના પ્રયોજનવાળી ભવભવાંતરની કથાઓની વિપુલતા જૈન કથાસાહિત્યમાં વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

મનુષ્યભવની દુર્લભતા, શીલ-ચારિત્ર-તપ-સંયમ-વૈરાગ્યનો મહિમા, કામક્રોધાદિ કષાયોના માઠાં ફળ, પરીષહ, હળુકર્મી અને ભારેકર્મી જીવો વચ્ચેનો ભેદ, નિષ્કામતા, ગુરુ પ્રત્યેનો વિવેક-વિનય, સુપાત્ર દાનનો મહિમા, અભયદાન, જીવદયા, જયણા, દેવપૂજા, વૈયાવૃત્યાદિ તપ, નવપદની આરાધના-જેવાં પ્રયોજનવાળી ધર્મ અને વૈરાગ્યપ્રેરક જીવનબોધક નાનીમોટી કથાઓથી જૈન કથાસાહિત્ય અત્યંત સમૃદ્ધ છે.

આવા સાહિત્યનું વધુ ને વધુ શ્રવણ-વાચન થાય, એ પ્રત્યેના રસરુચિ કેળવાય, અને એમાંથી ફલિત થતા મર્મ-બોધને આપણે હૃદયમાં ગ્રહણ કરીએ. એના ફલસ્વરૂપ આપણું જીવન શ્રેયઃ પથગામી બની રહો.

(પૂના-'વીરાલયમ્' ખાતે યોજાએલા ૧૯ મા જૈન સાહિત્ય સમારોહમાં તા. ૧૪-૨-૦૮ના રોજ 'જૈન કથા સાહિત્ય'ની બેઠકોના પ્રમુખસ્થાનેથી રજૂ થયેલો નિબંધ.) ✷✷✷

(અગાઉ પ્રકાશિત થયેલ 'પ્રબુદ્ધ જીવન' ૧૬, ફેબ્રુ. ૨૦૦૯ના અંકમાં.)

# બુદ્ધિચતુર બાળ રોહા

માળવા દેશમાં ઉજ્જયિની નગરીની પાસે શિલાગ્રામ નામે એક નાનું ગામ હતું. એ ગામમાં ઘણા નટવાઓ રહેતા હતા. એ સૌમાં ભરત નામે એક નટ પણ એની પત્ની અને પુત્ર સાથે રહેતો હતો. પત્નીનું નામ પ્રેમવતી અને પુત્રનું નામ રોહા. આ પુત્ર વયમાં નાનો પણ ઘણો જ બુદ્ધિમંત હતો.

સમય જતાં, એક દિવસ રોહાની માતા મૃત્યુ પામી. બાપે બીજી સ્ત્રી સાથે લગ્ન કરતાં રોહાને તો સાવકી મા ઘરમાં આવી. આ નવી મા રોહાની કાંઈ જ સારસંભાળ લેતી નહિ, વેળા થયે સરખું જમવા પણ આપે નહિ અને ઓરમાન પુત્ર સાથે તુચ્છકારભર્યું વર્તન કરતી.

એક દિવસ સાવકી માને આ બાળ રોહાએ મોંઢામોંઢ સંભળાવી દીધું, 'મને તું કશામાં ગણતી નથી. પણ હું તારી એવી વલે કરીશ કે તારે મારા પગે પડવું પડશે.'

પણ રીસે ભરાયેલી સાવકી માએ તો રોહાની અવગણના કરવાનું ચાલુ જ રાખ્યું.

એમ કરતાં કેટલાક દિવસો વીત્યા. રોહાએ મનમાં એક યુક્તિ વિચારી. એક દિવસ રાતને સમયે બારણું ઉઘાડી લઘુશંકાને નિમિત્તે તે ઘરની બહાર નીકળ્યો. ત્યારે ચંદ્રનું અજવાળું ધરતી પર પથરાયેલું હતું. રોહાએ ચંદ્રના અજવાળામાં ઊભા રહી પિતાને સાદ કર્યો, 'તમે ઉતાવળે અહીં આવો.' પિતા ભરત પુત્રનો સાદ સાંભળી જાગીને બહાર દોડી આવ્યો. દોડી આવેલા પિતાને રોહા કહે, 'આપણા ઘરમાંથી કોઈ માણસ બારણું ઉઘાડીને નાઠો.'

પુત્રના મોંએ આ વાત સાંભળીને પિતા નવી પત્ની પ્રત્યે શંકાશીલ બન્યો. અને તે દિવસથી પત્નીની ઉપેક્ષા કરવા લાગ્યો. સાવકી મા મનમાં સમજી ગઈ કે નક્કી, આ રોહાની જ પેરવી લાગે છે. એટલે એક દિવસ એણે રોહાને ઠપકો આપતાં કહ્યું, 'તારે કારણે જ પતિ મારાથી દૂર થઈ ગયા છે.'

રોહા કહે, 'જો તું મારી સારી દેખભાળ નહિ કરે તો આમ જ થશે.' ત્યારે ડરી ગયેલી મા ઢીલી પડી જઈને કહેવા લાગી, 'હવે પછી તું કહીશ તેમ જ કરીશ.'

સાવકી માને મોઢે આ વાત સાંભળી એટલે તરત રોહા કહે, 'જો એમ જ હોય તો હવે પછી મારા પિતાનો તારા પ્રત્યેનો સ્નેહ બેવડાઈ જાય એમ હું કરીશ.'

રોહાએ પિતાની શંકા દૂર કરવા વળી એક યુક્તિ કરી.

એક રાતે ચંદ્રના અજવાળામાં ઊભા રહી એણે પિતાને સાદ પાડીને બોલાવ્યા. દોડી આવેલા પિતાને રોહા કહે, 'બાપુ! તે દિવસે જે અજાણ્યો પુરુષ ઘરમાંથી નાઠેલો તે તમને બતાવું.' આમ કહીને રોહા પોતાનો જ પડછાયો પિતાને બતાવવા લાગ્યો. પુત્રનો જ પડછાયો જોઈને પિતા પસ્તાવો કરવા લાગ્યો. એને થયું કે 'રોહાએ તે દિવસે પણ એના જ પડછાયાને કોઈ પુરુષ સમજી લેવાની ભૂલ કરી લાગે છે. આજસુધી મેં ફોગટ જ પત્ની પ્રત્યે વહેમાઈને એની અવગણના કરી.'

આમ યુક્તિ અજમાવીને રોહાએ પિતાની શંકાને નિર્મૂળ કરી. માતા પણ હવે રોહાને બરાબર સાચવવા લાગી. એનો પડ્યો બોલ ઝીલવા લાગી. રોહા બુદ્ધિથી સાવકી માને ઠેકાણે તો લાવ્યો, તોપણ એ વિચારવા લાગ્યો કે 'આ સ્ત્રીનો શો વિશ્વાસ? એ મારા પ્રત્યે ઉપરથી ભલે સ્નેહ દાખવે પણ મનમાં તો દ્વેષ જ રાખતી હશે. કદાચ એ ઝેર આપીને મને મારી પણ નાખે.' એટલે સાવચેતી રૂપે તે હંમેશાં પિતાની સાથે જ જમવા લાગ્યો. પોતે એકલો કદી જમતો નહીં.

એક દિવસ પિતાએ રોહાને કહ્યું, 'રોહા, ચાલ, આજે આપણે ઉજ્જયિની જઈએ. તેં એ નગરી જોઈ નથી. તે તને આજે બતાવું. રાત સુધીમાં તો આપણે પાછા આવી જઈશું.'

રોહા તો પિતાની આ વાતથી ખૂબ આનંદમાં આવી ગયો. તે પિતાની સાથે ઉજ્જયિની જવા તૈયાર થઈ ગયો. પિતા-પુત્ર બન્ને ઉજ્જયિની આવ્યા. નગરીમાં ફર્યા અને કેટલીક ઘરવપરાશની સામગ્રી ખરીદીને નગરીના દરવાજા બહાર આવ્યા. પોરો ખાવા બેઠા. એટલામાં પિતાને યાદ આવી જતાં રોહાને કહે, 'બજારમાંથી કેટલીક વસ્તુઓ લેવાની ભુલાઈ ગઈ છે તે લઈને હું આવું છું ત્યાં સુધી તું આરામ કર.'

આમ કહીને પિતા નગરમાં ગયા ને રોહા ક્ષિપ્રા નદીને કાંઠે રોકાઈ ગયો. બેઠાં બેઠાં રોહાને એક તુક્કો સૂઝ્યો. આખો દિવસ ફરીને એણે જે ઉજ્જયિની નગરી જોઈ હતી તેને આ ક્ષિપ્રા નદીની રેતીમાં ચીતરવા બેઠો. નગરના

*[આ કથાનો આધારસ્રોત-ગ્રંથ છે આચાર્ય હરિભદ્રસૂરિ-વિરચિત ગ્રંથ 'ઉપદેશપદ' પરની આચાર્યશ્રી મુનિચંદ્રસૂરિની 'સુખ-સંબોધની વૃત્તિ'. આચાર્ય હરિભદ્રસૂરિના મૂળ ગ્રંથ 'ઉપદેશપદ'ની ભાષા પ્રાકૃત છે, જ્યારે એના પરની વૃત્તિ સંસ્કૃત ભાષામાં છે. પણ વૃત્તિકાર શ્રી મુનિચંદ્રસૂરિએ એમાં જે કથાઓ આપી છે તે બહુધા પ્રાકૃતમાં અને કેટલીક સંસ્કૃતમાં છે. આ ટીકાગ્રંથની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે. શ્રી મલયગિરિની 'નંદી-અધ્યયન વૃત્તિ'માં પણ આ કથા મળે છે. આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિના ટીકાગ્રંથનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત થયો છે.*

*પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.– અનુ. આચાર્ય હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચન્દ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચન્દ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨, વિ. સં. ૨૦૦૮ (ઈ. સ. ૧૯૭૨).*

*ઔત્પત્તિકી બુદ્ધિના દૃષ્ટાંત રૂપે આ કથા અપાઈ છે. કોઈ પદાર્થ વિશે કોઠાસૂઝથી યથાર્થ રીતે તત્ક્ષણ સ્ફૂર્ત થતી બુદ્ધિ તે ઔત્પત્તિકી બુદ્ધિ છે.]*

ગઢ, દરવાજા, રાજભવન, ગોખ-જાળિયાં, મંદિર, બજાર, વાવ-કૂવા, બગીચા, પંખીઓ, પાણી ભરી જતી પનિહારીઓ–આ બધું જ રોહાએ સરસ રીતે રેતીમાં આલેખી દીધું.

એ દરમિયાન બન્યું એવું કે નગરીનો રાજા જિતશત્રુ રાજસવારીએ નીકળ્યો હતો. સૈન્ય સાથે લીધેલું. પણ રાજા સૈન્યને પાછળ રાખી દઈને એકલો ઘોડો દોડાવતો રોહા જ્યાં બેઠો હતો ત્યાં આવી ચડ્યો. રોહાને થયું કે આ ઘોડેસવાર મારી ચીતરેલી નગરીને કચડી નાખશે એટલે એણે એને અટકાવતાં કહ્યું, 'મેં આ નગરી અહીં આલેખી છે એટલે તું તારો ઘોડો અહીં જ રોકી રાખ. એમ નહીં થાય તો મારી આ કંડારેલી આખી નગરી કચડાઈ જશે.' રાજાને પણ રોહાએ કંડારેલી નગરી વિશે કુતૂહલ થયું. એટલે રાજા રોહાને કહે, 'તું મારો ઘોડો પકડી રાખ, જેથી હું તારી આ નગરી સારી રીતે જોઈ શકું.' રોહાને ખબર નહોતી કે પોતે જેની સાથે વાત કરી રહ્યો છે તે આ નગરીનો રાજા છે. એટલે નીડરતાથી કહે 'શું હું તારો ચાકર છું કે ઘોડાને પકડી રાખું?' રાજા પણ મનમાં હસતો હસતો રોહાની આલેખેલી નગરી જોવા લાગ્યો. એટલામાં રાજાની ભાળ મેળવતું આખું સૈન્ય ત્યાં આવી પહોંચ્યું. રોહા પણ આ સૈન્યને જોઈને આશ્ચર્ય પામ્યો.

રાજાએ રોહાને પૂછ્યું, 'તેં અગાઉ આ નગરી જોઈ હતી?' રોહા કહે, 'મેં આજે જ પ્રથમ વાર આ નગરી જોઈ છે.' રાજા રોહાની કલા ઉપર વારી ગયો. રાજાએ રોહાનાં નામઠામ જાણી લીધાં. પછી રાજા સૈન્ય સાથે વિદાય થયો. અને બીજી બાજુ રોહાનો પિતા ભરત એનું કામ પતાવીને પાછો આવ્યો. પિતા-પુત્ર બન્ને પોતાને ઘેર જવા નીકળ્યા.

આ વાતને કેટલાક દિવસો પસાર થયા. એક દિવસ રાજાએ રાજસભામાં કહ્યું કે 'મારે એક પ્રધાન મંત્રીની જરૂર છે. જે બુદ્ધિમંત હશે તેને હું આ પદે નીમીશ. તે માટે મારે આ પદને યોગ્ય વ્યક્તિની બુદ્ધિપરીક્ષા કરવી પડશે.' પછી રાજાએ આ અંગેનો એક પત્ર પ્રધાન પાસે તૈયાર કરાવ્યો.

રાજાએ આ પત્ર નટવાઓ જે શિલાગ્રામમાં રહેતા હતા તે ગામે રવાના કરાવ્યો. એ પત્રમાં એવો આદેશ કરવામાં આવ્યો કે ગામની બહાર ક્ષિપ્રા નદીને તીરે ડુંગર સમી મોટી એક પ્રચંડ શિલા છે. એ શિલાને ખંડિત કર્યા વિના ત્યાં એક મંડપની રચના કરવી અને એ મંડપની ઉપર એ શિલા મૂકવી.

રાજાનો આદેશપત્ર મળતાં બધા ગ્રામવાસીઓ ભેગા મળ્યા. રાજાના આદેશનો અમલ તો કરવો જ પડે. જો એમ ન થાય તો રાજ્ય તરફથી ગામને મોટો અનર્થ થઈ જાય. પણ સૌને ચિંતા એ વાતની હતી કે આ કામ પાર પાડવું કઈ રીતે? આટલી મોટી વજનદાર શિલા ખંડિત કર્યા વિના મંડપને માથે ગોઠવવી કઈ રીતે? સવારના ભેગા મળેલા ગ્રામવાસીઓની આ ચર્ચા-વિચારણામાં જ બપોરની વેળા થઈ ગઈ.

અહીં ઘરે બાળ રોહા જમવામાં પિતાની રાહ જોતો હતો. પરંતુ પિતા મોડે સુધી ઘેર ન આવતાં તે પિતાને બોલાવવા માટે નીકળ્યો ને ગ્રામવાસીઓના સમુદાય પાસે પહોંચીને પિતાને કહેવા લાગ્યો, 'મને બહુ જ ભૂખ લાગી છે. તમે જાણો છો કે હું તમારા વિના જમતો નથી. એટલે તમને તેડવા આવ્યો છું.' ત્યારે પિતાએ રોહાને ગ્રામજનો જે મુશ્કેલીમાં મુકાયા છે તેની માંડીને વાત કરી. બાળ રોહા સૌને ધીરજ આપતાં કહે, 'તમે આ બાબતે નચિંત રહો. આ કામ આપણે ઝડપથી પાર પાડીશું.'

પછી રોહાએ પોતાની બુદ્ધિચતુરાઈથી ગ્રામજનોને એવો ઉકેલ બતાવ્યો કે સૌ રોહાની વાત સાંભળીને ચિંતામુક્ત બની ગયા, આનંદમાં આવી ગયા.

રોહાએ ગ્રામજનોને કહ્યું કે 'શિલા તો હલાવી પણ હાલે એમ નથી. એટલે એને તો જરીકેય ખસેડાય જ નહીં. પરંતુ તમે સૌ શિલાના ચારેય ખૂણાના ભાગે તળિયે ખોદી કાઢો. ત્યાં ચારેય ખૂણામાં પાયામાંથી થાંભલા ઊભા કરી મંડપની રચના કરો, જેથી આપોઆપ શિલા મંડપના ઉપરના ભાગે ગોઠવાયેલી રહેશે.' આ રીતે રોહાએ શિલાને ખંડિત કર્યા વિના કે ઊંચક્યા વિના જ યથાવત્ રાખીને મંડપની ઉપર શિલા રહે એમ શિલાના તળિયાના ભાગે મંડપરચનાનું આયોજન કરી બતાવ્યું.

તે પછી થોડાક દિવસોમાં ગામલોકોએ રોહાએ સૂચવ્યા મુજબની મંડપની રચના કરી. રાજાને કામ પાર પાડ્યાની જાણ કરવામાં આવી. રાજાએ પુછાવ્યું કે આ કામ કોની બુદ્ધિથી થયું? સૌએ બાળ રોહાના બુદ્ધિચાતુર્યની પ્રશંસા કરી. આ સાંભળીને રાજસભામાં પણ સૌ આશ્ચર્યચકિત બની ગયા.

ફરીથી રાજાએ રોહાની પરીક્ષા માટે નટવાઓના ગામ શિલાગ્રામે એક ઘેટું મોકલાવ્યું. ને સંદેશો કહેવડાવ્યો કે 'આ ઘેટાનું વજન કરેલું છે. એનું વજન લગીરેય ઓછુંવત્તું ન થાય એ રીતે એ ઘેટાને બીજા પખવાડિયામાં માગણી કરવામાં આવે ત્યારે પાછું મોકલી આપવું.'

ગામલોકો તો રાજાના આ સંદેશાથી વ્યગ્ર બની ગયા. સૌએ રોહાને તેડાવ્યો. અને રાજાનો વિચિત્ર આદેશ કહી સંભળાવ્યો. પછી બધાએ રોહાને આગ્રહ કર્યો, 'રોહા! આ કામ તારે જ પાર પાડવાનું છે. અમે બધા તને સર્વોપરિ તરીકે સ્થાપીએ છીએ.'

રોહાએ એ ઘેટાને પોતાને ત્યાં મંગાવી લીધું. રોહાએ ચતુરાઈ એ કરી કે ઘેટાની નજર સામે એણે એક વિકરાળ હિંસક પશુનું ચિત્ર મુકાવ્યું. રોહા દરરોજ ઘેટાને બળ વધારે તેવો ખોરાક નીરવા લાગ્યો. સારો આહાર લેવાથી એ દુર્બળ પણ નથી રહેતો અને સતત નજર સામે હિંસક પશુના ચિત્ર-દર્શનથી ડરનો માર્યો પુષ્ટ પણ નથી થતો. આમ કરતાં પખવાડિયું વીત્યું. રાજાએ ઘેટું પરત મંગાવ્યું. ઘેટાનું વજન કરી જોતાં તે જરાય ઓછુંવત્તું ન થયું. રાજાને થયું કે 'નક્કી, આ રોહાની જ બુદ્ધિ.'

થોડાક દિવસ પછી રાજાએ એ જ ગામે એક કૂકડો મોકલ્યો ને કહાવ્યું કે 'બીજા કૂકડાની સહાય વિના જ એને લડતાં શીખવજો.'

આખા ગામે ભેગા મળી રોહાને આનો ઉપાય પૂછ્યો. રોહાએ એક મોટું દર્પણ લાવીને કૂકડાની સામે મૂક્યું. દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જોઈને એ પ્રતિબિંબને જ અન્ય કૂકડો સમજી તે એ પ્રતિબિંબની સાથે યુદ્ધ કરવા લાગ્યો. આ રીતે કૂકડાને લડતાં શીખવીને રાજા પાસે પાછો મોકલવામાં આવ્યો. રાજાએ આની ખાતરી કરી જોઈ. રાજાને પ્રતીતિ થઈ કે ખરેખર આ બાળક અત્યંત બુદ્ધિશાળી છે.

થોડા દિવસ ગયા ને રાજાએ વળી પાછો એક એવો તુક્કો શોધી કાઢ્યો કે જેમાં રોહાને સફળ થવું મુશ્કેલ બને. ગ્રામજનો પર રાજાનો સંદેશો આવ્યો કે 'કૂવામાંથી પાણી ખેંચવા માટે દોરડાની જરૂર છે. તો તમારા ગામમાં જે સુકોમળ રેતી છે એના દોરડાં વણીને મોકલી આપો.'

રાજાનો આ આદેશ મળતાં બધાએ રોહાને તેડી મંગાવ્યો. રોહાએ રાજાનો સંદેશો લઈ આવનારને કહ્યું, 'તમારા રાજાને કહેજો કે અમે નટવા તો નાટકચેટક કરી જાણીએ, હાસ્ય-વિનોદ કરી જાણીએ. રેતીનું દોરડું બનાવવાનું જ્ઞાન અમારી પાસે નથી. છતાંયે રાજાજીનો આદેશ તો માનવો જ રહ્યો. તો અમને આવો રેતીના દોરડાનો એક નમૂનો મોકલાવી આપો. તેને અનુસરીને અમે તેવાંજ રેતીનાં દોરડાં બનાવીશું.' સંદેશવાહકે ગામલોકનો આ સંદેશો રાજાને પહોંચાડ્યો. રાજા મનમાં હર્ષ પામ્યો.

વળી કેટલાક દિવસ વીત્યા. રાજાએ એક નવી યુક્તિ વિચારી. એના પ્રાણીસંગ્રહમાં એક ઘરડો હાથી હતો. એની રોગગ્રસ્ત કાયા ક્ષીણ થઈ ગઈ હતી. બેચાર દિવસનું તેનું આયુષ્ય હતું. એથી વિશેષ બચવાની એની કોઈ આશા નહોતી. આ હાથીને રોહાને ગામ મોકલી આપ્યો અને કહેવડાવ્યું કે 'આ માંદા હાથીને ખવડાવી-પીવડાવીને સાજો કરજો. કદાચ જો એ મૃત્યુ પામે તો એવા એના મરણના સમાચાર કહેવા નહિ ને સાચા સમાચાર કહ્યા વિના રહેવું પણ નહીં.'

બધા રોહા પાસે આવ્યા. એને રાજસંદેશની સઘળી વાત કરી. રોહા કહે, 'અત્યારે તો એ હાથીને ખૂબ જ ચારો-પાણી આપો. એમ કરતાં પણ એ મરશે તો પછી વિચારીશું.'

ગ્રામવાસીઓએ રોહાની સૂચના પ્રમાણે કર્યું, પણ એ રાતે જ હાથી મૃત્યુ પામ્યો. બધા રોહાને ઘેર ગયા. રોહાએ વિચારીને કહ્યું, 'ચાલો, આપણે બધા રાજા પાસે જઈએ.'

બધા રાજા પાસે પહોંચ્યા. બુદ્ધિથી કામ લેવાનું હતું. હાથી મરી ગયાનો સીધો ઉલ્લેખ કર્યા વિના, હાથી મર્યાની જાણ તો કરવાની જ હતી. રોહાએ સૂચવ્યા પ્રમાણે ગ્રામજનો રાજાને કહે, 'હે સ્વામી! આપે જે હાથી મોકલ્યો હતો તે એક ક્ષણ પણ ઊઠતો-બેસતો નથી, આહાર-નિહાર કરતો નથી, શ્વાસોચ્છ્વાસ લેતો નથી, ગુસ્સે થવાની કાંઈ ચેષ્ટા કરતો નથી.' રાજા વળતો પૂછી બેઠો, 'શું હાથી મૃત્યુ પામ્યો?' બધા કહે 'તમે કહો (અનુમાન કરો), અમે નહિ કહીએ.'

રાજા આ જવાબ સાંભળીને ખૂબ સંતુષ્ટ થયો. સૌ પોતાને ગામ પાછા ફર્યા.

થોડા દિવસ પછી રાજાએ નવો ઉપાય વિચાર્યો. એણે કહેવડાવ્યું કે 'તમારા ગામમાં કૂવાનું પાણી ખૂબ મીઠું છે, એમ સાંભળ્યું છે. એ કૂવાને અહીં મોકલી આપો, નહીં તો આખા ગામને દંડ કરવામાં આવશે.'

આ સંદેશો સાંભળી ગામલોકો રોહા પાસે આવ્યા. રોહા કહે 'તમે બધા રાજાને કહેવડાવો કે અમારા ગામનો કૂવો ખૂબ જ ડરપોક અને શરમાળ છે. ગામલોકો જો ભયભીત હોય તો કૂવો કેમ ન હોય? આ કૂવાને સ્વજાતિ વિના કોઈનામાં વિશ્વાસ આવતો નથી. એટલે આપ આપના નગરમાંથી એક ચતુર કૂઈને તેડવા મોકલો. એટલે અમારા ગામનો કૂવો એની પાછળ ચાલ્યો આવશે.'

રાજાને આવો સંદેશો મળ્યા પછી તેઓ કંઈ કૂવાને તેડવા કોઈ કૂઈ મોકલી શકે એમ હતા નહીં, એટલે શિલાગ્રામના લોકો પણ કૂવો ન મોકલવાના અપરાધમાંથી બચી ગયા.

કેટલાક દિવસ પસાર થયા પછી રાજાએ વળી સંદેશો મોકલાવ્યો કે 'તમારા ગામમાં જે બગીચો છે તે પશ્ચિમ દિશામાં છે એને પશ્ચિમને બદલે પૂર્વ દિશામાં ફેરવો.'

ગામલોકો વિમાસણમાં પડી ગયા. ગામની પશ્ચિમે આવેલા બગીચાને ખસેડીને સામે છેડે પૂર્વદિશામાં કઈ રીતે ફેરવવો? રોહાએ કહ્યું, 'અરે, આમાં મુંઝાવ છો શા માટે? ગામના બધા લોકો બગીચાની પશ્ચિમ દિશામાં આવી વસો. જેથી બગીચો આપોઆપ પૂર્વ દિશામાં થઈ જશે.' ગામલોકોએ વસવાટ બદલવાનું આ આયોજન રાજાને કહી સંભળાવ્યું. રાજા ખૂબ જ પ્રસન્ન થયો. મનમાં વિચારવા લાગ્યો કે 'રોહા બુદ્ધિનો ભંડાર છે. મેં જે-જે આદેશો આપ્યા એ તમામને એણે સિદ્ધ કરી બતાવ્યા.'

પછી રાજાએ રોહાને પોતાને મળવા માટે ઉતાવળે બોલાવ્યો. પણ અહીં એણે કેવી રીતે આવવું એની કેટલીક શરતો મૂકી. શુક્લ પક્ષમાંયે નહીં ને કૃષ્ણ પક્ષમાંયે નહીં, રાતેય નહીં ને દિવસેય નહીં, છાયામાંયે નહીં ને તડકામાંયે નહીં, સવારી કરીનેય નહીં ને પગપાળાયે નહીં, માર્ગમાંયે નહીં ને માર્ગ વિના પણ નહીં, સ્નાન કરીનેય નહીં ને સ્નાન વિના પણ નહીં–એ રીતે રોહાએ રાજાને મળવા આવવું.

વળતો રોહાએ પણ બરાબરનો બુદ્ધિપ્રપંચ આદર્યો. એણે મસ્તક સિવાયના શરીરે અંગપ્રક્ષાલન કર્યું, શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષના સંધિ-દિવસ અમાવસ્યાની સાંજે પ્રસ્થાન કર્યું, ગાડાનો ચીલો છે ત્યાં વચ્ચે રહીને પ્રવાસ આદર્યો. બકરા પર સવાર થયો જેથી એના અડધા પગ જમીન સાથે ઘસાતા રહે. માથે ચાળણી મૂકી એટલે કેવળ તડકો કે છાંયો ન પામે. આ પ્રકારે બુદ્ધિ વાપરીને રોહા ઉજ્જયિની પહોંચ્યો.

રાજા પાસે આવીને રોહાએ ભેટ ધરી. રાજાએ પૂછ્યું, 'તું શી ભેટ લાવ્યો છે?' રોહા કહે, 'તમે તો પૃથ્વીના સ્વામી છો. ઠાલે હાથે તમને મસ્તક શેં નમાવાય? એમ જાણીને હું આ પૃથ્વીપિંડ (માટી)ની ભેટ તમને ધરું છું.' રાજા ઘણું હર્ષ પામ્યો. રાજાએ

રોહાને પોતાના અંગસેવક તરીકે મહેલમાં જ રોકી રાખ્યો.

રાજાએ પ્રથમ રાત્રિથી જ રોહાની પરીક્ષા કરવાનું વિચાર્યું. સાંજને સમયે રાજા રોહાને કહે, 'હે રોહા! તું રાત્રિના ચારેય પ્રહર મારા નિવાસના દરવાજે જાગતો બેસી રહેજે.'

રોહા રાત્રિના એક પ્રહર સુધી તો જાગ્યો, પણ પછી ઘસઘસાટ ઊંઘી ગયો. રાજાએ મોટા અવાજે રોહાને સાદ કર્યો પણ રોહા સહેજ પણ બોલતો નથી. રાજાએ આવીને જોયું તો તેને સૂતેલો દીઠો. રાજાએ રોહાને સોટીના પ્રહારથી જગાડ્યો. રોહા વળતો બોલ્યો, 'હે રાજા, હું ઊંઘતો નહોતો, પણ મને મનમાં એક ચિંતા થતી હતી.' રાજા કહે, 'શી ચિંતા થતી હતી તે મને કહે.' રોહા બોલ્યો, 'પીપળાના વૃક્ષનાં જે પાંદડાં છે એમાં શિખા અને દંડમાં દીર્ઘ કોણ?' રાજાને પણ સંદેહ થતાં કહે, 'તારા વિના આનો ઉત્તર કોણ આપે? તું જ આનો જવાબ આપ.' રોહા કહે, 'જ્યાં સુધી પાંદડું લીલું હોય ત્યાં સુધી શિખા ને દંડ સરખાં જ હોય.'

વળી પાછા રાજા ને રોહા બંને ગાઢ નિદ્રામાં સરી પડ્યા. જ્યારે રાત્રિનો બીજો પ્રહર પૂરો થયો ત્યારે રાજાએ રોહાને બોલાવ્યો.

રાજા : 'તું જાગે છે કે સૂતો છે?'

રોહા : 'જાગું છું; પણ એક ચિંતા છે.'

રાજા : 'શી ચિંતા છે તે મને ઝટ કહે.'

રોહા : 'હે સ્વામી, મને પ્રશ્ન એ થાય છે કે બીજાં પ્રાણીઓ પ્રૌઢ મળત્યાગ કરે છે, જ્યારે બકરી લિંડીઓ કેમ મૂકે છે?'

રાજા : 'રોહા, આનો જવાબ તું જ શોધી કાઢ.'

રોહા : 'બકરીના જઠરમાં સંવર્તક વાયુને લઈને એવી ગોળાકાર લીંડીઓ થાય છે.'

પછી બંને સૂઈ ગયા. ત્રીજા પહોરે રાજા ઊઠીને રોહાને પૂછે છે, 'જાગે છે કે ઊંઘે છે?' રોહા કહે, 'સ્વામી! હું જાગું તો છું, પણ મને એક પ્રશ્ન સતાવે છે.' રાજા પૂછ છે 'શો?' રોહા કહે, 'ખિસકોલીની પૂંછડી અને એનું શરીર એ બેમાં મોટું કોણ અને નાનું કોણ?' રાજા કહે, 'આનો નિર્ણય પણ તું જ કર.' રોહાનો ઉત્તર : 'બંને સરખાં જ હોય છે.'

વળી પાછા બન્ને સૂઈ ગયા. ચોથા પ્રહરે રાજા જાગ્યો ને રોહાને સૂતેલો જોતાં જગાડવા લાગ્યો. પણ રોહા જાગ્યો નહીં. એટલે રાજાએ રોહાને ચૂંટિયો ખણીને પૂછ્યું, 'જાગે છે કે ઊંઘે છે?' ત્યારે સત્વરે જાગીને રોહાએ કહ્યું, 'હે રાજા! મને તો ઊંઘ જ આવતી નથી. મને એક મોટી મૂંઝવણ થઈ છે. પણ આવી મૂંઝવણ મારે તમને કેમ કરીને કહેવી? હવે તો તમારા તરફથી ખાતરી મળે તો જ મારાથી કહેવાય.'

રાજો વચન આપ્યું એટલે રોહાએ એની મૂંઝવણ રજૂ કરતાં કહ્યું, 'હે રાજા, તમારે કેટલા બાપ છે?'

રાજા કહે, 'રોહા, તું બુદ્ધિવંત ખરો, પણ લાજમર્યાદા લોપીને હવે તો તું માથે ચઢી બેઠો. ગરીબને ધન મળે એટલે સૌને ઘાસ બરાબર ગણવા માંડે. કારેલીનો છોડ ને પાછો લીમડે ચડ્યો એટલે અધિક કડવો બન્યો–આવો તું બન્યો જણાય છે.'

રોહા કહે, 'હું જે કાંઈ કહું છું તે સત્ય જ કહું છું.' ત્યારે રાજાએ પૂછ્યું, 'રોહા, તું જ કહે કે હું કેટલા બાપનું બાળક છું. અને તેઓ કોણ કોણ છે?'

રોહા બોલ્યો, 'તમારે પાંચ પિતા છે. ભૂપાલ, કુબેર દેવ, ચાંડાલ, ધોબી અને વીંછી એ પાંચ તમારા પિતા.' રાજા પૂછે છે, 'રોહા, તેં કયા સંકેતથી આ વાત જાણી?' રોહા બોલ્યો, 'ભૂપાલની જેમ તમે પણ પ્રજાનું ન્યાયપૂર્વક પાલન કરો છો. કુબેરની જેમ તમે પણ દાતા તરીકે દાન આપીને સેવા કરો છો, મોટા દાની છો. ચાંડાલ જેમ નિર્દય હોય તેમ રણસંગ્રામમાં શત્રુ સામે તમે નિર્દય બનો છો. ધોબી જેમ વસ્ત્રને ચોળીને ધૂએ છે તેમ તમે પ્રજા પાસેથી સઘળી વસૂલાત કરો છો અને અપરાધીનું ધન નીચોવી લો છો. વીંછી નાના-મોટાની બીક રાખ્યા વિના સૌને ડંખ મારે છે તેમ તમે પણ નાના-મોટા કોઈને છોડતા નથી. જુઓ, મારા જેવા બાળકને પણ તમે ચડકો દીધો જ ને! હે રાજા! મેં તમને આ સાચી વાત કહી. તમને મારી વાત માન્યામાં ન આવે તો આપનાં માતાને પૂછી જુઓ.'

રાજા રોહાની બધી વાત સાંભળી રહ્યો. સવાર થયું એટલે રાજા માતા પાસે ગયો. માતાને પગે લાગીને પૂછવા લાગ્યો, 'માતા! મને સાચું કહો, હું કેટલા પિતાનો પુત્ર છું?'

માતા બોલી. 'આવું પૂછતાં તને શરમ-સંકોચ થવાં જોઈએ. છતાં આમ કેમ પૂછવું પડ્યું?'

રાજાએ રોહાની બધી વાત માતાને માંડીને કહી સંભળાવી. પછી માતા રાજાને કહેવા લાગી, 'સુરતકાળે બીજ-નિક્ષેપ કરનારા રાજા-તારા પિતા તે પહેલા પિતા. જ્યારે તું ગર્ભમાં હતો ત્યારે મને કુબેર દેવના સ્થાનકે જઈ પૂજા કરવાની ઈચ્છા થઈ. પ્રતિમાનું સ્વરૂપ એટલું સુંદર હતું કે એનાથી આકર્ષાયેલા ચિત્તવાળી મેં કુબેરની પ્રતિમાને સર્વાંગે આલિંગન કર્યું. પૂજા કરી હું પાછી વળતી હતી ત્યાં માર્ગમાં ચાંડાલ મળ્યો. તેનું સુકુમાર સ્વરૂપ જોઈ હું એની સામે નિહાળી જ રહી. ત્યાંથી ઉતાવળે ઘરે આવવા નીકળી ત્યાં એક ધોબી એકલો આવતો હતો. એના રૂપથી પણ મારું મન પરવશ બન્યું. પછી ઘેર આવી. બેઠી ત્યાં જ એક વીંછીએ મને ચટકો ભર્યો. આમ હે પુત્ર! સ્પર્શ કે જોવા માત્રથી મને ભોગેચ્છા-તૃપ્તિનો અનુભવ થયો હતો. એ રીતે રોહા સાચો છે. બાકી તો તારા પિતા વિના મારા જીવનમાં બીજું કોઈ નથી.'

રાજા માતાને પ્રણામ કરી રોહા પાસે આવ્યો. એની પ્રશંસા કરી રાજાએ કહ્યું, 'રોહા, તેં જે વાત કહી એ સાચી છે. મારી માતાને પૂછતાં તારાં જ કહેલાં નામો મારી માતાએ પણ કબૂલ્યાં.'

પછી જિતશત્રુ રાજાએ એના પાંચસો મંત્રીઓમાં રોહાને મુખ્ય મંત્રી બનાવ્યો અને એને સર્વ રાજ્યાધિકાર સોંપ્યો. ત્યારબાદ રોહાને પૂછીને જ રાજ્યનું બધું કામ થવા લાગ્યું. આ બધો રોહાના બુદ્ધિચાતુર્યનો પ્રતાપ.

✶ ✶ ✶

# નિયમપાલનનાં મીઠાં ફળ: બે કથાઓ

(૧)

રથનૂપુર નામનું એક નગર છે. એમાં વિમલયશ નામનો રાજા રાજ્ય કરે છે. સુમંગલા એની પટ્ટરાણી છે. તેની કૂખે એક પુત્રી અને એક પુત્ર–એમ બે સંતાનોએ જન્મ લીધો છે. પુત્રીનું નામ વંકચૂલા અને પુત્રનું નામ વંકચૂલ છે. વંકચૂલ જ્યારે યુવાન વયનો થયો ત્યારે એક સ્વરૂપવાન ગુણિયલ કન્યા સાથે એનું લગ્ન કરવામાં આવ્યું. આ વંકચૂલ ઉદ્ધત, ખરાબ ચરિત્રનો અને નિર્ગુણી હતો. આ કારણે એને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો. આ દરમિયાન બાળવૈધવ્યને પામેલી બહેન વંકચૂલા પણ ભાઈની સાથે જ ચાલી નીકળી.

રખડતો રખડતો વંકચૂલ એક મોટા જંગલમાં આવી ચઢ્યો. ત્યાં કેટલાક ધનુર્ધારી ભીલોને એણે જોયા. વંકચૂલ એમની નજીક ગયો. પેલા ભીલો પણ સ્વરૂપવાન અને રાજકુમાર જેવા આ વંકચૂલને જોઈ નવાઈ પામ્યા. સૌએ વંકચૂલને નમસ્કાર કરી અહીં આવવાનું કારણ પુછ્યું. વંકચૂલે પોતાને ઘરમાંથી કાઢી મુકાયો હોવાની આત્મકથની જણાવી. આ સાંભળી ભીલોએ કહ્યું, 'અમારો સ્વામી તાજેતરમાં જ મૃત્યુ પામ્યો છે. તો તમે જ એ સ્વામીપદ સંભાળો.'

વંકચૂલ તે ભીલોની સાથે એમની પલ્લીમાં ગયો અને પલ્લીપતિ બનીને એમની સાથે રહેવા લાગ્યો. પેલા ભીલોની સાથે એ પણ લૂંટ કરવા નીકળી પડતો. એમ કરતાં જતે દિવસે તે એક નામચીન લૂંટારા તરીકે પ્રસિદ્ધ થયો.

હવે એક વખત ચંદ્રયશ નામે એક આચાર્ય ભગવંત સાત સાધુઓ સાથે વિહારમાં ભૂલા પડીને ભમતાં ભમતાં ભીલોની આ પલ્લી પાસે આવી ચડ્યા. ચોમાસું એકદમ નજીકમાં જ હતું. આકાશ પણ વાદળોથી ઘેરાવા માંડ્યું હતું. ધરતી પર નવા તૃણાંકુરો ફૂટી નીકળ્યા હતા. નાના જીવોના સંચારથી રસ્તાઓ ઉભરાવા લાગ્યા હતા. એટલે આગળનો વિહાર કરવો યોગ્ય નથી એમ આચાર્ય ભગવંતને જણાતાં તેઓ એમના સમુદાય સાથે ભીલોની પલ્લીમાં આવી પહોંચ્યા. ભીલોના અધિપતિ વંકચૂલે આ સાધુમહાત્માઓને વંદન કર્યાં. સાધુઓએ વળતા 'ધર્મલાભ' કહી, અહીં વસતિ (રહેઠાણ) માટે પૃચ્છા કરી. વંકચૂલે પણ મહાત્માઓની પરિસ્થિતિ અને સંજોગોનો વિચાર કરીને એમની માગણી સ્વીકારી અને ચોમાસામાં યોગ્ય સ્થળે એમને ઊતરવાની સગવડ કરી આપવા તૈયારી દર્શાવી. પણ સામે એણે એક શરત મૂકી. 'મહેરબાની કરીને તમારે અમને ક્યારેય ધર્મનો ઉપદેશ આપવો નહીં. કેમકે અમારો લૂંટફાટનો ધંધો જ અમારા પેટગુજારાનું સાધન છે.'

*[આ પ્રથમ કથાનો આધારસ્રોત આચાર્યશ્રી જયકીર્તિસૂરિ વિરચિત 'શીલોપદેશમાલા' પરની આચાર્યશ્રી સોમતિલકસૂરિ-(અપરનામ) વિદ્યાતિલકસૂરિએ રચેલી 'શીલતરંગિણી વૃત્તિ' છે. મૂળ ગ્રંથ પ્રાકૃત ભાષામાં છે. એની વૃત્તિ સંસ્કૃતમાં છે. આ વૃત્તિ-ગ્રંથની રચના વિ. સં. ૧૩૯૨/૧૩૯૭માં થઈ છે. એનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થયો છે:*

*પુસ્તક : 'શ્રી શીલોપદેશમાલા-ભાષાંતર', અનુ. વિદ્યાશાળાના અધિકૃત શાસ્ત્રીજી, પ્રકા. શ્રી જૈન વિદ્યાશાળા, અમદાવાદ. ઈ. સ. ૧૯૦૦].*

સાધુ ભગવંતો તો નિરાસક્ત હતા. જેમને ધર્મને માટે કશી રુચિ જ નથી એમને ઉપદેશની વર્ષા કરવાથી પણ શું ? એટલે તેઓએ શરત કબૂલ રાખી. યોગ્ય સ્થળ શોધી ત્યાં નિવાસ કરી પોતાની રોજિંદી ધર્મક્રિયાઓમાં અને ધર્માચરણમાં વ્યસ્ત રહી ચોમાસાના દિવસો વીતાવવા લાગ્યા. એમ કરતાં છેવટે ચોમાસાના ચાર માસ પૂરા થયા. એટલે સર્વ સાધુસમુદાયે વિહાર કરવાની તૈયારી કરી. પલ્લીપતિ વંકચૂલને પણ એની જાણ કરી. વંકચૂલ પણ, આ સાધુઓએ પોતે મૂકેલી શરતનું ઉચિત પાલન કર્યું છે અને કશો ધર્મોપદેશ કર્યો નથી એથી ઘણો ખુશ હતો. વિહાર માટે પ્રસ્થાન કરતા સાધુઓને વળાવવા માટે વંકચૂલ પલ્લીપ્રદેશના સીમાડા સુધી ગયો.

જે સ્થાનેથી વંકચૂલે પાછા ફરવાનું હતું તે સ્થાને ઊભા રહીને આચાર્ય ભગવંતે મધુર વાણીથી કહ્યું કે 'અમે તારા પલ્લીપ્રદેશમાં આવ્યા, તેં અમને ચોમાસાના સ્થિરવાસની સગવડ કરી આપી અને ધર્મ-આરાધનામાં અમારું ચોમાસું સારી રીતે પસાર થયું એમાં તારી સહાય અમને મળી છે તેથી તારે માટે મારા મનમાં એક ઈચ્છા જાગી છે.' વંકચૂલને પણ એ ઈચ્છા જાણવાનું કુતૂહલ થયું. ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું, 'ભલે બીજી રીતે તું ધર્મપાલન કરી શકે એમ ન હોય તોપણ તારો આ લોક અને પરલોક સફળ બને એ માટે તું કંઈક નિયમ ગ્રહણ કર.' વંકચૂલે લાચારી દર્શાવતાં કહ્યું, 'આવો કોઈ નિયમ મારાથી શી રીતે પાળી શકાશે ?' ત્યારે મહાત્માએ શક્તિ અનુસાર નિયમ ધારણ કરવા કહ્યું. અંતે વંકચૂલ સંમત થતાં એની પાસે આ પ્રમાણે નિયમ ગ્રહણ કરાવ્યું. ૧. અજાણ્યું ફળ ખાવું નહીં. ૨. કોઈ જીવની હિંસા કે વધ કરતાં પહેલાં સાત ડગલાં પાછા હઠીને પછી તેનો અમલ કરવો. ૩. રાજાની પટ્ટરાણીને માતા સમાન ગણવી. ૪. કદી કાગડાનું માંસ ખાવું નહીં.

આ ચાર નિયમોનો વંકચૂલે મહાત્માના પ્રસાદ રૂપે સ્વીકાર કર્યો અને સાધુભગવંતો

ત્યાંથી આગળ વિહાર કરી ગયા.

હવે એકવાર ઉનાળાની ઋતુમાં વંકચૂલ પોતાના કેટલાક સાથીદારોને લઈને કોઈ એક ગામમાં લૂંટ કરવા નીકળ્યો. પણ ગામના લોકોને આગોતરી જાણ થઈ જવાથી ધન આદિ દ્રવ્ય લઈને ગામમાંથી નીકળી ગયા હતા. આથી વંકચૂલની ટોળીને કાંઈ હાથ લાગ્યું નહીં. બપોરની વેળાએ પાછા ફરતાં બરાબરના ભૂખ્યા-તરસ્યા થયા હતા. કેટલાક સાથીદારો રસ્તામાં એક વૃક્ષ નીચે વિશ્રામ કરવા બેઠા, તો કેટલાક ફળ અને પાણીની શોધમાં નીકળ્યા. તેમણે એક વૃક્ષ જોયું. એની ડાળીઓ નીચી નમેલી હતી. અને ત્યાં સરસ મઝાનાં પાકાં ફળો ઝૂલતાં હતાં. પેલા સાથીઓએ તે ફળો લાવીને વંકચૂલ આગળ મૂક્યાં. વંકચૂલ ભૂખ્યો તો હતો જ, પણ એને તત્ક્ષણ વિહાર કરતા મહાત્મા સમક્ષ લીધેલો સંકલ્પ યાદ આવ્યો. એણે સાથીઓને ફળોનું નામ પૂછ્યું. તેમણે કહ્યું, 'નામ તો અમે જાણતા નથી, પણ ફળો મીઠાં જણાય છે.' વંકચૂલે કહ્યું, 'હું અજાણ્યા ફળ ખાતો નથી.' સાથીઓએ ફળો ખાવા માટે આગ્રહ કરતાં કહ્યું, 'જીવતાં રહીશું તો નિયમ તો ફરીથી પણ લેવાશે. અત્યારે તો આપણે ભૂખે મરી રહ્યા છીએ. પણ વંકચૂલ નિયમપાલનમાં અડગ જ રહ્યો. બાકીના બધા સાથીઓએ ફળ ખાધાં. ખાઈને સૂઈ ગયા. માત્ર વંકચૂલ અને એના નિકટતમ સેવકે એ ખાધાં નહીં.

થોડોક સમય વીત્યા પછી વકંચૂલે સૂતેલા સાથીઓને જગાડવા માટે એના સેવકને કહ્યું. સેવકે જગાડવાનો ખૂબ પ્રયત્ન કરતાં એ જાગ્યા નહિ. ધ્યાનથી જોયું તો એ બધાને મરેલા દીઠા. સેવકે વંકચૂલને આની જાણ કરી. વંકચૂલ પણ નવાઈ પામી ગયો. એક બાજુથી સાથીઓ મૃત્યુ પામ્યા એનો શોક અને બીજી બાજુ પોતે મહાત્મા પાસે લીધેલા સંકલ્પથી જીવતો રહી શક્યો એનો આનંદ – આ બે મિશ્ર લાગણીઓ વચ્ચે, હાથમાં ખુલ્લી તલવાર સાથે તે પોતાના નિવાસે પહોંચ્યો.

ઘેર પહોંચ્યો ત્યારે ઘરનાં દ્વાર બંધ હતાં. એક નાના છિદ્રમાંથી એણે અંદર ડોકિયું કર્યું. દીવો બળતો હતો. એણે પોતાની સ્ત્રીને કોઈ પુરુષ સાથે સૂતેલી દીઠી. ચિત્તમાં ક્રોધ ભભૂકી ઊઠ્યો. છાપરા પર થઈને તે ઘરમાં ઊતર્યો. તલવાર ઉગામી સૂતેલાં સ્ત્રી-પુરુષ ઉપર ઘા કરવા તત્પર થયો. પણ તે જ ક્ષણે મહાત્માએ લેવડાવેલો બીજો નિયમ એને યાદ આવી ગયો. 'કોઈની હિંસા કે હત્યા કરતાં પહેલાં સાત ડગલાં પાછા હઠી જવું.' આ નિયમને અનુસરી વંકચૂલ સાત ડગલાં પાછો હઠ્યો. આમ કરતાં બન્યું એવું કે ઉગામેલી તલવાર ઘરના બારણા સાથે અથડાઈ. એનો અવાજ થયો. એ અવાજથી જાગી ઊઠેલી વંકચૂલા (વંકચૂલની બહેન)એ બૂમ પાડી, 'કોણ છે? કેમ આવ્યો છે?' વંકચૂલે બહેનનો અવાજ ઓળખ્યો.

હકીકત એવી હતી કે વંકચૂલની બહેન પુરુષવેશ ધારણ કરીને ભાભી સાથે સૂઈ ગઈ હતી. વંકચૂલે તલવાર સંતાડી બહેનને પુરુષવેશ ધારણ કરવાનું કારણ પછ્યું. ત્યારે વંકચૂલાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે 'ગામમાં નટ લોકો નૃત્ય કરવા આવ્યા હતા. પણ કદાચ તેઓ નટોના સ્વાંગમાં ગામને રેઢું જાણીને લૂંટ કરવા આવેલા લૂંટારા પણ હોય એવી શંકાથી હું તારા વસ્ત્રો પહેરીને પુરુષવેશમાં નટ લોકોની સભામાં નૃત્ય જોવા ગઈ હતી. એમને ઘટતું દ્રવ્ય વગેરે આપી ઘેર આવી ને મોડું થઈ જવાથી પહેરેલે કપડે જ ભાભીની સાથે સૂઈ ગઈ હતી.'

વંકચૂલે નિયમ આપનાર મહાત્મા પ્રત્યે ઉપકારવશતાની લાગણી અનુભવી. જો આ નિયમ ન લેવાયો હોત અને લીધા પછી એનું પાલન ન થયું હોત તો આજે મારે હાથે જ પત્નીની હત્યા થઈ ગઈ હોત. મહાત્માએ મને આવી સ્ત્રીહત્યાથી બચાવ્યો છે.

વંકચૂલના સાથીદારો અજાણ્યાં ફળ ખાવાને કારણે મૃત્યુ પામ્યા હોવાથી વંકચૂલ એકલો પડ્યો. એટલે શત્રુના આક્રમણના ભયથી પલ્લીનો ત્યાગ કરી ઉજ્જયિની નગરી આવ્યો. કોઈ શેઠને ત્યાં બહેન અને પત્નીને કામે મૂકીને પોતે ચોરીનો ધંધો કરવા માંડ્યો. ચોરી કરવામાં પૂરતી કુશળતા પ્રાપ્ત કરી લીધી એટલે ગર્ભશ્રીમંતોને ત્યાં જ એ ખાતર પાડતો, પણ કદી પકડાતો નહીં. ધીમેધીમે તે વેપારીઓ, બ્રાહ્મણો, સોનીઓ અને વેશ્યાઓના ધનને ધિક્કારતો થયો હતો એટલે હવેથી ચોરી કરવી તો રાજાને ત્યાં જ કરવી એવું વિચારવા લાગ્યો હતો.

ચોમાસામાં જંગલમાંથી તે એક ઘોને પકડી લાવ્યો. એક દિવસ એ ઘોને મહેલના ઝરૂખે વળગાડી એનું પૂંછડું પકડી મહેલ ઉપર ચડી ગયો. ત્યાંથી તે રાજાના રહેવાના એક ઓરડા સુધી પહોંચ્યો. ત્યાં એક સ્વરૂપવાન સ્ત્રી બેઠી હતી. તેણે વંકચૂલને જોયો. પૂછ્યું, 'તું કોણ છે?' વંકચૂલે ઉત્તર આપ્યો, 'હું ચોર છું.' સ્ત્રીએ પૂછ્યું, 'શું લેવાની ઈચ્છા છે?' વંકચૂલનો જવાબઃ 'હીરા-રત્ન-મણિ-માણેક'. પેલી સ્ત્રીએ કહ્યું, 'બીજા ચોરો તો ભલે હીરા-માણેક ચોરી લેતા હોય, પણ તેં તો મારું ચિત્ત ચોરી લીધું છે. એટલે સાચો ચોર તો તું છે.' આમ કહીને પેલી સ્ત્રીએ પોતાની સાથે કામક્રીડા માટે વંકચૂલને ઈજન આપ્યું. વંકચૂલે પૂછ્યું, 'તું કોણ છે?' સ્ત્રીએ કહ્યું, 'હું રાજાની પટરાણી છું. પણ અત્યારે રાજા મારા ઉપર ખફા છે. અને તું નારીસૌંદર્યથી વંચિત છે. તો તું મારો અંગીકાર કરી તારા જીવનને સફળ કર.' સહજમાં લપસી પડાય એવી નાજુક ક્ષણો સર્જાઈ હતી, પણ તે જ ક્ષણે એને મહાત્માએ આપેલો ત્રીજો નિયમ સાંભરી આવ્યોઃ 'રાજાની પટરાણીને માતા સમાન ગણવી.' આ નિયમને વળગી રહીને વંકચૂલે રાણીને કહ્યું, 'તમે સર્વ પ્રકારે મારી માતા સમાન છો.' રાણીએ જીદ કરી કહ્યું, 'મૂર્ખ, તું વૃથા ઉપેક્ષા ન કર.' પણ વંકચૂલ ડગ્યો નહીં. રાણીએ ગુસ્સે થઈ કહ્યું, 'જો તું મારી ઈચ્છા પૂરી નહીં કરે તો તારું મોત નિકટ છે એમ સમજી લેજે.'

હવે જોગાનુજોગ આ બધી વાત રાજા નીચેની મેડીએ સૂતો

સૂતો સાંભળતો હતો. રાણીએ પોતાના નખ વડે શરીરે ઉઝરડા કર્યા ને બૂમરાણ મચાવવા લાગી, 'કોઈ ચોર પ્રવેશ્યો છે ને મને પરેશાન કરી રહ્યો છે.' રક્ષક દોડી આવ્યા. રાજાએ સુભટોને આજ્ઞા કરી, 'એને મારશો નહીં. માત્ર બાંધી રાખો.'

બીજે દિવસે સવારે સભામાં ચોરને બોલાવ્યો. પૂછ્યું, 'તું મારા મહેલમાં કેમ પ્રવેશ્યો હતો?' વંકચૂલ કહે, 'વેપારી, બ્રાહ્મણ, સોની, વેશ્યા આદિનું દ્રવ્ય મને અસ્વીકાર્ય હતું એટલે દ્રવ્યના મોહથી આપના મહેલમાં પ્રવેશ્યો હતો, પણ રાણી મને જોઈ ગયા. એટલે ચોરી કરવામાં નિષ્ફળ રહ્યો. રાજાએ કહ્યું, 'હું તારા ઉપર પ્રસન્ન છું. અને મારી પટરાણી તને આપું છું.' વંકચૂલ કહે, 'આપની પટરાણી મારે માતા સમાન છે.' રાજાએ હુકમ કરતાં કહ્યું, 'આ ચોર મારા પ્રસ્તાવને સ્વીકારતો નથી એટલે એને શૂળીએ ચડાવો.' જોકે રાજાએ તો એની પરીક્ષા લેવા જ આવો હુકમ કર્યો હતો. અને સુભટોના નાયકને ગુપ્ત રીતે કહી રાખ્યું હતું કે એને મારવો નહીં, કેવળ ભય જ દેખાડવો. વંકચૂલને શૂળી પાસે લવાયો. ફાંસીનો માંચડો તૈયાર કરાયો. પણ વંકચૂલ એના નિયમને વળગી રહ્યો.

સુભટો વંકચૂલને રાજા પાસે પરત લઈ આવ્યા. રાજાએ પ્રસન્ન થઈ, એને પુત્ર સમાન માની યુવરાજ પદવી આપી. વંકચૂલ પોતાની પત્ની અને બહેન સાથે સુખેથી રહેવા લાગ્યો. આટલા અનુભવો પછી એનામાં ઘણું પરિવર્તન આવ્યું હતું. એને પોતાનો જન્મ સફળ થયેલો લાગ્યો. મનમાં એવો પણ અભિલાષ જાગ્યો કે જો હું તે મહાત્માને ફરીથી મળું તો તેમની પાસે ઉત્તમ ધર્મ આદરું.

હવે બન્યું એવું કે જે મહાત્માનો એ કૃતજ્ઞ હતો તે જ મહાત્મા વિહાર કરતા આ નગરીમાં આવ્યા. વંકચૂલ તેમને વંદન કરવા ગયો અને ધર્મોપદેશ સાંભળ્યો. ત્યાર પછી વંકચૂલ શ્રાવક ધર્મનું પાલન કરવા લાગ્યો. આ વંકચૂલને ઉજ્જયિની પાસેના શાલી ગામમાં રહેતા જિનદાસ નામના શ્રાવક સાથે મિત્રતા થઈ.

એક વખત કોઈ શક્તિશાળી પલ્લીપતિ સાથે વંકચૂલને યુદ્ધ થયું. પેલો પલ્લીપતિ તો યુદ્ધમાં મરાયો, પણ વંકચૂલ પોતે પણ ઘણો જખમી થયો. ઘણાં ઔષધો કર્યાં પણ અંગ પરના ઘા રુઝતા નહોતા. ઘાની પીડા ઓછી થઈ નહીં ત્યારે વૈદ્યોએ કહ્યું કે જો આ યુવરાજને કાગડાનું માંસ ખવડાવવામાં આવે તો ઘા રુઝાઈ જશે. રાજાએ કાગડાનું માંસ લાવવાનો હુકમ કર્યો. વંકચૂલે કહ્યું, 'કાગડાનું માંસ ન ખાવાનો મારે સંકલ્પ છે.' રાજાએ એને ઘણી રીતે સમજાવ્યો પણ વંકચૂલ અડગ રહ્યો.

રાજાને થયું કે યુવરાજના કોઈ અંગત મિત્રની સમજાવટ કદાચ કામે લાગે. એટલે સેવકોને પૂછી જોયું કે 'આ યુવરાજનો નજીકનો મિત્ર કોઈ છે?' સેવકોએ શાલી ગામના જિનદાસ શ્રાવકનું નામ આપ્યું. રાજાએ તેને બોલાવી લાવવા સેવકને મોકલ્યો. જિનદાસ યુવરાજને મળવા નીકળ્યો. રસ્તામાં એક વૃક્ષ નીચે બેસીને બે સ્ત્રીઓ રુદન કરતી હતી. એમને રડતી જોઈ જિનદાસે રડવાનું કારણ પૂછ્યું. પેલી સ્ત્રીઓ કહે, 'અમે દેવલોકની દેવીઓ છીએ. તમારો મિત્ર વંકચૂલ જો કાગનું માંસ ભક્ષણ કર્યા વિના મરશે તો અમારો પતિ થવાનો છે, પરંતુ જો માંસભક્ષણ કરશે તો પતિ થશે નહીં એવા ભયથી અમને રડવું આવે છે.' જિનદાસે એ બન્નેને ખાતરી આપી કે 'વંકચૂલ કાગડાનું માંસભક્ષણ કરે એમ હું નહીં થવા દઉં.' જિનદાસ વંકચૂલ અને રાજાને મળ્યો. રાજાએ જિનદાસને વિનંતી કરી કે તે મિત્રને સૂચિત ઔષધ લેવા સમજાવે. જિનદાસે કહ્યું, 'આને તમામ ઔષધ નિરર્થક છે. કેવળ ધર્મરૂપ ઔષધ જ યોગ્ય છે અને એમાં વિલંબ કરવો નહીં.'

પછી ધર્મની આરાધના કરતો, દુષ્કૃત્યોની નિંદા કરતો, જીવોની ક્ષમાયાચના કરતો વંકચૂલ મૃત્યુ પામીને દેવલોકમાં ગયો.

## (૨)

*[પ્રથમ કથાના જ કથામર્મને પ્રગટ કરતી આ બીજી કથા ઉપકેશગચ્છની દ્વિવંદણિક શાખાના જૈન સાધુ શ્રી હરજી મુનિ રચિત 'વિનોદચોત્રીસી'માં મળે છે. 'વિનોદચોત્રીસી' મધ્યકાલીન ગુજરાતી ભાષામાં પદ્યમાં રચાયેલી કથામાલાનો ગ્રંથ છે. રચના વિ. સં. ૧૬૪૧માં થઈ છે. અહીં પ્રસ્તુત કથાની વિશેષતા એ છે કે એનું કથાવસ્તુ હાસ્યરસે રસિત થયું છે.*

*પુસ્તક : 'હરજી મુનિકૃત વિનોદચોત્રીસી', સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૫.]*

શ્રીપુર નગરમાં સાધુ મહાત્માએ શ્રીપતિ શેઠના નાસ્તિક પુત્ર કમલને દરરોજ એકેકી એમ ચોત્રીસ દિવસ સુધી ચોત્રીસ કથાઓ કહીને બોધ પમાડી ધર્માભિમુખ કર્યો. પછી મહાત્મા વિહાર કરવા માટે ઉત્સુક થયા. સકલ સંઘે ગુરુજીને રોકાઈ જવા ખૂબ આગ્રહ કર્યો પણ ગુરુજી પોતાના નિર્ણયમાં દૃઢ રહ્યા.

શ્રેષ્ઠીપુત્ર કમલને હવે મહાત્મા પ્રત્યે ઘણો જ ભક્તિભાવ જાગ્યો. તેથી જ્યારે એમણે વિહાર કરવાનો નિર્ણય લીધો ત્યારે કમલને ઘણું જ દુ:ખ થયું. તે ગુરુજીને કહેવા લાગ્યો, 'હે ગુરુજી, તમારી અમૃતવાણી હવે મને ક્યાં સાંભળવા મળશે? તમારા જેવા પરોપકારી મને બીજે ક્યાં સાંપડશે?' આમ કહીને તે અશ્રુપાત કરવા લાગ્યો. ગુરુએ કમલને આશ્વાસન આપતાં કહ્યું, 'વળી ક્યારેક અમે પાછા આવીશું.'

સઘળો સંઘ ગુરુજીને વળાવવા ગયો. કમલ પણ એમાં સાથે હતો. ગુરુજીએ સઘળાં સંઘને વિદાયવચન સંભળાવ્યાં, 'આ ભવસાગર તરી

જવાંય એવો કોઈ નિયમ તમે ગ્રહણ કરો.' સૌ પોતપોતાની શક્તિ અનુસાર નિયમ ગ્રહણ કરી પાછા વળવા માંડ્યા. પછી ગુરુજીએ કમલને બોલાવીને કહ્યું, 'મને એવી હોંશ છે કે તું પણ કાંઈક નિયમ ગ્રહણ કર.'

ત્યારે વળતો કમલ કહેવા લાગ્યો, 'ગુરુજી, સંયમપાલન સોહ્યલું છે, પણ નિયમપાલન દોહ્યલું છે. મારે માટે તો એ ઘણું કપરું કામ છે. એટલે મને એમાંથી મુક્ત રાખો.'

મહાત્મા કહે, 'તું કહે છે તે બધું સાચું, પણ અમારી વિદાય વેળાનું આટલું વચન તો તું પાળ.'

કમલ કહે, 'જુઓ ગુરુજી, હું ભાવપૂર્વક દાન કરું છું, અમુક પકવાન્નનું ભોજન નથી કરતો, પૂજા-સત્કાર માટેનું દૂધ હોય તો તેની ખીર નથી આરોગતો, આખું નાળિયેર ખાવાનો ત્યાગ હોવાથી ભાંગીને જ આહાર કરું છું–હવે બોલો, આ સિવાય વળી પાછો બીજો શો નિયમ લઉં?'

મહાત્મા કહે, 'આ કંઈ હંસી-મજાકનો અવસર નથી. આ પ્રસંગે તારે કોઈ નિયમરત્નનો સ્વીકાર તો કરવો જ રહ્યો.' ત્યારે કમલ કહે છે, 'જુઓ ગુરુજી, જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, ધ્યાન, જપ, તપ – આમાંનો કોઈપણ નિયમ હું લઉં પણ એ મારાથી સંપૂર્ણપણે કદાચ પાળી શકાય નહીં એવો મને ડર છે. પણ હા, એક નિયમ એવો છે જે મારાથી પાળી શકાશે ખરો.' મહાત્માએ એ નિયમ જાણવા માગ્યો. કમલે કહ્યું, 'મારા ઘર આગળ એક કુંભાર રહે છે. તેને માથે મોટી ટાલ છે. સૂર્યનાં કિરણો એના માથા પર પડતાં એ ટાલ એવી તો ઝગી ઊઠે છે! ગુરુજી, કુંભારની એ ટાલ જોઈને હું રોજ ભોજન લેવાનું રાખીશ. આ એક નિયમ હું પાળી શકીશ. બીજા કોઈ નિયમ પાળવા અંગે મને શંકા છે.'

આમ તો કમલના આ નિયમની વાત થોડી રમૂજી લાગે એવી હતી. તોપણ મહાત્માએ મનમાં વિચાર કરીને કમલની આ વાતને સંમતિ આપી. એમને થયું કે આમ કરતાંયે જો આ જીવ ઠેકાણે આવતો હોય તો એનું કામ સિદ્ધ થયું ગણાય. કમલ પાસે આ નિયમ ગ્રહણ કરાવીને ગુરુજી ત્યાંથી વિહાર કરી ગયા.

હવે, કમલ પોતે લીધેલા નિયમનું દરરોજ પાલન કરવા લાગ્યો. આમ કરતાં કેટલાક દિવસ પસાર થયા. એક દિવસ રાજદરબારેથી કાંઈક કામ પતાવીને ઘેર પાછા ફરતાં કમલને ઘણું મોડું થયું. રોજિંદો ભોજનનો સમય ક્યારનોય વીતી ચૂક્યો હતો. ભૂખ પણ કડકડીને લાગી હતી. એટલે ઉતાવળે કમલ જેવો ભોજન કરવા બેસે છે ત્યાં જ એને પોતાનો નિયમ સાંભર્યો. એટલે તરત જ તે આસનેથી ઊભો થઈ ગયો ને કુંભારને ઘેર પહોંચ્યો. પણ કુંભાર ઘરમાં હતો નહીં. એની પત્નીને પૂછતાં કુંભારણ કહે કે એનો વર તો માટી લેવા ખાણ તરફ ગયો છે. એટલે કમલ તરત જ ધસમસતો સરોવર તીરે આવ્યો, જ્યાં નજીકમાં જ આવેલી ખાણમાં પેલો કુંભાર માટી ખોદી રહ્યો હતો.

હવે બન્યું એવું કે ખોદકામ કરતાં કુંભારને સુવર્ણદ્રવ્યથી ભરેલી એક મોટી કડાઈ જમીનમાં દટાયેલી નજરે પડી. કુંભાર એ કડાઈને ચૂપચાપ બહાર કાઢતો હતો. બરાબર એ જ વખતે કમલ ત્યાં ખાણની ઉપલી ધાર પરના સ્થળે ધસી આવ્યો ને 'દીઠી, દીઠી' એમ મોટે અવાજે બોલવા લાગ્યો. નીચે ખાણમાં પેલા કુંભારે આ અવાજ સાંભળ્યો. જેવો તે ઊંચે નજર કરે છે તો એણે કમલને જોયો. પેલા કુંભારને થયું કે 'અરે, આ દુષ્ટ આ જ સમયે ક્યાંથી આવ્યો? નક્કી એણે પેલી સુવર્ણદ્રવ્યથી ભરેલી કડાઈને જોઈ લીધી.'

પણ વાસ્તવમાં તો કમલ કુંભારની ટાલ જોઈને બોલી ઊઠેલો કે 'દીઠી, દીઠી.' પણ કુંભારે જુદું જ ધારી લીધું. એટલે એણે વિચાર્યું કે આ પાપિયો કડાઈને જોઈ ગયો છે તો એનું મોં બંધ રાખવા મળેલા સુવર્ણનો અડધો ભાગ એને આપું જેથી તે આખી વાત ગુપ્ત રાખે. આમ વિચારી કુંભાર કમલને કહેવા લાગ્યો, 'તમે મોટેથી બોલો નહીં. તમે જેમ કહેશો તેમ હું કરીશ. ઈશ્વરની સાક્ષીએ આ કડાઈનો અડધો ભાગ તમે લો, પણ કૃપા કરી આ વાત કોઈને કહેશો નહીં, છાની રાખજો.'

કુંભારને ડર એ હતો કે રખે આ બધું કોઈ સાંભળી કે જોઈ જાય ને નગરના રાજા સુધી વાત પહોંચી જાય તો રાજા મને દોષી ઠેરવે, કદાચ મારા ઉપર એવો આરોપ મૂકે કે આ માણસ રોજ છાનોમાનો થોડું થોડું ધન લઈ જતો હશે. અને એ રીતે સઘળું સુવર્ણ જ જપ્ત થઈ જાય.

કમલ ખાણમાં નીચે ઊતરીને કુંભારની પાસે આવ્યો. સુવર્ણદ્રવ્યથી ભરેલી કડાઈ એણે જોઈ. બન્ને ગુપ્ત રીતે કડાઈને ઘેર લાવ્યા ને અડધું અડધું દ્રવ્ય વહેંચી લીધું.

બીજી દિવસે સવારે ઊઠીને કમલ વિચારે છે કે ગુરુજીનો આગ્રહ થવાથી મેં તો માત્ર રમૂજમાં ખપે એવી હળવાશથી જ આ નિયમ ગ્રહણ કર્યો હતો. પરંતુ એવા નિયમપાલનથીયે મને કેટલું મોટું ફળ પ્રાપ્ત થયું! હું કેટલું અઢળક ધન પામ્યો!

આમ વિચારતાં ગુરુનો અપાર મહિમા એને પ્રતીત થયો. ગુરુ નાવની પેઠે તરણતારણ છે. ભવસમુદ્રમાં પડેલાને તે ઉગારે છે.

✷ ✷ ✷

- *ગુણોથી સાધુ થવાય છે અને અવગુણોથી અસાધુ થવાય છે, માટે સાધુ-ગુણોને (સાધુતાને) ગ્રહણ કરો અને અસાધુગુણોનો (અસાધુતાનો) ત્યાગ કરો. આત્માને આત્મા વડે જાણીને જે રાગ તથા દ્વેષમાં સમભાવ ધારણ કરે છે તે પૂજનીય બને છે.*
- *ક્રોધ પ્રીતિનો નાશ કરે છે; માન વિનયનો નાશ કરે છે; માયા-કપટ મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશ કરે છે.*

# ચાર પુત્રવધૂઓની પરીક્ષા

સુધર્માસ્વામી જંબૂસ્વામીને કથા સંભળાવે છે–

રાજગૃહ નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરે છે. એ નગરીમાં ધન્ય નામે એક વણિક રહે છે. પત્નીનું નામ ભદ્રા છે. આ દંપતીને સંતાનમાં ચાર પુત્રો છે. ધનપાલ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત. આ ચારેય પુત્રોનાં લગ્ન થઈ ગયાં છે. એમની પત્નીઓનાં નામ અનુક્રમે ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી છે.

ધન્ય શેઠ વૃદ્ધ થયા હોવાથી એક વાર વિચાર કરવા લાગ્યા કે રાજાથી માંડીને બધી જાતિના લોકો બધા પ્રકારનાં કામોમાં મારી સલાહ લે છે. પરંતુ મારી બીમારી, અપંગતા કે મૃત્યુને લઈને આ ઘરને કોણ સાચવશે? ચારેય પુત્રવધૂઓમાંથી કઈ વહુ ઘરનો ભાર વહન કરી શકશે?

આમ વિચારી એમણે બીજે દિવસે સર્વ સ્વજનો-સ્નેહીજનોની ઉપસ્થિતિમાં ચારેય પુત્રવધૂઓની પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

બીજે દિવસે સૌને પોતાને આંગણે આમંત્રિત કર્યાં, ભોજન આદિથી સૌનો સત્કાર કર્યો. પછી બધાંની હાજરીમાં સૌ પ્રથમ મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવી. એને ધન્ય શેઠે ચોખાના પાંચ દાણા આપી કહ્યું કે 'તું આને સાચવજે. અને હું જ્યારે માગું ત્યારે એ પાંચ દાણા મને પાછા આપજે.'

ઉજ્ઝિકાએ એ પાંચ દાણાનો સૌની હાજરીમાં સ્વીકાર તો કર્યો, પછી એકાંતમાં જઈ વિચાર્યું કે આપણા ઘરમાં તો ચોખાના કોઠાર ભરેલા છે. આ પાંચ દાણા સાચવી રાખવાનો કાંઈ અર્થ નથી. સસરાજી માગશે ત્યારે કોઠારમાંથી ચોખાના બીજા પાંચ દાણા કાઢીને આપી દઈશ. આમ વિચારીને એણે સસરાએ આપેલા દાણા ફેંકી દીધા.

સસરાએ બીજી પુત્રવધૂ ભોગવતીને બોલાવીને ઉજ્ઝિકાને જે સૂચન સહિત પાંચ દાણા આપ્યા હતા તે જ પ્રમાણે બીજી વહુને આપ્યા. ભોગવતી ત્યાંથી એકાંતમાં જઈ ચોખાના એ પાંચ દાણા ખાઈ ગઈ ને કામે લાગી ગઈ.

ત્રીજી પુત્રવધૂ રક્ષિકાને જ્યારે અગાઉની બે પુત્રવધૂઓની જેમ પાંચ દાણા આપવામાં આવ્યા ત્યારે એને વિચાર થયો કે સસરાજીએ સૌ સગાંસ્નેહીઓની હાજરીમાં મને બોલાવીને આ દાણા સાચવી રાખવા આપ્યા છે તો એનું કાંઈ ચોક્કસ કારણ હોવું જોઈએ. એમ વિચારીને રક્ષિકાએ આ પાંચ દાણા સાચવીને એક દાબડીમાં મૂકી દીધા. અને રોજ એ દાબડીની સંભાળ રાખવાનું નક્કી કર્યું.

*[આ કથાનો મૂળ આધાર છઠ્ઠું અંગ-આગમ 'જ્ઞાતાધર્મકથાંગ' છે. એના સાતમા 'રોહિણીજ્ઞાત અધ્યયન'માં આ કથા મળે છે. આગમગ્રંથની ભાષા પ્રાકૃત છે.*

*આચાર્ય મુનિચંદ્ર સૂરિ રચિત 'ઉપદેશપદ-સુખસંબોધની વૃત્તિ'માં પણ આ કથા મળે છે. આ વૃત્તિની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે.*

*પુસ્તક : 'શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર' (ગુજરાતી અનુવાદ), અનુ. મ. સાધ્વીજી શ્રી વનિતાબાઈ, સંપા. શોભાચંદ્ર ભારીલ્લ, પ્રકા. પ્રેમ-જિનાગમ પ્રકાશન સમિતિ, મુંબઈ, સં. ૨૦૩૭ (ઈ. સ. ૧૯૮૧].*

પછી ધન્ય શેઠે ચોથી પુત્રવધૂ રોહિણીને બોલાવી અગાઉની સૂચના પ્રમાણે પાંચ દાણા આપ્યા. ચોથી વહુ રોહિણી ઘણી સમજદાર હતી. એણે વિચાર્યું કે 'આ પાંચ દાણાની કેવળ જાળવણી જ શા માટે? એની વૃદ્ધિ પણ કરું.' આમ વિચારીને રોહિણીએ એના પિયરપક્ષના કુટુંબીઓને બોલાવ્યાં ને કહ્યું કે 'મારા સસરાજીએ આપેલા આ પાંચ દાણા તમે એક નાની કયારીમાં વાવજો. ઊગે એટલે એને પુનઃ બીજી જગાએ રોપજો. અને એ રીતે એનું સંવર્ધન કરજો.'

રોહિણીના કુટુંબીજનોએ એ દાણા સ્વીકારીને સૂચનાનું બરાબર પાલન કર્યું. વર્ષાઋતુના પ્રારંભમાં નાની ક્યારી બનાવી એમાં દાણા વાવ્યા. બીજી-ત્રીજી વાર રોપણી કરતાં કરતાં ચોખાના છોડને પાન-ડુંડાં આવ્યાં. દાણા પ્રગટ થયા. પાક તૈયાર થતાં એની લણણી કરી, સૂપડાથી સાફ કરી ઘડામાં ભરી દીધા. બીજું ચોમાસું આવતાં ઘડામાં એકત્ર કરેલા ચોખાની પુનઃ વાવણી કરી. પછી તો ત્રીજી, ચોથી, પાંચમી વર્ષાઋતુ આવી ત્યાં સુધીમાં તો સેંકડો કુંભ ચોખાથી ભરાઈ ગયા.

પાંચમે વર્ષે ધન્ય શેઠે ચારેય પુત્રવધૂઓની કસોટી કરવાનું નક્કી કર્યું. એક દિવસ અગાઉની જેમ સર્વ સગાંવહાલાંને નિમંત્રીને એ સૌની હાજરીમાં પહેલી પુત્રવધૂને બોલાવી. અને કહ્યું કે 'હે પુત્રી, આજથી પાંચ વર્ષ અગાઉ મેં તમને ચોખાના પાંચ દાણા સાચવી રાખવા આપ્યા હતા એ દાણા લાવીને પાછા આપો.'

ત્યારે ઉજ્ઝિકાએ કોઠારમાંથી બીજા જ પાંચ દાણા લાવીને સસરાના હાથમાં મૂક્યા. સસરાએ પૂછ્યું, 'તમે સોગંદપૂર્વક મને કહો કે અગાઉ મેં તમને આપેલા એ જ દાણા આ છે? કે પછી બીજા છે?'

ઉજ્ઝિકાએ કહ્યું, 'હે પિતાજી, તમે મને જે દાણા આપેલા તે મેં સ્વીકાર્યા હતા તે સાચું, પણ પછી મને વિચાર આવેલો કે કોઠારમાં તો ઢગલો ચોખા પડેલા છે. એમાંથી જ્યારે માગશે ત્યારે આપી દઈશ. એમ વિચારી એ દાણા મેં ફેંકી દીધા છે. એટલે આ દાણા બીજા જ છે.'

બીજી પુત્રવધૂ ભોગવતીને બોલાવીને દાણા પરત માગતાં એણે એ દાણા ખાઈ ગઈ હોવાનું કબૂલ્યું.

ત્રીજી રક્ષિતાને બોલાવીને દાણા પરત માગતાં એણે દાબડીમાં સાચવી રાખેલા દાણા સસરાજીને સોંપ્યા. અને સ્પષ્ટતા કરી કે આ દાણા

દાબડીમાં રાખી સતત એની સારસંભાળ રાખતી રહી છું.

હવે છેલ્લે ચોથી પુત્રવધૂ રોહિણીને બોલાવીને એ પાંચ દાણા પરત કરવાની ધન્ય શેઠે માગણી કરી ત્યારે રોહિણીએ કહ્યું, 'પિતાજી, એ દાણા પરત કરવા માટે મારે ઘણાં ગાડાંની જરૂર પડશે.' શેઠે નવાઈ પામી પૂછ્યું, 'પાંચ દાણા માટે ગાડાંની જરૂર કેવી રીતે? મને કાંઈ સમજાયું નહીં.' ત્યારે રોહિણીએ રહસ્ય પ્રગટ કરતાં, આ પાંચ વર્ષ દરમ્યાન પોતાના કુટુંબીજનોએ વાવેતર દ્વારા ચોખાના પાકની કરેલી અનેકગણી બુદ્ધિની વાત જણાવી.

ધન્ય શેઠે ગાડાં મોકલવાનો પ્રબંધ કર્યો. રોહિણી પોતાને પિયર આવી અને પાંચ દાણામાંથી વૃદ્ધિ પામેલું સઘળું અનાજ ગાડામાં ભરાવીને સ્વસુરગૃહે પહોંચતું કરાવ્યું.

રાજગૃહ નગરના લોકો રોહિણીની પ્રશંસા કરવા લાગ્યા.

આ ચારેય પુત્રવધૂઓની પરીક્ષા લીધા પછી ધન્ય શેઠે એ ચારેયને અનુરૂપ કામોની વહેંચણી કરી.

પહેલી પુત્રવધૂ ઉજ્ઝિકા જેણે દાણા ફેંકી દીધા હતા તેને કચરો કાઢવાનું, છાણાં થાપવાનું, સ્નાન આદિ માટે પાણી લાવી આપવાનું જેવાં નિમ્ન કક્ષાના કામો માટે નિયુક્ત કરી.

બીજી પુત્રવધૂ ભોગવતી જે દાણા ખાઈ ગઈ હતી તેને દળવા-ખાંડવાના, રાંધવા-પીરસવાના કામ માટે નિયુક્ત કરી.

ત્રીજી પુત્રવધૂ રક્ષિકા જેણે દાણા સાચવી રાખ્યા હતા તેના પ્રત્યે સંતુષ્ટ થઈને હીરા-માણેક-મોતી-સુવર્ણના અલંકારો, મૂલ્યવાન વાસણો અને રેશમી વસ્ત્રોની સાચવણીનું કામ સોંપ્યું.

ચોથી પુત્રવધૂ રોહિણી જેણે આ પાંચ દાણામાંથી અનેકગણી વૃદ્ધિ કરી હતી તેને સમગ્ર કુટુંબના શ્રેયાર્થે સલાહકાર–માર્ગદર્શક તરીકે નિયુક્ત કરી.

શ્રમણ-શ્રમણી સમુદાયના સંદર્ભમાં આ કથા એક રૂપકકથા તરીકે કહેવાઈ છે.

દીક્ષિત જીવન સ્વીકારીને જે શ્રમણ-શ્રમણી પ્રથમ પુત્રવધૂની જેમ પાંચ દાણા સમાન પાંચ મહાવ્રતો (સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય)નો પરિત્યાગ કરે છે તે આ ભવમાં જ અવહેલનાનું પાત્ર બને છે.

જે શ્રમણ-શ્રમણી બીજી પુત્રવધૂની જેમ રસેન્દ્રિયને વશીભૂત થઈને પાંચ મહાવર્તોને નષ્ટ કરે છે તેઓ પણ આ લોકમાં ઉપેક્ષાપાત્ર બને છે.

જે શ્રમણ-શ્રમણી ત્રીજી પુત્રવધૂની જેમ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે તેઓ આ લોકમાં સૌનાં આદરપાત્ર અને પૂજ્ય બને છે.

જે શ્રમણ-શ્રમણી ચોથી પુત્રવધૂની જેમ પાંચ મહાવ્રતોનું સંવર્ધન કરે છે તેઓ આ લોકમાં તો સૌના આદરપાત્ર અને પૂજ્ય બને જ છે, સાથે આ ભવાટવીથી પણ મુક્ત બને છે.

✷ ✷ ✷

# વિનયથી શોભતી વિદ્યા

*[આ કથાનો આધારસ્રોત છે આચાર્યશ્રી હરિભદ્રસૂરિ-વિરચિત ગ્રંથ 'ઉપદેશપદ' પરની આ શ્રી મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત છે, વૃત્તિની ભાષા સંસ્કૃત છે. પણ વૃત્તિકારે એમાં આપેલી દૃષ્ટાંતકથાઓ બહુધા પ્રાકૃતમાં છે. આ વૃત્તિ–ગ્રંથની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે. શ્રી મલયગિરિકૃત નંદિ-અધ્યયન વૃત્તિ' (સંસ્કૃત ભાષા)માં પણ આ કથા મળે છે. વૈનયિકી (વિનયથી ઉત્પન્ન થતી) બુદ્ધિના દૃષ્ટાંત રૂપે આ કથા પ્રસ્તુત છે.*

*પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.-અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમગ્રંથમાલા વતી ચંદ્રકાન્ત સાકરચંદ ઝવેરી, મુંબઈ–૨, વિ. સં. ૨૦૨૮ (ઈ. સ.૧૯૭૨)]*

અમરતિલક નામે નગર હતું. એમાં સિદ્ધદેવ નામે એક ભટ્ટ વસે. તે આગમો-વેદો-પુરાણોના જાણકાર પંડિત હતા. એમની પાસે રહીને બે વિદ્યાર્થીઓ શાસ્ત્રાભ્યાસ કરતા હતા. એકનું નામ દિનકર, બીજાનું શશિકર.

શશિકર ખૂબ જ વિનીત અને સેવાભાવી હતો. શાસ્ત્રાધ્યયનમાં એની જિજ્ઞાસાવૃત્તિ ઘણી તીવ્ર હતી. અભ્યાસમાં કાંઈ પણ સંદેહ પેદા થતાં તરત જ ગુરુ પાસે આવી વિનયપૂર્વક પ્રશ્ન કરે અને ગુરુ પાસેથી એનું નિવારણ પ્રાપ્ત કરે. એની આવી વિનયપૂર્વકની અધ્યયનશીલતાને કારણે ગુરુને પણ એ ઘણો પ્રિય થઈ પડ્યો હતો. જ્યારે, બીજો શિષ્ય દિનકર ગુરુ પ્રત્યે અવિનયી અને અવિવેકી હતો. ગમે તેમ બોલી નાખતાં એને કાંઈ સંકોચ થતો નહીં. વળી, શાસ્ત્રાભ્યાસમાં પણ તે ઘણો નબળો હતો.

એક દિવસ કોઈ કામ અંગે ગુરુએ આ બંને શિષ્યોને બાજુના ગામે મોકલ્યા. બંને શિષ્યો ચાલતા ચાલતા જતા હતા. ત્યાં જમીન પરનાં મોટાં પગલાં જોઈ દિનકરે શશિકરને પૂછ્યું, 'આ પગલાં કોનાં છે?'

શશિકર : 'એ હાથીનાં પગલાં છે.'

દિનકર : 'એ હાથીની એંધાણી–ઓળખ તું આપી શકે?'

શશિકર : 'હા, પહેલી વાત તો એ કે એ હાથણી છે. બીજું એ હાથણીને ડાબી આંખ નથી.

દિનકર : 'એ હાથણી ઉપર કોઈ બેઠેલું? બેઠેલું હોય તો કોણ બેઠું હશે?'

શશિકર : 'એ હાથી ઉપર રાજાની રાણી બેઠેલી હશે.'

દિનકર : એ રાણી કેવી હશે એની કોઈ સંજ્ઞા તું આપી શકે છે?

શશિકર : 'એ રાણી સગર્ભા છે. એને પૂરા દિવસ જાય છે. આજ સાંજે કે કાલ સવાર સુધીમાં તો તેને પ્રસવ થશે અને એને જન્મેલું બાળક પુત્ર હશે.'

દિનકર : 'આ બધું જો નજરે જોવા મળે તો તારી વાત સાચી માનું.'

રસ્તામાં આમ વાર્તાલાપ કરતા તે બન્ને શિષ્યો બાજુના ગામ પાસે આવી પહોંચ્યા. ગામની બહાર આવેલા સરોવરને કાંઠે તે બંને રોકાયા. ત્યાં જ તેમણે પેલી હાથણીને જોઈ. એને ડાબી આંખ નહોતી. રાણી જમીન પર બેઠી હતી. આડો વસ્ત્રનો પડદો કરેલો હતો. ને તે જ સમયે એક દાસી દોડીને રાણીને પુત્રપ્રસવ થયાની રાજાને વધામણી કરવા જતી હતી.

દિનકરે શશિકરને કહ્યું, 'તારું જ્ઞાન સાચું ઠર્યું.'

બંને શિષ્યો વડના ઝાડ નીચે વાર્તાવિનોદ કરી રહ્યા હતા. એવામાં એક વૃદ્ધા સરોવરનું જળ ભરવા માટે ત્યાં આવી. તેણે જળભરેલો કુંભ માથે ચઢાવ્યો. પછી એ વૃદ્ધાની નજર બાજુના વડ તરફ જતાં એણે પેલા બે શિષ્યોને જોયા. એ બંનેને પંડિત જેવા જાણીને વૃદ્ધા તેમની પાસે આવી. હાથ જોડીને ઊભી રહી. પછી કહેવા લાગી, 'મારો પુત્ર પરદેશ ગયો છે. કૃપા કરી મને કહો કે તે પાછો ક્યારે આવશે ?'

વૃદ્ધા આ પ્રશ્ન પૂછી રહી હતી ત્યારે જ એના માથેથી પાણીનો ઘડો જમીન પર પડ્યો ને એના ટુકડેટુકડા થઈ ગયા.

પેલો અવિનયી શિષ્ય દિનકર વૃદ્ધાને કહેવા લાગ્યો, 'માજી, તારો પુત્ર તો મૃત્યુ પામ્યો છે એમાં કોઈ સંદેહ નથી.' આ સાંભળી તરત જ વિનયી શિષ્ય શશિકર દિનકરને ઠપકો આપતાં કહે છે,

'અરે, તું આવું અવિચારી કેમ બોલે છે ?' પછી શશિકર પેલી વૃદ્ધાને આશ્વાસન આપતાં કહેવા લાગ્યો, 'માતા, તમારો પુત્ર ક્ષેમકુશળ છે. એટલું જ નહીં, તે ઘણું દ્રવ્ય લઈને ઘેર પણ આવી પહોંચ્યો છે. એટલે તમે પુત્રવિયોગનો શોક દૂર કરીને ઘેર જાવ. તમે તમારા પુત્રને ઘેર આવેલો જરૂર જોશો.'

પેલી વૃદ્ધા શશિકરને આશીર્વાદ આપીને હર્ષથી પુલકિત થતી ઘેર ગઈ, તો ત્યાં સાચે જ એના પુત્રને એણે બેઠેલો જોયો. વૃદ્ધાના આનંદનો પાર ન રહ્યો.

આ બાજુ પેલી વૃદ્ધાના ગયા પછી દિનકર મનમાં ખેદ પામવા લાગ્યો. પોતાની અણઆવડતનો દોષ જોવાને બદલે તેને ગુરુનો વાંક દેખાવા લાગ્યો. એને થયું કે 'ગુરુએ જેવો શશિકરને ભણાવ્યો એવો મને બરાબર ભણાવ્યો નહીં.'

ગુરુએ સોંપેલું કામ પતાવીને બંને જણા પાછા વળ્યા. ગુરુને ચરણે શશિકરે મસ્તક ટેકવ્યું, જ્યારે દિનકર થાંભલાની જેમ ઊભો જ રહ્યો. ગુરુને પ્રણામ કરવા જેટલો વિનય દાખવવાનું તો એક બાજુ રહ્યું, પણ ઊલટાનો ગુસ્સે થઈને ગુરુને કહેવા લાગ્યો, 'તમે મને કાંઈ ભણાવ્યો નહીં.'

ગુરુએ શાંત અને સ્વસ્થ ચિત્તે દિનકરને પ્રશ્ન કર્યો, 'એવી, શી ઘટના પરથી તને લાગ્યું કે મેં તને કાંઈ જ વિદ્યા આપી નહીં?'

દિનકર કહે, 'અમે બીજે ગામ ગયા તેમાં મારી વાત ખોટી ઠરી, જ્યારે શશિકરે જે જે અનુમાનો કર્યાં તે બધાં જ સાચાં પડ્યાં.' આમ કહીને બીજે ગામ પહોંચતા સુધીમાં જે જે ઘટનાઓ બની હતી તે બધી હકીકત દિનકરે ગુરુને વર્ણવી બતાવી.

ગુરુએ વિનયવંત શિષ્ય શશિકરને પાસે બોલાવ્યો. પછી બોલ્યા, 'અરે વત્સ! જે જે ઘટનાઓ બની તેની આગોતરી અટકળો તેં શાને આધારે કરી હતી તે મને કહે.'

શશિકરે અત્યંત વિનયપૂર્વક પહેલાં તો એમ જ કહ્યું કે 'મને આ બધું જ્ઞાન ગુરુકૃપાએ પ્રાપ્ત થયું છે.' પછી એણે કરેલી તમામ આગાહીઓના ઉકેલ દર્શાવ્યા.

પહેલાં તો એણે પગલાં જોઈ હાથણી પસાર થયાની આગાહી કરી હતી. નર હાથીની લઘુશંકા હંમેશાં પગ બહાર થાય, પણ એણે પગની વચ્ચે લઘુશંકા થયેલી જોઈ એ એંધાણીએ એણે નિર્ણય બાંધ્યો કે એ હાથણી હતી. રસ્તામાં આવતાં જમણી તરફના બધાં વેલ-પાન હાથણીએ ઉઝરડી લીધાં હતાં ને એ તરફનાં ઘણાં ડાળ-પાંદડાં જમીન પર વેરાયેલાં હતાં, જ્યારે ડાબી તરફના વેલ-પાન અને વૃક્ષડાળ સુરક્ષિત હતાં. એ પરથી એણે નક્કી કર્યું કે એ હાથણીની ડાબી આંખ નથી. વૃક્ષની શાખાઓ ઉપર એણે રેશમ-જરીના તાર ભરાયેલા જોયા એ પરથી એને થયું કે ઉપર બેઠેલી સ્ત્રી રાજરાણી હશે. આ સ્ત્રી લઘુશંકા માટે હેઠે ઊતરી હશે ત્યારે એના બંને હાથ ભોંય ઉપર ટેકવેલા હતા. એ નિશાની જોઈને એને લાગ્યું કે એ સ્ત્રી સગર્ભા હોવી જોઈએ. વળી ત્યાં રેતીમાં એ સ્ત્રીનો જમણો પગ જે રીતે મુકાયેલો હતો એ પરથી એણે નિર્ણય કર્યો કે એને પુત્ર જ જન્મશે.

શશિકરની આટલી વાત સાંભળ્યા પછી ગુરુએ પ્રશ્ન કર્યો, 'પેલી વૃદ્ધા સ્ત્રીનો પુત્ર ઘેર આવ્યો છે એ તેં કેવી રીતે જાણ્યું ?'

ગુરુના આ પ્રશ્નના જવાબમાં શશિકર કહે, જુઓ ગુરુજી! ઘડો માટીમાંથી બને છે. પેલા વૃદ્ધા માજીનો ઘડો ભાંગતાં એ જેમાંથી નીપજ્યો હતો તે માટીમાં પાછો મળી ગયો. એ એંધાણીએ મને લાગ્યું કે એ માજીનો પુત્ર પણ જ્યાંથી નીકળ્યો હતો તે જ સ્થાને પાછો ફર્યો છે.'

શશિકરની આ વાતો સાંભળી ગુરુએ એની પ્રશંસા કરી. પછી તેઓ દિનકરને કહેવા લાગ્યો કે 'વિદ્યા તો તમે બંને સરખી ભણ્યા છો. મેં તમારા બેમાંથી એકને વધારે ને બીજાને ઓછી વિદ્યા આપવાનો ભેદભાવ કર્યો નથી. પણ હે દિનકર! તારામાં જ રહેલા અવિનય જેવા દોષોને કારણે તેં કદી વિદ્યાની પરખ જાણી નહીં. જે ગુરુ પ્રત્યે વિનયવંત નથી રહેતો તેની વિદ્યાથી કોઈ અર્થ સરતો નથી. હવે કહે કે તને વિદ્યા ન ફળી એમાં ગુરુનો શો દોષ ?'

ગુરુનાં આ વચનો સાંભળીને દિનકર શરમિંદો બની ગયો.✷

# સગાં જ સગાંનો અનર્થ કરે : કથાસપ્તક

(૧)

**માતા પુત્રનો અનર્થ કરે**

કાંપિલ્યપુર નામે નગરી હતી. એમાં બ્રહ્મ નામે રાજા રાજ્ય કરતો હતો. એની રાણીનું નામ ચુલણી હતું. એમને સંતાનમાં બ્રહ્મદત્ત નામે પુત્ર હતો. આ બ્રહ્મ રાજાનું મસ્તકના રોગને લઈને મૃત્યુ થયું. એટલે પડોશી રાજ્યનો દીર્ઘ રાજા જે બ્રહ્મ રાજાનો મિત્ર પણ હતો તે રાજ્યની સંભાળ લેવા માટે કાંપિલ્યપુરમાં આવીને રહ્યો. આ ગાળામાં બ્રહ્મ રાજાની વિધવા રાણી ચુલણી અને રાજ્યભાર સંભાળી રહેલા મિત્ર રાજા પરસ્પર કામાસક્ત થયાં. સમય જતાં પુત્ર બ્રહ્મદત્તને માતાના આ દુશ્ચારિત્રની જાણ થઈ. બ્રહ્મદત્ત પણ હવે યુવાન વયમાં આવ્યો હતો. એટલે એ માતા પ્રત્યે ક્રોધવશ તો થયો, પણ માતાને એ સીધો ઠપકો તો શી રીતે આપે! એટલે આ અનૈતિક સંબંધ પરત્વે માતાનું ધ્યાન સાંકેતિક રીતે દોરી શકાય એવી યોજના એણે બનાવી.

પુત્ર બ્રહ્મદત્તે એક દિવસ કાગ અને કોયલનો સમાગમ કરાવી વિપરીત આચરણ કરતાં બતાવ્યાં. પછી માતાને કહ્યું કે આ બંને વિરુદ્ધ આચરણ કરનારા છે એમને હું શિક્ષા કરીશ.' આમ કહીને બ્રહ્મદત્તે ખડગથી કાગ અને કોયલને મારી નાખ્યાં. આ પ્રસંગથી અહીં આવી વસેલો દીર્ઘરાજા આનો સંકેત પામી ગયો. એણે ચુલણી રાણીને ચેતવતાં કહ્યું કે, 'તારો પુત્ર જે કાંઈ બોલ્યો છે એનું પરિણામ આપણે માટે અશુભ સમજવું.' પછી સલાહ આપતાં કહે, 'તું તારા પુત્રને કોઈ પણ રીતે મારી નાખવાની યોજના કર.'

માતાએ પોતાના કામુક સંબંધ આડે પુત્રનો અંતરાય દૂર કરવા પ્રપંચ આદર્યો. એણે એક લાક્ષાગૃહ તૈયાર કરાવ્યું. પછી એક દિવસ પુત્રને એ લાક્ષાગૃહમાં રહેવા મોકલી આપ્યો. રાત્રે એ લાક્ષાગૃહને આગ લગાડવામાં આવી; એ પ્રયોજનથી કે એ આગમાં જ પુત્ર બળીને મૃત્યુ પામે. પરંતુ, રાજ્યને વફાદાર ધનુ મહેતાએ અગમચેતી વાપરીને લાક્ષાગૃહથી નગરની બહાર નીકળી શકાય એવી એક સુરંગ ગુપ્ત રીતે બનાવી રાખી હતી. ધનુ મહેતાનો પુત્ર વરધનુ જે કુમારની સહાયમાં હતો એણે બ્રહ્મદત્તને પગની પાનીથી જમીન ઉપર પ્રહાર કરવાનું સૂચવ્યું. એમ કરતાં જ ખોદેલી સુરંગનો માર્ગ મળી આવ્યો. બ્રહ્મદત્ત અને વરધનુ બન્ને એ સુરંગ દ્વારા નાસી છૂટ્યા.

સમય જતાં બ્રહ્મદત્ત દીર્ઘરાજાને હરાવી, દિગ્વિજય કરી ચક્રવર્તી બન્યો.

*[આ વિષયવસ્તુવાળી સાત કથાઓના કથાગુચ્છનો આધારસ્રોત છે શ્રી ધર્મદાસગણિવિરચિત 'ઉપદેશમાલા'. પ્રાકૃતમાં રચાયેલી ૫૪૪ ગાથાઓવાળી પદ્યબદ્ધ ઉપદેશપ્રધાન આ રચનામાં ૧૪૫ થી ૧૫૧ સુધીની સાત ગાથાઓમાં આ વિષયને લગતાં સાત દૃષ્ટાંતોનો નિર્દેશ કરાયો છે. આ ગ્રંથ પરની શ્રી સિદ્ધર્ષિગણિની સંસ્કૃતમાં રચાયેલી 'હેયોપાદેયા ટીકા'માં આ કથાઓ સંક્ષેપમાં મળે છે. ટીકાગ્રંથની રચના વિ. સં. ૯૭૪ની છે. વિ. સં. ૧૦૫૫માં આ. વર્ધમાનસૂરિએ પ્રાકૃતમાં આ કથાનકોને વિસ્તૃત સ્વરૂપે આલેખ્યાં છે. આ. સોમસુંદર સૂરિકૃત 'ઉપદેશમાલા બાલાવબોધ'માં પણ મધ્યકાલીન ગુજરાતી ભાષામાં આ કથાઓ મળે છે. રચના વિ. સં. ૧૪૮૫ની છે. આ કથાઓ છૂટી છૂટી એકાધિક ધર્મગ્રંથો-ટીકાગ્રંથોમાં મળે છે, જેમ કે આ સપ્તકની બીજી કથા 'જ્ઞાનાધર્મકથાંગ'ના ૧૪મા તેતલિપુત્ર અધ્યયનમાં મળે છે. પણ સાત કથાઓનું આખું કથાગુચ્છ 'ઉપદેશમાલા'માં છે. પુસ્તક : 'શ્રી સોમસુંદરસૂરિકૃત ઉપદેશમાલા બાલાવબોધ', સંશો-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૧.].*

(૨)

**પિતા પુત્રનો અનર્થ કરે**

તેતલિપુત્ર નગરમાં કનકકેતુ રાજા રાજ્ય કરતો હતો. એની રાણીને જે કોઈ પુત્ર જન્મે એના અંગો છેદીને રાજા એને વિકલાંગ કરી મૂકતો. આનું કારણ હતું રાજાની પ્રબળ રાજ્યતૃષ્ણા. રાજાનો સત્તાલોભ એટલો તીવ્ર હતો કે એને સતત એક ભય સતાવ્યા કરતો કે રખેને મારો પુત્ર મારું રાજ્ય છીનવી લે. તેથી તે પ્રત્યેક નવજાત પુત્રને વિકલાંગ બનાવી દેતો.

હવે બન્યું એવું કે એની પદ્માવતી રાણીએ રાજાને ખબર ન પડે એમ પોતાના એક નવજાત પુત્રને ગુપ્ત રીતે તેતલિપુત્ર નામના મંત્રીને સોંપી દીધો. જોગાનુજોગ તે જ સમયે મંત્રીની પોટિલા નામની પત્નીને પુત્ર જન્મી હતી. એટલે મંત્રીએ એ પુત્રીને લાવીને 'રાણીને પુત્રી જન્મી છે' એમ જાહેર કર્યું. બીજા બાજુ રાણીનો પુત્ર ગુપ્ત રીતે મોટો થવા લાગ્યો. સમય જતાં કનકકેતુ રાજા મૃત્યુ પામ્યો. ત્યારે યુવાન બનેલો એનો પુત્ર કનકધ્વજ તેતલિપુર નગરનો રાજા બન્યો.

(૩)

**ભાઈ ભાઈનો અનર્થ કરે**

પ્રથમ તીર્થંકર ઋષભદેવ એમની સંસારી અવસ્થામાં અયોધ્યાના રાજા હતા. તેમને સુમંગલા રાણીથી ભરત અને સુનંદા રાણીથી બાહુબલિ એમ બે બળવાન પુત્રો થયા. આ સિવાય અન્ય ૯૮ પુત્રો એમને હતા. પિતાએ રાજગાદી ભરતને સોંપી સંયમ અંગીકાર કર્યો. ચક્રવર્તી થવાની મહત્ત્વાકાંક્ષાથી ભરતે

દિગ્વિજય કર્યો. આથી અન્ય ભાઈઓએ ભરતની આણ સ્વીકારી, પણ બાહુબલિએ ભરતની આણ સ્વીકારી નહીં. એટલે ભરત બાહુબલિ સામે યુદ્ધે ચડ્યો. બન્ને ભાઈઓ વચ્ચે મોટું દ્વંદ્વયુદ્ધ થયું. આ યુદ્ધમાં બાહુબલિના મુષ્ટિપ્રહારથી ક્રોધે ભરાઈને ભરતે બાહુબલિને મારવા માટે ચક્ર મોકલ્યું.

જોકે પાછળથી ભરતને પશ્ચાત્તાપ થયો અને બાહુબલિએ પણ પ્રવ્રજ્યા અંગીકાર કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

(૪)

### પત્ની પતિનો અનર્થ કરે

શ્વેતાંબિકા નગરીમાં પ્રદેશી રાજા રાજ્ય કરતા હતા. આ રાજાને સૂર્યકાન્તા નામે રાણી હતી. આ રાજા ઘણા નાસ્તિક હતા. એક વાર કેશી ગણધર નગર બહારની વનભૂમિમાં પધાર્યા. રાજાના ચિત્ર નામે મહેતા હતા તે ખૂબ જ ધર્માનુરાગી હતા. એટલે તેઓ રાજાને ઘોડા ખેલાવવાના બહાને વનમાં પધારેલા કેશી ગણધર પાસે લઈ ગયા. ત્યાં ગુરુમુખે ધર્મદેશના સાંભળીને રાજા નાસ્તિક મટીને ધર્માભિમુખ બની ગયા. શ્રાવકના બાર વ્રતો પૈકીનું એક પૌષધવ્રત એમણે લીધું. આ વ્રતમાં ધર્મની પુષ્ટિ અર્થે સાંસારિક પ્રવૃત્તિઓથી વિમુખ થઈને ઉપાશ્રયમાં સાધુ જેવો સંયમ પાળવાનો હોય છે. આ પૌષધવ્રતના પારણાના દિવસે રાજાની પત્ની સૂર્યકાન્તાએ અન્ય પુરુષ પ્રત્યેની આસક્તિને લઈને પોતાના જ પતિને પારણા નિમિત્તેના આહારમાં વિષ આપ્યું. જોકે કેશી ગણધરના સંયોગને કારણે પ્રદેશી રાજા સદ્‌ગતિને પામ્યા.

(૫)

### પુત્ર પિતાનો અનર્થ કરે

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. એમને ચેલ્લણા રાણીની કૂખે જન્મેલો કોણિક નામે પુત્ર હતો. જ્યારે અન્ય રાણીથી થયેલા બે પુત્ર હલ્લ અને વિહલ્લ હતા. શ્રેણિક રાજાએ હલ્લ અને વિહલ્લને દેવતાઓએ આપેલા હાર, કુંડળ જેવા અલંકારો અને સેચનક હાથી ભેટમાં આપ્યા. એ સમયે કોણિકને રાજ્ય આપવું એવી શ્રેણિક રાજાએ મનથી ઈચ્છા કરી. પરંતુ હલ્લ-વિહલ્લ એ બે ભાઈઓને અપાયેલી ભેટ જોઈને કોણિકના મનમાં ઈર્ષ્યા પેદા થઈ. એટણે એણે રાજ્યના બધા સામંતોને વશ કરી લીધા અને પિતાને કાષ્ઠપિંજરમાં કેદ કરી દીધા. એટલું જ નહીં, આ પુત્ર પિતાને રોજ પાંચસો ફટકા મરાવવા લાગ્યો.

થોડાક સમય પછી કોણિકની પત્નીએ પુત્ર પ્રસવ્યો. એક દિવસ કોણિક પોતાના પુત્રને ખોળામાં બેસાડી ભોજન કરતો હતો. ત્યારે પુત્રે પિતા કોણિકના ભાણામાં પેશાબ કર્યો. કોણિક નજીકમાં બેઠેલી પોતાની માતા ચેલ્લણાને મોં મલકાવીને કહેવા લાગ્યો, 'માતા! જોયોને મારો પુત્રપ્રેમ! મારા પુત્રે ભાણામાં પેશાબ કરવા છતાં મને જરાય ગુસ્સો આવ્યો જ નહીં.'

માતા ચેલ્લણા ગદ્‌ગદ્ સ્વરે કહેવા લાગી, 'બેટા! તારો પુત્રપ્રેમ તો શી વિસાતમાં છે? પુત્રપ્રેમ તો તારા પિતાનો તારા માટે હતો–' પછી માતા અતીતની ઘટનાને તાજી કરીને કહેવા લાગી, 'બેટા! તું જ્યારે ગર્ભમાં હતો ત્યારે મને પાછલા ભવના વૈરસંબંધને કારણે પતિના આંતરડાં ખાવાનો દોહદ થયેલો. અભયકુમારે કૃત્રિમ આંતરડાં લાવીને એ દોહદ પૂરો કરેલો. તારો જન્મ થયો. પણ મને આવો દુષ્ટ દોહદ થવા બદલ તારા તરફ તિરસ્કાર પેદા થતાં મેં તને ઉકરડે નંખાવ્યો. ત્યાં તારી એક આંગળી કૂકડાએ કરડી ખાધી. તારા પિતાને જાણ થતાં જ ઉકરડેથી તને ઘેર પાછો લઈ આવવામાં આવ્યો. કૂકડાએ કરડી ખાધેલી આંગળી કોહી જવાથી ત્યાં પરુ ઝરતું હતું. એની પીડાને લઈને તું ખૂબ રડતો હતો. તારા પિતાએ તારી પરુ ઝરતી આંગળી મોઢામાં લઈને ચૂસી લીધી અને એ રીતે તને રડતો અટકાવ્યો હતો.'

આ વૃત્તાંત માતાના મુખે સાંભળીને કોણિકનું હૃદય પીગળ્યું. કાષ્ઠપિંજરનું બંધ દ્વાર ખોલી નાખવા અને પિતાને મુક્ત કરવા એ ફરસી લઈને દોડ્યો. પિતાએ પુત્રને ફરસી સાથે દોડી આવતો જોઈને વિચાર્યું કે નક્કી, મારો પુત્ર મારી હત્યા કરવા ધસી આવે છે. એટલે શ્રેણિક રાજાએ આંગળીની વીંટીમાં છુપાવેલું તાલપુટ વિષ ખાઈ લઈને આત્મહત્યા કરી લીધી. જે ભવિતવ્ય હતું તે થઈને જ રહ્યું.

(૬)

### મિત્ર મિત્રનો અનર્થ કરે

ચાણક્ય નામના બ્રાહ્મણે પર્વતક નામે રાજાને પોતાનો મિત્ર બનાવ્યો. પછી મિત્રના સહયોગમાં સેના લઈને પાટલિપુત્રના નંદ રાજાને હરાવીને રાજ્ય પડાવી લીધું. યુદ્ધ જીતવામાં અને નંદ રાજાને હરાવવામાં પર્વતક રાજાએ ચાણક્યનો સહાય કરી હોઈ પાટલિપુત્રના અડધા રાજ્યનો તે લેણદાર બન્યો. ચાણક્યને આ ગમતી વાત નહોતી. એટલે ચાણક્યે એક યુક્તિ કરી. નંદરાજાની એક પુત્રી વિષકન્યાના લક્ષણો ધરાવે છે એ જાણી લઈને ચાણક્યે એ કન્યાને પર્વતક સાથે પરણાવી. અને એ વિષકન્યા દ્વારા મિત્ર ઉપર જ વિષયોપચાર કરાવ્યો. પરિણામે પર્વતક રાજા આ વિષપ્રયોગથી મૃત્યુ પામ્યો. ત્યારપછી ચાણક્યે પાટલિપુત્રનું સઘળું રાજ્ય પોતાને અંકે કરી લીધું.

(૭)

### સ્વજન સ્વજનનો અનર્થ કરે

ગજપુર નગરમાં અનંતવીર્ય નામે ક્ષત્રિય રાજા રાજ્ય કરતો હતો. એ રાજાની જે રાણી હતી એની બહેન રેણુકા બ્રાહ્મણકુળના જમદગ્નિ તાપસને પરણી. એક વાર આ રેણુકા પોતાની બહેનને મળવા ગજપુર આવી. ત્યાં પોતાના બનેવી અનંતવીર્ય સાથે દેહસંબંધ બાંધી બેઠી. એનાથી રેણુકાને એક પુત્ર જન્મ્યો. જમદગ્નિ ઋષિ પત્ની રેણુકાને પાછી લઈ આવ્યા. જમદગ્નિના પ્રથમ પુત્ર રામને વિદ્યાધર દ્વારા

પરશુવિદ્યા પ્રાપ્ત થઈ હતી. એને કારણે રામ પરશુરામ તરીકે પ્રસિદ્ધિ પામ્યો. તેણે પોતાની કલંકિની માતા રેણુકા અને અનંતવીર્યથી જન્મેલા પુત્રની પરશુથી હત્યા કરી.

એ પછી તો 'વેરનો બદલો વેર' એ સિલસિલો અટક્યો જ નહીં. અનંતવીર્ય રાજાએ જમદગ્નિના આશ્રમને નષ્ટ કર્યો. એટલે પરશુરામે અનંતવીર્યનો શિરચ્છેદ કર્યો. અનંતવીર્યનો પુત્ર કાર્તવીર્ય હવે ગજપુરની ગાદીએ બેઠો. અને પિતાની હત્યાનો બદલો લેવા એણે પરશુરામના પિતા જમદગ્નિ ઋષિની હત્યા કરી. એટલે પરશુરામે કાર્તવીર્યની હત્યા કરીને ગજપુરનું રાજ્ય પડાવી લીધું.

મરાયેલા કાર્તવીર્યની સગર્ભા પત્ની તારાએ એક તાપસની ઝૂંપડીમાં પુત્ર પ્રસવ્યો. એનું સુભૂમ નામ પાડ્યું.

પરશુરામે સાત વાર પૃથ્વી નક્ષત્રી કરી. પછી એણે જ્યોતિષીને પૂછ્યું કે પોતાનું મરણ કોને હાથે થશે? જ્યોતિષીએ કહ્યું કે 'ક્ષત્રીની દાઢ ભરીને થાળ મૂકજે. જેના આવવાથી થાળમાં ખીર થઈ જાય અને જે જમે તેને હાથે તારું મૃત્યુ થશે.'

જ્યોતિષીના કહ્યા પ્રમાણે પરશુરામે થાળ મુકાવ્યો. દરમિયાન કાર્તવીર્યના હવે મોટા થયેલા અને તાપસની ઝૂંપડીમાં ઊછરેલા પુત્ર સુભૂમે માતા પાસેથી સઘળો વૃત્તાંત જાણીને તે ગજપુર ગયો. ત્યાં દાઢ ભરેલો થાળ હતો તેની ખીર થઈ. સિંહાસને બેસી તે ખીર ખાવા લાગ્યો. પરશુરામ સેના સાથે આવ્યો. સુભૂમના વિદ્યાબળે પેલો થાળ ચક્રરત્નમાં ફેરવાયો અને એ ચક્રરત્નથી પરશુરામનું મસ્તક છેદાઈ ગયું. આમ સુભૂમે એકવીસવાર પૃથ્વી નિઃબ્રાહ્મણી કરી.

x x x

આવી છે આ સગાં દ્વારા જ સગાં પ્રત્યે થતા અનર્થોની પરંપરા. આ કથાસપ્તકનો પ્રતિબોધ એ છે કે આવા કલુષિતતાઓ અને વિષમતાઓથી ખરડાયેલા આ સંસાર પ્રત્યેના રાગ-આસક્તિથી જ મુક્ત થવું.

✷✷✷

## શ્રદ્ધા ડગે, સંશય વધે

વત્સાભૂમિમાં આચાર્ય આષાઢભૂતિ અનેક શિષ્યો ધરાવતા હતા. સમુદાયના કોઈ પણ સાધુના અંતસમયે તેઓ કહેતા કે 'તમારે દેવલોકમાં જઈને દેવ બન્યા પછી મને દર્શન દેવું.' પણ પછી કોઈ પણ સાધુ સ્વર્ગે ગયા પછી આચાર્યને દર્શન દેવા ન આવે. તે ઉપરથી આચાર્યને પરલોક વિશે મનમાં શંકા થવા માંડી.

એક સમયે આચાર્યનો એક શિષ્ય મરણશય્યાએ હતો. ત્યારે એને પણ આચાર્યે એ જ પ્રમાણે કહ્યું કે 'તારે સ્વર્ગે જઈ દેવ થયા પછી મને દર્શન દેવું. પ્રમાદ ન કરવો.' શિષ્યએ ગુરુની વાત કબૂલી. મરીને તે દેવ પણ થયો. પણ દિવ્યલોકનાં નાટ્યાદિ જોવામાં વ્યસ્ત રહેતાં તે ગુરુને દર્શન દેવા ન આવ્યો. ગુરુજીને થયું કે પરલોક જેવું કાંઈ છે જ નહીં. તેથી જ કોઈ પાછું આવતું નથી. જો પરલોક હોય તો મારો શિષ્ય પ્રતિજ્ઞા લઈને ગયો છે તે મને દર્શન કેમ ન આપે? મે વ્રત પાળ્યાં, તપ કર્યાં, કષ્ટ વેઠ્યાં, શું એ તમામ વ્યર્થ?-આમ આ બધા સંશયો વચ્ચે તેઓ મિથ્યાત્વી બની ગયા. ગચ્છ (સમુદાય)નો ત્યાગ કરી એકલવાસી મહાત્મા બની ગયા.

કેટલોક સમય પસાર થયા પછી દિવ્યલોકમાં ગયેલા પેલા શિષ્યને ગુરુનું સ્મરણ થતાં દર્શન દેવા અહીં આવ્યો. પણ એણે ગુરુને મિથ્યાત્વી બની ગયેલા દીઠા. એટલે એણે ગુરુને પ્રતિબોધ પમાડવા માટે કોઈ ગામની સીમમાં નાટ્યપ્રયોગ આદર્યા. ગુરુ છ મહિના સુધી આ નાટકાદિ જોતા રહ્યા. તેમાં એમને ભૂખતરસનું પણ ભાન ન રહ્યું. જ્યારે શિષ્યે નાટ્યપ્રયોગો બંધ કર્યા ત્યારે તેઓ આગળ ચાલ્યા.

*[આ કથાનો આધારસ્રોત છે શ્રી સુધર્માસ્વામી પ્રણીત આગમગ્રંથ 'ઉત્તરાધ્યયન સૂત્ર' પરની શ્રી લક્ષ્મીવલ્લભગણિ વિરચિત અર્થદીપિકા ટીકા. મૂળ સૂત્રની ભાષા પ્રાકૃત, ટીકાગ્રંથની ભાષા સંસ્કૃત. રચના વર્ષ વિ. સં. ૧૭૪૫. સૂત્રના બીજા 'પરિષહ' અધ્યયન ટીકામાં આ કથા મળે છે. પંન્યાસ મહાબોધિવિજયજી કૃત 'દુઃખથી ડરે તે બીજા' પુસ્તકમાં પણ આ કથા મળે છે. પુસ્તક: 'શ્રીમદ્ ઉત્તરાધ્યયન સૂત્રમ્' (ટીકા તથા ગુજરાતી ભાષાનુવાદ સહિત), પ્રકા. પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ (જામનગરવાળા), ઈ. સ. ૧૯૩૫.].*

હવે તે શિષ્યે ગુરુના સંયમની પરીક્ષા કરવા માટે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ (હલનચલન કરી શકનાર) કાયા ધરાવતા છ કુમારો ઉત્પન્ન કર્યા જે સર્વ અલંકારોથી વિભૂષિત હતા.

પહેલો પૃથ્વીકાયિક કુમાર આચાર્યની નજરે પડ્યો. એટલે એમણે કુમારને કહ્યું, 'તારાં આ આભૂષણો મને આપી દે.' કુમારે ન આપ્યાં એટલે સૂરિએ તેને ગળેથી પકડ્યો. એટલે ભયભીત બની કુમાર બોલ્યો, 'હું પૃથ્વીકાયિક કુમાર છું. આ અટવીમાં હું તમારે શરણે, તમારા આશ્રયે છું. તો આમ કરવું તમને યોગ્ય નથી. હું એક કથા કહું તે તમે સાંભળો.'

પછી કુમારે કથા માંડી –

એક કુંભાર ખાણમાં માટી ખોદતો હતો. ભેખડ ધસી પડતાં માટી નીચે દબાયો. કુંભારે વિચાર્યું, 'જેણે મને જન્મથી પોષ્યો, જેને લઈને મારો ગુજારો થયો એ માટી જ મને દાટી રહી છે? જેને શરણે હતો એનો જ ભય?'

કથા કહીને કુમાર કહે, 'આ રીતે હું તમારો શરણાગત અને તમે જ મારો પરાભવ કરો

છો.' પણ આચાર્યે કુમારની વાત કાને ધરી નહિ. એમણે કુમારના સઘળાં આભરણ લઈ લીધાં અને પોતાના પાત્રામાં નાખી દીધાં.

આગળ ચાલતાં અપ્‌કાયિક (જળતત્ત્વની કાયાવાળો) કુમાર મળ્યો. આચાર્યે એની પાસે પણ અગાઉની જેમ જ આભૂષણોની માગણી કરી. એટલે એ કુમારે કથા કહી સંભળાવી–

એક પાટલ નામનો જળચર જીવ ગંગાના પ્રવાહમાં પેઠો. પણ તણાવા લાગ્યો. એટલે એણે વિચાર્યું 'જે જળથી બધાં બીજ ઊગે છે ને બધાં પ્રાણીઓ જેનાથી જીવે છે તે જળની મધ્યમાં જ તણાવાને કારણે મારું મોત થશે. જેનું શરણું લીધું એનાથી જ ભય પેદા થયો.'

કુમારે કહેલી કથાની સૂરિ ઉપર કાંઈ જ અસર થઈ નહીં. એનાં બધા અલંકારો ઉતારી પાત્રામાં નાખી આગળ ચાલતા થયા.

પછી આગળ ચાલતાં અગ્નિકાયિક કુમાર મળ્યો. એની પાસે પણ આચાર્યની એ જ માગણી. એટલે એ કુમારે આચાર્યનું શરણું મેળવવા કથા માંડી–

એક તપસ્વીની ઝૂંપડી અગ્નિથી બળી ગઈ. ત્યારે એ તપસ્વીએ વિચાર્યું, 'જે અગ્નિને મેં રાત્રે ને દિવસે ઘી વગેરે વડે તૃપ્ત કર્યો, તે જ અગ્નિએ મારું ઝૂંપડું બાળી નાખ્યું. જેનું શરણ એનો જ ભય.' પછી બીજું દૃષ્ટાંત આપતાં કુમારે કહ્યું, 'એક પથિકે વાઘના ભયથી બચવા અગ્નિનો ભડકો કર્યો પણ એની જ્વાળાઓથી જ એ દાઝી ગયો.

આચાર્ય ઉપર કથાની કાંઈ જ અસર ન થઈ. એના પણ અલંકારો પડાવી, પાત્રામાં નાખી આગળ ચાલતા થયા.

આગળ જતાં વાયુકુમાર મળ્યો. એને પણ સૂરિજીએ ભયભીત કર્યો. ત્યારે વાયુકુમારે કથા માંડી–

કોઈ એક હૃષ્ટપુષ્ટ દેહવાળો માણસ જતો હતો ત્યારે વાયુના પ્રકોપથી એનું શરીર ભગ્ન થયું. હાથમાં લાકડીનો ટેકો લઈ એ આગળ ચાલવા માંડ્યો. કોઈકે એને પૂછ્યું, 'તું આમ કેમ થઈ ગયો?' ત્યારે એ બોલ્યો, 'આષાઢમાં જે વાયુ સુખકર હોય તેણે જ મારું શરીર ભાંગી નાખ્યું. જેનું શરણ એનો જ ભય.'

કથા પૂરી થતાં, આચાર્યએ એની ડોક મરડી, ઘરેણાં કાઢી લીધાં, પાત્રામાં નાખી આગળ ચાલ્યા.

આગળ જતાં વનસ્પતિકાયિક કુમાર મળ્યો. એને પણ આચાર્યે ભયભીત કર્યો. આચાર્યનું શરણું ઈચ્છતા કુમારે કથા કહી–

એક વૃક્ષમાં કેટલાંક પક્ષીઓ રહે. એમાં કેટલાંકને તો બચ્ચાં જન્મ્યાં હતાં. એ વૃક્ષના મૂળમાંથી એક વેલ પાંગરીને વૃક્ષને ચારે બાજુથી વીંટળાતી છેક ઝાડની ઉપલી ટોચે પહોંચી. તે સમયે એક સાપ પેલી વેલ પર ચઢીને પક્ષીઓના માળામાં રહેલાં બચ્ચાંઓનું ભક્ષણ કરી ગયો. ત્યારે એનાં માવતર બોલ્યાં, 'એક સમયે આ વૃક્ષ અમારું શરણું હતું. ત્યાં જ ઉપદ્રવ સર્જાયો.'

કુમારે કથા પૂરી કરી. આચાર્ય જરાય પીગળ્યા નહિ. કુમારનાં ઘરેણાં ઉતારી આગળ ચાલતા થયા.

આગળ જતાં ત્રસકાયિક કુમાર મળ્યો. અલંકારો પડાવવા એને પણ આચાર્યે ભય દેખાડ્યો એટલે રક્ષણ ઈચ્છતા કુમારે કથા માંડી–

એક નગર પર પડોશી પ્રદેશનો રાજા ચડી આવ્યો. આ આક્રમણથી ડરી જઈને જે હલકી વર્ણના લોકો નગર બહાર રહેતા હતા તે સંરક્ષણ અર્થે નગરની અંદર પ્રવેશવા લાગ્યા. ત્યારે એ નગરવાસીઓએ જ અનાજ-પાણી ખૂટી જવાના ભયથી એમને આશ્રય આપવાને બદલે નગર બહાર હાંકી કાઢ્યા. આ જોઈને કેટલાક તટસ્થ જનોને થયું કે 'આ તો શરણસ્થાનમાં જ ભય પેદા થયો.'

આ કથાની આચાર્ય ઉપર કાંઈ અસર ન થઈ. એટલે કુમારે બીજી કથા માંડી–

એક નગરમાં રાજા સ્વયં ચોર હતો. અને રાજ્યનો પુરોહિત તરકટી અને ફંદાબાજ હતો. તે બન્નેના અન્યાય અને ભ્રષ્ટાચારથી તંગ આવી ગયેલા લોકો કહેતા કે 'જ્યાં રાજા સ્વયં ચોર ભ્રષ્ટાચારી હોય, પુરોહિત તરકટી હોય ત્યાં નાગરિકો કોનું શરણું શોધે? વાડ જ ચીભડાં ગળે એના જેવું આ થયું.'

આ કથાની પણ આચાર્ય ઉપર કાંઈ જ અસર ન થઈ. એટલે કુમારે ત્રીજી કથા માંડી–

એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે દુરાચારી હતો. પોતાની સ્વરૂપવાન પુત્રી પ્રત્યે પણ એ કામુક દૃષ્ટિ ધરાવતો હતો. આમ થવાથી તે મનમાં ને મનમાં શોષાતો હતો. એટલે પત્નીએ એક દિવસ પતિની મૂંઝવણ અંગે પૂછતાછ કરી. પ્રત્યુત્તરમાં પતિએ પોતાના મનમાં જે ગડમથલ ચાલતી હતી તે કહી સંભળાવી. પત્નીએ પતિને હૈયાધારણ આપતાં કહ્યું, 'તમારા મનમાં જે ઈચ્છા જાગી છે તે પૂરી કરવામાં હું તમને સહાય કરીશ.'

પછી એક દિવસ લાગ જોઈને માતાએ પુત્રીને એકાંતમાં બોલાવીને કહ્યું કે 'હે દીકરી, તું હવે પરણવાને યોગ્ય થઈ છે. આપણા કુળની એ પરંપરા છે કે લગ્ન પૂર્વે પુત્રીને પહેલાં યક્ષ ભોગવે છે. પછી કન્યા વરને અપાય છે. તે અનુસાર કૃષ્ણપક્ષની ચૌદશની રાત્રિએ તારા શયનખંડમાં યક્ષ આવશે. એને તું અપમાનિત કરતી નહીં. અને દીવો પણ પેટાવીશ નહીં.'

આમ પતિની કામુક વૃત્તિના સંતોષ અર્થે ખુદ પત્નીએ જ એક તરકટ રચી આપ્યું. નિર્ધારિત રાત્રિએ પિતા પુત્રીના શયનખંડમાં પ્રવેશ્યો. પુત્રીએ દીવો પેટાવ્યો હતો પણ આવરણથી એને ઢાંકેલો રાખ્યો હતો. એટલે કશું સ્પષ્ટ જોઈ શકાય એમ નહોતું. પિતાએ પુત્રીને ભોગવવાની પોતાની કામેચ્છા પૂરી કરી. પછી કામભોગથી શ્રમિત થયેલો તે ત્યાં જ નિદ્રાધીન થયો.

પુત્રીએ કુતૂહલથી દીવા પરનું ઢાંકણ દૂર કરીને અજવાળામાં જોયું તો યક્ષને સ્થાને એણે પોતાના પિતાને જોયો. માતાએ પોતાની

સાથે કરેલા કપટને એ પામી ગઈ.

સવારે મોડે સુધી બંને જાગ્યાં નહીં એટલે માતા ત્યાં આવી એ બંનેને જગાડવા લાગી, 'સૂર્ય ઊગ્યો, કાગડા બોલ્યા, ભીંતે તડકા ચડ્યા તો પણ સુખિયાં જણ ઊઠતાં નથી. જ્યારે પતિના વિરહમાં દુઃખી થયેલી સ્ત્રી રાત્રે નિદ્રા જ પામી નથી.'

આ સાંભળીને જાગી ગયેલી પુત્રીએ માતાને વ્યંગમાં સંભળાવ્યું, 'હે મા! તેં જ મને કહેલું કે યક્ષનું અપમાન કરીશ નહીં. હવે અહીં સૂતેલો પુરુષ યક્ષ થયો. એટલે મારો બીજો બાપ તું ખોળી લેજે.'

માતા કહે, 'મેં જેને નવ માસ ઉદરમાં રાખી, જેના મળમૂત્ર ધોયાં, તેણે જ ઘરનો ભર્તા હરી લીધો. જેનું શરણું હતું એનો જ ભય મને થયો.'

આટલી કથા કહી પેલો ત્રસકાયિક કુમાર આચાર્યને કહે છે, 'જેમ આ કથામાં પેલાં માતાપિતાએ પુત્રીનો વિનાશ કર્યો તેમ તમે પણ માબાપ સમાન થઈને વિનાશ કરો છો.' આ કથાની પણ આચાર્ય ઉપર કોઈ અસર ન થઈ ત્યારે કુમારે ચોથી કથા કહેવી શરૂ કરી–

એક ગામમાં એક બ્રાહ્મણે યજ્ઞ અર્થે તળાવ ગળાવ્યું. તળાવની સમીપે વનરાજિ ઉગાડી. યજ્ઞમાં અનેક પશુઓનો વધ કરાવતો. જ્યારે યજ્ઞ કરાવનાર તે પુરૂષનું મૃત્યુ થયું ત્યારે વાસનાબળે તે જ ગામમાં બકરો થઈને અવતર્યો. ચરવા માટે એ બહાર જાય ત્યારે પૂર્વભવના સંસ્કારોને કારણે પોતે કરાવેલા તળાવને તથા વનરાજિને જોયા કરતો.

એક વખત એ બકરાના પૂર્વભવના પુત્રે યજ્ઞનો આરંભ કર્યો. ત્યારે એ પુત્ર આ બકરાને (જે પૂર્વભવમાં એનો પિતા હતો) યજ્ઞબલિ માટે લઈ જવા માંડ્યો ત્યારે તે બકરો મોટે અવાજે બે બેં કરવા માંડ્યો. કોઈ મુનિએ આ દૃશ્ય જોયું. પછી પેલા બકરાને ઉદ્દેશીને કહ્યું, 'તેં જ તળાવ કરાવ્યું, તેં જ યજ્ઞ મંડાવ્યો, તેં જ પશુબલિ અપાવ્યા, હવે હે મૂર્ખ! બેં બેં શું કરે છે?' આ સાંભળીને પૂર્વભવનું સ્મરણ થતાં તે મૌન બની ગયો. યજ્ઞ માંડનાર પુત્રે મુનિને પૂછ્યું, 'આ બકરો બરાડા પાડતો હતો. હવે મૌન કેમ થઈ ગયો?' મુનિ બોલ્યા, આ તારો પૂર્વભવનો પિતા છે.' પછી કથાનું સમાપન કરતાં કુમાર આચાર્યને કહે છે, 'આ રીતે જે બ્રાહ્મણે વિચારેલું કે યજ્ઞ મને શરણરૂપ બનશે એ જ એના બકરાના અવતારમાં વધસ્થંભ રૂપ બન્યો. એ જ રીતે હે મહાત્મા, હું તમારો શરણાગત છું. પણ તમે શરણું બનવાને બદલે અનર્થકારી બની રહ્યા છો.'

આમ છઠ્ઠા ત્રસકાયિક કુમારે કહેલી ચાર ચાર કથાઓની પણ કંઈ અસર આચાર્ય ઉપર થઈ નહીં. એના પણ અલંકારો પાત્રામાં નાખી તેઓ આગળ ચાલ્યા.

ત્યારે દિવ્યલોકમાંથી આવેલા પેલા શિષ્ય-દેવે ગુરુની પુનઃ પરીક્ષા કરવા એક સાધ્વીસ્વરૂપા સ્ત્રીને અલંકાર વિભૂષિત થયેલી દર્શાવી. તેને જોઈને સૂરિ બોલ્યા, 'અમારા માર્ગમાં વિઘ્નકારી એવી હે સ્ત્રી! તું દૂર ચાલી જા. અહીં તારું મુખ બતાવીશ નહીં.' ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું, 'આપ રાઈ અને સરસવ જેવડાં નાનાં પારકાં છિદ્રો જુઓ છો પણ આપના મોટાં બિલાં જેવડાં છિદ્રો જોઈ શકતા નથી.' આમ સાધ્વી-સ્ત્રીએ આપેલા ઠપકાને પણ સૂરિ ન સમજ્યા. અને આગળ ચાલ્યા.

સામેથી તે પ્રદેશના રાજા એમના સૈન્ય સાથે આવી રહ્યા હતા. રાજાએ આ મહાત્માને જોતાં વંદન કર્યાં. પછી કહ્યું, 'હે મહાત્મા! તમારું પાત્ર ધરો. હું આપને ઉત્તમ મોદક વહોરાવું.' પણ પાત્રમાં તો અલંકારો ભરેલા હતા તે દેખાઈ ન જાય તે ભયથી મહાત્માએ કહ્યું, 'આજે મારે આહાર કરવાનો નથી.' પણ રાજાએ આગ્રહ કરીને ઝોળીમાંથી પાત્ર ખેંચ્યું તો તેમાં આભૂષણો જોયાં. એ જોતાં વેંત રાજા ચોંકીને બોલી ઊઠ્યા, 'તો પછી શું તમે જ મારા છયે પુત્રોને મારીને આ આભૂષણો લઈ લીધાં છે?' રાજાનાં આવાં વચનો સાંભળીને સૂરિ ભયભીત બન્યા અને કાંઈ જ બોલી ન શક્યા.

પછી તે જ સમયે પોતે પાથરેલી આ બધી માયાજાળ સંકેલીને દિવ્યલોકમાંથી આવેલો શિષ્યદેવ પ્રગટ થયો. એણે પોતાનું સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યું અને ગુરુને પ્રતિબોધ કર્યો કે, 'હે પ્રભો! જેમ આપને નાટક જોતાં ભૂખ-તરસની ખબર ન રહી તેમ દેવ પણ દિવ્ય નાટકો જોતાં કોઈ પણ સંભારતા નથી અને આ મનુષ્યલોકમાં આવવાનો ઉત્સાહ પણ રાખતા નથી.'

ગુરુ પ્રતિબોધિત થયા. સત્ય દર્શન પ્રત્યેની એમની શ્રદ્ધા ડગી જવાથી, મનમાં સંશયો જાગવાથી તેઓ મિથ્યાત્વી બની ગયા હતા. તે સંશય નિર્મૂળ થતાં સત્ય દર્શન પ્રત્યેની, સિદ્ધાંત-શ્રુત પ્રત્યેની એમની શ્રદ્ધા સ્થિર થઈ. જ્યારે શ્રદ્ધાથી વિચલિત થયા હતા ત્યારે વિવિધ કાયા ધરાવતા છ કુમારોએ કહેલી કથાઓની માર્મિકતા પણ એમને સમજાઈ નહોતી. એટલે કોઈ પણ જીવે સત્ય દર્શનથી-સાચી શ્રદ્ધાથી વિચલિત થવું નહીં.

* * *

- *ધર્મને સાંભળીને મનુષ્ય કલ્યાણકારી શું છે તે જાણે છે. વળી તે ધર્મને સાંભળીને પાપ શું છે તે જાણે છે. આમ ધર્મશ્રવણ દ્વારા તે બંનેને જાણીને જે શ્રેય હોય છે તેનું તેણે આચરણ કરવું.*
- *આ સંસારમાં જીવને માટે ચાર પરમ વસ્તુઓ અત્યંત દુર્લભ છે : (૧) મનુષ્યજન્મ, (૨) શ્રુતિ એટલે શાસ્ત્રશ્રવણ, (૩) ધર્મમાં શ્રદ્ધા અને (૪) સંયમપાલન માટે વીર્ય એટલે આત્મબળ.*

# દગલબાજ દોઢું નમે (ચાર પાખંડીની કથા)

વારાણસી નગરીમાં કમઠ નામે એક શેઠ રહેતા હતા. એમને પદ્મિની નામે એક પુત્રી હતી. એ હતી તો મિષ્ટભાષી, પણ કપટની ખાણ સમી. માતાપિતાને પોતાની આ દીકરી પ્રત્યે એટલી બધી આસક્તિ કે તેઓ એને હંમેશને માટે પોતાની પાસે જ રાખવા ઇચ્છતાં હતાં. આ કારણે પદ્મિનીનું સગપણ એમણે ચંદ્ર નામના એક એવા ગરીબ વણિક યુવાન સાથે કર્યું જે ઘરજમાઈ તરીકે રહેવા કબૂલ થયો હતો. લગ્ન પછી એ યુવાન કમઠ શેઠને ત્યાં જ રહેવા લાગ્યો અને શેઠની સર્વ સંપત્તિનો ઉત્તરાધિકારી બન્યો. વળી પત્નીની પોતાના પ્રત્યેની (કપટ) ભક્તિથી પણ તે ઘણો ખુશ હતો.

સમય જતાં કમઠ શેઠ મૃત્યુ પામ્યો. બે-ત્રણ માસના અંતરે પદ્મિનીનાં માતા પણ ગુજરી ગયાં. પુત્રીએ દુઃખી થયાનો રડારોળ કરીને દેખાવ તો કર્યો, પણ અંદરખાનેથી પોતે નિરંકુશ બની છે તે માટે ઘણી ખુશ હતી. પદ્મિની દુરાચારી હતી. અન્ય પુરુષો સાથે સંબંધ રાખતી છતાં દેખાવ શીલવતીનો કરતી.

જતે દિવસે પદ્મિનીએ એક પુત્રને જન્મ આપ્યો. પણ એ પુત્રને સ્તનપાન કરાવવાનો ઈન્કાર કર્યો. કારણ? કારણ એ કે પોતે ભલે એની જન્મદાત્રી પણ બાળક પુરુષ છે એટલે એના અંગસ્પર્શથી તેનું સતીત્વ દૂષિત બને. એના પતિ ચંદ્રને આ વાતનું આશ્ચર્ય થયું. કોઈ સતી વિશે એણે એવું સાંભળ્યું નહોતું કે જેણે પોતાના પુત્રને સ્તનપાન કરાવી ચારિત્ર દૂષિત થયાનું માન્યું હોય. ચંદ્ર પોતાની પત્નીને સતી જ નહીં, ઉચ્ચ કોટિની સતી માનવા લાગ્યો. પત્નીના સૂચન અનુસાર પતિએ પુત્રના ઉછેર માટે ધાવમાતા રોકી લીધી. બાળક ધાવમાતા પાસે રહે અને ચંદ્ર દુકાને જાય, તે દરમિયાન પદ્મિનીનો નિરંકુશ વ્યવહાર ચાલતો રહ્યો.

ચંદ્ર શેઠે દુકાનના આગલા ભાગમાં ઘાસનું છાપરું બનાવડાવ્યું હતું, જેથી ત્યાંથી પસાર થનાર વટેમાર્ગુ આરામ કરી શકે. એક દિવસ દુકાને એક બ્રાહ્મણ આવ્યો. તે કહે કે 'શેઠ! તમારા છાપરાનો એક ટુકડો મારા માથા પર પડ્યો છે તે તમને પરત આપવા આવ્યો છું.' ચંદ્રે જોયું તો તે છાપરાના ઘાસની કેવળ સળી જ હતી. ચંદ્રે પેલા બ્રાહ્મણને કહ્યું, 'અરે, આમાં પાછું શું આપવાનું! સળીને ફેંકી દેવી હતી.' બ્રાહ્મણ કહે, 'હું મફતમાં કોઈનું કાંઈ જ લેતો નથી. સળી પણ નહીં. લઉં તો મારો નિયમ ભાંગે. પછી જાણે પોતાને હાથે પાપ થઈ ગયું હોય એમ બ્રાહ્મણે કટારી કાઢી ને પોતાની ગરદન પર મૂકી. ચંદ્ર શેઠ નવાઈ પામી ગયો. અકસ્માતે માથા ઉપર પડેલા ઘાસના તણખલાનું આટલું મોટું પ્રાયશ્ચિત્ત?' પછી ખૂબ સમજાવ્યો ત્યારે બ્રાહ્મણે ગરદન પરથી કટારી હઠાવી. વાતવાતમાં ચંદ્રે એ પણ જાણી લીધું કે આ બ્રાહ્મણ બ્રહ્મચારી હતો.

ચંદ્ર શેઠને આ માણસની પવિત્રતા પ્રત્યે ખૂબ માન થયું. એના પ્રત્યેના અહોભાવથી એ બ્રાહ્મણને પોતાના ઘરમાં રાખવા વિચાર્યું. ચંદ્રે વિનંતી કરી, 'તમે મારે ઘેર રહો. તમારા આગમને મારું ઘર પવિત્ર થઈ જશે.'

બ્રાહ્મણ કહે, 'હું તો બ્રહ્મચારી. અમને તો અરણ્ય જ ઠીક રહે. ઘરમાં તો ગૃહિણીનો વાસ હોય. અમારે માટે સ્ત્રી તો વિષ સમાન.'

ચંદ્ર શેઠ કહે, 'ઝેરનો પ્રયોગ કરાય ત્યારે જ તેનો દુષ્પ્રભાવ બતાવે. પરંતુ મારી સ્ત્રી તો પરમ સતી છે. એટલે તમારી સાધનામાં કોઈ વિઘ્ન નહીં આવે.' શેઠના આગ્રહથી બ્રાહ્મણ એમને ઘેર રહેવા આવ્યો.

ઘરમાં બ્રાહ્મણ આવતાં પદ્મિનીને તો 'ભાવતું હતું ને વૈદ્યે કહ્યું' એના જેવું થયું.' એને તો દુરાચરણની એક વધુ સગવડ થઈ. વળી, હકીકતે તો પેલો આગંતુક પણ મહાપાખંડી જ હતો. એટલે એની અને પદ્મિની વચ્ચે ગાઢ સંબંધ બંધાયો.

એક વાર ચંદ્ર વેપાર અર્થે કુસુમપુર નામે અન્ય ગામે ગયો. ત્યાં પહોંચીને નગર બહાર બગીચામાં આરામ કરવા બેઠો. ત્યાં તેણે એક પક્ષી જોયું. તે લાકડાની જેમ સ્થિર થઈને એક સ્થાને ખડું રહેતું. લોકો એને તપસ્વી માનીને પૂજતા. પણ જેવું એકાતંમળે એટલે અન્ય પક્ષીઓના માળામાં જઈને તે પક્ષીઓએ મૂકેલાં ઈંડાં ખાઈ જતું. ચંદ્રને આ જોઈને કુતૂહલ થયું.

એટલામાં કેટલીક કિશોરીઓ બગીચામાં આવી તેમાં એક રાજકુમારી પણ હતી. તેણે બગીચાના એક ખૂણે એક તાપસને ધ્યાનસ્થ મુદ્રામાં ઊભેલો જોયો. એટલે એ રાજકુમારી સખીઓથી અળગી થઈને પેલા તાપસને વંદન કરવા ગઈ. જેવી રાજકુમારી વંદન કરવા ઝૂકી કે પેલા તાપસે તેની ડોક મરડી નાખી. રાજકુમારી નિર્જીવ બની ગઈ. તાપસે ઝડપથી એના દેહ પરના અલંકારો ઉતારી એક ખાડામાં દાટી દીધા ને ત્યાંથી થોડેક દૂર જઈ પુનઃ ધ્યાનસ્થ મુદ્રામાં ઊભો રહી ગયો. ચંદ્રે આ ઘટના નજરે જોઈ ને ચોંકી ઊઠ્યો.

રાજકુમારી ગુમ થયેલી જાણી રાજાએ એની શોધ આદરી. શોધી આપનારને એક હજાર સોનામહોરનું ઈનામ આપવાની ઘોષણા કરી. રાજસેવકો શોધ કરતા કરતા ચંદ્ર પાસે આવ્યા.

*[આ કથાનો આધારસ્રોત છે મલધારી હેમચંદ્રસૂરિકૃત 'ભવભાવના વૃત્તિ' (સંસ્કૃત, રચનાવર્ષ ?). 'જૈનકથારત્નદોશ ભા-૬માં આ કથા સમાવિષ્ટ છે.*

*પુસ્તક : 'મધ્યકાલીન ગુજરાતી કથાકોશ' ખંડ-૨, સંપા. શ્રી હરિવલ્લભ ભાયાણી, પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ઈ. સ. ૨૦૦૦].*

ચંદ્રે નજરે જોયેલી આખી ઘટના કહી બતાવી. રાજપુત્રીનો મૃતદેહ મળી આવ્યો. અપરાધી તાપસને રાજા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. એને મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી.

નજરે જોયેલી ઘટનાથી ચંદ્ર હચમચી ગયો. જગત સમક્ષ તપસ્વી તરીકેનો દેખાવ કરનાર માનવીનો આવો દંભ! આવું પાખંડ!

ધીમે ધીમે પાછલી ઘટનાઓ પરત્વે એનું મન ચગડોળે ચડ્યું. પેલું પક્ષી જેની લોકો પૂજા કરતા તે છાનેમાને અન્ય પંખીઓનાં ઈંડાનો ભક્ષ કરી લેતું. ચંદ્રની વિચારધારા આગળ ચાલી. તો પછી...પોતાને ઘેર રહેલો પેલો બ્રાહ્મણ આશ્ચર્ય પમાડે એ હદે એના નિયમોની, આદર્શોની, બ્રહ્મચર્યની વાતો કરે છે...અને...પોતાની પત્ની જેની તે જન્મદાત્રી છે એવા પુત્રને સ્તનપાન કરાવવામાં સતીત્વને દૂષિત થતું ગણાવે છે–આ બધો એમનો પાખંડ તો નથીને ? આમ ચંદ્ર બગીચામાં નજરે જોયેલી ઘટનાની અસર તળે પત્ની અને આગંતુક બ્રાહ્મણના આચાર પરત્વે સંશયમાં પડી ગયો.

તે પરગામેથી વારાણસી પાછો આવ્યો. ઘેર પહોંચ્યો. ગુપ્ત રીતે ઘરમાં જોયું તો પત્ની અને પેલો બ્રાહ્મણ પ્રણયક્રીડા કરી રહ્યાં હતાં.

ચંદ્ર શેઠે મોટેથી એક શ્લોક ઉચ્ચાર્યો. એનો સાર આ પ્રમાણે હતો–

'મેં મારી આંખે ચાર આશ્ચર્યો જોયાં. ૧. પોતાના બાળકનો પણ સ્પર્શ ન પામતી સ્ત્રી, ૨. ઘાસનાં તણખલા માટે આત્મહત્યા કરવા તત્પર બ્રાહ્મણ, ૩. લાકડા જેમ નિશ્ચેષ્ટ રહેતું પંખી, ૪. સુવર્ણ માટે હત્યા કરતો ધ્યાનસ્થ તપસ્વી. આવાં આશ્ચર્યો જોઈ કોણ પોતાનું મન શાંત રાખી શકે ?'

પત્ની આ શ્લોકોદ્ગારનું રહસ્ય પામી ગઈ. એને થયું કે પતિ બધી વાત જાણી ગયો લાગે છે. ત્યારે એ કપટી સ્ત્રીએ તરત ઊભી થઈ પેલા બ્રાહ્મણને ઘરની બહાર કાઢી મૂક્યો; જાણે પોતે તો નિર્દોષ છે તે બતાવવા માટે.

ચંદ્ર શેઠ સંસારની ઘટનાઓથી વિરક્ત બન્યો. એક સાધુ પાસે દીક્ષિત થયો અને સંયમ સ્વીકાર કરીને આયુષ્ય પૂર્ણ કર્યું. જ્યારે પદ્મિનીના દુરાચારને લઈને એની સંપત્તિ નષ્ટ થઈ. એવી જ હીન દશા પેલા બ્રાહ્મણની પણ થઈ. બન્ને રંક અવસ્થામાં અન્યોની સેવાચાકરી કરી પેટ ભરવા લાગ્યાં ✷ ✷ ✷

## છીંક–સમસ્યા

*[આ કથાનો આધારસ્રોત ગ્રંથ છે શ્રી ધર્મદાસગણિ-વિરચિત 'ઉપદેશમાલા'. ગ્રંથની ભાષા પ્રાકૃત છે. રચના પદ્યબદ્ધ છે. કર્તા વીરસંવત ૫૨૦ પછીના ગાળામાં થયાનું ઇતિહાસવિદો માને છે. આ ગ્રંથ પરની શ્રી સિદ્ધર્ષિગણીની સંસ્કૃતમાં રચાયેલી હેયોપાદેયા ટીકા'માં આ કથા મળે છે. ટીકાગ્રંથની રચના વિ. સં. ૯૭૪ની છે. આ સોમસુંદરસૂરિકૃત 'ઉપદેશમાલા બાલાવબોધ'માં પણ આ કથા મળે છે. બાલાવબોધની ભાષા જૂની ગુજરાતી છે અને રચના વર્ષ વિ. સં. ૧૪૮૫ છે.*

*આ. વિજયલક્ષ્મી-વિરચિત 'ઉપદેશપ્રાસાદ'માં ચોથા વ્યાખ્યાન રૂપે આ કથા ઉપલબ્ધ છે. મૂળ ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે અને રચનાવર્ષ વિ. સં. ૧૮૪૩ છે.*

*આ કથામાં આવતા દર્દુરાંક દેવના બે પૂર્વભવની કથા છઠ્ઠા અંગ-આગમ 'જ્ઞાતાધર્મકથાંગના' પ્રથમ શ્રુતસ્કંધના ૧૩મા અધ્યયનમાં પ્રાપ્ત થાય છે. ભાષા પ્રાકૃત છે.*

*પુસ્તક : ૧. 'શ્રી ઉપદેશપ્રાસાદ–ભાષાંતર', અનુ. શ્રી કુંવરજી આણંદજીભાઈ, પ્રકા. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, પુનર્મુદ્રણ: જૈન બૂક ડીપો, અમદાવાદ-૧, ઈ. સ. ૨૦૦૧.*

*૨. શ્રી સોમસુંદરસૂરિકૃત 'ઉપદેશમાલા બાલાવબોધ', સંપા.–સંશો. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૧.]*

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરે છે. એક દિવસ નગર બહાર આવેલા ગુણશીલ નામક ચૈત્યમાં મહાવીર પ્રભુ પધાર્યા. શ્રેણિક રાજા સૈન્ય સાથે સપરિવાર મહાવીર પ્રભુને વંદન કરવા ગયા. રાજા પ્રભુની સામે બેઠા હતા તે સમયે કોઈ કોઢિયો પણ છેક પ્રભુની પાસે આવીને બેઠો અને પોતાના અંગ પરની કોઢની રસી પ્રભુને પગે ચોપડવા લાગ્યો. શ્રેણિક રાજા આ જોઈને મનમાં ગુસ્સે થયા. એટલામાં મહાવીર પ્રભુને છીંક આવી. ત્યારે તે કોઢિયાએ કહ્યું, 'પરમેશ્વર તમે મરો.' થોડી વારે શ્રેણિક રાજાને છીંક આવી. ત્યારે તે કોઢિયાએ કહ્યું, 'મહારાજા, તમે ચિરકાળ જીવો.' થોડી વારે શ્રેણિક રાજાની નજીકમાં બેઠેલા અભયકુમારને છીંક આવી. એટલે કોઢિયો બોલ્યો 'તમે ભાવથી જીવો પણ અને ભાવથી મરો પણ.' તેટલામાં સભામાં આવેલા કાલસૌરિક કસાઈને છીંક આવી. એટલે કોઢિયો બોલી ઊઠ્યો, 'તું' જીવ પણ નહીં અને મર પણ નહીં.'

ચાર જુદી જુદી છીંક વખતે કોઢિયાના આ ઉદ્ગારો સાંભળીને શ્રેણિક રાજા વિમાસણમાં પડી ગયા. આ કોઢિયો કોઈને કહે છે 'મરો' તો કોઈને કહે છે 'જીવો', કોઈને કહે છે 'જીવો અને મરો' તો કોઈને કહે છે 'જીવ નહીં ને મર નહીં.' એમાંયે વળી ખુદ ભગવંતને છીંક આવતાં 'મરો' એમ કહ્યું એથી તો શ્રેણિક રાજા વધુ ક્રોધે ભરાયા. તેમણે

સેવકોને આજ્ઞા કરી કે આ કોઢિયો જેવો સમવસરણ (પ્રભુની પર્ષદા–સભા)ની બહાર નીકળે એને પકડી લેજો. સૂચના મુજબ રાજસેવકો જેવા પેલા કોઢિયાને પકડવા ગયા કે સત્વરે તે આકાશમાર્ગે ઊડીને જતો રહ્યો.

શ્રેણિક રાજાએ કુતૂહલવશ પ્રભુને પૂછ્યું, 'તે કોણ હતો? અને એણે આવી ચેષ્ટા કેમ કરી?' પ્રભુએ કહ્યું, 'તે કુષ્ઠી કોઈ મનુષ્ય નહોતો, પણ દર્દુરાંક દેવ હતો. એણે તો બાવનચંદના વડે મારાં ચરણોની પૂજા કરી છે. પણ તમને દૈવી માયાથી કોઢની રસીની ભ્રાંતિ થઈ છે.

પછી શ્રેણિકે પૂછ્યું, 'તે દેવ કેવી રીતે બન્યો?' તેના પ્રત્યુત્તરમાં મહાવીર પ્રભુએ દર્દુરાંક દેવના બે પૂર્વભવની વાત કરી. દેવ બન્યા અગાઉના ભવમાં તે દેડકો હતો અને દેડકાના પૂર્વભવમાં તે નંદ મણિયાર શ્રેષ્ઠી હતો. નંદ મણિયારના ભવમાં તેણે શ્રાવકનાં વ્રતો સ્વીકાર્યા પછી તે મિથ્યાદૃષ્ટિ બની જવાને કારણે એણે જ બંધાવેલી નંદા પુષ્કરિણી (વાવડી)માં પછીના ભવમાં તે દેડકા તરીકે ઉત્પન્ન થયો.

જ્યારે રાજગૃહી નગરીમાં અહીં અમારું સમવસરણ થયું ત્યારે પનિહારીઓ દ્વારા અમારા આગમનની વાતો સાંભળીને દેડકાને જાતિસ્મરણ જ્ઞાન (પૂર્વભવનું જ્ઞાન) થયું. તે દેડકાને સમવસરણમાં આવવાનો અને અમને વંદન કરવાનો અભિલાષ જાગ્યો. એટલે તે વાવમાંથી બહાર નીકળી કૂદતો કૂદતો આવતો હતો. તેવામાં તમારી સવારી પણ સમવસરણમાં આવી રહી હતી. એ સવારીમાં ઘોડેસવારો પણ હતા. એ પૈકીના એક ઘોડાના પગ નીચે તે દેડકો કચડાઈ ગયો. મરતાં અગાઉ એણે સર્વ તીર્થંકર ભગવંતોને નમસ્કાર કર્યા, આહારત્યાગ, જીવહિંસાત્યાગ અને સમસ્ત પરિગ્રહત્યાગનો નિયમ ગ્રહણ કર્યો. અને આમ અનશન કરીને મૃત્યુ પામ્યો. મરીને તે દેવલોકમાં દર્દુરાંક દેવ તરીકે ઉત્પન્ન થયો. તે આજે તારી પરીક્ષા કરવા આવ્યો હતો. અહીં આવીને એણે કોઢની રસીને મિષે ચંદન વડે અમારી ભક્તિ કરી.

શ્રેણિક રાજાએ કુષ્ઠી બનીને આવેલા દેવનો પરિચય તો મેળવ્યો પણ ચાર જણાને આવેલી છીંકો વખતે એણે જે જુદા જુદ ઉદ્ગારો કાઢ્યા હતા એ સમસ્યાનો ઉકેલ પ્રભુજી પાસેથી જાણવાનો બાકી હતો. આ ઉદ્ગારોનો સૂચિતાર્થ શ્રેણિક રાજાએ ભગવાનને પૂછ્યો. મહાવીર પ્રભુ કહે, 'અમને સંસારમાં દેહનું કષ્ટ છે, અને મર્યા પછી તો મોક્ષે જતાં અનંત સુખ છે એટલે અમને 'મરો' એમ કહ્યું. હે શ્રેણિક, તને અહીં જીવતાં સુખ જ સુખ છે, પણ મર્યા પછી તો તું નરકમાં જવાનો, એટલે તને 'ચિરકાળ જીવો' એમ કહ્યું. અભયકુમાર જીવતાં પણ સુખ ભોગવે છે ને મરીને દેવ થનાર છે એટલે એને 'ભાવથી જીવો અને ભાવથી મરો' એમ કહ્યું. કાલસૌરિક કસાઈ જીવતો રહી જીવહિંસાના અસંખ્ય પાપ કરે છે અને મરીને એનું સ્થાન નરકમાં છે એટલે એને 'જીવ પણ નહીં અને મર પણ નહીં' એમ કહ્યું.

આમ દર્દુરાંક દેવના કથન પ્રમાણે કોઈને માટે મરવું રૂડું છે, કોઈને માટે જીવવું રૂડું છે, કોઈને માટે જીવવું-મરવું બન્ને રૂડું છે તો કોઈને માટે જીવવું-મરવું બન્ને ખરાબ છે. જીવો આવા ચાર પ્રકારના છે. મળ્યો ને આ છીંક-સમસ્યાનો ઉકેલ? ✷✷✷

# એક ભાગ્યહીનની આપત્તિઓ: અંતે છુટકારો

*[આ કથાનો આધારસ્રોત છે આ. હરિભદ્રસૂરિરચિત 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથ પ્રાકૃતમાં, વૃત્તિની ભાષા સંસ્કૃત. પણ વૃત્તિકારે એમાં આપેલી કથાઓ બહુધા પ્રાકૃતમાં. વૃત્તિની રચના વિ. સં. ૧૧૭૪માં. શ્રી મલયગિરિકૃત 'નંદી-અધ્યયન વૃત્તિ' (સંસ્કૃતમાં) પણ આ કથા મળે છે.*
*પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.–અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા.–પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨, વિ. સં. ૨૦૨૮ (ઈ. સ. ૧૯૭૨).]*

કોઈ એક ગામમાં એક ગરીબ દુર્ભાગી ખેડૂત રહેતો હતો. પહેલાં તો તે ખેતીકામ કરતો અને ઢોરઢાંખર પણ રાખતો. પણ સમય જતાં આર્થિક સંકટને લઈને એણે બધાં ઢોર વેચી નાખ્યાં. પરિણામે ખેતીકામ પણ બંધ થયું અને અંતે કારમી ગરીબીમાં ધકેલાઈ ગયો.

ખેતર ખેડવાના દિવસો નજીક આવતા ગયા. પણ ખેડ કરવા માટે બળદ પણ આ ખેડૂત પાસે હતા નહીં. ત્યારે મનોમન એ વિચારવા લાગ્યો, 'આપત્તિમાં મિત્ર કામમાં આવે. જોકે આ કળિયુગમાં તો મિત્ર પણ દુશ્મન બની જતા હોય છે. પણ બધા જ મિત્રો કાંઈ એકસરખા હોતા નથી. એટલે મિત્રને ત્યાં જાઉં ને જો એનું મન વળી માને તો મને ખેતી કાજે એક-બે દિવસ માટે એના બળદ આપે. જો આ રીતે પણ થોડીઘણી ખેતી થાય તો મારો ગુજારો થઈ જાય, ને આ વર્ષ પૂરતું આર્થિક કઠણાઈમાંથી ઊગરી જવાય.'

આમ વિચારી, મિત્રની મદદ મળવાની હોંશ ધરીને તે મિત્રને ઘેર ગયો. મિત્રને સઘળી વાત કરી. મિત્રને પણ દયા આવી અને એણે એના બળદ આ ખેડૂતને આપ્યા.

ખેતરમાં ખેડ કરવાનું કામ પતાવીને આ ખેડૂત એક સાંજે બળદ પાછા આપવા માટે મિત્રને ત્યાં આવ્યો. એ વખતે મિત્ર ઘરમાં જમવા બેઠો હતો. એટલે ખેડૂતને છેક એની પાસે જઈને વાત કરતાં સંકોચ થયો. તેથી

ઘર પાસે ઢોરનો જ્યાં વાડો હતો ત્યાં બળદને બેસાડ્યા. મિત્રે ભોજન કરતાં જોયું પણ ખરું કે ખેડૂતમિત્ર બળદ વાડામાં પાછા મૂકી ગયો છે. પછી ખેડૂત ત્યાંથી નીકળી ગયો.

હવે બન્યું એવું કે પેલા વાડામાં બેસાડેલા બળદ, ખેડૂતે બળદને પાણી પાયેલું ન હોઈ અને ચારો નીરેલો ન હોઈ, વાડામાંથી ઊભા થઈને છીંડામાંથી બહાર નીકળી ગયા. બળદોનું બહાર નીકળવું અને એજ સમયે સામેથી ચોરનું આવવું. એટલે એ ચોર બળદને લઈ ગયો ને કશેક છુપાવી દીધા.

હવે બળદનો માલિક-મિત્ર જ્યારે જમીને બહાર આવ્યો ત્યારે એણે વાડામાં બળદોને જોયા નહીં એટલે તરત જ તે ખેડૂત-મિત્રને મળીને કહે, 'વાડામાં બળદ છે નહીં. મને મારા બળદ આપી દે.' ખેડૂત કહે, 'હું તો બળદ લઈને આવ્યો જ હતો. અને વાડામાં એમને મૂક્યા હતા.' ખેડૂત માને છે કે મેં બળદ પરત આપી દીધા અને એનો મિત્ર માને છે કે જ્યાં સુધી હાથોહાથ મને બળદ સોંપાયા નથી ત્યાં સુધી પરત આપ્યા ન ગણાય. આમ બંને વચ્ચે કલહ વધી પડયો. બંને રાજમંત્રી પાસે આનો ન્યાય કરાવવા રાજદરબારે જવા નીકળ્યા. રસ્તામાં પેલો મિત્ર ખેડૂત સાથે ઝઘડતો રહ્યો, 'હું મારા બળદ શાના જતા કરું? જો તેં મને સાચવીને પાછા આપ્યા હોત તો હું કશો દાવો ન કરત.'

આમ બળદ ગુમ થવાથી ખેડૂતને માથે મોટી આફત આવી પડી. તે ભારે ચિંતામાં મૂકાઈ ગયો. પણ એને બિચારાને ખબર નથી કે હજી આગળ બીજી આફતો પણ એને માથે ત્રાટકવાની છે.

બંને જણા ચાલતા જતા હતા ત્યાં એક તાજી ઘટના બની. એક ઘોડાએ એના અસવારને નીચે પાડી દીધો. ઘોડો દોડવા લાગ્યો. એટલે ઘોડાની પાછળ ધસી આવતો એનો ઘોડેસવાર મોટે સાદે કહેવા લાગ્યો, 'ઘોડાને કોઈ પકડો. એને મારીને પણ કાબૂમાં લો. હું તમારો ઉપકાર માનીશ.'

ઘોડો આ બંને મિત્રોની દિશામાં દોડતો આવતો હતો. એટલે પેલો ખેડૂત ઘોડેસવારની કાકલૂદીથી દ્રવી જઈને ઘોડા સામે ધસી ગયો અને એને કાબૂમાં લેવા એક લાકડું ઉપાડીને ઘોડાના માથે ફટકાર્યું. બન્યું એવું કે લાકડું ઘોડાના મર્મસ્થળે વાગવાથી ઘોડો તત્કાળ મૃત્યુ પામ્યો.

પેલો ઘોડેસવાર ખેડૂતને ઠપકો આપતાં કહેવા લાગ્યો, 'અરે મૂર્ખ, આ તેં શું કર્યું?' ખેડૂત કહે તમે કહ્યું હતું તેમ જ મેં તો કર્યું. હવે એમાં મારો શો દોષ?'

ઘોડેસવાર કહે, 'અરે મેં તો તને ઘોડાને મારી તરફ વાળવાનું કહ્યું હતું. એ માટે જરૂર પડ્યે એને મારવો પડે. પણ કાંઈ એને મારી નાખવાનું નહોતું કહ્યું. હવે બધી વાત રહેવા દે ને મને મારો ઘોડો આપી દે.'

કહેવત છે ને કે 'દાઝ્યા પર ડામ' તે આનું નામ. બળદની તો આફત હતી, એમાં વળી આ ઘોડાની આફત.

ખેડૂત કહે, 'આપણે રાજમંત્રી પાસે જઈએ. એ જે ન્યાય કરે તે સાચો.' ઘોડેસવાર ખેડૂતની વાત સાથે સંમત થયો. આમ હવે રાજદરબારે જતા આ બે મિત્રો સાથે ત્રીજો ઘોડેસવાર પણ જોડાયો.

આ દુનિયામાં જે ભાગ્યહીન-પુણ્યહીન છે તે સવળું કરવા જાય તોયે અવળું પડે. ખેડૂત અત્યારે બરાબર આવી જ સ્થિતિમાં મુકાયો હતો. હજી એની આફતનો અંત ક્યાં હતો?

આ ત્રણે રાજનગરમાં પહોંચ્યા. ત્યારે અંધારું ઊતરી આવ્યું હતું. નગરનું દ્વાર વસાઈ ગયું હતું. એટલે નગરદ્વાર પાસે આવેલી એક ધર્મશાળામાં ત્રણે જણા રાતવાસો રોકાયા. આ ધર્મશાળામાં ઘણા નટ લોકો પણ પરગામેથી આવીને અહીં સૂતેલા હતા.

પેલા અભાગી ખેડૂતને રાત્રે ઊંઘ તો શાની જ આવે! તે મનમાં વિચારવા લાગ્યો, 'કાલે સવારે રાજદરબારમાં ન્યાય-અન્યાયનો નિર્ણય થશે. પણ મારા જેવા ગરીબની વાત કોણ માનશે? સામાવાળા આ બે જણાનો બોલ જ ખરો ગણાશે. બળદના માલિક પાસે ધનનું જોર છે, અને આ ઘોડેસવાર રાજ્યનો સેવક છે. એટલે નક્કી, એમનું જ ધાર્યું થશે. અને મારું કાંઈ ઊપજશે નહીં. મને બંધન કે વધ જેવી મોટી સજા ફટકારશે તો હું કોને કહેવા જઈશ? માટે હવે તો આત્મહત્યા કરીને આ ઝંઝટમાંથી છૂટું.'

આ રીતે મનોમન આત્મહત્યાનો નિશ્ચય કરીને એ ખેડૂત ધર્મશાળાના પ્રાંગણમાં આવેલા એક ઝાડ પર ચઢ્યો. ઝાડની ડાળીએ માથા પરનું ફાળિયું બાંધ્યું. આમ ગળાફાંસો ખાવાની ખેડૂતે પૂરી તૈયારી કરી લીધી. પછી ખેડૂત જેવો ગળાફાંસો ખાવા જાય છે ત્યાં તો ફાળિયાનું વસ્ત્ર જર્જરિત હોવાથી તે વચ્ચેથી તૂટી પડ્યું. હવે આ ઝાડ નીચે પરગામથી આવેલા નટ લોકો સૂતેલા હતા. એમની સાથે એ નટવાઓનો મુખિયો પણ સૂતો હતો. વસ્ત્ર ફાટી જવાથી પેલો ખેડૂત ધબ્બ દઈને બરાબર પેલા સૂતેલા નટોના મુખિયા ઉપર પટકાયો. અને ખેડૂતના ભારથી એ મુખિયો તત્કાળ મૃત્યુ પામ્યો. બધા નટવાઓમાં તો હાહાકાર મચી ગયો.

વિધિની અકળ લીલા જુઓ. જેને મરવું હતું તે જીવી ગયો ને પેલો મુખિયો અણચિંતવ્યા મોતને ભેટ્યો. 'કર્મની ગતિ ન્યારી' તે આનું નામ.

બધા નટોએ ભેગા થઈને ખેડૂતને પકડી લીધો. એને માથે એક વધુ આફતનો ઉમેરો.

સવાર થયું. બધા રાજદરબારે પહોંચ્યા. સૌએ રાજ્યમંત્રી સમક્ષ પોતપોતાની ફરિયાદ કહી સંભળાવી. મંત્રીએ પેલા ખેડૂતને બોલાવ્યો. એની સામે થયેલી ફરિયાદો વિશે આનો જવાબ માગ્યો.

ખેડૂતે કહ્યું, 'અહીં જે કહેવામાં આવ્યું છે અને જે ઘટનાઓ બની છે તે સત્ય છે. પણ એમાં મારો કોઈ દોષ નથી. આ ત્રણેય ઘટનાઓમાં કોઈને જરીકેય નુકસાન પહોંચે એવો મારો કોઈ જ

આશય ન હતો. નિખાલસ રીતે હું મિત્રના લીધેલા બળદ કામ પત્યે પરત આપવા ગયો, તેમને વાડામાં બેસાડ્યા ને માલિક એમને સરખી રીતે બાંધે એ પહેલાં ચોરાઈ ગયા. પરોપકાર ભાવે ઘોડેસવારનો ઘોડો રોકવા ગયો ને લાકડાના ફટકાથી અકસ્માતે તે મરી ગયો. વળી, હું પોતે આત્મહત્યા કરવા ગયો ને વસ્ત્ર ફાટી જવાથી પટકાવાને કારણે નટવાઓનો મુખિયો મૃત્યુ પામ્યો. હું શું કરું? મારું નસીબ જ વાંકું. રૂડું કરવા ગયો ને ભૂંડું થયું.'

ખેડૂતનો આ ખુલાસો સાંભળીને રાજ્યમંત્રી સઘળી વાત પામી ગયો. એને ખાતરી થઈ કે જે ઘટનાઓ બની એ પાછળ ખેડૂતના દિલમાં કશો જ કપટભાવ નહોતો. એટલે રાજ્યમંત્રીના દિલમાં ખેડૂત પ્રત્યે ઊલટાનો દયાનો ભાવ પેદા થયો.

મંત્રીએ સૌ પહેલા બળદના માલિકને બોલાવ્યો. પછી એને કહે, 'જો, આ ખેડૂત તારે ઘેર તારા બળદ લઈને આવ્યો. વાડામાં મૂક્યા. હવે તને પૂછું કે તારી દૃષ્ટિએ એ લવાયેલા બળદ જોયા કે નહિ?' માલિક કહે, 'હા.' મંત્રી ન્યાય તોળતાં કહે, 'તો પછી તારી આંખો આ ખેડૂતને આપ, અને એ તને તારા બળદ આપશે.' પેલો મિત્ર શું બોલે? એ મૌન રહ્યો.

પછી મંત્રીએ ઘોડેસવારને બોલાવ્યો. પછી એને કહે, 'તેં જેમ તારી જીભથી કહ્યું હતું એમ એણે કર્યું એમાં એનો શું વાંક? જે જીભ મારવાનું બોલી હતી એ જીભનો છેદ કરી એને આપ, એ તને તારો ઘોડો આપશે.' પેલો ઘોડેસવાર પણ અનુત્તર રહ્યો.

પછી મંત્રીએ નટોને બોલાવ્યા. મંત્રી કહે, 'આ ગરીબ માણસ તમને આપી શકે તેવું એની પાસે કાંઈ જ નથી. હવે હું કહું તેમ તમે કરો. આ ખેડૂતને તમારા મુખિયાની જેમ જ ઝાડ નીચે સુવાડો. અને એની ઉપર તમારામાંથી કોઈ ગળાફાંસો ખાવ. એના ઉપર જો તમે પડશો તો સાટે સાટું વળી જશે.'

આ સાંભળી નટોને થયું કે આપણી કોઈની પાઘડી પેલા ખેડૂત જેવી જીર્ણ નથી. સાટું વાળવા જતાં ગળાફાંસાથી મરવાનું તો આપણે જ આવે. એટલે તેઓ પણ મૌન બની ગયા.

છેવટે સૌ પોતપોતાને સ્થાને વિદાય થયા.

પેલા ખેડૂતના નસીબમાં જ્યાં સુધી પાછલાં કર્મો ભોગવવાનાં હતાં ત્યાં સુધી એને માથે આફતો ખડકાયે જ ગઈ. પણ જ્યારે પુણ્યોદય થયો ત્યારે રાજ્યમંત્રીના બુદ્ધિચાતુર્યને નિમિત્તે એ આફતોમાંથી એનો છુટકારો થયો.

## કેટલીક પ્રાણીકથાઓ

### (૧) મોરનાં ઈંડાની કથા

ચંપાનગરીમાં જિનદત્ત અને સાગરદત્ત નામના બે શ્રેષ્ઠીઓ રહેતા હતા. તે બન્નેને એક એક પુત્ર હતો. આ બન્ને સમવયસ્ક હતા. બે વચ્ચે ગાઢ મૈત્રી. સાથે જ સમય પસાર કરે. બધાં કામ સાથે જ કરે, સાથે જ રહે. લગ્ન પણ સાથે જ કર્યાં.

એક દિવસ તે બન્ને મિત્રો ચંપાનગરીના સુભૂમિભાગ નામના ઉદ્યાનની શોભા નીરખવા રથમાં આરૂઢ થઈને નીકળ્યા. ત્યાં પહોંચીને બંનેએ જલક્રીડા કરી. પછી ઉદ્યાનના વિવિધ વૃક્ષાચ્છાદિત મંડપોમાં અને લતામંડપોમાં વિહરવા લાગ્યા. એ ઉદ્યાનના એક ભાગમાં વનમયૂરી આશ્રય કરીને રહેતી હતી. તે આ બન્ને યુવાનોને નજીક આવતા જોઈને ગભરાઈ ગઈ અને મોટેથી અવાજ કરવા લાગી. પછી ભયભીત થયેલી તે વૃક્ષની એક ડાળ ઉપર બેસી ગઈ.

બંને મિત્રોને થયું કે આ વનમયૂરી એકદમ જ ડરી જઈને વૃક્ષ ઉપર ચડી ગઈ છે અને મોટેથી અવાજ કરી રહી છે, તો એનું કોઈ ખાસ કારણ હોવું જોઈએ. તેમણે ઝીણવટથી આસપાસ જોયું તો આ મયૂરીએ મૂકેલાં બે ઈંડાં એમની નજરે પડ્યાં. બંને મિત્રોએ પરસ્પર મંત્રણા કરીને નક્કી કર્યું કે આ ઈંડાંને પોતાના નિવાસસ્થાને લઈ જવાં ને મરઘીનાં ઈંડાં ભેગાં મૂકી દેવાં. મરઘી એનાં ઈંડાંની સાથે સાથે આ બે ઈંડાંનું પણ એની પાંખોની હવાથી રક્ષણ કરશે. જતે દિવસે આપણને આ બે ઇંડાંમાંથી બે સુંદર મયૂરનાં બચ્ચાં પ્રાપ્ત થશે.

આમ નક્કી કરીને તે બંને મિત્રો ઈંડાં પોતાની સાથે ઘેર લઈ ગયા અને નોકરવર્ગને સૂચના આપી તે ઈંડાંને મરઘીનાં ઈંડાં સાથે મુકાવી દીધાં.

હવે એક દિવસ બે મિત્રોમાંથી જે સાગરદત્તનો પુત્ર હતો તે મયૂરીનાં ઈંડાં પાસે ગયો. એક ઈંડું હાથમાં લઈને એને વિશે જાતજાતની શંકા કરવા લાગ્યો. આ ઈંડામાં બચ્ચું હશે તો ખરું ને? એ ઊછરતું હશે? એ બચ્ચું પ્રાપ્ત તો થશે ને? એ ક્યારે પેદા થશે? એ મયૂરબાળ સાથે ક્રીડા કરવા મળશે કે નહીં?–આમ જાતજાતની શંકા કરતો એ મિત્ર ઈંડાને હાથમાં ઉપર નીચે ઊલટસૂલટ કરીને ફેરવવા લાગ્યો, કાન પાસે લઈ જઈને ખખડાવવા લાગ્યો, હાથથી દબાવવા લાગ્યો. પરિણામે એ ઈંડું પોચું પડી ગયું. તત્કાળ તો એને આની

*[૧. મોરનાં ઈંડાંની કથા અને ૨. કાચબાની કથા–આ બે કથાનો આધારસ્રોત છે. છઠ્ઠું અંગ-આગમ 'જ્ઞાતાધર્મકથાંગ.' ગ્રંથની ભાષા પ્રાકૃત. પહેલી કથા ગ્રંથના ત્રીજા 'અંડક અધ્યયન'માં અને બીજી કથા ચોથા 'કૂર્મ અધ્યયન'માં મળે છે.*
*પુસ્તક : 'શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર' અનુ. મ. સાધ્વીજી શ્રી વનિતાબાઈ, સંપા. પં. શોભચંદ્ર ભારીલ્લ, પ્રકા. પ્રેમ–જિનાગમ પ્ર. સમિતિ, મુંબઈ, વિ. સં. ૨૦૩૭ (ઈ. સ. ૧૯૮૧.)]*

કાંઈ ખબર ન પડી, પણ થોડોક સમય વીત્યા પછી એ ઈંડા પાસે ગયો ત્યારે એ ઈંડું સાવ પોચું પડી ગયેલું જોયું. પરિણામે એ મિત્ર ખિન્ન થઈ ગયો ને દુઃખ વ્યક્ત કરવા લાગ્યોકે આ ઈંડામાંથી હવે મયૂરબાળ મને ક્રીડા કરવા નહિ મળે.

હવે બીજો સાથી જિનદત્તપુત્ર એક દિવસ મયૂરીના ઈંડા પાસે ગયો. ઈંડા વિશે કોઈ પણ પ્રકારની શંકા કર્યા વિના નિશ્ચિંત મને શ્રદ્ધાપૂર્વક વિચારવા લાગ્યો કે આ ઈંડામાંથી સરસ મઝાનું મયૂરબાળ જન્મશે. આમ વિચારીને એણે ઈંડાને જરા પણ ઊલટસૂલટ કર્યું નહીં. પરિણામે સમય પાક્યે ઈંડું ફૂટ્યું ને સરસ મઝાના મયૂરબાળનો જન્મ થયો. જિનદત્તપુત્રે ખૂબ કાળજીપૂર્વક એને ઊછરવા દીધું. જેમ જેમ તે મોટું થતું ગયું તેમ તેમ રંગબેરંગી પીંછાંનો ગુચ્છ પણ વૃદ્ધિ પામવા લાગ્યો અને કુદરતી રીતે નૃત્ય કરવામાં પણ નિપુણ બની ગયું. વળી, સરસ મઝાનો કેકારવ કરતું થયું. જતે દિવસે તે મયૂર ચંપાનગરીના માર્ગો ઉપર અનેક સ્પર્ધાઓમાં વિજય પ્રાપ્ત કરવા લાગ્યો.

આ દૃષ્ટાંત દ્વારા એ સૂચિત થાય છે કે જે લોકો ભગવાનની વાણીમાં શંકા કરે છે તેઓ આત્મકલ્યાણનું સાચું સુખ ગુમાવે છે. ને આ ભવાટવીના પરિભ્રમણ સિવાય કશું હાંસલ કરતા નથી. જ્યારે, જે લોકો પ્રભુજીની વાણીમાં નિઃશંક બની શ્રદ્ધા કેળવે છે તેઓ સંસારસાગર પાર કરીને સમ્યક્ સુખની પ્રાપ્તિ કરે છે.

## (૨) <u>કાચબાની કથા</u>

વારાણસી નગરીને અડીને ગંગા નદીનો વિશાળ પટ આવેલો હતો. એ પટમાં એક ધરો હતો. એનું પાણી ખૂબ ઊંડું અને શીતળ હતું. આ ધરો કમલપત્રોથી અને પુષ્પપાંદડીઓથી આચ્છાદિત રહેતો હતો. આ કારણે એ ધરાની જગા અત્યંત શોભાયમાન લાગતી હતી. એ ધરામાં અસંખ્ય માછલાં, કાચબા, મગર જેવાં જલચર પ્રાણીઓ વસતાં હતાં.

આ ધરાની નજીકમાં એક મોટો માલુકાકચ્છ નામનો ભૂપ્રદેશ હતો. તેમાં બે પાપી શિયાળ રહેતા હતા. એ બંનેનું ચિત્ત હંમેશાં સારો શિકાર મેળવવામાં જ રોકાયેલું રહેતું. તેઓ ભયંકર માંસલાલચી હતા. દિવસે તેઓ છુપાઈ રહેતા અને રાત્રિએ ભક્ષણની શોધમાં નીકળી પડતા.

રોજિંદા ક્રમ પ્રમાણે એક રાત્રે તે બંને શિયાળ પોતાના સ્થાનકેથી બહાર નીકળીને પેલા ધરા પાસે પહોંચ્યા. ત્યાં જઈને ચારે તરફ નજર ફેરવવા લાગ્યા.

રાતને સમયે જ્યારે સૌ પુરવાસીઓની ચહલપહલ ગંગા કાંઠે અટકી ગઈ હતી ત્યારે ધરામાં વસતા બે કાચબા આહારની આશાએ બહાર આવી ધરાની આસપાસ પેલા ભૂપ્રદેશની ધારે ફરવા લાગ્યા. પેલા બે શિયાળોએ આ કાચબાઓને જોયા. અને એમના તરફ ધસી જવા લાગ્યા. આ કાચબાઓ શિયાળોને પોતાની તરફ આવતા જોઈ, ભયભીત બનીને ધરા તરફ ભાગ્યા અને પોતાના જે અંગો હાથ-પગ-ડોક ઈત્યાદિ બહાર કાઢ્યાં હતાં તેને કવચમાં ગોપવી દીધાં. શિયાળ એમનું કવચ છેદવામાં સફળ થયા નહીં. તેથી તેઓ ત્યાંથી દૂર ચાલ્યા ગયા.

બંને શિયાળો દૂર ચાલ્યા ગયા છે એ જાણીને બેમાંથી એક કાચબાએ ધીમે ધીમે એના પગ કવચમાંથી બહાર કાઢ્યા. દૂરથી વેધક નજરે શિકારને જોઈ રહેલા બે શિયાળો એક કાચબાનાં પગ ગ્રીવા આદિ અંગોને બહાર આવેલાં જોઈ ચપળ ગતિએ છલાંગ લગાવી કાચબાનાં બહાર આવેલા અંગોને ત્વરાથી મોઢામાં પકડી લીધાં અને એનો આહાર કરી ગયા. પછી તે બંને શિયાળો બીજા કાચબાને ઝડપવાની કોશિશ કરવા લાગ્યા. પણ તે કાચબાએ કોઈપણ રીતે, કવચમાં ગોપવેલાં અંગોને બહાર કાઢ્યાં નહિ એટલે પેલા શિયાળો એ કાચબાનું ભક્ષણ કરવામાં સફળ થયા નહીં. અને નિરાશ થઈને પાછા ચાલ્યા ગયા. ત્યાર પછી તે બીજા કાચબાએ ધીમેથી પોતાની ડોક બહાર કાઢીને જાણી લીધું કે પેલા શિયાળો દૂર ચાલ્યા ગયા છે એટલે પોતાના ચારે પગ બહાર કાઢી તીવ્ર ગતિથી ધરામાં પહોંચી ગયો અને સ્વજનોના સમૂહમાં ભળી ગયો.

આ રીતે જે મનુષ્ય પેલા બીજા કાચબાની જેમ પોતાની પાંચે ઈંદ્રિયોનું ગોપન કરે છે, વશમાં રાખવાની સમર્થતા દાખવે છે તે સંસાર તરી જાય છે; પણ જે પહેલા કાચબાની જેમ પાંચેય ઈન્દ્રિયોને છૂટી મૂકે છે–બહેકાવે છે તે વિનાશ નોતરે છે.

## (૩) <u>બે શુકબંધુઓની કથા</u>

*[આ કથાનો આધારસ્રોત છે શ્રી ધર્મદાસગણિવિરચિત 'ઉપદેશમાલા' પરની સિદ્ધર્ષિગણિની 'હેયોપાદેયા ટીકા'. મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત, ટીકાની ભાષા સંસ્કૃત. રચના વિ. સં. ૯૭૪. પં. વીરવિજયજીકૃત 'ધમ્મિલકુમાર રાસ'માં પણ આ કથા મળે છે.*

*પુસ્તક : 'શ્રી સોમસુંદરસૂરિકૃત ઉપદેશમાલા બાલાવબોધ', સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૧.]*

કાદંબરી અટવીમાં બે સૂડા (પોપટ) સગા ભાઈ હતા. એમાંથી એક સૂડાને ભીલે પકડીને પર્વત પર બાંધી રાખ્યો. તે ગિરિશુક કહેવાયો. બીજાને એક તાપસે પોતાની વાડીમાં રાખ્યો. તે પુષ્પશુક કહેવાયો.

એક વાર વસંતપુર નગરનો રાજા ઘોડેસ્વાર થઈને નગર બહાર વિહાર અર્થે નીકળ્યો. પણ ઘોડો રાજાને અવળે માર્ગે છેક અટવીમાં લઈ ગયો. રાજાને જંગલમાં આવેલો જોઈ ભીલની પલ્લીમાં રહેલા ગિરિશુકે મોટેથી ભીલને કહ્યું, 'દોડો, દોડો. આભૂષણોથી સજીધજીને આવેલો રાજા અહીંથી જઈ રહ્યો છે.' રાજા સમજી ગયો

કે આ શુક એના માલિકને મારા અલંકારો લૂંટી લેવાનો સંકેત આપી રહ્યો છે. એટલે બચવા માટે એ ઝડપથી નજીકમાં આવેલા એક તાપસના આશ્રમમાં પ્રવેશ્યો. આ તાપસના આશ્રમમાં જે પુષ્પશુક હતો તેણે પારખી લીધું કે અહીં રાજા પધાર્યા લાગે છે. એટલે તરત જ પુષ્પશુક મોટે અવાજે બોલ્યો, 'અરે, તાપસજી, ઊઠો, ઊઠો, તમારા અતિથિ રાજા પધાર્યા છે. એમનું આસન માંડી યોગ્ય આતિથ્ય કરો.'

રાજા નવાઈ પામી ગયો. એને થયું કે ભીલના નિવાસસ્થાનનો પોપટ અને આ તાપસ-આશ્રમનો પોપટ આમ તો બન્ને સરખા જ લાગે છે. છતાં એક એના સ્વામીને મને લૂંટી લેવાનો સંકેત કરતો હતો જ્યારે આ બીજો એના સ્વામીને મારું આતિથ્ય કરવાનો સંકેત કરી રહ્યો છે. એટલે રાજાએ પુષ્પશુકને પૂછ્યું, 'તમે બન્ને આમ તો સરખા દેખાવ છો, તોપણ તમારાં વાણી-વર્તાવમાં આટલો ભેદ કેમ છે?'

પુષ્પશુકે ઉત્તર આપતાં કહ્યું, 'રાજન્, એ સંસર્ગનું પરિણામ છે. બાકી તો અમે બે ભાઈઓ છીએ.'

આમ ગુણ-દોષ સંસર્ગજન્ય પણ હોય છે. 'સોબત તેવી અસર.'

### (૪) શિયાળની કથા

*[આ કથાનો આધારસ્રોત છે આ. શ્રી જયકીર્તિવિરચિત 'શીલોપદેશમાલા' પરની આ. શ્રી સોમતિલકસૂરિ-(અપરનામ) વિદ્યાતિલકસૂરિ રચિત 'શીલતરંગિણી વૃત્તિ'. મૂળ ગ્રંથ પ્રાકૃતમાં, વૃત્તિની ભાષા સંસ્કૃત. રચના વર્ષ વિ. સં. ૧૩૯૨/૧૩૯૭. નૂપુરમંડિતાની કથા અંતર્ગત આ કથા મળે છે.*

*પુસ્તક : 'શ્રી શીલોપદેશમાલા-ભાષાંતર', અનુ. વિદ્યાશાળાના અધિકૃત શાસ્ત્રીજી, પ્રકા. જૈન વિદ્યાશાળા, અમદાવાદ, ઈ. સ. ૧૯૦૦.]*

એક નિર્જન પ્રદેશમાં શિયાળ રહેતું હતું. સવાર પડે ને શિયાળ શિકારની શોધમાં નીકળી પડતું. આવી જ એક સવારે એક કૂમળા પ્રાણીનો શિકાર કરી એના માંસનો એક ટુકડો મોઢામાં મૂકી તે નદીને કિનારે પહોંચ્યું. ત્યાં નદીના પ્રવાહમાં જળની સપાટી ઉપર પોતાનું મુખ ઊંચું રાખી રહેલા એક માછલાને એણે જોયું. એટલે શિયાળને એ માછલાનું ભક્ષણ કરવાની લાલચ થઈ. તેથી મોંઢામાં રાખેલા માંસના ટુકડાને નદીના કિનારા ઉપર રાખીને તે માછલાને પકડવા માટે દોડ્યું. પણ શિયાળને પોતાના તરફ ધસી આવતું જોઈને માછલું ત્વરિત ગતિથી પાણીમાં પેસી ગયું. શિયાળ એના નવા શિકારમાં નિષ્ફળ જતાં નિરાશ બનીને પાછું નદીને કાંઠે આવ્યું. કાંઠે મૂકેલા પેલા માંસના ટુકડાને શોધવા લાગ્યું. પણ બન્યું હતું એવું કે જ્યારે શિયાળ માછલાને પકડવા દોડ્યું હતું એ સમયગાળામાં એક સમડી આવીને પેલો ટુકડો ઉપાડી ગઈ હતી. આમ શિયાળે લાલચમાં ને લાચમાં અનિશ્ચિત તો ગુમાવ્યું જ, પણ જે પ્રાપ્ત કરેલું હતું એ પણ ગુમાવ્યું.

આ દૃશ્ય નદીકાંઠે પોતાના જાર-પુરુષની રાહ જોઈ રહેલી સ્ત્રીએ જોયું. એણે પેલા શિયાળને કહ્યું કે 'તેં બંને બાજુથી ગુમાવ્યું છે.' ત્યારે શિયાળે કહ્યું કે, 'પતિનો ત્યાગ કરીને પરપુરુષ પ્રત્યે આસક્ત થયેલી તારી પણ મારા જેવી જ દશા છે ને! તું પણ બંને બાજુથી ભ્રષ્ટ થઈ છે.'

શું શિયાળ આ સ્ત્રીની જીવનકથની જાણતું હતું? હા.

વાત એમ હતી કે એ સ્ત્રી પોતાના પતિ સાથે નીકળી હતી. રસ્તામાં અંધારું થતાં એક નિર્જન સ્થાને પતિ-પત્નીએ મુકામ કર્યો. રાત્રે એક ચોર ત્યાં આવ્યો. પતિ ઊંઘતો રહ્યો, પણ પેલી સ્ત્રી ચોરના આગમનથી જાગી ગઈ. ચોરે એની મૂંઝવણ રજૂ કરતાં કહ્યું, 'હું ચોર છું. રાજ્યના રક્ષકો મારી પાછળ પડ્યા છે. તમે મને આશરો આપી ઉગારી લો.'

પેલી સ્ત્રી કહે, 'હું તારા પર આસક્ત થઈ છું. જો તું મારી ઈચ્છા સંતોષવા કબૂલ થતો હોય તો હું તને જરૂર ઉગારી લઈશ.' ચોરે એ સ્ત્રીની વાત કબૂલ રાખી.

સવારે રક્ષકો ચોરને શોધતા ત્યાં આવી પહોંચ્યા. એટલે પેલી સ્ત્રીએ ચોરની ઓળખ પોતાના પતિ તરીકે આપી. રક્ષકોને પણ થયું કે જે પુરુષની પાસે આવું તેજસ્વી સ્વરૂપવાન સ્ત્રીરત્ન હોય એ પુરુષ ચોર કેવી રીતે હોય? એટલે જે ખરેખરો ચોર હતો એને મુક્ત રાખ્યો. અને એ સ્ત્રીના ખરા પતિને ચોર માનીને રક્ષકો પકડીને લઈ ગયા. આમ સાચા ચોરને બદલે પતિને મૃત્યુદંડ મળ્યો.

ચોર અને સ્ત્રી બન્ને ત્યાંથી નીકળ્યાં. રસ્તામાં નદી આવી. એમાં ભારે પૂર આવેલું હતું. પેલો ચોર સ્ત્રીને કહે, 'તારાં સઘળાં વસ્ત્રો-અલંકારો સહિત તને પૂરમાંથી સામે કાંઠે લઈ જવા હું શક્તિમાન નથી. એટલે પહેલાં હું તારા સમગ્ર વસ્ત્રો-અલંકારોનું પોટલું હું તરીને સામે કાંઠે મૂકી આવું. પછી બીજા ફેરામાં હું તને ખભે બેસાડીને લઈ જઈશ. પેલી સ્ત્રી ચોરની વાત સાથે સંમત થઈ. એણે બધાં જ વસ્ત્રો-અલંકારો ચોરને ધરી દીધાં ને નિર્વસ્ત્ર અવસ્થામાં બાણોના સમૂહમાં દેહને ઢાંકીને એના જારપુરુષની રાહ જોતી છુપાઈને બેઠી.

હવે પેલા ચોરને સામે કાંઠે જઈને વિચાર આવ્યો કે 'આ સ્ત્રીએ મારા ઉપરની આસક્તિને લઈને પોતાના પતિને પણ તરછોડ્યો અને મરાવી નાખ્યો. આ સ્ત્રીનો ભરોસો શો?' આમ વિચાર કરતો એ સામે કાંઠેથી પેલી સ્ત્રીના બધા વસ્ત્રાલંકારો સાથે ભાગી ગયો.

પેલી સ્ત્રી સામે કાંઠેથી ચોરને નાસી જતો જોઈ રહી. આમ આ દુરાચારિણી સ્ત્રી બંને બાજુથી ભ્રષ્ટ થઈ. પતિ પણ ખોયો અને જારને પણ ખોયો.

માટે પેલા શિયાળે સ્ત્રીને વળતો ટોણો મારતાં કહ્યું કે 'તારી દશા મારા જેવી જ છે.' આ શિયાળ તે પેલી સ્ત્રીનો મૃત્યુદંડ પામેલો પતિ જ હતો. તે મૃત્યુની અંતિમ ક્ષણોમાં ઈશ્વરસ્મરણ દ્વારા ધર્મકૃપાએ

દેવલોકને પામ્યો હતો. અને એની દુરાચારી સ્ત્રીને પ્રતિબોધિત કરવા શિયાળનું સ્વરૂપ ધારણ કરીને આવ્યો હતો.

### (૫) સેચનક હાથીની કથા

*[આ કથાનો આધારસ્રોત છે આગમગ્રંથ 'ઉત્તરાધ્યયન સૂત્ર' પરની શ્રી લક્ષ્મીવલ્લભગણિવિરચિત અર્થદીપિકા ટીકા. મૂળ સૂત્રની ભાષા પ્રાકૃત, ટીકાની ભાષા સંસ્કૃત. રચના વર્ષ વિ. સં. ૧૭૪૫. સૂત્રના પ્રથમ 'વિનયશ્રુત અધ્યયન'માં આ કથા મળે છે.*

*પુસ્તક : 'શ્રીમદ્ ઉત્તરાધ્યયન સૂત્રમ્ (ટીકા તથા ગુજરાતી ભાષાનુવાદ), પ્રકા. પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ (જામનગરવાળા), ઈ. સ. ૧૯૩૫.]*

એક જંગલમાં મોટું હાથીનું ટોળું હતું. એ ટોળાનો અધિપતિ એક મદમત્ત હાથી હતો. ટોળાની હાથણીઓ જે જે બચ્ચાંને જન્મ આપે તેને પેલો અધિપતિ હાથી મારી નાખતો. ટોળામાંની એક હાથણી ગર્ભિણી થઈ. તેણે વિચાર્યું કે મને જે બાળ-હાથી જન્મશે તેને આ અધિપતિ હાથી મારી નાખશે. તેથી તે અવારનવાર આ ટોળામાંથી છૂટી પડી જતી અને જ્યારે પેલો ગજજૂથપતિ આવવાનો હોય ત્યારે ટોળામાં પાછી આવી જતી. આમ કરતાં આ હાથણીએ એક મુનિનો આશ્રમ જોયો. ત્યાં ગુપ્ત સ્થાનમાં હાથણીએ એક નાના ગજબાળને જન્મ આપ્યો. આશ્રમમાં જ્યારે એ ગજબાળ થોડો મોટો થયો ત્યારે મુનિકુમારોની સાથે આશ્રમના ઉદ્યાનમાં વૃક્ષોનું સેચનકાર્ય (પાણી પાવાનું કામ) કરવા લાગ્યો. આથી બધા મુનિઓએ એ હાથીનું નામ સેચનક પાડ્યું. એક વખત ફરતાં ફરતાં આ સેચનક હાથીને પેલા ગજજૂથપતિ હાથીનો ભેટો થયો. આ સેચનકે પેલા જૂથપતિને મારી નાખ્યો અને પોતે જ હવે હાથીઓના ટોળાનો અધિપતિ બની ગયો. પણ આટલેથી ન અટકતાં એણે મુનિઓના આશ્રમનો પણ વિનાશ કર્યો. એટલા માટે કે પોતાની માતા ગર્ભાવસ્થામાં આવા ગુપ્ત સ્થાનમાં આવીને રહી હતી.

આશ્રમ નષ્ટ થતાં બધા ઋષિમુનિઓ હાથમાં પુષ્પફલાદિક લઈને રાજગૃહીના શ્રેણિક રાજા પાસે ગયા. અને ફરિયાદ કરી કે સેચનક નામનો હાથી વનમાં રહી તોડફોડ કરી રહ્યો છે. શ્રેણિક રાજાએ મોટું સૈન્ય લઈ જઈ વનમાંથી એ હાથીને પકડી લાવીને બાંધ્યો. ઋષિમુનિઓએ ત્યાં આવી એ હાથીને કહ્યું કે, 'હે ગજરાજ! હવે તારું સામર્થ્ય ક્યાં ગયું? અમારા પ્રત્યે અવિનય દાખવ્યો એનું ફળ તને મળ્યું છે.'

આ સાંભળી સેચનક હાથી વધુ રોષે ભરાયો અને જ્યાં એને બાંધવામાં આવ્યો હતો એ થાંભલાને ભાંગીને ઋષિઓની પાછળ દોડ્યો. અને તે બધા મુનિઓને અધમૂઆ સરખા રગદોળીને જંગલમાં જઈ ફરીથી મુનિઓના આશ્રમમાં તોડફોડ કરવા લાગ્યો. એટલે ફરીથી શ્રેણિક રાજા તેને પકડવા ગયા. ત્યારે તે સેચનક હાથીના પૂર્વભવના સમાગમી દેવે તેને કહ્યું કે 'હે વત્સ! પારકાને હાથે દમન કે બંધન પામવા કરતાં જાતે જ દમન પામવું શ્રેષ્ઠ છે.' આવું દેવનું વચન સાંભળતાની સાથે તે હાથી સ્વયં બંધનસ્થંભે બંધાઈ ગયો. સ્વયંદમનથી હાથીને લાભ જ થયો. કેમકે રાજા શ્રેણિકના સૈનિકોના હાથે ભાલાનો માર ખાવામાંથી ઊગરી ગયો.

આ રીતે ઈંદ્રિયો પર, કષાયો પર તપ અને સંયમ દ્વારા સ્વયંદમનથી ગુણપ્રાપ્તિ થાય છે.

✷ ✷ ✷

## ધૂર્ત અને દ્રોહી મિત્રને પદાર્થપાઠ

*[આ કથાનો આધારસ્રોત છે આચાર્ય હરિભદ્રસૂરિ વિરચિત ગ્રંથ 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત છે. વૃત્તિ સંસ્કૃતમાં છે. પણ વૃત્તિકારે એમાં આપેલી કથાઓ બહુધા પ્રાકૃતમાં છે. આ વૃત્તિગ્રંથની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે. શ્રી મલયગિરિની 'નદી-અધ્યયન વૃત્તિ' (સંસ્કૃત)તેમજ હરજી મુનિ કૃત 'વિનોદચોત્રીસી'માં જૂની ગુજરાતી ભાષામાં આ કથા મળે છે.*

*પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.-અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાન્ત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨, વિ. સં. ૨૦૨૮ (ઈ. સ. ૧૯૭૨).]*

કનકાપુરી નગરીમાં કનકચંદ્ર રાજા રાજ્ય કરતો હતો. એ નગરીમાં બે વણિક રહેતા હતા. તે બંનેને એક એક પુત્ર. એકનું નામ ધર્મસેન, બીજાનું નામ વીરસેન. બન્ને વચ્ચે મૈત્રી એવી ગાઢ બંધાયેલી કે ઘડી માટે પણ તેઓ એકબીજાથી અળગા ન રહી શકે. મળે એટલે પરસ્પરને પોતાના સુખદુ:ખની સઘળી વાતો કર્યા કરે.

પણ આ બે મિત્રોમાં ધર્મસેન મનનો ખૂબ કપટી હતો. જ્યારે વીરસેન અત્યંત ભદ્ર પ્રકૃતિનો હતો.

એક દિવસ બંને મિત્રો વનક્રીડા અર્થે નગરીની બહાર નીકળ્યા. વનમાં ફરતાં ફરતાં એક સ્થાને એમણે એક બખોલ જોઈ. એમાં શું છે એ જોવા માટે એમણે કુતૂહલવશ સ્હેજ ખોદકામ કર્યું. તો એમના આશ્ચર્ય વચ્ચે એ બખોલમાંથી વિપુલ ધનરાશિ એમને સંપન્ન થયો.

ધર્મસેન વીરસેનને કહે, 'આ ધનરાશિને આપણે ઉતાવળે ઘેર નથી લઈ જવો. પરંતુ સારું મુહૂર્ત જોઈને લઈ જઈશું જેથી આ ધનની પ્રાપ્તિ આપણને ભવિષ્યમાં નસીબવંતી અને સાનુકૂળ રહે.'

નિખાલસ પ્રકૃતિનો વીરસેન ધર્મસેનની વાત સાથે સંમત થયો. બંને જણા એ ધનરાશિને સંતાડીને ઘેર આવ્યા.

પણ ઘેર આવ્યા પછી કપટી ધર્મસેનના મનમાં આ પ્રાપ્ત થયેલું સઘળુંયે ધન હડપ કરી જવાનો દુર્ભાવ પેદા થયો. અને એનો અમલ કેવી રીતે કરવો એ અંગે વિચારવા લાગ્યો.

સૂર્યાસ્ત થયો. રાત પડી. એટલે અંધારાનો લાભ લઈને ધર્મસેન પેલું ધન જ્યાં છુપાવ્યું હતું ત્યાં પહોંચી ગયો. એણે પાત્રમાંથી બધું ધન એક ઝોળીમાં ઠાલવી લીધું. અને એ પાત્રમાં ધનના સ્થાને અંગારા ભરીને મૂક્યા. સઘળું ધન લઈને ધર્મસેન ચૂપચાપ ઘેર આવ્યો.

બીજે દિવસે સવારે બંને મિત્રો ભેગા મળ્યા ને નક્કી કર્યું કે આજે શુભ મુહૂર્તમાં સંતાડેલું ધન લઈ આવીએ. ઈષ્ટ દેવને પ્રણામ કરીને બંને મિત્રો ધનરાશિ જ્યાં સંતાડ્યો હતો ત્યાં પહોંચ્યા. ત્યાં જઈને જોયું તો પાત્રમાંથી બધું દ્રવ્ય ગાયબ થયેલું અને એને સ્થાને અંગારા ભરેલા. બંનેના પેટમાં ફાળ પડી. એમાંયે કપટી ધર્મસેન તો આક્રંદ કરવા ને હૈયું કૂટવા લાગ્યો. જોકે આ બધો તો એનો ઉપર-ઉપરનો દેખાવ જ હતો.

પણ વીરસેન બુદ્ધિશાળી હતો. ધર્મસેને કરેલી ધૂર્તતાનો અને પોતાની સાથે કરેલા દગાનો અણસાર એને આવી ગયો. 'નક્કી, ધન આણે જ હરી લીધું છે' એમ મનમાં નિર્ણય થયો. પણ તત્કાળ તો વીરસેન ધર્મસેનને કાંઈ કહી શકે એમ નહોતું. પણ મનમાં ગાંઠ વાળી કે હું ગમે તે યુક્તિ કરીને પણ મારો ભાગ મેળવીશ જ. પછી એણે કપટી ધર્મસેનને ખેદ ન કરવા ને છાનો રહેવા સમજાવ્યો. બન્ને મિત્રો ઘેર પાછા ફર્યા.

હવે વીરસેને એક યુક્તિ આદરી.

એણે એક મનુષ્યકદની પ્રતિમા તૈયાર કરી. એ પ્રતિમાનો ચહેરો, શરીર, રૂપરંગ બધું પેલા ધર્મસેનને મળતું આવે એમ કર્યું. તે પ્રતિમાને વસ્ત્રો પહેરાવ્યાં.

થોડા સમય પછી વીરસેન બે બાળ-માંકડાંને લઈ આવ્યો. દરરોજ પેલી ધર્મસેનની પ્રતિમાના કોઈ એક ભાગે ખોરાક મૂકી વીરસેન પેલાં બે માંકડાને છૂટાં મૂકી દેતો. એટલે તે માંકડાં પેલી પ્રતિમાના હાથે, પગે, ખભે, મસ્તકે ચડી બેસીને ત્યાં મુકાયેલો આહાર કરવા લાગ્યાં. સમય જતાં એ બંને બાળ-મર્કટ મોટાં થયાં.

હવે કોઈ એક પર્વને દિવસે વીરસેન ધર્મસેનને ત્યાં ગયો અને કહ્યું કે, 'તારા બે પુત્રોને મારે ત્યાં આજના પર્વ પ્રસંગે ભોજન માટે મોકલ.' ધર્મસેને વીરસેનની વાત સ્વીકારીને બંને પુત્રોને મિત્રની સાથે મોકલ્યા. વીરસેન એ બન્ને બાળકોને ઘેર તેડી લાવ્યો. ભોજન કરાવ્યું અને પછી બન્નેને ગુપ્ત રીતે સંતાડી દીધા. પછી તરત જ વીરસેન ધર્મસેનને ત્યાં ગયો ને કહેવા લાગ્યો કે 'હે બંધુ! એક અસંભવિત ઘટના બની ગઈ છે. તું જલદી ઊભો થા ને મારે ઘેર ચાલ.'

વીરસેન ઉતાવળે ધર્મસેનને પોતાને ઘેર તેડી લાવ્યો. ધર્મસેન શું અસંભવિત બની ગયું છે એ જાણવા તલપાપડ થઈ રહ્યો હતો. પછી વીરસેને ધર્મસેનને કહ્યું, 'જોને, આ તારા બંને પુત્રો જમતાં જમતાં જ મર્કટ બની ગયા છે. ધર્મસેનને આ વાત સાંભળતાં સૌ પ્રથમ આંચકો તો લાગ્યો, પણ પછી આખી વાતને એણે હસવામાં જ ગણી લીધી. એ વીરસેનને કહે, 'તારી આ વાત શી રીતે માની શકાય?'

હવે વીરસેને એવો પ્રપંચ કર્યો કે જ્યાં ધર્મસેનની પ્રતિમા રાખી હતી તે પ્રતિમાને ખસેડી લીધી ને બરાબર એ જ જગાએ ધર્મસેનને બેસાડ્યો. પછી પેલાં બે માંકડાને એણે છૂટાં મૂક્યાં. રોજ ધર્મસેનની પ્રતિમાથી હેવાયેલાં એ બંને માંકડાં પ્રતિમા અને ખરેખરા ધર્મસેન વચ્ચેનો ફરક નહિ સમજવાથી અને બન્ને રૂપેરંગે, ચહેરેમહોરે એક સરખાં લાગવાથી ધર્મસેનના ખોળામાં આવીને બેસી ગયાં અને એના શરીર ઉપર ચડઊતર કરવા લાગ્યાં.

વીરસેન ધર્મસેનને કહેવા લાગ્યો, 'જો મિત્ર! તારાં બન્ને બાળકો ભલે માનવીમાંથી મર્કટ બની ગયાં, પણ તેથી કાંઈ તારા પ્રત્યેની એમની માયા છૂટી નથી. પિતાને જોતાં જ બન્ને બાળકો કેવાં ગેલ કરે છે!'

ધર્મસેન કહે, 'પણ તું મને એ કહીશ કે આમ કોઈ માનવ મર્કટ કેવી રીતે બની જાય?'

ત્યારે વીરસેન હસીને બોલ્યો, 'જો માનવ–બાળ મર્કટ ન બને તો સુવર્ણ અંગારા કેવી રીતે બને? પણ હા, કર્મ આડાં આવે ત્યારે હાથમાં આવેલું ધન પણ ચાલ્યું જાય.'

ધર્મસેન વીરસેનનાં આ મર્મવચન બરાબર પામી ગયો. એણે મનોમન નિશ્ચય કરી લીધો કે હવે આ વીરસેનની આગળ સાચી વાત કબૂલવી જ પડશે. જો ના પાડીશ તો રાડારાડ થશે અને છેક રાજા સુધી વાત પહોંચશે તો બધું જ ધન ચાલ્યું જશે. વળી બે પુત્રોને પણ પાછા મેળવવાના હતા. આમ વિચારીને ધર્મસેને કહ્યું, 'હે વીરસેન! મેં સાચે જ મિત્રદ્રોહ કર્યો છે. ધૂર્તપણું આચરીને મેં પાપીએ તને છેતર્યો છે. પણ આ વાત હવે તું કોઈને કહીશ નહીં.'

પછી ધર્મસેન છુપાવેલું ધન લઈ આવ્યો. બન્ને મિત્રોએ સરખે ભાગે વહેંચી લીધું. અને વીરસેને પણ ધર્મસેનને એના સંતાડી રાખેલા પુત્રો હેમખેમ પાછા સોંપ્યા. ✱✱✱

- *લોભી માણસને કદાચ કૈલાસ પર્વત જેવા સોના અને ચાંદીના અસંખ્ય પર્વત મળી જાય તો પણ તેને સંતોષ થતો નથી, કારણ કે ઇચ્છા આકાશની જેમ અનંત છે.*
- *મનુષ્ય જ્ઞાનથી પદાર્થને જાણે છે, દર્શનથી શ્રદ્ધા રાખે છે, ચારિત્રથી નિગ્રહ કરે છે અને તપથી પરિશુદ્ધ થાય છે.*

# ભણ્યા પણ ગણ્યા નહિ

અષ્ટાપદ નામે એક નગર છે. એમાં કુલશેખર નામે રાજા રાજ્ય કરે છે. એને સુબુદ્ધિ નામે પ્રધાન છે, અને ચંદ્રયશ નામે રાજપુરોહિત છે. એ નગરમાં કમલગુપ્ત નામનો શ્રેષ્ઠી વસે છે.

આ રાજા-પ્રધાન-પુરોહિત અને શ્રેષ્ઠીના ચારેય પુત્રો એક જ પંડિતની પાસે અભ્યાસ કરે છે. રાજપુત્ર સામુદ્રિક શાસ્ત્રની, પ્રધાનપુત્ર વૈદ્યકશાસ્ત્રની, પુરોહિતપુત્ર પ્રમાણશાસ્ત્રની અને શ્રેષ્ઠીપુત્ર જ્યોતિષ શાસ્ત્રની વિદ્યા ગ્રહણ કરે છે.

સમય જતાં આ ચારેય પુત્રો ભણીગણીને પોતપોતાની વિદ્યામાં પારંગત બન્યા. રાજા તો પોતાના કુંવરને શાસ્ત્રપારંગત થયેલો જોઈને ખુશ થઈ ગયો, અને પુત્રની પ્રશંસા કરવા લાગ્યો. ત્યારે મંત્રીએ કહ્યું કે 'શાસ્ત્રવિદ્યામાં ગમે તેટલી નિપુણતા મેળવી હોય પણ જ્યાંસુધી લોકાચારનું, લોકવ્યવહારનું જ્ઞાન ન મેળવ્યું હોય ત્યાંસુધી સાચું ભણ્યું ગણાય નહીં. જે સારી રીતે લોકવ્યવહાર જાણે છે તે જ આ જગતમાં જશ પામે છે. માટે હે રાજા, જો આપને મંજૂર હોય તો આપણે એમની પરીક્ષા કરીએ. અને એ માટે આપણા ચારેય પુત્રોને આપણાથી વેગળા કરીને બહાર મોકલીએ. રાજા મંત્રીની વાત સાથે સંમત થયા.

હવે આ ચારેય મિત્રો બળદ જોડેલા એક વાહનમાં બેસી નગરથી દૂરના સ્થળે જવા નીકળી પડ્યા. રસ્તામાં એક ગધેડો મળ્યો. શાસ્ત્રમાં એવું ભણેલા કે માર્ગમાં જે મળે એને બાંધવ ગણવો જોઈએ. એટલે એમણે આ ગધેડાને બાંધવ ગણી પકડી લીધો. એના ગળે વસ્ત્ર બાંધી પોતાની સાથે દોરવા લાગ્યા. પછી આગળ જતાં રસ્તામાં એક ઊંચી-મોટી કાયાવાળું ઊંટ મળ્યું. એટલે આ ચારેય મિત્રો અંદરોઅંદર પ્રશ્ન કરવા લાગ્યા કે 'આ કોણ છે?' પછી એમણે નિર્ણય કર્યો કે આ જીવ કોઈ ધર્મનું રૂપ લાગે છે. કારણકે ધર્મના જેવી જ એની શીઘ્ર ગતિ છે. પછી એ મિત્રોએ ઊંટને પણ પોતાની સાથે લીધું. એમણે વિચાર્યું કે શાસ્ત્રમાં પાંચ પ્રકારના બાંધવો કહ્યા છે. સહોદર, સહાધ્યાયી, મિત્ર, રોગમારક અને માર્ગમાં મળેલ સખા. એ રીતે આ બન્ને ગુણવાન બાંધવો આપણને પ્રાપ્ત થયા છે.

આમ કરતાં તેઓ એક ગામ પાસે આવ્યા. વાહનમાંથી ઊતરી ગામની બહાર તેઓ રોકાયા. ચારેયને કકડીને ભૂખ લાગી હતી. એટલે તેઓ ભોજનનો વિચાર કરવા લાગ્યા.

જ્યોતિષ-પારંગતે વાહનની રખેવાળી સ્વીકારી. પ્રમાણશાસ્ત્રીએ ઘીની વ્યવસ્થા સ્વીકારી. વૈદ્યકવિદ્યા ભણેલાએ શાકભાજી લાવવાનું સ્વીકાર્યું ને સામુદ્રિકશાસ્ત્ર-પારંગત રસોઈની વ્યવસ્થામાં રોકાયો.

એ ગાળામાં કોઈ ચોરલોકો આવીને સાથેના બળદ આદિ પશુઓને ચોરી ગયા. જેણે રખેવાળીની જવાબદારી સ્વીકારી હતી તે જ્યોતિષ-પારંગત બળદની શોધ માટે દોડી જવાને બદલે ટીપણું ખોલીને કુંડળી જોવા બેઠો.

ઘી લેવા ગયેલો પ્રમાણશાસ્ત્રી ઘી લઈને પાછો આવતો હતો ત્યારે રસ્તામાં એને વિચાર આવ્યો કે ઘીના આધારે આ પાત્ર છે કે પાત્રને આધારે ઘી છે? આ સંશય ટાળવા માટે એણે પાત્રને ઉલટાવ્યું. તરત જ બધું ઘી ઢોળાઈ ગયું.

શાકભાજી લેવા ગયેલા વૈદ્યકશાસ્ત્રીને બધાંજ શાકભાજી વાયુ-પિત્ત-સળેખમ કરનારા જણાયાં. એટલે માત્ર લીમડાનાં પાન લઈને તે પાછો આવ્યો.

જે મિત્ર રસોઈના કામમાં રોકાયો હતો એ ચૂલા પર ખદબદતી રસોઈનો અવાજ સાંભળી વિચારમાં પડ્યો કે 'આ અપશબ્દો શાના સંભળાય છે?' એટલે હાથમાં એક મોટો દાંડો લઈ એણે ચૂલે મૂકેલા વાસણ પર ફટકાર્યો. વાસણ ભાંગીને ટુકડા થઈ ગયું. આમ મૂર્ખામીને લઈને ચારેય જણા ભૂખ્યા રહ્યા.

બળદ અને ગર્દભ–ઊંટ તો ચોરાઈ ગયાં હતાં. એટલે ચારેય મિત્રો પગપાળા આગળ વધ્યા. થોડેક દૂર જતાં એક ગામ આવ્યું. ત્યાં બજારની વચ્ચે જઈને રોજની જેમ ઊભા રહ્યા. આ અજાણ્યા યુવાનોને આ રીતે ઊભેલા જોઈને એક ગ્રામવાસીએ કુતૂહલથી એમને વિશે પૂછપરછ કરી. ત્યારે ખબર પડી કે એ ચારેય જણા ખૂબ ભૂખ્યા છે, એટલે એના મનમાં દયા જાગવાથી એ ચારેયને પોતાને ઘેર લઈ ગયો, અને પેટ ભરીને જમાડ્યા. જમીને સંતુષ્ટ થયેલા આ યુવાનોએ યજમાનને કહ્યું કે, 'અમારા ઉપર તમે ઘણો ઉપકાર કર્યો છે. અમને કોઈક રીતે ઋણમુક્ત કરો.'

એમની વિનંતી સ્વીકારીને યજમાન ગૃહસ્થે ચારેયને કાંઈક ને કાંઈક કામની સોંપણી કરી. એકને કૂડીમાં ઘી ભરીને વેચવા મોકલ્યો. સાથે શિખામણ આપી કે રસ્તામાં ચોરનું ધ્યાન

*[આ કથા જૈન સાધુકવિ હરજી મુનિકૃત 'વિનોદચોત્રીસી'માં મળે છે. કૃતિ પદ્યબદ્ધ છે અને મધ્યકાલીન ગુજરાતી ભાષામાં વિ. સં. ૧૬૪૧ (ઈ. ૧૫૮૫)માં રચાઈ છે. આ કથાને મળતી ચાર મૂર્ખાઓની અવાંતર-કથા પં. વીરવિજયજીકૃત 'સુરસુંદરીનો રાસ'ના ચોથા ખંડની ૧૪મી ઢાળમાં અપાઈ છે. ભાષા મધ્યકાલીન ગુજરાતી. રચના વિ. સં. ૧૮૫૭ (ઈ. ૧૮૦૧).*
*પુસ્તક : 'હરજી મુનિકૃત વિનોદચોત્રીસી', સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૫.]*

રાખવું. બીજા બે જણાને ગાડું જોડીને લાકડાં લઈ આવવાનું કામ સોંપ્યું. ઘરમાં યજમાનના ઘરડાં માજી હતાં. એ રોગથી પીડાતાં હતાં. અને પથારીવશ હતાં. એટલે યજમાને ચોથા યુવાનને વીંઝણાથી પવન નાખી માજીના શરીર પરથી માંખો ઉડાડવાનું કામ સોંપ્યું.

જે યુવાન ઘી વેચવા ગયો તે રસ્તામાં ક્યાંય ચોર છે કે કેમ તે જોવા લાગ્યો. ક્યાંયે ચોર દેખાયો નહિ એટલે એણે મનમાં ગાંઠ વાળી કે નક્કી ચોર ઘીની કૂંડીમાં જ પેઠો હશે. એણે વાસણને વાંકું વાળ્યું ને તરત જ બધું ઘી ઢળી ગયું. એણે વિચાર્યું કે કૂંડીમાંથી હવે ચોર અવશ્ય નીકળી ગયો.

જે બે મિત્રો લાકડાં લેવા ગયા હતા તે ગાડામાં લાકડાં ભરીને પાછા વળતા હતા. ત્યારે ગાડાની ધરીનો ચિચૂટાડ સાંભળીને એમને થયું કે નક્કી આ ગાડાને સનેપાત ઊપડ્યો છે, ને ભારે તાવ ચઢ્યો લાગે છે. એટલે એમણે ગાડાને છાંયડામાં ખડું કર્યું. થોડા સમયમાં ધરીને ટાઢી થયેલી જોઈને એ બન્નેએ વિચાર્યુ કે ગાડું તો સાવ ઠંડુગાર થઈ ગયું છે એટલે નક્કી તે મરી ગયું લાગે છે. આમ જાણીને એ મૂર્ખાઓએ ગાડાને એ સ્થાને જ બાળી મૂક્યું. ગાડાનાં લોહ-અસ્થિને નદીમાં પધરાવ્યાં. અને સ્નાન કરીને પરત જવા નીકળ્યા. એટલામાં ઘી વેચવા નીકળેલો ત્રીજો મિત્ર ત્યાં જ મળી ગયો. પેલા બે મિત્રોએ આ ત્રીજાને પણ સ્નાન કરાવ્યું.

હવે આ બાજુ યજમાનને ઘેર માજીની સેવામાં રહેલા ચોથા મિત્રનું કૌતુક જુઓ. માખીને ઉડાડવા છતાં એક માખી ફરીફરીને માજીના શરીર પર આવીને બેસતી હતી. એટલે પેલા યુવાને ગુસ્સે ભરાઈને ત્યાં પડેલું એક લાકડું ઘરડાં માજીના મોં પર છૂટું ફેંક્યું. લાકડના ઘાથી માજી તત્કાળ મૃત્યુ પામ્યાં. આખા ઘરમાં કોલાહલ મચી ગયો. માજીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. અંતિમ વિધિ પતાવીને ઘરનાં બધાં ભેગાં મળીને બેઠાં હતાં, તેવામાં ગાડાનો અંતિમ સંસ્કાર કરીને પાછા ફરેલા પેલા ત્રણ મિત્રો ગાડાના મૃત્યુના શોકમાં યજમાન ગૃહસ્થની સામે બેસીને રડવા લાગ્યા. યજમાનને થયું કે આ ત્રણે જણા માજીના મૃત્યુના સમાચાર જાણીને મરણશોકમાં રડી રહ્યા છે. એટલે યજમાને એ ત્રણેને સામેથી આશ્વાસન આપતાં કહ્યું, 'માજી ઘરડાં હતાં, થવાનું થઈ ગયું. હવે એનો આટલો બધો શોક ન કરશો.'

પેલા મૂર્ખાઓ કહે, 'શેઠ, ગાડું સનેપાતમાં ને કાલજ્વરમાં મરી ગયું. એનો અગ્નિસંસ્કાર કરી, એનાં રાખ-અસ્થિ નદીમાં પધરાવીને અમે આવ્યા છીએ.' વળી, પેલો ઘી વેચવાનું કામ લઈને નીકળેલો યુવાન કહે, 'મેં ચોરને ઘીના વાસણમાં જોયો. વાસણ વાંકું વાળતાં તે નીકળી ગયો છે.'

યજમાન ગૃહસ્થ આ ચારેય યુવાનોની મૂર્ખાઈ બરાબર પામી ગયો.

પેલી બાજુ રાજા-મંત્રી-પુરોહિત અને શ્રેષ્ઠીએ પરીક્ષા અર્થે બહાર કાઢેલા આ ચારેય પુત્રોની ભાળ મેળવીને એમને પાછા તેડાવી લીધા. અને લોકાચાર અને લોકવ્યવહાર સારી રીતે શીખે એ રીતે એમને ફરી ભણાવ્યા.

✷✷✷

## કરકંડુની કથા

*[આ કથાનો આધારસ્રોત છે આગમગ્રંથ 'ઉત્તરાધ્યયન સૂત્ર' પરની શ્રી લક્ષ્મીવલ્લભગણિ-વિરચિત અર્થદીપિકા ટીકા. મૂળ સૂત્રની ભાષા પ્રાકૃત. ટીકા ગ્રંથની ભાષા સંસ્કૃત. રચનાવર્ષ વિ. સં. ૧૭૪૫. મૂળ સૂત્રના ૯મા અધ્યયન 'નમિપ્રવજ્યા'માં આ કથા મળે છે.*

*પુસ્તક : શ્રીમદ્ ઉત્તરાધ્યયન સૂત્રમ્' (ટીકા તથા ગુજરાતી ભાષાનુવાદ સહિત.) પ્રકા. પંડિત હીરાલાલ હંસરાજ (જામનગરવાળા), ઈ. સ. ૧૯૩૫.]*

ચંપાનગરીમાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. રાણીનું નામ પદ્માવતી, જે ચેટક મહારાજાની પુત્રી હતી. રાણી પદ્માવતી સગર્ભા થઈ ત્યારે તેને એક વખત એવો દોહદ જાગ્યો કે પોતે પુરુષનો વેશ ધારણ કરે અને પતિદેવ પોતાને હાથી ઉપર બેસાડી, માથે છત્ર ધરીને બગીચામાં લઈ જાય. પરંતુ પદ્માવતી સંકોચને કારણે આ દોહદ રાજાને કહી શકતી નહોતી. પરિણામે દિન-પ્રતિદિન શરીરે દૂબળી થતી જતી હતી. આ જોઈને એક દિવસ રાજાએ રાણીને દુર્બળતાનું કારણ પૂછ્યું. ત્યારે રાણીએ સગર્ભાવસ્થામાં પોતાને જાગેલો મનોરથ કહી બતાવ્યો. આ સાંભળી રાજાને તો આનંદ જ થયો.

એક દિવસ રાણીને હાથી ઉપર બેસાડી, પોતે રાણીને માથે છત્ર ધરી રાણીની પાછળ હાથી ઉપર બેસી વનમાં વિહાર કરવા નીકળ્યો. તે સમયે વર્ષાની ધીમી ફરફર ચાલુ થઈ. નવવર્ષાના જળથી ભીંજાયેલી ધરતીની માટીની મહેકથી અને વિવિધ વૃક્ષો પરના પુષ્પોની સુગંધથી હાથી વિહ્વળ અને મદોન્મત્ત બની પોતાના મૂળ નિવાસ સમી અટવી ભણી દોડવા લાગ્યો. હાથીને તદ્દન નિર્જન જંગલ તરફ દોડતો જોઈ સગર્ભા રાણી ગભરાવા લાગી. સામે એક વડનું ઝાડ આવતું જોઈ રાજા રાણીને કહેવા લાગ્યો, 'હે પ્રિયે, આગળ જે વડ આવે છે તેની એક શાખા પકડીને તું ટીંગાઈ જજે. હું પણ એમ જ કરીશ. પછી હાથી ભલે ચાલ્યો જતો.' આમ કહી વડનું વૃક્ષ આવતાં રાજાએ એની એક ડાળ પકડી લીધી. પણ ગભરાઈ ગયેલી રાણી એમ ન કરી શકી. પરિણામે એકલી રાણીને લઈને હાથી જંગલ ભણી દોડી ગયો. રાજા વડની ડાળીએથી

હેઠો ઊતરી પાછળ રહી ગયેલા સૈન્યને મળ્યો અને પત્નીવિયોગમાં દુઃખી થઈને ચંપાનગરીમાં પાછો આવ્યો.

ગાઢ જંગલમાં પહોંચેલો હાથી તરસ્યો થયો હતો. ત્યાં એક સરોવર પાસે તરસ છીપાવવા નીચાણમાં ઊતરવા જાય છે તે વેળાએ રાણી એક ઝાડનું આલંબન લઈને હાથીની પીઠ પરથી નીચે ઊતરી ગઈ. એક બાજુ શ્રમિત અને તૃષાતુર થયેલો હાથી સરોવરમાં પ્રવેશ્યો. બીજી બાજુ ભયભીત થયેલી રાણી વિચારચગડોળે ચડી ગઈ. થોડા સમય પહેલાં પોતે કેવા સુખમાં વિહરતી હતી! અને અત્યારે ક્યાંથી ક્યાં કેવી સ્થિતિમાં મુકાઈ ગઈ. કોઈ હિંસક પ્રાણીના હુમલાથી મૃત્યુ પણ ગમે ત્યારે આવી લાગે એમ વિચારી ઈષ્ટદેવનું સ્મરણ કરતી, સર્વ જીવોની ક્ષમા માગતી કોઈ એક દિશામાં ચાલતી હતી. થોડેક આગળ જતાં એક મુનિને જોયા. એ મુનિએ રાણીને પૂછ્યું, 'તું કોની પુત્રી છે? કોની પત્ની છે? તારી આકૃતિ પરથી તો તું ઘણી ભાગ્યવતી જણાય છે. તારી આ અવસ્થા કેમ થઈ? અહીં કેવી રીતે આવી ચડી? તું અમારો કશો ભય રાખ્યા વિના બધી વાત કર.' રાણીએ પણ મુનિની નિર્મળતાને પામીને પોતાનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. મુનિ રાણીના પિતા ચેટકરાજાના નિકટના પરિચિત હતા. તેઓ રાણીને આશ્વાસન આપી પોતાના આશ્રમે લઈ ગયા. ભોજન કરાવ્યું.

પછી મુનિ વનપ્રદેશના અમુક સીમાડા સુધી રાણીની સાથે જઈ એને કહ્યું કે 'અહીંથી હળ વડે ખેડેલી જમીન સદોષ હોવાથી અમે ઓળંગી શકીએ નહીં. એટલે હું અહીંથી પાછો વળીશ. પણ તું આ માર્ગે દંતપુર નગરે જા. ત્યાંથી સારો સાથ મળ્યે તું ચંપાનગરી પહોંચી જજે.'

રાણી દંતપુર પહોંચી. ત્યાં સાધ્વીજીઓના એક ઉપાશ્રય પાસે થોભી. એક સાધ્વીજી રાણીને પૂછગાછ કરતાં રાણીએ સઘળો વૃત્તાંત કહ્યો. સાધ્વીએ રાણીને સંસારની અસારતા સમજાવી અને ધર્મોપદેશ દ્વારા પ્રતિબોધ પમાડી. રાણીને વૈરાગ્ય ઉત્પન્ન થતાં તે દીક્ષા લેવા તત્પર બની. હવે જો પોતાની સગર્ભાવસ્થાની વાત કરે તો દીક્ષાવ્રતમાં વિઘ્ન આવે એમ સમજી પોતાની સગર્ભાવસ્થા રાણીએ સાધ્વીને જણાવી નહિ અને દીક્ષા ગ્રહણ કરી લીધી.

જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ આ નવદીક્ષિતાનું ઉદર વિકસિત થતું જોઈ પેલાં સાધ્વીએ પ્રશ્ન કર્યો, 'આ શું?' ત્યારે તેણે દીક્ષા સમયે પોતાની સગર્ભાવસ્થાની વાત કહી. એણે કબૂલ્યું કે દીક્ષાગ્રહણમાં વિઘ્નના ભયથી પોતે આ વાત છુપાવી હતી. સમગ્ર પરિસ્થિતિ પારખી જઈને પેલા સાધ્વીજીએ આ નવદીક્ષિતા માટે એકાંત સ્થળે રહેવાની વ્યવસ્થા કરી. દિવસો વીતતા ગયા. પ્રસૂતિની વેળા આવી પહોંચી. અને રાણીએ સ્વીકારેલા એકાંતવાસમાં પુત્રને જન્મ આપ્યો. પછી તેણે પુત્રને એક કંબલમાં વીંટાળ્યો, પિતાનું નામ મુદ્રાંકિત કર્યું અને ઝટ નજીકના સ્મશાનમાં મૂકી દીધો. સ્મશાનની જાળવણી કરનાર ચાંડાલ ત્યાં આવ્યો ત્યારે તેણે કંબલમાં લપેટેલું બાળક જોયું. તેણે અવલોકન કરતાં જણાયું કે આ કોઈ સ્ત્રીએ ત્યજી દીધેલો પુત્ર હતો. એને ઘેર લઈ જઈને ચાંડાલે એ પુત્ર પત્નીને સોંપ્યો. પત્ની નિઃસંતાન હોવાથી ઘણી ખુશ થઈ.

હવે રાણી (નવદીક્ષિતા સાધ્વી) પુત્રને ત્યજ્યા પછી સ્મશાનમાં સંતાઈને ઊભી હતી. તેણે ચાંડાલ પુત્રને ઉઠાવીને ઘેર લઈ ગયો તે જોયું. પછી ઉપાશ્રયમાં જઈ મોટાં સાધ્વીને કહ્યું કે પોતાને મરેલો બાળક જન્મ્યો હોવાથી એને ત્યજી દીધો છે.

ચાંડાલને ઘરે એ સ્વરૂપવાન બાળક મોટો થવા લાગ્યો. તે નજીકના છોકરાઓ સાથે રમતો ત્યારે પણ 'હું રાજા છું, તમે મારા સામંત છો' એમ હુકમ ચલાવતો. એને આખા શરીરે નાની વયથી જ ચળનો ઉપદ્રવ હતો. એટલે એ સાથી બાળકોને હુકમ કરતો કે 'તમારે મને કર આપવો જોઈએ. તમે મારા શરીરે ખંજવાળો એ તમારો કર.' આ ઉપરથી સહુએ એનું નામ 'કરકંડૂ' પાડ્યું. સાધ્વી બનેલી એની માતા વહોરવા જાય ત્યારે મોદક કે અન્ય મિષ્ટાન્ન મળ્યું હોય તે ચાંડાલના રહેઠાણ પાસે જઈ એના બાળકને આપતી આવે. 'આ મારી માતા છે' એમ નહિ જાણતો આ બાળક પણ સહજ રીતે સાધ્વી પ્રત્યે વિનય અને પ્રીતિ રાખતો હતો. ધીમે ધીમે મોટો થયેલો આ કરકંડૂ સ્મશાનની સુરક્ષાનું કામ સંભાળવા લાગ્યો.

એક દિવસ સ્મશાન આગળથી બે સાધુ પસાર થતા હતા. ત્યાં ઊગેલો વાંસ જોઈને એક સાધુ બીજા સાધુને કહેવા લાગ્યા, 'આ વાંસને મૂળમાંથી ચાર આંગળ જેટલો કાપી જે પોતાની પાસે રાખે તે ભવિષ્યમાં અચૂક રાજા થાય.'

મહાત્માના આ શબ્દો ત્યાં ઊભેલા કરકંડૂએ તેમ જ એક બ્રાહ્મણે સાંભળ્યા. બ્રાહ્મણે તો તરત જ વાંસને મૂળમાંથી ચાર આંગળ કાપી લીધો અને પોતાની સાથે લઈ જતો હતો તે વખતે કરકંડૂએ એ વાંસનો ટુકડો બ્રાહ્મણ પાસેથી ઝૂંટવી લીધો, અને કહેવા લાગ્યો, 'આ વાંસ મારા બાપની સ્મશાનભૂમિમાં ઊગેલો છે એ હું તને નહિ લેવા દઉં.'

બન્ને જણા વાંસદંડ અંગે વિવાદ કરવા લાગ્યા. છેવટે બન્ને ફેંસલા માટે નગરના અધિકારી પાસે પહોંચ્યા. અધિકારી કરકંડૂને કહે, 'આ વાંસનું તારે શું કામ છે?' કરકંડૂ કહે, 'આ વાંસ મને રાજ્ય અપાવશે.' અધિકારી હસી પડ્યા. અને કહેવા લાગ્યા, 'ભલે, આ વાંસ તું લઈ જા. અને જ્યારે તને રાજ્ય મળે ત્યારે એક ગામ આ બ્રાહ્મણને આપજે હોંને!' કરકંડૂ કબૂલ થયો. અને વાંસદંડ લઈને ઘેર ગયો. પેલા બ્રાહ્મણે વૈરવૃત્તિ રાખીને કરકંડૂને મારવાની તૈયારી કરી. ચાંડાલ પિતાને આ વાતની ખબર પડતાં તે આ ગામ છોડી અન્ય પ્રદેશમાં રહેવા ચાલી ગયો.

ચાંડાલ કાંચનપુર નામના નગરમાં આવી પહોંચ્યો. તે જ સમયે

એક ઘટના બની. ત્યાંનો રાજા અપુત્ર મૃત્યુ પામતાં મંત્રીઓએ રાજાના ઘોડાને છૂટો મૂક્યો હતો. એ ઘોડો ફરતો ફરતો જ્યાં કરકંડૂ એના ચાંડાલ પિતા સાથે નગર બહાર સૂતો હતો ત્યાં આવી હેષારવ (હણહણાટ) કરવા લાગ્યો. પ્રજાએ તરત જ આ છોકરાને લક્ષણવંતો માની જયજયનાદ કર્યો. મંત્રીઓએ કરકંડૂને એ ઘોડા ઉપર બેસાડી નગર પ્રવેશ કરાવ્યો. દેવોએ પણ તેના મસ્તક પર પુષ્પવૃષ્ટિ કરી. મંત્રીઓએ કરકંડૂને રાજગાદીએ બેસાડ્યો. સમય જતાં તે રાજ્યનો મહાપ્રતાપી રાજા બન્યો.

હવે એક દિવસ વંશદંડ માટે વિવાદ કરનારો બ્રાહ્મણ કરકંડૂ પાસે આવી ચડ્યો. કરકંડૂએ તેને ઓળખ્યો અને પૂર્વે આપેલા વચન પ્રમાણે તેને એક ગામ આપવા તૈયાર થયો.

બ્રાહ્મણે કહ્યું, 'ચંપાનગરીમાં મારું ઘર છે. એટલે એ પ્રદેશમાં એક ગામની ઈચ્છા રાખું છું.'

આ ચંપાનગરી એટલે કરકંડૂના ખરા પિતા દધિવાહન રાજાની નગરી. કરકંડૂ એના ખરા પિતાથી તો અજાણ હતો. એણે દધિવાહન રાજા ઉપર એક આજ્ઞાપત્ર લખ્યો કે 'તમારા પ્રદેશમાં, આવેલ બ્રાહ્મણને એક ગામ આપજો.' આ આજ્ઞાપત્ર એણે એના દૂત સાથે મોકલાવ્યો. દૂતે ચંપાનગરી પહોંચી આજ્ઞાપત્ર દધિવાહન રાજાને સોંપ્યો. પત્ર વાંચી રાજા ગુસ્સે ભરાયો, 'મૃગલા જેવો એક મ્લેચ્છ બાળક સિંહતુલ્ય મારા જેવાને આજ્ઞા કરે!' આમ કહી દધિવાહને દૂતને ધૂત્કારી કાઢ્યો. દૂતે કરકંડૂને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. આથી ક્રોધિત થઈને કરકંડૂ સૈન્ય સાથે ચંપાપુરી પાસે આવી પડાવ નાખ્યો. બન્ને પક્ષે યુદ્ધની તૈયારી થવા લાગી. એ જ સમયે કરકંડૂની ખરી માતા (સાધ્વી) પુત્રના પડાવ પાસે આવી પહોંચી અને કરકંડૂને કહેવા લાગી, 'હે કરકંડૂ રાજા, તમે તમારા પિતાની સામે યુદ્ધે કેમ ચડો છો?' કરકંડૂએ પૂછ્યું, 'હે સાધ્વીજી, દધિવાહન રાજા મારા પિતા શી રીતે?' ત્યારે સાધ્વીએ પુત્રને પોતાનો સઘળો પૂર્વવૃત્તાંત કહી સંભળાવ્યો.

કરકંડૂ પોતાના સાચાં માતાપિતાથી જ્ઞાત થયો. મનમાં આનંદ પણ થયો. પણ અહં હજી છૂટ્યો નહોતો. પિતાને પણ નમતું આપવા એ તૈયાર નહોતો. ત્યારે સાધ્વી માતા દધિવાહનના મહેલે પહોંચી. સૌ સેવકોએ સાધ્વીવેશમાં પણ રાણીમાતાને ઓળખી લીધા. રાજાને રાણીના આગમનની વધામણી આપી. રાજાએ સાધ્વીસ્વરૂપા રાણીને ઓળખ્યાં અને વંદન કર્યા.

વનમાં રાજાથી વિખૂટા પડી જવું, સગર્ભા અવસ્થા, દીક્ષિત થવું, પુત્રજન્મ ઘટનાઓથી સાધ્વીએ રાજાને પરિચિત કર્યા. અને કહ્યું કે 'આ કરકંડૂ તમારો જ પુત્ર. એની સામે યુદ્ધે ચડશો?'

દધિવાહન પ્રસન્ન થયો. પગે ચાલીને કરકંડૂ પાસે ગયો. પુત્રને આલિંગનમાં લીધો. મસ્તકે સૂંઘ્યો, હર્ષનાં આંસુ વહાવ્યાં અને પુત્રને ચંપાનગરીના રાજ્ય ઉપર અભિષિક્ત કર્યો. દધિવાહને દીક્ષા ગ્રહણ કરી.

કરકંડૂ કાંચનપુર અને ચંપાનગરી બન્ને રાજ્યો, ચંપાનગરીમાં રહીને, સંભાળી રહ્યા છે. આ કરકંડૂને ગાયોનાં ટોળાં ખૂબ ગમતાં. એમના શિંગડાં, પુચ્છ, મુખાકૃતિ વગેરેની શોભા એમને ખૂબ ગમતી. એક દિવસ એ ગાયોના ટોળામાં સુંદર વર્ણનો સ્ફટિક સમો શોભાયમાન વાછડો એમના જોવામાં આવ્યો. એટલે ગોવાળોને એમણે ભલાણ કરી કે આ વાછડાને પેટ ભરીને ગાયમાતાનું દૂધપાન કરાવવું અને સારી રીતે ઉછેર કરવો. ગોવાળો વાછડાનું વિશેષ ધ્યાન રાખવા લાગ્યા. એથી થોડા જ સમયમાં વાછડો શરીરે ખૂબ માંસલ, હૃષ્ટપુષ્ટ બની ગયો. અન્ય વાછડાંને ગર્જના કરીને ત્રાસ આપતો, તોયે રાજા એના પ્રત્યે પ્રીતિમાન જ રહેતા.

હવે રાજકાજમાં અત્યંત વ્યસ્ત રહેવાને કારણે રાજા ગૌધામમાં નિરીક્ષણ કરવા કેટલાંક વર્ષો સુધી જઈ જ ન શક્યા. એક દિવસ ઓચિંતા જ એમને પેલા વાછડાની યાદ આવી. એના શોભાયમાન દેહને નીરખવા રાજા ગૌધામમાં પહોંચ્યાં. અને ગોવાળોને એ વાછડાને પોતાની પાસે લઈ આવવા કહ્યું. રાજાએ ત્યાં શું જોયું? એક અત્યંત ઘરડો થયેલો, પડી ગયેલા દાંતવાળો, ખૂબ જ દૂબળી કાયાવાળો બળદ જોયો. ગોવાળોએ કહ્યું, 'આપ જેને જોવા ઈચ્છો છો તે જ આ વાછરડો છે.'

રાજા વિચારે ચઢી ગયો, 'આ સંસારદશા કેટલી વિષમ છે! ક્યાં આ પ્રાણીની પૂર્વની મનોહર અવસ્થા અને ક્યાં આજની વૃદ્ધાવસ્થા! આ સંસારચક્રમાં, ભવાટવીમાં આમ જ જીવો નવી નવી અવસ્થાને પામે છે. શાશ્વત સુખમય અવસ્થા હોય તો તે કેવળ મોક્ષ જ છે.'

આ રીતે કરકંડૂ રાજા વૃદ્ધ બળદના દર્શનનું નિમિત્ત પ્રાપ્ત થતાં પૂર્વભવના સંસ્કારોના ઉદયથી વૈરાગ્ય-અભિમુખ બન્યા, પ્રતિબુદ્ધ થયા, રાજ્યનો પરિત્યાગ કરી, દીક્ષિત થઈ સંયમપંથે સંચર્યા. ✷

- *ગુરુ અને વૃદ્ધોની સેવા કરવી, અજ્ઞાની જીવોના સંગથી દૂર રહેવું, સ્વાધ્યાય કરવો, સૂત્રાર્થનું સારી રીતે ચિંતન કરવું, એકાંતમાં રહેવું અને ધૈર્ય ધારણ કરવું એ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.*
- *સરળ મનુષ્યની શુદ્ધિ થાય છે. શુદ્ધ માણસમાં જ ધર્મ સ્થિર થાય છે. ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ શુદ્ધ થઈ તે મનુષ્ય પરમ મુક્તિ પામે છે.*
- *પાંચ ઇન્દ્રિયો તથા ક્રોધ, માન, માયા અને લોભને જીતવાં કઠિન છે. આત્માને જીતવો તેથી પણ વધુ કઠિન છે; પરંતુ આત્માને જીતવાથી સર્વ જીતી લેવાય છે.*

# સાવધાની, સમતા, સહિષ્ણુતા – તે આનું નામ

મગધ દેશમાં નંદિ નામના ગામમાં ગૌતમ નામનો બ્રાહ્મણ હતો. તે ભિક્ષાચર તરીકે વિવિધ ગામોમાં ભિક્ષા અર્થે ભ્રમણ કરતો. તેને ધારિણી નામની પત્ની હતી. કેટલોક સમય વીત્યા પછી ધારિણી સગર્ભા થઈ. પણ ગર્ભાવસ્થાના છ મહિના થયા હતા ત્યાં પતિનું અવસાન થયું. પછી પ્રસવકાળે પુત્રને જન્મ આપી ધારિણી પણ મૃત્યુ પામી. આથી માતા-પિતાનું છત્ર ગુમાવી બેઠેલો આ પુત્ર મામાને ત્યાં મોટો થવા લાગ્યો. એનું નામ નંદિષેણ રાખવામાં આવ્યું. નંદિષેણ મામાને ત્યાં ખેતી, પશુપાલન આદિ કામોમાં મદદરૂપ થતો. એ રીતે મામાનો બોજ પણ થોડો હળવો થયો.

એ ગામમાં કેટલાક ઈર્ષ્યાળુ લોકો હતા. તેઓ આ નંદિષેણની કાનભંભેરણી કરવા લાગ્યા, 'તું આ મામાનાં ગમે તેટલાં વૈતરાં કરીશ અને તેઓ ગમે તેટલા ધનસંપન્ન થશે તોપણ તને કશો લાભ થવાનો નથી.' સતત થતી કાનભંભેરણીથી નંદિષેણના કાર્યમાં મંદતા આવી. તે અગાઉ કરતાં ઓછું કામ કરવા લાગ્યો. મામાને આનો અણસાર આવી જતાં એમણે નંદિષેણને સમજાવ્યો કે 'કેટલાક લોકોને પારકાં ઘર ભાંગવામાં આનંદ આવતો હોય છે. આવા લોકો તને નાહકના ભરમાવી રહ્યા છે.' પછી એમણે નંદિષેણનો ઉત્સાહ વધારવા કહ્યું, 'મારી ત્રણ પુત્રીઓમાંથી સૌથી મોટી પુત્રી યૌવનવયમાં આવશે એટલે એનાં લગ્ન હું તારી સાથે કરીશ.' આ વાતથી પ્રોત્સાહિત થઈને નંદિષેણ ઘરના તમામ કામ અગાઉની જેમ કરવા લાગ્યો.

હવે મોટી પુત્રી જ્યારે વયમાં આવી ત્યારે એણે નંદિષેણ સાથે લગ્ન કરવાની પિતા સમક્ષ અનિચ્છા પ્રગટ કરી. પુત્રીએ કારણ એ આપ્યું કે નંદિષેણ દેખાવે કદરૂપો હતો અને તેને એ જરાયે ગમતો નહોતો.

હતાશ થઈને નંદિષેણ ઘરકામમાં વળી પાછો પ્રમાદ કરવા લાગ્યો. ત્યારે મામાએ એને પુનઃ સમજાવ્યો કે આ મોટી પુત્રીએ ભલે લગ્નનો ઈન્કાર કર્યો, પણ બીજી પુત્રીને હું તારી સાથે પરણાવીશ. પણ સમય જતાં બીજી પુત્રીએ પણ નંદિષેણને પરણવાની અનિચ્છા પ્રગટ કરી. એટલે મામાએ ત્રીજી પુત્રી આપવાનું જણાવ્યું. પરંતુ આ ત્રીજી પુત્રીએ પણ નંદિષેણ સાથેના લગ્નની ના પાડી દીધી.

ઉપરાછાપરી બનેલી લગ્નઈન્કારની આ ઘટનાઓથી નંદિષેણના જીવનમાં વૈરાગ્ય પેદા થયો. મામાના ઘરેથી નીકળી જઈને નંદિવર્ધન નામના આચાર્ય પાસે જઈ એણે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષિત થયા પછી એણે નિર્ણય કર્યો કે પૂર્વભવમાં જે પાપકર્મો મેં કર્યાં છે એ કર્મોના ક્ષય માટે હું હવે મારા આ સાધુજીવનમાં તપશ્ચર્યાનો માર્ગ ગ્રહણ કરીશ. આમ નિશ્ચય કરીને તેઓ છઠ્ઠ (સળંગ બે ઉપવાસ)ને પારણે છઠ્ઠનો તપ કરવા લાગ્યા. તે ઉપરાંત એમણે બાળ-રોગી-વૃદ્ધ સાધુજનોની સાધનામાં સહાયરૂપ બનવારૂપ (વૈયાવચ્ચનો) અભિગ્રહ લીધો. એમના આવા સાધુવર્ગની સેવાના અભિગ્રહ માટે તેઓ ખૂબ જાણીતા બન્યા. ઠેકઠેકાણેથી નંદિષેણ મુનિના આ ગુણની પ્રશંસા થવા લાગી.

નંદિષેણ મુનિના આ વૈયાવચ્ચ તપની પ્રતીતિ કરવાનું એક દેવે વિચાર્યું. એ દેવે માયાજાળથી બે સાધુ પેદા કર્યા. એક સાધુને રોગી તરીકે વનપ્રદેશમાં રાખ્યા. અને બીજા સાધુને નંદિષેણ મુનિ પાસે મોકલ્યા. નંદિષેણ પાસે આવી આ સાધુ કહેવા લાગ્યા, 'વનમાં એક બીમાર સાધુ છે. તેમની સેવાશુશ્રૂષા કરવાના અભિલાષાવાળા જે હોય તે સત્વરે ત્યાં પહોંચે. નંદિષેણ મુનિ આ સમયે છઠ્ઠના તપનું પારણું કરવા બેઠા હતા. હજી તો પહેલો કોળિયો હાથમાં હતો. ત્યાં જ આ સાધુના બોલ કાને પડતાં જ ઊભા થઈ ગયા ને પૂછવા લાગ્યા, 'ત્યાં બીમાર સાધુને કઈ વસ્તુનો ખપ છે?' આગંતુક સાધુ કહે, 'ત્યાં પાણીની જરૂર છે.' નંદિષેણ મુનિ પાણી માટે ઉપાશ્રયેથી નીકળ્યા. પણ પરીક્ષા લઈ રહેલ પેલા દેવે માયાજાળ પાથરીને જ્યાં જ્યાં નંદિષેણ જાય ત્યાં પાણી અશુદ્ધ કરી નાખતા. આહાર-પાણીની શુદ્ધિ માટે સાવધાની રાખનાર આ મુનિ અશુદ્ધ પાણી ગ્રહણ કરતા નથી. આમ એક વાર, બે વાર ને છેવટે ત્રીજી વારના ભ્રમણ સમયે શુદ્ધ પાણી મેળવી શક્યા.

પછી નંદિષેણ મુનિ સત્વરે વનમાં રહેલા માંદા સાધુ પાસે પહોંચી ગયા. મુનિના ત્યાં જતાંવેંત જ તે સાધુ આક્રોશપૂર્વક કઠોર વેણ સંભળાવવા લાગ્યા. 'તું સાધુઓની વૈયાવચ્ચ કરનાર છે એમ કહેવાય છે અને તું એમ માને છે, પણ એ માત્ર નામનું જ છે. તારામાં એવા કોઈ ગુણ તો દેખાતા નથી. તેં અહીં આવવામાં કેટલો વિલબં કર્યો. ભોજન કરીને આવ્યો જણાય છે. મારી માંદગીનો તો તેં કંઈ ખ્યાલ રાખ્યો જ નથી.'

*[આ કથાનો આધારસ્રોત છે આ. હરિભદ્રસૂરિ-વિરચિત ગ્રંથ 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત. વૃત્તિની ભાષા સંસ્કૃત. પણ વૃત્તિકારે એમાં જે કથાઓ આપી છે તે બહુધા પ્રાકૃતમાં છે. વૃત્તિની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે 'ઉપદેશમાલા'ની 'હેયોપાદેયાટીકા'માં પણ આ કથા મળે છે.*

*પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ'. સંપા.–અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા.–પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨, વિ. સં. ૨૦૨૮ (ઈ. સ. ૧૯૭૨).]*

નંદિષેણ મુનિએ સાધુના આવાં આકરાં વેણને પણ અમૃતસમાન ગણી સહી લીધાં. મુનિ સાધુના પગમાં પડ્યા. અપરાધ માટે ક્ષમા માગી. પછી તરત જ મુનિ સાધુના મલ-મૂત્રથી ખરડાયેલાં વસ્ત્રો ધોઈને સાફ કરવા લાગ્યા. પછી માંદા સાધુને કહેવા લાગ્યા, 'આપ ઊભા થાવ. આપણે વસતિવાળા સ્થાને જઈએ. ત્યાં આપનું સ્વાસ્થ્ય સારું થશે.' સાધુ કહે, 'આ સ્થાનેથી ક્યાંય પણ જઈ શકવાની મારી શક્તિ નથી.' મુનિ કહે, 'હું આપને મારી પીઠ ઉપર બેસાડીને લઈ જઈશ. પછી તે સાધુ મુનિના ખભે બેસી ગયા. નંદિષેણ સાધુને ખભે બેસાડી ઝડપથી ચાલવા માંડ્યા. દૈવી માયાથી મલ-મૂત્રની પ્રસરી રહેલી દુર્ગંધ મુનિ સહન કરતા રહ્યા. વળી, આખા રસ્તે બીમાર સાધુનો આક્રોશ અને કઠોર વચનો તો ચાલુ જ હતાં, 'હું ખૂબ જ પીડા અનુભવું છું. તું ખાડાટેકરાવાળા રસ્તે ચાલે છે જે મને પીડા પહોંચાડે છે. તને ધિક્કાર છે.' મુનિ અત્યંત સમતાભાવે આ કઠોર વચનો સાંભળતા રહ્યા. તેઓ આ કઠોર વાણીને જરા ય મન ઉપર લેતા નથી. સાધુ પ્રત્યે એમના મનમાં સહેજ પણ દુર્ભાવ કે કટુતા પેદા થતાં નથી. જે દુર્ગંધ પ્રસરી રહી છે એને ચંદનસુવાસ સમી માની રહ્યા છે. અને સાધુને પીડા થવામાં પોતાના દ્વારા જે કાંઈ પ્રમાદ થતો હોય તેની મનોમન ક્ષમાયાચના કરી રહ્યા છે.

જે દેવ આ મુનિની પરીક્ષા લઈ રહ્યા છે તે જરાપણ એમને ક્ષોભ પમાડવામાં કે એમના અભિગ્રહમાંથી, તપમાંથી, શુદ્ધિના આગ્રહમાંથી વિચલિત કરવામાં સમર્થ થયા નહીં. ત્યારે તે દેવે માયા સંકેલી લીધી. અને નંદિષેણ મુનિની સ્તુતિ કરવા લાગ્યા કે 'ખરેખર, તમે તમારું જીવન ધન્ય બનાવ્યું છે.' મુનિએ ઉપાશ્રયે પાછા આવી ગુરુ સમક્ષ બનેલી ઘટના કહી સંભળાવી. ગુરુએ પણ નંદિષેણ મુનિની પ્રશંસા કરી ધન્યવાદ આપ્યા. શુદ્ધ આહાર-પાણી માટેની સાવધાની, સમતા અને સહિષ્ણુતા તે આનું નામ.✷ ✷

## ગુણાવળીની શીલરક્ષા

વિશ્વપુર નામે નગર છે. એમાં ગુણસાગર નામે શ્રેષ્ઠી રહે છે. આ શ્રેષ્ઠીને શીલવતી, સદાચારી, લાવણ્યવતી અને ગુણિયલ એવી ગુણાવળી નામે કન્યા છે. પિતાએ આ કન્યાના લગ્ન રાજપુર નગરના ધનવંત શ્રેષ્ઠીના ગુણસંપન્ન પુત્ર જયવંત સાથે કર્યાં. ધર્મ-આરાધના કરતાં કરતાં આ નવયુગલ દાંપત્યસુખમાં દિવસો પસાર કરી રહ્યું છે.

થોડોક સમય વીત્યા પછી આ નગરમાં એક ધન નામનો યુવાન ધંધા અર્થે આવ્યો અને નગરના ચૌટામાં એનો વેપાર શરૂ કર્યો. આ ધન સાથે જયવંતને મૈત્રી થવાથી એને જયવંતે પોતાના ઘરમાં ઉતારો આપ્યો. ઘરમાં નિકટતાથી જયવંતની સ્વરૂપવાન પત્ની ગુણાવળીને જોઈને આ ધન વેપારી એના પ્રત્યે કામાસક્ત બન્યો. ગુણાવળી તો નિર્દોષ અને નિખાલસ હતી. ધનની આ મનોવૃત્તિથી તે સાવ અજાણ હતી.

ગુણાવળીને વશ કરવા માટે ધને દરરોજ ફૂલ આપવા આવતી માલણને સાધી. માલણને ધને દૂનીકર્મ સોંપ્યું. માલણ ફૂલ લઈને ગુણાવળી પાસે જવા લાગી. અને લાગ જોઈને એક દિવસ ધનનો સંદેશો ગુણાવળીને કહી સંભળાવ્યો. ગુણાવળીએ દૂનીની વાતને કાંઈ ગણનામાં લીધી નહિ.

ધન માલણ સાથે અવારનવાર સંદેશા અને અવનવી ભેટો મોકલતો હતો. ઘરમાંથી ખસવાનું નામ પણ લેતો નહોતો. એટલે ગુણાવળીએ આ ધનને ચતુરાઈથી પાઠ ભણાવવાનો નિર્ણય કર્યો.

*[આ કથા પં. વીરવિજયજીકૃત 'ચંદ્રશેખર રાજાનો રાસ'ના ત્રીજા ખંડની ૬ઠ્ઠી ઢાળમાં છે. રાસ મધ્યકાલીન ગુજરાતી ભાષામાં છે અને એની રચના વિ. સં. ૧૯૦૨ (ઈ. સ. ૧૮૪૬)માં થઈ છે.*

*પુસ્તક : 'શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ', અનુ.-સંપા. સાધ્વીજી શ્રી જિતકલ્પાશ્રીજી, પ્રકા. શ્રી વડાચૌટા સંવેગી જૈન મોટા ઉપાશ્રય, સુરત–૩. ઈ. સ. ૨૦૦૪.]*

એક દિવસ માલણ ગુણાવળી પાસે આવીને કહેવા લાગી, 'આ ધનનું આમંત્રણ તમે સ્વીકારશો તો એ એની બધી જ ધનદોલત તમારા ચરણે ધરી દેશે. વળી, તમે જો એને નહીં મળો તો એ મરવા પણ તૈયાર થયો છે. એટલે એક વાર તમે મારી સાથે ચાલો. મેં ધનને વચન આપ્યું છે કે હું ગુણાવળીને તમારી પાસે લઈ આવીશ.'

ગુણાવળી બોલી, 'એને કહેજો કે મરી જવાની જરૂર નથી. હું રાત્રે ધનને મળવા જરૂર આવીશ.' માલણે ગુણાવળીનો આ સંદેશો ધનને પહોંચાડ્યો. ધન ઘણો ખુશ થયો. ગુણાવળીની પ્રતીક્ષા કરવા લાગ્યો. સાથે ગુણાવળીને લઈને પોતાને દેશ જવાની પણ તૈયારી કરી લીધી.

આ બાજુ, ગુણાવળીએ પતિ જયંવતને કહ્યું, 'આજે હું મારે પિયર જાઉં છું.' પછી તે માલણની સાથે સંકેત પ્રમાણે યક્ષમંદિરે પહોંચી. ધન તે સ્થળે સઘળું દ્રવ્ય લઈ સાંઢણી પર સવાર થઈને આવ્યો. ગુણાવળીએ માલણને વિદાય કરી. પોતે ધનની સાંઢણી પર સવાર થઈ. અને ધન એની સાથે સાથે પગપાળો ચાલવા લાગ્યો.

થોડેક દૂર ગયા પછી ગુણાવળીએ સાંઢણી થોભાવી. ધનને કહે, 'હું અહીંથી આગળ નહિ આવું.' ધન કહે, 'કેમ ના પાડો છો ?'

ગુણાવળી : 'હું મારા એક પગનું ઝાંઝર ઉતાવળે ભૂલી ગઈ. એક ઝાંઝરે હું ન આવું.'

ધન : 'મારે નગર જઈને હું તમને બીજાં ઝાંઝર લાવી દઈશ.'

ગુણાવળી : 'ના, મારે તો આ જ જોઈએ. બીજું ઝાંઝર પલંગ પર પડ્યું છે તે લઈ આવો.' આમ ગુણાવળીએ હઠ પકડી ત્યારે ધન ઝાંઝર લઈ આવવા તૈયાર થયો. ધનની પીઠ દેખાતી બંધ થઈ એટલે ગુણાવળીએ સાંઢણીને આગળ દોડાવી દીધી.

મધરાતે ગુણાવળીને એક ચોર મળ્યો. પહેલાં તો સાંઢણી પર લાદેલો સામાન જોઈને હરખાયો. પછી એકલી સ્વરૂપવાન સ્ત્રીને જોઈને. ગુણાવળી પેલા ચોરની મનોવૃત્તિ પામી ગઈ. પછી કહે, 'મારાં ધન્યભાગ્ય કે તમારો સથવારો મળ્યો.'

ચોર સાંઢણીની લગામ પકડી ચાલવા લાગ્યો. રસ્તામાં ગુણાવળી સાથે વાતોએ વળગ્યો. પછી ધીમેથી પોતાનું પોત પ્રકાશતો હોય એમ કહે, 'આજે તું મારી ઈચ્છા પૂરી કર.'

ગુણાવળી : 'હું ગઈકાલની નીકળી છું. ભોજન કર્યું નથી. ભૂખી છું.' ચોર એને માટે કશાક આહારની સગવડ માટે નીકળ્યો. ગુણાવળી એક વડલા નીચે પોરો ખાવા બેઠી.

એ વખતે આ વનપ્રદેશ જે રાજ્યમાં આવેલો હતો ત્યાંનો રાજા વનવિહાર અર્થે નીકળ્યો હતો. વનભૂમિના પાલકે રાજાને વધામણી આપી કે વડલા હેઠે એક રૂપાળી સ્ત્રી બેઠી છે. રાજા સ્ત્રીલંપટ હતો. રાજસેવક સાથે રાજાએ એવો સંદેશ મોકલ્યો કે એ સ્ત્રી રાજસેવકની સાથે રાજમહેલે પધારે. રાજસેવકે ગુણાવળી પાસે આવી રાજાનો સંદેશો કહ્યો. સમય પારખીને ગુણાવળી રાજસેવકના સથવારે સાંઢણી ઉપર સવાર થઈને રાજમહેલે પહોંચી. રાજાએ એને મહેલમાં ઉતારો આપ્યો. એની તમામ સગવડ સચવાય એવી વ્યવસ્થા કરી.

રાત્રે રાજા ગુણાવળીના આશ્રય-ખંડમાં પ્રવેશ્યો. ગુણાવળી આગળ રાજાએ પોતાની ભોગેચ્છા પ્રગટ કરી.

ગુણાવળી કહે, 'હે રાજા! ઉતાવળ ન કરો. મારું વ્રત પૂરું ન થાય ત્યાં સુધી હું આપને આધીન થઈ શકું નહિ.'

રાજા કહે, 'તું તો સામેથી અહીં આવી છો. તારે વળી વ્રત કેવું ?'

ગુણાવળી: 'મારે નગર બહાર આવેલા મહાદેવના મંદિરે દર્શન-પૂજા કરવાનું વ્રત છે.'

પછી રાજાએ ગુણાવળી માટે મંદિરે જવા રથ તૈયાર કરાવ્યો. ગુણાવળીએ રાજાને કહ્યું, 'મારો અભિગ્રહ પૂર્ણ કરીને પાછી આવું છું. સાંઢણી મારા વિના એકલી રહેશે નહિ એટલે એને પણ મારી સાથે મોકલો.' રાજાએ ગુણાવળીને મૂલ્યવાન આભૂષણો અને સાંઢણી સહિત વ્રત પૂર્ણ કરવા વિદાય આપી.

ગુણાવળી રથમાં બેસી છેક એને સાસરે રાજપુર પહોંચી. નગર બહાર રથને થોભાવ્યો. પછી રથચાલકને અને સાથેના સૈનિકને વિદાય કર્યા. અને ગુણાવળી સાંઢણી સાથે પતિગૃહે પહોંચી ગઈ.

હવે સામે પક્ષે શી ઘટના બની તે જુઓ.

રાજાને જ્યારે રથચાલકે અને સૈનિકે ગુણાવળીનો સઘળો વૃત્તાંત કહ્યો ત્યારે રાજાને ખાતરી થઈ કે પોતે છેતરાયો છે. મૂલ્યવાન આભૂષણો સાથે ગુણાવળીને વિદાય કરી હોવાથી પોતે લૂંટાયો પણ છે એવો અહેસાસ થયો. આથી વૈરાગ્ય આવતાં તે રાજ્ય છોડી દઈને યોગી બની ગયો અને જંગલની વાટ પકડી લીધી.

ગુણાવળીનું ઝાંઝર લેવા ગયેલો પેલો ધન વેપારી જ્યારે પાછો આવ્યો ત્યારે ગુણાવળીને કે સાંઢણીને ન જોતાં એને પણ ખાતરી થઈ કે પોતે છેતરાયો છે. પરિણામે એ પણ સંસાર ત્યજીને વૈરાગી બની ગયો.

પેલો ચોર ગુણાવળી માટે ભોજન લઈને આવ્યો ત્યારે ગુણાવળીને ન જોતાં એને પણ ઠગાયાની ખાતરી થઈ. એ પણ સંસાર ત્યજી બાવો બની ગયો.

રાજપુરમાં જ્યારે ગુણાવળીના પતિ જયવંતને ખબર પડી કે પત્ની પિયરનું બહાનું કાઢી બીજે ચાલી ગઈ છે ત્યારે એ પણ દુઃખી દુઃખી થઈ ગયો. અને ખૂબ જ લાગી આવવાથી એ પણ સાધુ બની ગયો.

હવે એક વખત આ ચારેય યોગીઓ (અગાઉના રાજા, ચોર, ધન અને જયવંત) જંગલમાં ફરતા ફરતા એક સરોવરકાંઠે ભેગા થઈ ગયા. ભિક્ષા દ્વારા માગી આણેલાં દાલ-રોટી આરોગવા બેઠા. ચારેય જણા અંદરોઅંદરો બીજાઓને પૂછવા લાગ્યા કે તમે બાવા કેમ બન્યા ?

ધન કહે, 'જે સ્ત્રીના પતિના ઘરમાં હું રહેતો હતો તે સ્ત્રી તરફ હું આકર્ષાયો. મેં મારો મનોરથ એક દૂતી સાથે એ સ્ત્રીને કહાવ્યો. એ સ્ત્રી મારી સાથે આવવા નીકળી. પણ એણે મને રસ્તામાં ચતુરાઈથી છેતર્યો. મારું સઘળું ઝવેરાત લઈ એ ચાલી ગઈ.'

ચોર કહે, 'સાંઢણી ઉપર બેસીને એકલી પ્રવાસ કરી રહેલી એક સ્ત્રી પ્રત્યે હું કામાંધ બન્યો. મને ભોજનની વ્યવસ્થા કરવાનું કહીને, મને છેતરીને ચાલી ગઈ. રાજા કહે, 'એક સ્ત્રી સાંઢણી સાથે મારા મહેલમાં આવી. મેં એની આગળ મારી ભોગેચ્છા પ્રગટ કરી. પણ એ સ્ત્રી એનું વ્રત પૂરું કરવાનું બહાનું કાઢી, મારું કરોડોનું દ્રવ્ય લઈ ચાલી ગઈ. છેક રાજપુર પહોંચી ગઈ ને રથચાલકને એમ કહીને પાછો વાળ્યો કે રાજાએ મને સાસરે વળાવી છે.'

ત્રણ યોગીઓની વાત ચોથા યોગીએ (પૂર્વે જે ગુણાવળીનો પતિ હતો તે જયવંતે) સાંભળી. એ ત્રણે યોગીઓની વાત સાંભળી દંગ જ રહી ગયો. એને સમજાઈ ગયું કે આ ત્રણે જણાએ જે-જે સ્ત્રીથી છેતરાયાની વાત કરી એ એની પત્ની ગુણાવળી જ હતી. અને એણે આ બધું કર્યું એ તો એની શીલરક્ષા માટે કર્યું હતું.

હવે ત્રણે યોગીઓની વાત પછી વાત કરવાનો વારો જયવંતનો હતો. પણ પોતે તે ચારિત્ર્યવાન પત્ની પ્રત્યે ખોટી શંકા અને ગેરસમજ કરી બેઠો હતો. એ હવે પેલા યોગીઓ આગળ શું બોલે ? ક્યો રહસ્યસ્ફોટ કરે ? આ ચોથો યોગી (જયવંત) 'અલખ નિરંજન' બોલી ઊભો થઈ ગયો અને પોતાના ઘરભણી પહોંચવા ઉત્સુકતાથી ચાલી નીકળ્યો.

✶✶✶

# સૌજન્ય, સ્વપ્નદર્શન અને સંપ્રાપ્તિ

અવંતી દેશમાં ઉજ્જયિની નગરીમાં દેવદત્તા નામની ગણિકા રહેતી હતી. આ નગરીમાં મૂલદેવ નામનો એક યુવાન આમ તો રાજકુળમાં જન્મેલો, સાધનસંપન્ન હતો પણ દ્યૂત આદિ ઉન્માર્ગે ચડી ગયો હતો. તે યુવાન દેવદત્તા ગણિકાને ત્યાં પણ જતો અને વિષયસુખ ભોગવી એના દિવસો આનંદમાં પસાર કરતો.

અચલ નામના એક બીજા યુવાને કોઈક વસંત-મહોત્સવમાં દેવદત્તા ગણિકાને જોઈ અને એના પ્રત્યે તીવ્ર અનુરાગવાળો બન્યો. જાતભાતની ભેટસોગાદો મોકલી છેવટે દેવદત્તાને અને એની માતાને વશ કરી. અચલ પણ હવે દેવદત્તા પાસે ભોગવિલાસ અર્થે આવવા માંડ્યો. જોકે દેવદત્તા ગણિકા હૃદયથી તો મૂલદેવ પ્રત્યે જ પ્રીતિ ધરાવતી હતી. પણ મૂલદેવ હવે પૈસેટકે ખુવાર થયો હોઈ દેવદત્તાની માતા મૂલદેવને પ્રવેશ કરાવતી ન હતી. અને એમ કરવામાં દેવદત્તાને મૂલદેવની નિર્ધનતાનું કારણ આપતી હતી.

એક વાર દેવદત્તાએ માતાને કહ્યું કે 'હું ધનની લોભી નથી. મૂલદેવ ભલે ધનથી ખુવાર હશે પણ એ વિવેકી અને ગુણસંપન્ન છે.' પણ માતા તો અચલનો જ પક્ષ લેતી રહી. ત્યારે દેવદત્તા બોલી, 'આપણે બન્નેની પરીક્ષા કરીએ.'

પછી દેવદત્તાએ દાસી સાથે અચલને સંદેશો મોકલાવ્યો કે 'તારી વલ્લભાને શેરડી ખાવાનો મનોરથ થયો છે.' આ સંદેશો મળતાં સાધનસંપન્ન અચલે હર્ષવિભોર બની શેરડી ભરેલાં એકાધિક ગાડાં મોકલી આપ્યાં.

માતા દેવદત્તાને કહે, 'જો, અચલ કેટલો બધો ઉદાર છે. તારી એક સામાન્ય માગણી ઉપર એણે કેટલું ધન ખર્ચી નાંખ્યું!' ત્યારે નાખુશી પ્રગટ કરતાં દેવદત્તા બોલી, 'શું હું હાથણી છું? પાંદડાં સમેત છોલ્યા-સમાર્યા વિના સાંઠાઓ એણે મોકલાવી આપ્યા, જાણે કોઈ પશુને આહાર કરવાનો ન હોય!'

પછી દેવદત્તાએ દાસી દ્વારા મૂલદેવને એવો જ સંદેશો મોકલાવ્યો. એટલે મૂલદેવે જરૂર પૂરતી જ શેરડી ખરીદી. છરીથી એને છોલીને સારી રીતે સમારી, રસસભર ટુકડાઓ ઉપર તજ, એલચી, ચારોળી વિગેરે સુગંધી વસ્તુઓ ભભરાવી, કોડિયામાં ગોઠવીને એ શેરડી દાસી સાથે મોકલાવી. દેવદત્તાએ માતાને કહ્યું, 'મૂલદેવનું સૌજન્ય અને વિનય તું જો. વગર મહેનતે ખાઈ શકાય એ રીતે એણે શેરડી મોકલાવી છે.' માતાને થયું કે દેવદત્તા અચલના ધન કરતાં મૂલદેવના ગુણને જ વિશેષ જોનારી છે.'

*[આ કથાનો આધારસ્રોત છે આ. હરિભદ્રસૂરિ-વિરચિત ગ્રંથ, 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત. વૃત્તિની ભાષા સંસ્કૃત. પણ વૃત્તિકારે એમાં જે કથાઓ આપી છે તે બહુધા પ્રાકૃતમાં છે. વૃત્તિની રચના વિ. સં. ૧૧૭૪.*

*આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિ-રચિત 'પાઠશાળા ગ્રંથ-૧'માં પણ આ કથા 'હે માનવ, બન તું હંસ' એ શીર્ષક હેઠળ અપાઈ છે. (ઈ. ૨૦૦૫).*

*પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.-અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨. વિ. સ. ૨૦૨૮ (ઈ. સ. ૧૯૭૨.)]*

પછી ધનની લાલચુ માતાએ મૂલદેવનો કાંટો શી રીતે દૂર કરી શકાય એવી યુક્તિ વિચારવા માંડી. એણે અચલને શીખવાડી રાખ્યું કે 'હું બહારગામ જાઉં છું' એમ દેવદત્તાને જૂઠો સંદેશો મોકલવો. અચલ એ કપટને અનુસર્યો. અચલની ગેરહાજરીમાં દેવદત્તાએ મૂલદેવને આમંત્ર્યો. મૂલદેવના આવ્યા પછી થોડી જ વારમાં અચલ પણ ત્યાં આવી ચડ્યો. દેવદત્તા દ્વારા પલંગ પર નીચે સંતાડાયેલા મૂલદેવને અચલે માથાના વાળ પકડી ઊભો કર્યો. લજ્જિત થયેલો મૂલદેવ ત્યાંથી ચાલ્યો ગયો.

પોતાના જ દુશ્ચારિત્ર્યનું પરિણામ પોતે ભોગવી રહ્યો છે એવો કલંકિત ભાવ અનુભવતો મૂલદેવ ઉજ્જયિની નગરી ત્યજીને બેન્નાતટ નગરી તરફ જવા માટે નીકળી પડ્યો. સાથે રસ્તામાં ખાવા કાંઈ ભાતું પણ લીધું નહોતું. ચાલતો ચાલતો વનપ્રદેશ આગળ પહોંચ્યો ત્યાં એક પ્રવાસીનો એને ભેટો થયો જે એ જ માર્ગે આગળ જવાનો હતો. વળી એની પાસે ભાતું પણ હતું. મૂલદેવને થયું આ પ્રવાસીના સંગાથમાં આ વન પાર કરી શકાશે અને એની પાસેના ભાતાથી આહાર પણ કરી શકાશે.

આમ બંને જણા વાતો કરતા ચાલતા હતા. રસ્તે એક જળાશય આવ્યું ત્યાં વિશ્રામ માટે બંને થોભ્યા. પેલા પ્રવાસીએ એનું ભાતું બહાર કાઢ્યું અને એકલાએ જ એનો આહાર કર્યો. મૂલદેવ સામે જ બેઠો હતો. પણ એને ભાતું ખાવા માટે એક શબ્દ માત્રનો પણ ઉપચાર કર્યો નહીં.

ગુણસંપન્ન મૂલદેવે વિચાર્યું કે ભલે, આજે તો તે મને આમંત્રવાનું ભૂલી ગયો હશે પણ કાલે તો એ મને જરૂરથી આહાર માટે બોલાવશે.' પણ બીજે અને ત્રીજે દિવસે પણ, વનપ્રદેશ પૂરો થયો ત્યાં સુધીમાં એક પણ વખત પેલા પ્રવાસીએ જમવા માટેનો શિષ્ટાચાર કર્યો નહીં. તોપણ મૂલદેવે તો એની સૌજન્યશીલતાને કારણે એમ જ વિચાર્યું કે 'આનો મને સથવારો મળ્યો તેથી એ મારો ઉપકારી જ છે.'

પછી વસ્તીવાળા પ્રદેશમાં આવી જતાં બન્ને છૂટા પડ્યા. મધ્યાહ્નનો સમય હતો. મૂલદેવે મનથી સહેજ પણ કલેશ પામ્યા વિના હાથમાં

પડિયો લઈને ભિક્ષા માટે નગરમાં પ્રવેશ્યો. બાફેલા અડદના બાકળાથી એનો પડિયો ભરાઈ ગયો. ભૂખ બરાબરની લાગી હતી. ભોજન અર્થે તે એક તળાવના કિનારા નજીક ગયો. તે જ સમયે એક મુનિને ગામ તરફ જતા મૂલદેવે જોયો. તેઓ સળંગ એક માસના ઉપવાસની તપશ્ચર્યાના પારણા અર્થે વહોરવા જતા હતા. આવા મુનિને જોતાં જ એને થયું કે મારા પુણ્ય બળવાન છે, જેથી ભોજન સમયે આવા મુનિનો યોગ થયો. એણે મુનિને વિનંતી કરી, 'હે ભગવંત! કરુણા કરી મારા આ બાકળા આપ સ્વીકારો.' મુનિએ પાત્રમાં બાકળા ગ્રહણ કર્યા.

એટલામાં મૂલદેવના અંતરના આવા સાત્ત્વિક ભાવ જાણીને મુનિભક્ત દેવી બોલી, 'તું વરદાન માગ.' ત્યારે મૂલદેવે દેવદત્તા, હજાર હાથી અને રાજ્યની માગણી કરી. પછી વહોરાવતાં વધેલા બાકળાથી પોતે ત્રણ દિવસના ઉપવાસનું પારણું કર્યું. જાણે અમૃતભોજન કર્યું હોય એવી તૃપ્તિ એણે અનુભવી.

પછી સાંજે બેન્નાતટની કોઈ ધર્મશાળામાં જઈને ત્યાં સૂઈ ગયો. વહેલી પરોઢે એણે એવું સ્વપ્ન જોયું જેમાં આકાશમાં સર્વ દિશાઓને પ્રકાશિત કરનાર પૂર્ણ ચંદ્રનું પોતે પાન કર્યું. એવું જ સ્વપ્ન સાથેના બીજા એક મુસાફરે પણ જોયું. બંને સાથે જાગ્યા. પેલા સાથેના જે મુસાફરને સ્વપ્ન આવ્યું હતું તેનું શું ફળ હોઈ શકે એ વિશે અન્ય મુસાફરોને તે પૂછવા લાગ્યો. ત્યારે એક મુસાફરે કહ્યું કે 'ઘી-ગોળવાળો પુડલો પ્રાપ્ત થશે.' એ રીતે એને એક વ્યક્તિને ત્યાંથી આવો પુડલો મળ્યો. મૂલદેવે વિચાર્યું કે જે સ્વપ્ન આવ્યું છે એનો માત્ર આટલો ફલાદેશ ન હોઈ શકે. પછી તે સ્વપ્નનો ફલાદેશ કહેનાર એક શાસ્ત્રાભ્યાસી પાસે ગયો. પછી પ્રણામ કરી તેને ચંદ્રપાનના સ્વપ્નદર્શનનો ફલાદેશ પૂછ્યો. સ્વપ્નશાસ્ત્રીએ રાજ્યપ્રાપ્તિનો ફલાદેશ પહેલાં જાણી લીધો. પછી તે મૂલદેવને કહે, 'તમે મારા જમાઈ બનવાના હો એ શરતે તમને ફલાદેશ કહું. મૂલદેવે સંમતિ આપતાં સ્વપ્નશાસ્ત્રીએ કહ્યું કે 'સાત દિવસમાં તમને રાજ્યપ્રાપ્તિ થશે.'

હવે બન્યું એવું કે નગરનો રાજા શૂળ-વેદનાથી અપુત્ર મરણ પામ્યો. નવો રાજા શોધવા માટે પાંચ દિવ્યો–હાથી, ઘોડો, છત્ર, ચામર અને કળશ–તૈયાર કરવામાં આવ્યાં. આ દિવ્યો નગરમાં પરિભ્રમણ કરતાં કરતાં મૂલદેવની નજીક આવ્યાં. ત્યાં હાથીએ કળશ ગ્રહણ કરી મૂલદેવનો અભિષેક કર્યો. ઘોડાએ હેષારવ કર્યો. ચામરો વીંઝાવા લાગ્યા. અને છત્ર એની ઉપર સ્થિર થયું. રાજ્યના મંત્રી-સામંતોએ મૂલદેવનું સ્વાગત કર્યું. મૂલદેવ રાજા બનીને સિંહાસને બિરાજમાન થયો.

આ વાત જાણીને પેલા ધર્મશાળાના મુસાફરને આવું જ સ્વપ્ન આવેલું તે વસવસો કરવા લાગ્યો કે અમને બન્નેને એકસરખું જ સ્વપ્ન આવેલું તો મને રાજ્ય કેમ ન મળ્યું? લોકોએ એને સમજાવીને શાંત કર્યો.

મૂલદેવને થયું કે મને રાજ્ય મળ્યું, હજાર હાથીઓ મળ્યા, પણ હજી દેવદત્તા બાકી રહી. એટલે એણે ઉજ્જયિનીના રાજાને દાન-માનથી હેતપ્રીતથી વશ કર્યો. અંતે રાજાએ દેવદત્તા એને સમર્પિત કરી.

હવે પેલો વનપ્રદેશનો પ્રવાસી જેણે ત્રણ દિવસ સુધીમાં એક પણ વખત મૂલદેવને આહાર માટેનો શિષ્ટાચાર નહોતો કર્યો, એને જાણ થઈ કે આ મૂલદેવ રાજા બન્યો છે એટલે તે રાજભવનમાં મૂલદેવને મળવા આવ્યો. મૂલદેવે એને ઓળખ્યો. એનો આદર કર્યો. વનપ્રદેશમાં એનો સથવારો મળેલો એ બાબતે પોતે એનો ઉપકારવશ છે તેમ કહીને એને એક સારું ગામ ભેટમાં આપ્યું.

હવે પેલી બાજુ દેવદત્તા ગણિકાના સહવાસ માટે મૂલદેવની ઈર્ષ્યા કરનાર અચલ ધન-ઉપાર્જન અર્થે દેશાંતરે ગયો. ત્યાંથી ઘણું ધન રળીને, કરિયાણાના ગાડાં ભરીને દૈવયોગે બેન્નાતટ નગરે આવ્યો. ત્યાં દાણ બચાવવા માટે કરિયાણાના કીમતી પદાર્થો છુપાવી રાખ્યા. એની આ દાણચોરી પકડાઈ જતાં એને રાજા પાસે લઈ જવામાં આવ્યો. ભયભીત થયેલા અચલને મૂલદેવે ઓળખ્યો. પોતાને ઉજ્જયિની છોડવામાં નિમિત્ત બનનાર આ અચલ પ્રત્યે મૂલદેવના મનમાં કશો વૈરભાવ-દુર્ભાવ જાગ્યો નહિ. ઊલટાનો એને સંતુષ્ટ કરી માનભેર વિદાય કર્યો. અચલે ઉજ્જયિની આવી અપકારની સામે ઉપકાર કરનાર સૌજન્યશીલ, ગુણસંપન્ન મૂલદેવની ભરપેટ પ્રશંસા કરી.

✶✶✶

- *અજ્ઞાની માણસ એમ માને છે કે ધનસંપત્તિ, પશુઓ અને જ્ઞાતિબંધુઓ એ બધાં પોતાને રક્ષણ આપવાવાળાં છે, કારણ કે 'તેઓ મારાં છે અને હું તેઓનો છું.' પરંતુ એ બધાં તેનાં રક્ષક નથી કે શરણરૂપ નથી.*
- *અજ્ઞાની જીવો કર્મોનો ક્ષય કરી શકતા નથી. ધીર પુરુષો અકર્મથી કર્મનો ક્ષય કરે છે. બુદ્ધિમાન પુરુષો લોભ અને ભયથી દૂર રહે છે. તેઓ સંતોષી હોય છે અને તેથી પાપકર્મ કરતા નથી.*
- *જેઓ ક્રોધી, અજ્ઞાની, અહંકારી, અપ્રિય વચન બોલનારા, માયાવી અને શઠ હોય છે તે અવિનીતાત્મા પાણીના પ્રવાહમાં જેમ લાકડું તણાય તેમ સંસારમાં તણાય છે.*
- *જે ભાષા બોલવાથી બીજાને અપ્રીતિ કે અવિશ્વાસ ઉત્પન્ન થાય અથવા બીજાને તરત ગુસ્સો થાય એવી અહિતકર ભાષા ક્યારેય ન બોલવી.*

# આરામશોભા

ભરતક્ષેત્રમાં કુશાવર્ત્ત દેશમાં સ્થલાશ્રય નામે એક ગામ છે. એ ગામની આસપાસની ભૂમિ તદ્દન વૃક્ષ-વનસ્પતિ વિનાની છે. કેવળ ઘાસ સિવાય કોઈ અન્ન ત્યાં પેદા થતું નથી.

એ ગામમાં અગ્નિશર્મા નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને જ્વલનશિખા નામે પત્ની હતી. પત્નીની કૂખે એક પુત્રીનો જન્મ થયો હતો. તેનું નામ વિદ્યુત્પ્રભા રાખવામાં આવ્યું હતું. પુત્રી રૂપવાન અને ગુણસંપન્ન હતી. આ પુત્રી જ્યારે આઠ વર્ષની થઈ ત્યારે માતા એક ભયંકર વ્યાધિમાં સપડાઈને મૃત્યુ પામી. પરિણામે નાની વયમાંજ પુત્રીને ઘરના કામકાજનો બોજ માથે ઉપાડવાનો થયો. સવારે ઊઠીને તે ગાયો દોહતી, ગાયોને ચરાવવા લઈ જતી, છાણ એકઠું કરતી, પિતાને જમાડતી. આ બધા કામો ખડે પગે તે સંભાળતી.

એક દિવસ આ કામોથી અત્યંત શ્રમિત થઈને પુત્રીએ પિતાને પોતાને માટે માતા લાવવાનું કહ્યું. પુત્રીની પરિસ્થિતિ પારખીને પિતા એક સ્ત્રીને પત્ની તરીકે ઘરમાં લઈ આવ્યા. પણ આ સાવકી મા તો પુત્રીનો બોજ હળવો કરવાને બદલે એને બધાં કામો વળગાડી પોતે સ્નાન-વિલેપન-વસ્ત્રાલંકારમાં રચીપચી રહેવા લાગી. પુત્રીને થયું કે પોતે ઊલટાની ઉલમાંથી ચૂલમાં પડી. એનો સંતાપ બેવડાયો.

કામ માટે રોજ સવારે તે બહાર જાય. ભોજન સમયે ઘેર આવે ત્યારે વધ્યું-ઘટ્યું ખાવા પામે. પછી પાછી કામે જાય તે રાત્રે પાછી આવે. આમ દુઃખના દહાડા પસાર કરતી તે મોટી થવા લાગી.

એક દિવસ ગાયો ચરાવવા ગયેલી વિદ્યુત્પ્રભા ઘાસની વચ્ચે સૂતી હતી. ત્યાં એક નાગ આવ્યો. એ નાગે મનુષ્યવાણીમાં વિદ્યુત્પ્રભાને ઉઠાડી. નાગ કહે, 'દીકરી, ડરનો માર્યો હું અહીં આવ્યો છું. દુષ્ટ ગારુડીઓ મારી પાછળ પડ્યા છે. તો તારી ઓઢણીથી ઢાંકીને તું મારી રક્ષા કર. તું મારો જરા પણ ભય રાખીશ નહીં.'

આ બાળાએ નાગને છુપાવી દીધો. થોડીવારમાં ગારુડીઓ નાગને શોધતા ત્યાં આવ્યાં. એમને થયું કે જો આ બાલિકાએ નાગને જોયો હોત તો એણે ચીસાચીસ કરી હોત. એટલે નાગને ન જોતાં તે ગારુડીઓ ત્યાંથી ચાલ્યા ગયા.

*[આ કથાનો આધારસ્રોત છે આચાર્ય પ્રદ્યુમ્નસૂરિ-વિરચિત 'મૂલશુદ્ધિ પ્રકરણ' પરની આચાર્ય દેવેન્દ્રસૂરિ-વિરચિત વૃત્તિ. મૂળ ગ્રંથ પ્રાકૃતમાં છે, વૃત્તિ સંસ્કૃતમાં છે. પણ એ વૃત્તિ-અંતર્ગત મળતી આ કથા પ્રાકૃત ભાષામાં છે. કથાનક ગદ્યપદ્યમિશ્રિત છે. રચનાવર્ષ ઈ. સ. ૧૦૮૯ છે.*

*આ કથા સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં રચાયેલા છએક ગ્રંથોમાં મળે છે. ઉપરાંત મધ્યકાલીન ગુજરાતી ભાષામાં છએક જૈન સાધુકવિઓએ આ કથાની રચના કરી છે. પરંતુ એ બધામાં આચાર્ય દેવચન્દ્રસૂરિ રચિત વૃત્તિમાં મળતી કથા સૌથી પ્રાચીન છે.*

*પુસ્તક : 'આરામશોભા રાસમાળા', સંપા. જયંત કોઠારી, પ્રકા. પ્રાકૃત જૈન વિદ્યા વિકાસ ફંડ, અમદાવાદ-૧૫, ઈ. સ. ૧૯૮૯.]*

પછી બાળાએ નાગને બહાર નીકળવા કહ્યું. ત્યારે તે નાગ હવે દેવસ્વરૂપે પ્રગટ થઈને કહેવા લાગ્યો, 'બેટા, હું તારા પરોપકાર અને ધૈર્યયુક્ત આચરણથી પ્રસન્ન થયો છું. તો તું વરદાન માગ.'

બાળાએ કહ્યું 'જો પ્રસન્ન થયા હો તો આ વૃક્ષ વિનાની ભૂમિમાં મારી ઉપર છાંયડો કરો જેથી હું સુખેથી ગાયોને ચરાવી શકું.' ત્યારે નાગદેવે એની ઉપર એક ઉદ્યાન (આરામ)નું નિર્માણ કર્યું. એવો ઉદ્યાન જે અનેક વૃક્ષોથી સભર અને પુષ્પોથી સુવાસિત હતો. પછી નાગદેવે કહ્યું, 'આ ઉદ્યાન તું જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં તારા ઉપર છવાયેલો રહેશે. ઘેર જતાં એ તારી ઇચ્છાથી સંકોચાઈને નાનો બની તારા ઘર ઉપર સ્થિર થશે. તને કોઈ પણ આફત આવે ત્યારે તું મારું સ્મરણ કરજે.' આમ કહી નાગદેવ અદૃશ્ય થયો.

વિદ્યુત્પ્રભા મોડી સાંજ સુધી ત્યાં જ રોકાઈ. પ્રગટ થયેલાં ઉદ્યાનના વિવિધ ફળોથી એની ભૂખ-તરસ છીપાવી. પછી ગાયોને લઈ ઘેર ગઈ. ઉદ્યાન પણ એની સાથે સાથે આવી ઘર ઉપર છવાયો. સાવકી માતાએ જમવાનું કહેતાં 'ભૂખ નથી' કહીને સૂઈ ગઈ.

રોજિંદા ક્રમ પ્રમાણે વિદ્યુત્પ્રભા એક દિવસ વગડામાં ઉદ્યાન નીચે સૂતી હતી ત્યાં પાટલિપુત્રનો જિતશત્રુ રાજા એના મંત્રી અને સૈન્ય સાથે ત્યાં આવી ચડ્યો. તેણે આ ઉદ્યાન જોયો એટલે ત્યાં જ પડાવ નાંખ્યો. સૈન્યના અને હાથીઓના અવાજથી વિદ્યુત્પ્રભા જાગી ગઈ. હાથીઓના ભયથી એની ગાયોને દૂર ચાલી ગયેલી એણે જોઈ. એટલે એ ગાયોને પાછી વાળવા માટે દોડી.

હવે બન્યું એવું કે એના દોડવા સાથે આખો ઉદ્યાન પણ એની સાથે ખસવા લાગ્યો. રાજા, મંત્રી અને સૌ સાથીઓ આ જોઈ નવાઈ પામી ગયા. એમને તો આ એક ઈન્દ્રજાળ જેવું લાગ્યું. મંત્રીએ કહ્યું કે 'આ બાળાની સાથે સાથે ઉદ્યાન ચાલી નીકળ્યો હતો. એટલે આ છોકરીનો કોઈ પ્રભાવ જણાય છે.'

મંત્રીએ છોકરીને નજીક બોલાવી. વિદ્યુત્પ્રભા પાછી આવી એની સાથે ઉદ્યાન પણ પાછો આવ્યો. રાજા આ છોકરીની દૈવી લબ્ધિ જોઈને એના પ્રત્યે અનુરક્ત થયો. મંત્રી રાજાની ઈચ્છા કળી જઈ વિદ્યુત્પ્રભાને કહે,

'આ રાજાનો તું ભર્તાર તરીકે સ્વીકાર કર.'

વિદ્યુત્પ્રભા કહે, 'હું સ્વતંત્ર નથી. ઘેર માતાપિતા છે.' મંત્રીએ એને બધી પૂછતાછ કરી ઘરનો પરિચય મેળવી લીધો. મંત્રી ગામમાં ગયો અને અગ્નિશર્મા બ્રાહ્મણ પાસે એની પુત્રીનું રાજા માટે માગું કર્યું. પિતા કબૂલ થયો. મંત્રી એને રાજા પાસે લઈ આવ્યો. પછી રાજાએ ગાંધર્વવિવાહથી વિદ્યુત્પ્રભા સાથે લગ્ન કર્યાં. લગ્ન પછી એનું નામ બદલીને આરામશોભા રાખવામાં આવ્યું; કેમકે એની ઉપર આરામ (ઉદ્યાન) શોભાયમાન-વિરાજમાન હતો.

જિતશત્રુ રાજા જ્યારે આરામશોભાને લઈને પાટલિપુત્ર પહોંચ્યો ત્યારે નગરની સમગ્ર પ્રજા રાજારાણીને વધાવવા ઘર બહાર નીકળી આવી. સૌ આ નવી રાણીની પ્રશંસા કરવા લાગ્યાં. વળી હાથી ઉપર બિરાજેલ રાણીને માથે નાનકડો ઉદ્યાન જોઈ કુતૂહલ વ્યક્ત કરવા લાગ્યાં.

પછી રાજારાણીને વિષયસુખ ભોગવતાં ઘણો સમય વીતી ગયો.

હવે આ બાજુ, આરામશોભાની સાવકી માતાએ પુત્રીને જન્મ આપ્યો. પુત્રી વયમાં આવી ત્યારે માતાએ વિચાર્યું કે જો કોઈ રીતે આરામશોભાની હયાતી ન હોય તો રાજા મારી પુત્રીને પરણે. આમ વિચારી એણે આરામશોભાનો કાંટો કાઢવા પ્રપંચ આદર્યો.

એક દિવસ તે પતિને કહેવા લાગી, 'તમે આરામશોભાને ભેટમાં કાંઈ ભાતું કેમ મોકલતા નથી? ભલે એને ત્યાં કશી કમી નથી, પણ આપણા ચિત્તના સંતોષ માટે એમ કરવું જોઈએ.' બ્રાહ્મણ પત્નીની વાત સાથે સંમત થયો.

સાવકી માએ મસાલાથી ભરપૂર સિંહકેસર લાડુ બનાવ્યા. એમાં એણે વિષ ભેળવ્યું. પછી એક ઘડામાં મૂકી પતિને આરામશોભાને ત્યાં મોકલ્યો. સાથે એવી સૂચના આપી કે 'આ લાડુ માત્ર આરામશોભાએ જ ખાવાના છે.' એ માટે એણે દલીલ એવી કરી કે 'જો રાજકુળમાં બીજા ખાય તો આપણી તુચ્છતા હાંસીપાત્ર બને.'

સરળ સ્વભાવનો બ્રાહ્મણ પત્નીનો દુષ્ટ ઈરાદો કળી શક્યો નહીં. લાડુ ભરેલો ઘડો લઈ તે પાટલિપુત્ર પહોંચ્યો. થાક્યો હોવાથી નગર બહાર એક વડના ઝાડ નીચે સૂતો.

ત્યાં રહેલા પેલા નાગદેવે જાણી લીધું કે આ લાડુમાં ઝેર ભેળવેલું છે. આ લાડુ જો ખાય તો આરામશોભા મરી જ જાય. એટલે એણે પોતાની દૈવી શક્તિથી ઝેરના લાડુને સ્થાને અમૃતના લાડુ મૂકી દીધા.

બ્રાહ્મણ જાગી ગયા પછી રાજમહેલે ગયો. રાજાને સંદેશો મોકલાવ્યો કે રાણીના પિતા મળવા આવ્યા છે. રાજાએ અગ્નિશર્માને મહેલમાં તેડાવ્યો. પછી બ્રાહ્મણે આરામશોભાને ભેટ ધરીને કહ્યું, 'તારી માતાએ પ્રેમથી આ ભાતું મોકલ્યું છે. બધામાં હાંસીપાત્ર ન બનું એટલે આ ભેટ કેવળ તારા માટે જ છે.'

આરામશોભાએ રાજાની સંમતિ લઈને જેવો ઘડો ખોલ્યો કે એમાંથી મીઠી સુગંધ પ્રસરી રહી. રાજા કૌતુકથી લાડુ જોવા લાગ્યો. એટલું જ નહિ, લાડુ પ્રેમથી આરોગ્યા પણ ખરા. રાજાએ રસમધુર લાડુની ખૂબ પ્રશંસા કરી. વળી, અન્ય રાણીઓને પણ એકેક લાડુ મોકલાવ્યા. સૌએ આરામશોભાની માતાની આવડતને વખાણી.

પછી બ્રાહ્મણે પોતાની પુત્રીને થોડા સમય માટે પિયર મોકલવાની રાજાને વિનંતી કરી. ત્યારે રાજાએ કહ્યું, 'રાજરાણી સૂર્યથી ઓઝલમાં રહે છે.' આમ રાજાની 'ના' થવાથી પિતા એકલો પાછો ફર્યો. ઘેર પહોંચીને બધો વૃત્તાંત કહ્યો. ત્યારે પત્ની પોતાનું કાવતરું નિષ્ફળ જવાથી નિરાશ થઈ. પછી નિર્ણય કર્યો કે 'બીજી વાર વધારે અસરકારક ઝેર ભેળવીશ.'

થોડાક દિવસો પછી સાવકી માએ વિષમિશ્રિત સૂતરફેણીનો કરંડિયો આરામશોભાને ભેટ ધરવા પતિ સાથે મોકલ્યો. બ્રાહ્મણ પહેલાંની જેમ જ નગર બહારના વડ પાસે પહોંચ્યો. નાગદેવે તેને જોયો. દૈવી વિદ્યાથી સત્ય જાણી લીધું. એટલે મીઠાઈમાંથી વિષ દૂર કર્યું. બ્રાહ્મણે મહેલે જઈને ભેટ ધરી. પહેલાંની જેમ જ આરામશોભાની માતાની સૌએ પ્રશંસા કરી. આ વખતે આરામશોભા સગર્ભા હતી. પિતાએ ઘેર પહોંચી આ સમાચાર પત્નીને કહ્યા.

થોડા સમય પછી માતાએ ત્રીજી વાર પતિને મીઠાઈ સાથે પાટલિપુત્ર મોકલ્યો. અને પતિને ખાસ સૂચના આપી રાખી કે સગર્ભા પુત્રીને પ્રસૂતિ માટે અહીં લઈ આવવી અને રાજા ન માને તો બ્રાહ્મતેજ બતાવવું.

આ વખતે પણ વડ પાસે નાગદેવે મીઠાઈમાંથી વિષ હરી લીધું. બ્રાહ્મણે રાજમહેલે જઈ મીઠાઈની ભેટ ધરીને પછી સગર્ભા પુત્રીને પ્રસૂતિ માટે પિયર મોકલવા રાજાને વિનંતી કરી. રાજાએ ના પાડી એટલે તરત જ પિતાએ પોતાના પેટ ઉપર છરી મૂકીને કહ્યું, 'જો પુત્રીને નહિ મોકલો તો હું બ્રહ્મહત્યા કરીશ.' ત્યારે રાજાએ મંત્રીનું સમર્થન લઈને આરામશોભાને ઘણી સામગ્રી તેમજ પરિચારિકાઓ સાથે પિયર મોકલી.

પતિ આરામશોભાને લઈને ઘેર આવી રહ્યો છે એની જાણ થતાં ઘરની પાછળ એક કૂવો ખોદાવ્યો. પછી, પોતાની વયમાં આવેલી સગી પુત્રીને છાની રીતે એક ભોંયરામાં રાખી.

આરામશોભા રાજવી ઠાઠપૂર્વક આવી. થોડા સમય પછી આરામશોભાએ એક સ્વરૂપવાન બાળકને જન્મ આપ્યો.

એક દિવસ લાગ જોઈને માતા આરામશોભાને કુદરતી હાજતે પાછલા દરવાજેથી લઈ ગઈ. કૂવા તરફ એની નજર જતાં કુતૂહલથી એણે કૂવામાં ડોકિયું કર્યું. ત્યારે માતાએ એને નિર્દયતાથી કૂવામાં ધકેલી દીધી. આરામશોભા ઊંધે મોંએ કૂવામાં પડી. પડતાં વેંત એણે નાગદેવે આપેલી સલાહ અનુસાર દેવનું સ્મરણ કર્યું. ત્યારે તે નાગદેવે પોતાની હથેળીમાં તેને ઝીલી લીધી. અને કૂવામાં એક પાતાલભવન બનાવી એમાં એને રાખી. આરામશોભા ત્યાં સુખેથી

રહેવા લાગી. ઉદ્યાન પણ એની સાથે સાથે કૂવામાં પેઠો. નાગદેવ સાવકી માતા પ્રત્યે ગુસ્સે થયો પણ આરામશોભાએ દેવને શાંત કર્યા.

હવે સાવકી માતાએ પોતાની સગી પુત્રીને સુવાવડીનો વેશ પહેરાવી આરામશોભાને સ્થાને ગોઠવી દીધી.

રાજાએ મોકલેલી પરિચારિકાઓ પથારીમાં આ યુવતીને જોઈને બોલી ઊઠી, 'સ્વામિની, તમારો દેહ કેમ જુદો દેખાય છે?' પેલી કહે 'મારા શરીરે ઠીક નથી'

માતા પણ કપટથી દુઃખ વ્યક્ત કરવા લાગી, 'મારી આ (આરામશોભા) દીકરીને કોઈની નજર લાગી છે? શું એને કોઈ રોગ લાગુ પડ્યો છે?' પરિચારિકાઓ પણ રાજાના ભયથી ફફડવા લાગી. એટલામાં તો રાજમંત્રી પોતે અહીં આવી પહોંચ્યા અને રાજાજ્ઞા ફરમાવી કે 'રાણીએ હવે નવજાત કુમારને લઈને જલદી પાટલિપુત્ર આવવું.'

પ્રસ્થાનની ઘડી આવી. ત્યારે અન્ય સહુને નવાઈ લાગી કે આરામશોભાને માથે રહેલો ઉદ્યાન ક્યાં ગયો? માતાએ ખુલાસો કર્યો કે 'ઘરના કૂવામાં પાણી પીવા માટે ઉદ્યાનને મૂક્યો છે. તમે બધાં ચાલવા માંડો.'

નકલી રાણી અને કુમાર પાટલિપુત્ર પહોંચ્યાં. પ્રજાએ બન્નેનું ભવ્ય સ્વાગત કર્યું. રાજાએ પણ રાણી અને કુમારને જોયા. ત્યારે રાજાએ નવાઈ પામી રાણીને પછ્યું, 'તારો દેહ મને કેમ જુદો લાગે છે?' ત્યારે નકલી રાણી બનેલી, સાવકી માતાની દીકરીએ કહ્યું, 'પ્રસૂતિરોગને લીધે શરીર આવું થઈ ગયું છે.' પછી રાજાએ પૂછ્યું, 'ઉદ્યાન કેમ દેખાતો નથી?' ત્યારે એણે કહ્યું, 'તે કૂવામાં પાણી પી રહ્યો છે.' તોપણ રાજાના મનમાંથી સંશય ગયો નહીં. એને સતત થયા કરતું કે આ કોઈ બીજી જ સ્ત્રી લાગે છે.

હવે પિયરમાં રહેલી આરામશોભાએ નાગદેવને વિનંતી કરી કે પુત્રનો વિરહ પોતાને ખૂબ જ સતાવે છે. ત્યારે દેવે કહ્યુ, 'તું મારી શક્તિથી કુમાર પાસે જઈ શકીશ. પણ એને જોઈને સૂર્યોદય થતા પહેલાં તું અચૂક પાછી ફરી જજે. જો તું એમ નહિ કરે અને આવવામાં વિલંબ થશે તો મારું મૃત્યુ થશે. અને તારા કેશપાશમાંથી મરેલા નાગ રૂપે તું મને જોઈશ.'

દેવના પ્રભાવથી આરામશોભા ક્ષણમાત્રમાં પાટલિપુત્ર પહોંચી. રાજાને અને પોતાની સાવકી બહેનને પલંગમાં સૂતેલાં જોયાં. પછી પારણામાં પુત્રને સૂતેલો જોયો. પુત્રને ખૂબ રમાડી, ખૂબ વહાલ કરી, પોતાના ઉદ્યાનનાં ફળફૂલ એની પાસે મૂકી આરામશોભા સમયસર પાછી ફરી. સવારે કુમારની આયાએ રાજાને જાણ કરી કે કોઈ કુમારની પાસે ફળફૂલ મૂકી ગયું છે. રાજાએ જાતે જઈને એની ખાતરી કરી. રાણીને પૂછ્યું, 'આ શું છે?' નકલી રાણી જૂઠું બોલી, 'મેં રાત્રે સ્મરણ કરીને ઉદ્યાનમાંથી આ ફળફૂલ આણ્યાં છે.'

બીજે દિવસે પણ એમ જ થયું. આરામશોભા દૈવી શક્તિથી રાત્રે અહીં આવી, પુત્રને રમાડી, ફળફૂલ મૂકી વિદાય થઈ. એટલે રાજા ત્રીજી રાતે હાથમાં ખડ્ગ રાખી ગુપ્ત રીતે શું બને છે તે જોવા ઊભો રહ્યો. ત્યારે રાત્રે સાચી આરામશોભા આવી. રાજાને ખાતરી થઈ કે આ જ મારી સાચી પત્ની છે. પેલી તો કોઈ બીજી છે. આરામશોભા પુત્રને રમાડી પાછી ચાલી ગઈ. સવારે રાજાએ રાણીને ફરજ પાડી કે તારે આજે ઉદ્યાન અહીં લાવવાનો છે. ત્યારે રાણીનો ચહેરો નિસ્તેજ બની ગયો.

ચોથી રાતે જ્યારે આરામશોભા આવી ત્યારે રાજાએ એનો હાથ પકડી કહ્યું, 'તું કેમ મારી વંચના કરે છે?' ત્યારે એણે કહ્યું, 'હું કાલે કહીશ.' અત્યારે તો મને જવા દો.' પણ રાજાએ એને બળપૂર્વક રોકી રાખી. ત્યારે આરામશોભા કહે, 'આમ કરશો તો તમને ભારે પસ્તાવો થશે.' રાજાએ એનું કારણ જાણવા માગ્યું.

પછી આરામશોભાએ મૂળથી સાવકી માતાના દુર્વ્યવહારનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યાં સુધીમાં અરુણોદય થઈ જતાં એના ચોટલામાંથી મરેલો સાપ નીચે પડ્યો. આરામશોભા આ જોઈ મૂર્ચ્છાવશ બની ગઈ. પછી ભાનમાં આવી રાજાને કહ્યું, 'મારી સહાયમાં રહેતા નાગદેવની આજ્ઞાનો મારે હાથે ભંગ થયો એનું આ પરિણામ.'

પછી આરામશોભા ત્યાં જ રહી ગઈ. રાજાએ નકલી રાણીને બંધનમાં નાખી. ત્યારે આરામશોભાએ રાજાને વિનંતી કરી બહેનને બંધનમુક્ત કરાવી. અને બહેન ગણીને પોતાની પાસે રાખી. પછી રાજાએ આરામશોભાની સાવકી માતાના નાક-કાન કાપી એને અને બ્રાહ્મણને દેશમાંથી હાંકી કાઢવાનું ફરમાન કર્યું. પણ આરામશોભાએ કરુણભાવે એ ફરમાન પણ રદ કરાવ્યું.

પછી એક વખત નગરના ઉદ્યાનમાં વીરચંદ્ર નામના મહાત્મા વિશાળ સાધુ સમુદાય સાથે પધાર્યા. આારમશોભા રાજાને લઈ ઉદ્યાનમાં ગઈ. મહાત્મા ત્યારે ધર્મોપદેશ આપી રહ્યા હતા. સત્કર્મો અને દુષ્કર્મોનો વિપાક (પરિણામ) સમજાવી રહ્યા હતા.

ધર્મોપદેશ પત્યા પછી આરામશોભા અને રાજા મહાત્માની પાસે જઈ વંદન કરી નજીકમાં એમની સામે જઈને બેઠાં. પછી આરામશોભાએ આ જન્મમાં એને થયેલા દુઃખસુખના અનુભવો કેવાં કર્મોનું પરિણામ છે એ વિશે મહાત્માને પૃચ્છા કરી.

ત્યારે મહાત્માએ આરામશોભાના પૂર્વભવનો વિસ્તારથી સઘળો વૃત્તાંત કહ્યો–

પૂર્વભવમાં પોતે એના પિતાની અણગમતી આઠમી પુત્રી હતી. પિતાએ એને જે યુવક સાથે પરણાવી હતી તે એને રસ્તામાં ત્યજીને ચાલ્યો ગયો હતો. માણિભદ્ર નામના એક શેઠે એને પોતાની દીકરી જેવી ગણી આશ્રય આપ્યો. પોતાના પાલક પિતા એવા આ શેઠને ત્યાં એ ધર્મ-આરાધના કરવા લાગી. અને પોતાના શીલના પ્રભાવથી

શેઠની ઉજ્જડ થયેલી વાડી એણે નવપલ્લવિત કરી આપી હતી. પછી ઉગ્ર તપશ્ચર્યા કરી તે મૃત્યુ પામી. અને એણે જે નવો જન્મ લીધો તે જ આ ભવની આરામશોભા. પાલક પિતા માણિભદ્ર શેઠ તે આ ભવના નાગદેવ. શીલના પ્રભાવથી વાડી નવપલ્લવિત કરેલી એના પ્રતાપે એને દેવદીધા ઉદ્યાનની પ્રાપ્તિ થઈ.

પોતાનો પૂર્વભવ તાજો થતાં આરામશોભાએ મહાત્માના ચરણોમાં ઝૂકી પ્રણામ કર્યાં. એનું ચિત્ત પ્રબળ વિરક્તિભાવ અનુભવવા લાગ્યું. રાજાએ પણ તત્ક્ષણ નિશ્ચય કરીને કહ્યું, 'હું પણ પુત્રનો રાજ્યાભિષેક કરી તમારી સાથે જ દીક્ષિત થઈ સંયમમાર્ગ સ્વીકારીશ.'

પછી રાજા અને રાણીએ રાજભવનમાં જઈ કુમારનો રાજ્યાભિષેક કર્યો અને પછી આ મહાત્મા પાસે બંનેએ દીક્ષા ગ્રહણ કરી. સમય જતાં બંને ગીતાર્થ બન્યાં. ભવ્ય જીવોને ધર્મોપદેશ કરી, અંતે અનશન સ્વીકારી બંને સ્વર્ગે ગયાં. ✷ ✷ ✷

# પરમહંસ અને ચેતના: એક વિશિષ્ટ રૂપકકથા

પરમહંસ નામનો રાજા ત્રિભુવનનું સામ્રાજ્ય ધરાવે છે. તેને ચેતના નામે રાણી છે. બંનેની પરસ્પર ગાઢ પ્રીતિ છે. એક દિવસ એક શ્યામવર્ણી પણ મોહાકર્ષક વિકારી દૃષ્ટિવાળી માયા નામની નવયૌવના રાજાની નજરે ચઢી. પરમહંસ રાજા એ માયા સ્ત્રીમાં લુબ્ધ થયા. ચેતના રાણીએ રાજાને ઘણું સમજાવ્યા પણ પતિની માયાવશતા આગળ ચેતના ફાવી નહીં. ચેતનાએ ત્યાર પછી પરમહંસને મળવાનું બંધ કર્યું. માયાને તો એ જ જોઈતુંહતું. તે હવે પરમહંસની માનીતી રાણી થઈ બેઠી.

મોહજાળમાં ફસાયેલા રાજાએ નવી કાયાનગરી વસાવી. મન નામના અમાત્યને રાજ્યનો સઘળો કારોબાર સોંપી રાજા માયા સાથે સતત ભોગવિલાસમાં રત બની ગયો.

ભાન ભૂલેલા રાજાને ખબર ન રહી કે મન અમાત્ય અને માયા રાણી એક થઈ ગયાં છે. તે બંનેએ મળીને પરમહંસને પાપની બેડીએ બાંધીને કેદમાં નાંખ્યો. હવે મન અમાત્યે પોતે જ રાજમુગટ પહેરી લીધો. હવે મનની ઈચ્છાએ રાજ્ય ચાલવા લાગ્યું.

હવે આ મન રાજા બે રાણીઓને પરણ્યો : પ્રવૃત્તિ અને નિવૃત્તિ. પ્રવૃત્તિથી મોહ પુત્રનો જન્મ થયો, નિવૃત્તિએ વિવેક પુત્રને જન્મ આપ્યો. પ્રવૃત્તિને નિવૃત્તિ આંખના કણાની જેમ ખૂંચતી. શોક્યનું સાલ કાઢવા તે પતિના કાન ભંભેરવા લાગી. પ્રવૃત્તિની ચઢવણીથી મન રાજાએ નિવૃત્તિ રાણી અને પુત્ર વિવેકને દેશવટો આપી દીધો. શોક્યનું સાલ દૂર થતાં પ્રવૃત્તિએ પતિને ફોસલાવીને પુત્ર મોહને રાજગાદીએ બેસાડ્યો.

*[આ રૂપકકથાનો મૂળ આધારસ્રોત છે જૈન સાધુકવિ શ્રી જયશેખરસૂરિએ સંસ્કૃત ભાષામાં પદ્યમાં રચેલું રૂપકકાવ્ય 'પ્રબોધ ચિન્તામણિ.' એનું રચનાવર્ષ છે વિ. સં. ૧૪૬૨ (ઈ. સ. ૧૪૦૬). આ કવિએ એમની જ રચેલી સંસ્કૃત કૃતિનો આધાર લઈ સંક્ષેપથી પ્રાચીન ગુજરાતી ભાષામાં 'ત્રિભુવનદીપક પ્રબંધ' નામના રૂપકકાવ્યની રચના કરી. કાવ્ય ચોપાઈ અને દુહા છંદમાં ૪૪૨ કડીમાં રચાયું છે.*

*પુસ્તક : ૧. 'પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય', સંપા. કે. હ. ધ્રુવ, પ્રકા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ , ઈ. સ. ૧૯૨૭.*

*પુસ્તક : ૨. 'મહાકવિ શ્રી જયશેખરસૂરિ ભા ૧-૨', લે. સાધ્વીજીશ્રી મોક્ષગુણાશ્રીજી, પ્રકા. આર્ય જયકલ્યાણ કેન્દ્ર, મુંબઈ, ઈ. સ. ૧૯૯૧.*

*(ડૉ. રમણલાલ ચી. શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ, મુંબઈ યુનિ.ની પી.એચડી.ની પદવી માટેના આ મહા નિબંધના ભા-૨માં નિબંધલેખિકા દ્વારા 'ત્રિભુવનદીપક પ્રબંધ' કાવ્યની સંપૂર્ણ વાચના સંપાદિત થયેલી છે.)]*

આ મોહરાજાએ અવિદ્યા નામની નગરી વસાવી એને પોતાની રાજધાની બનાવી. મોહરાજા દુર્ગતિ નામની યુવતીને પરણ્યો. એનાથી એને જતે દિવસે છ સંતાનો થયાં. કામ, રાગ અને દ્વેષ એ ત્રણ કુંવરો અને નિદ્રા, અધૃતિ અને મારિ એ ત્રણ કુંવરીનો એ પિતા બન્યો.

હવે દેશવટો પામેલ માતા-પુત્ર નિવૃત્તિ અને વિવેક ભમતાં ભમતાં પ્રવચનપુરી નગરી પાસેના આત્મારામ વનમાં વસતા વિમલબોધને ત્યાં જઈ ચઢ્યાં. વિમલબોધે એમને રહેવાની વ્યવસ્થા કરી આપી. એટલું જ નહીં, વિવેકનાં ઉત્તમ લક્ષણો જોઈ સુમતિ નામની કન્યાને વિવેક સાથે પરણાવી. પછી માતા નિવૃત્તિ, પુત્ર વિવેક અને પુત્રવધૂ સુમતિ એ ત્રણે નજીકની પ્રવચનપુરીમાં જઈ વસ્યા. વિવેકે ત્યાંના અરિહંત રાયના દરબારમાં જઈ પ્રવૃત્તિપુત્ર મોહરાજાના અત્યાચારોની વાત કરી. અરિહંતે વિવેકને સલાહ આપી કે જે લોકો મોહત્રસ્ત થયા હોય તેમને લઈ આવીને આપણા પ્રદેશમાં મુક્તિપુરી વસાવવી. વિવેકે સુપેરે એનો અમલ કરતાં અરિહંત રાય તરફથી પુણ્યરંગપટ્ટણની જાગીર પ્રાપ્ત થઈ.

વિવેક હવે પુણ્યરંગપટ્ટણમાં રાજ્ય કરવા લાગ્યો. ત્યાં એક દિવસ મોહરાજાના ત્રણ જાસૂસો દંભ, કદાગ્રહ અને પાખંડ અહીં આવી પહોંચ્યા. જ્ઞાન નામના કોટવાળે એમને વિદેશી જાણી નગરીમાં પેસવા દીધા નહિ. એટલે કદાગ્રહ અને પાખંડ પાછા વળી ગયા. પણ દંભ વેશપલટો કરી નગરીમાં પ્રવેશી ગયો. અહીં એણે વિવેકરાયનો પ્રતાપ નિહાળ્યો. દંભે

છૂપી જાસૂસી કરી એ જાણી લીધું કે વિવેકરાય મોહરાજાને જીતવા માટે સમકિત નામના મંત્રી સાથે મસલત કરી રહ્યા છે. દંભ જાસૂસે પરત આવી મોહરાજાને બધી વાત નિવેદિત કરી. મોહરાજા ભય પામી ગયો. વિવેકને દેશવટે જીવતો જવા દેવા માટે સંતાપ પામ્યો. એના ત્રણ કુંવરો પૈકીના મોટા કુંવર કામે પિતાને ધીરજ આપતાં કહ્યું કે 'ચિંતા ન કરો. વસંત આવતા હું દિગ્વિજયની સવારીએ નીકળું છું. એ સમયે હું વિવેકનો પરાજય કરીશ.'

પછી પાટવીકુંવર કામ યુવતીઓની સવારી લઈને વિજયયાત્રાએ નીકળ્યો. તેણે બ્રહ્મલોકમાં બ્રહ્મર્ષિઓને જીત્યા, ભૂલોકમાં કાલિંદીને કાંઠે સોળ સહસ્ર ગોપીઓની ફોજથી કૃષ્ણને ઘેર્યા, ઉત્તરમાં કૈલાસ પર્વતે પહોંચી શંકર પાસે પાર્વતીનું પાણિગ્રહણ કરાવ્યું. આ સર્વના અનુસરણમાં વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા તપસ્વીઓએ કામના શાસનને માન આપી ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો.

આમ દેશદોશાંતર જીતીને કામકુમાર વિવેકની રાજધાની પુણ્યરંગપટ્ટણ તરફ જઈ રહ્યો હતો. એક બાજુથી કામ આ તરફ આવી રહ્યાના સમાચાર મળ્યા, તો બીજી બાજુએ અરિહંત પ્રભુનો સંદેશો મળ્યો કે વિવેકે ઝડપથી પુણ્યરંગથી નીકળી પ્રવચનપુરી પહોંચી જવું. વિવેક પ્રવચનપુરી જવા નીકળ્યો. એનો મિત્ર વસ્તુવિચાર પુણ્યરંગ નગરીની સઘળી પ્રજાને પણ પ્રવચનપુરી લઈ ગયો. કામકુમાર અને એના સૈન્યે નગરીમાં દાખલ થઈને જોયું તો નગરી ખાલીખમ. કામકુમારે માન્યું કે વિવેક બીકનો માર્યો નાસી ગયો, એટલે પોતે ગર્વથી ફુલાઈ ગયો. ત્યાં જે થોડાઘણા પ્રમાદી લોકો રહી ગયા હતા તેમને બંદીવાન કરી અવિદ્યા નગરીમાં કામ પાછો ફર્યો. પિતા મોહ અને માતા દુર્ગતિએ કામને વધાવ્યો.

મોહરાજાના મનમાં વિવેક છટકી ગયાનો ખટકો હતો. એવામાં દ્વારપાળે આવીને કહ્યું કે કોઈ સશક્ત યોદ્ધો આપને મળવા માગે છે. મોહરાજાએ એને અંદર બોલાવ્યો. પરિચય માગતાં આગંતુકે કહ્યું કે 'હું તમારા શત્રુઓનો કાળ છું. મને સૌ કળિકાળ કહે છે. હું વિવેકને હણી નાખીશ. અને પ્રવચનપુરીને ઉજાડી નાખીશ.' મોહરાજાએ એને રોકી લીધો.

મોહરાજાના કિંકર કળિકાળે કંઈક ને લૂંટ્યા, કંઈકને બંદીવાન કર્યા, કેટલાંય ગામો ને આશ્રમો ઉજાડ્યા. મોહરાજાના કિંકરે વર્તાવેલા કેરના સમાચાર પ્રવચનપુરી પહોંચ્યા.

તે સમયે પ્રવચનપુરીમાં સંયમશ્રી કન્યાના સ્વયંવરની ધામધૂમ ચાલતી હતી. ત્યાં ભરી રાજસભામાં અરિહંતરાય સમક્ષ વિવેકે પાંચ અપૂર્વ પરાક્રમો કરી બતાવ્યાં. એટલે સંયમશ્રીએ વિવેકના કંઠમાં વરમાળા આરોપી. પછી તરત જ અરિહંત પ્રભુનો આદેશ લઈને વિવેક સંયમશ્રીને સાથે લઈને, મોહને જીતવા સૈન્ય સહિત નીકળ્યો.

વિવેકને આવતો જાણી મોહ રાજા પણ મોટું લશ્કર લઈ મેદાને પડ્યો. બન્ને પક્ષો જીવસટોસટની લડાઈ લડતા હતા. વિવેકે આગળ આવી મોહને આંતર્યો. બન્ને વચ્ચે યુદ્ધ જામ્યું. છેવટે વિવેકે બ્રહ્માસ્ત્ર છોડી મોહને હણ્યો.

મોહ હણાતાં એની માતા પ્રવૃત્તિ ઝૂરી મરી. પિતા મનરાજા પણ દુઃખી થયો. ત્યારે વિવેકે પિતાને કષાયો ત્યજીને શમરસના પૂરમાં સ્નાન કરવાને પ્રતિબોધિત કર્યા. મનરાજાએ પુત્રની વાત સ્વીકારીને અંતે શુકલધ્યાનમાં મગ્ન બન્યા.

આ બધો સમય પરમહંસની રાણી ચેતના, પતિદેવ માયાનગરીમાં લુબ્ધ થવાને કારણે, અજ્ઞાતવાસમાં ચાલી ગઈ હતી. તે માયાનો પક્ષ તૂટી રહ્યાનું જાણી પરમહંસ પાસે આવી અને પતિદેવને વિનંતી કરવા લાગી, 'હે સ્વામી, આ અનેક ઉપદ્રવોથી ભરેલી કાયાનગરીમાં હવે તમારો વાસ શોભે નહીં. તમે તમારું પરમ ઐશ્વર્ય પ્રગટ કરો, તમારું મહાન તેજ પ્રકાશો.'

હવે માયાના બંધનમાંથી મુક્ત થયેલા પરમહંસ રાજાના હૃદયને ચેતના રાણીના વચનો સ્પર્શી ગયાં. તેમણે કાયાનગરીનો ત્યાગ કર્યો અને પુનઃ પરમહંસે પરમાત્મપદને સિદ્ધ કર્યું. ✶ ✶ ✶

## દાંતે દળ્યું ને જીભે ગળ્યું

*[આ કથા જૈન સાધુકવિ શ્રી હરજી મુનિકૃત 'વિનોદચોત્રીસી' નામની પદ્યવાર્તામાં મળે છે. મધ્યકાલીન ગુજરાતી ભાષામાં આ કૃતિની રચના વિ. સ. ૧૬૪૧ (ઈ. સ. ૧૫૮૫)માં થઈ છે.*

*પુસ્તક : 'હરજી મુનિકૃત વિનોદચોત્રીસી', સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૫.]*

ધારાપુર નામે નગર હતું. એમાં ધરવીર નામે રાજા રાજ્ય કરે. એની આજ્ઞા કોઈ ઉથાપી ન શકે. આ રાજા શૂરવીર, બળવાન અને વિક્રમ રાજા જેવો દાની હતો.

આ નગરમાં કુબેર નામે એક વેપારી રહેતો હતો. એની પાસે લક્ષ્મીની તો કોઈ મણા જ નહોતી. પણ તે એવો તો કંજૂસ કે એના હાથથી ધન છૂટે જ નહિ. વળી દેખાવે તો ઘણો જ કદરૂપો હતો. એની વાણી અત્યંત કર્કશ હતી. અને હૃદયનો પણ તેવો જ કઠોર હતો. કોઈ તેનું મન પારખી શકતું નહીં. કંજૂસાઈના કારણે તે કોઈપણ પ્રકારનાં સુખોથી દૂર જ રહેતો. પોતાના શરીરનું જતન પણ સરખી રીતે કરતો નહીં. સરખું સ્નાન કરવાનું ટાળે, બીજે ગામ ગયો હોય ને ભૂખ લાગી હોય તોયે કોડી પણ ખરચે નહીં ને ભૂખ વેઠી લે. એને આંગણે કોઈ અતિથિ-અભ્યાગતપણ આવતા નહીં. કદાચ કોઈ ભિક્ષુક આવી ગયો હોય તો દૂરથી જ એને પાછો કાઢે. આમ રખેને એનું ધન ઓછું થઈ જાય એમ બધા સંબંધો ટાળે ને ભૂખ-તરસના દુઃખ વેઠી લે.

એક દિવસ આ કંજૂસ વેપારીને એવો વિચાર આવ્યો કે મેં જે ધન ભેગું કર્યું છે તે એક ચરુમાં ભરીને જંગલમાં જઈ સંતાડી દઉં. જ્યારે ઘડપણ આવશે ત્યારે એ સંતાડી રાખેલું ધન મારા ખપમાં આવશે. ભવિષ્યમાં કોઈ મને પાણી પણ ન પાય એ પહેલાં બુદ્ધિપૂર્વક અગાઉથી જ મારું ધાર્યું કરું.

આમ વિચારીને એક દિવસ કોઈ જાણે નહિ તેમ મણિ-માણેક-રત્નો સહિતનું સારું એવું ધન એક ચરુમાં ભર્યું. પછી રાતને સમયે એ ચરુ માથે ચડાવી તે નગર બહાર ગયો. વનમાં જઈને ચરુ છુપાવવા માટેની એક જગા એણે પસંદ કરી. એ જગાને ખોદીને ધન ભરેલો ચરુ એમાં સંતાડી દીધો. પછી એ જગાને ઓળખવા માટે એણે એંધાણી કરી. નિરાંતનો દમ લેતાં થયું 'મેં રાતને સમયે ગુપ્ત રીતે આ કામ કર્યું છે એટલે ભાગ્યે જ કોઈને એની જાણ થઈ હોય.' પણ આ તો માનવીનું મન! અને એમાંયે આ કંજૂસ વેપારીનું. એનું મન વળી પાછું અનેક શંકા-કુશંકા કરવા લાગી ગયું. એને એવી ભ્રાંતિ થઈ કે 'પોતે જમીન ખોદતો હતો ત્યારે થોડો ધબધબ અવાજ થતો. જમીન ખોદવાનો આ અવાજ કોઈએ સાંભળ્યો તો નહિ હોય? હું અહીંથી ઘેર જાઉં ને કોઈ છાનુંમાનું આવી આ ચરુ કાઢીને લઈ જાય તો?' આમ શંકા કરતા એ કુબેર શેઠે આટલામાં કોઈ છે તો નહિ ને? એ જોવા માટે ચારે બાજુ નજર નાખવા માંડી. એમ કરતાં નજીકમાં જ એક દેવસ્થાન એની નજરે પડ્યુંય

હવે બન્યું એવું કે આ દેવસ્થાનમાં અન્ય પ્રદેશમાંથી ફરતો ફરતો એક સાધુ ત્યાં આવેલો હતો. આવીને તે અહીં જ રહી પડ્યો હતો. દિવસે તે નગરમાં જઈ ભિક્ષા માગી લાવતો ને રાત્રે આ નિર્જન એવા દેવસ્થાનમાં સૂઈ જતો. આ સાધુ કેવળ વેશધારી જ હતો. સાધુવેશમાં તે મોટો ધૂર્ત હતો. પેલો વેપારી જ્યારે ચરુ સંતાડી રહ્યો હતો ત્યારે તે જાગતો હતો અને જમીન ખોદાતી હતી એનો અવાજ એણે સાંભળ્યો હતો.

પેલો વેપારી ધીમે પગલે ચાલતો દેવસ્થાનમાં આવ્યો. પેલા ધૂર્ત સાધુએ આ વેપારીને અહીં આવતો જોયો. એટલે એને પાકી ખાતરી થઈ ગઈ કે આ માણસે જ અહીં નજીકમાં ધન સંતાડ્યું લાગે છે.

વેપારીને પોતાની તરફ આવતો જોઈને એ સાધુ પોતાના શ્વાસ રૂંધીને હલનચલન કર્યા વગર પડી રહ્યો. બાળપણથી જ એણે પવનસાધનાનો અભ્યાસ કરેલો હતો. એણે પોતાની કાયાને જાણે કે શબવત્ બનાવી દીધી. વેપારીએ સૂતેલા સાધુ પાસે આવી એની નાડી પકડીને તપાસી તો તે સાધુ એને મરી ગયેલા સમો જણાયો. તોયે એ વેપારીને પૂરતો વિશ્વાસ બેઠો નહીં. એટલે એ મૃત્યુ પામ્યો છે એની ખાતરી કરવા એણે સાધુનું નાક છેદી નાંખ્યું. પછી બંને કાન છેદી નાખ્યા. તોપણ પેલો સાધુ જરીકેય હાલ્યો નહીં. અને શ્વાસ રૂંધીને પડ્યો જ રહ્યો. ત્યારે વેપારીને પૂરતો વિશ્વાસ બેઠો કે એ સાધુ મૃત્યુ પામ્યો છે. એટલે હાશ અનુભવીને તે ઘેર પાછો ફર્યો અને સંતોષપૂર્વક સૂઈ ગયો.

વેપારીના ચાલ્યા ગયા પછી પેલો સાધુ ઊભો થયો ને જે દિશામાંથી ધબધબ અવાજ આવતો એણે સાંભળ્યો હતો એ દિશામાં ગયો. કંજૂસ કુબેરે જ્યાં ધન દાટ્યાની એંધાણી કરી હતી તે એણે પારખી કાઢી. પછી જમીન ખોદીને મણિ-માણેક-રત્નોથી ભરેલો ચરુ એણે બહાર કાઢ્યો. એના તો હરખનો પાર જ ન રહ્યો. ચરુ લઈને એ કોઈ બીજે જ સ્થળે ચાલ્યો ગયો. એમાંનું કેટલુંક દ્રવ્ય પોતાની પાસે રાખ્યું અને બાકીનું ગુપ્ત રીતે સંતાડી દીધું. ચરુને છુપાવીને એણે તે સ્થાને નિશાની કરી લીધી.

ધન પ્રાપ્ત થતાં આ સાધુ ગણિકાગૃહે ગયો ને ત્યાં રહીને ભોગવિલાસ કરવા લાગ્યો. આ રંગરાગ માણવામાં રાતદિવસ ક્યારે પસાર થાય છે એની પણ એને કાંઈ ખબર રહેતી નથી. આમ કરતાં કેટલોક સમય પસાર થયો.

આ સાધુએ ચરુમાંથી જે કેટલુંક દ્રવ્ય મોજશોખ અર્થે કાઢી લીધું હતું એમાં એ વેપારીની એક વીંટી પણ હતી. એ વીંટી ઉપર એ વેપારીનું નામ અંકિત કરેલું હતું જેની એ સાધુને કાંઈ સરત રહી નહોતી.

સાધુ એક દિવસ નગરમાં આવી ઝવેરીની દુકાને એ વીંટી વેચવા ગયો. ઝવેરીને કહે, 'આ વીંટીનું મૂલ કરો.'

હવે બન્યું એવું કે એ ઝવેરીની દૂકાને એ જ સમયે વીંટીનો અસલ માલિક પેલો કંજૂસ વેપારી ત્યાં બેઠો હતો. એણે પેલી વીંટી જોઈ. એ વીંટી પોતાના જેવી લાગતાં એણે એ જોવા માગી. હાથમાં લઈ આમતેમ વીંટીને જોતાં એના ઉપર પોતાનું નામ અંકિત થયેલું જોઈને તે ચમકી ગયો. એને ખાતરી થઈ કે આ તે જ સાધુ છે જેનાં મેં નાક-કાન છેદી નાખ્યાં હતાં. મનોમન એને બધી ગડ બેસી ગઈ. 'આને મેં મરેલો જાણીને જવા દીધો હતો પણ નક્કી એ જાગતો શ્વાસ રૂંધીને પડી રહ્યો હશે. અને લોભને વશ થઈને નાક-કાન છેદાવાની પીડા પણ સહી લીધી હશે.'

વેપારીએ એ ઠગને ત્યાં જ પકડી લીધો. પછી તેને નગરના રાજા પાસે લઈ જઈને ખડો કર્યો. પછી એ વેપારીએ અત્યાર સુધીની બનેલી ઘટના ફરિયાદ રૂપે રાજાને કહી સંભળાવી.

રાજાએ જ્યારે એ વીંટી જોઈ ત્યારે એમને પણ આ સાધુ ચોર હોવાની પાકી ખાતરી થઈ. રાજાએ એ સાધુને પ્રશ્ન કર્યો કે 'તેં ચોરી શા માટે ને કેવી રીતે કરી?' ત્યારે પેલો સાધુ કહેવા લાગ્યો,

'હે રાજા! હું કહું તે ધ્યાનથી સાંભળો. જે માણસ પોતાની વસ્તુ આપીને સામાની વસ્તુ લે એ ચોર કેવી રીતે કહેવાય?'

ત્યારે રાજાએ પછ્યું, 'શું તમે માંહોમાંહે કોઈ વસ્તુની આપ-લે કરી છે?' જવાબમાં સાધુ કહે, 'હું પરદેશી અવધૂત છું. ભમતો ભમતો આ નગરમાં આવ્યો. નગરમાં દિવસે ભિક્ષા માંગીને રાત્રે નગર બહાર મંદિરમાં સૂઈ જતો. એક દિવસ મધ્યરાત્રિએ આ શેઠ

મંદિરમાં આવ્યા. હું ભરઊંઘમાં હતો ત્યારે એમણે મારાં નાક-કાન છેદી નાંખીને મને ભારે પીડા ઉપજાવી. શેઠ એમને ઘેર ગયા. તે પછી મેં શેઠે છુપાવેલું ધન જમીનમાંથી કાઢીને લઈ લીધું. હવે એ શેઠ મને ચોર કહે છે. તો આપ સાચો ન્યાય તોળજો. મારે આપને એ કહેવું છે કે તેઓ મને મારી વસ્તુ (છેદેલાં નાક-કાન) પાછા આપે અને હું એમને એમની વસ્તુ સંભાળીને પાછી આપું.

સાધુની આ વાત સાંભળી આખી રાજસભા હસી પડી. રાજાએ પણ એ જ ન્યાય તોળ્યો. એટલે પેલા કંજૂસ વેપારીનું મોં કાળું મેંશ થઈ ગયું. કેમકે સાધુનાં છેદેલાં નાક-કાન તો એ ક્યાં પરત કરી શકે એમ જ હતો! પેલો ઠગ સાધુ હર્ષભેર ચાલતો થયો.

રાજસભામાં બેઠેલા સૌ માંહોમાંહે આ કંજૂસ વેપારીનું ટીખળ કરતાં કહેવા લાગ્યા, 'આ તો દાંતે દળ્યું ને જીભે ગળ્યું એના જેવો ઘાટ થયો. ઉંદરે ખોદી ખોદીને દર બનાવ્યું ને સાપ એમાં પ્રવેશીને દરને ભોગવવા લાગ્યો. કંજૂસના ધનના આવા હાલ થાય.' ✷✷

# આપમતિલાપણાનું દુષ્પરિણામ

## ૧. અરિદમન રાજાની કથા

ત્રંબાવતી નગરીમાં અરિદમન નામે રાજા હતો. એને પ્રીતિમતી નામે રાણી હતી. રાજા પોતાની આ રાણી પ્રત્યે અપાર પ્રેમ ધરાવતો હતો. રાજાને ધનપતિ નામે શ્રેષ્ઠી નાનપણનો મિત્ર હતો. આ ધનપતિ શ્રેષ્ઠીને ધનવસુ નામે પુત્ર હતો. આ ધનપતિના ઘરે એક ગરીબ છોકરો રહેતો હતો. એના માબાપ એની બાળવયમાં જ મૃત્યુ પામ્યાં હતાં. આ છોકરો ચોખા ખાંડવાની કામગીરી સંભાળતો. આ કામ કરતાં એ ચોખાના કુકસા ખાતો. એથી બધા એને કોકાસ કહીને બોલાવતા. શ્રેષ્ઠીપુત્ર ધનવસુનો પણ એ સમાન વયને કારણે મિત્ર જેવો બની ગયો હતો.

એક વખત શ્રેષ્ઠીપુત્ર ધનવસુ વેપાર અર્થે યવનદ્વીપ જવા નીકળ્યો ત્યારે એણે કોકાસને પણ સાથે લીધો. કેટલાક દિવસ પછી એમના માલ ભરેલાં વહાણ યવનદ્વીપના બારામાં પહોંચ્યાં. ધનવસુ ત્યાં વેપાર અર્થે કેટલાક દિવસ રોકાયો. તે ગાળામાં કોકાસ આ નગરના એક રથકારના પરિચયમાં આવ્યો. આ રથકાર ઘણી કળાઓનો જાણકાર હતો. કોકાસ એની પાસે કાષ્ઠકામની કળા શીખવા લાગ્યો. અને પોતે એમાં પારંગત બની ગયો. એમાં એક અજબની કળા એ શીખ્યો. લાકડાના હાથી, ઘોડા, માછલી એમ જુદા જુદા આકારનું નાનું વિમાન બનાવી એમાં એવી કળ ગોઠવે કે જેથી એ કાષ્ઠ-સાધન આકાશમાં વિહરવા લાગે.

ધનવસુ જ્યારે માલનું ખરીદ-વેચાણ કરી, અઢળક ધન કમાઈ વતનમાં પાછા ફરવાને તૈયાર થયો ત્યારે કોકાસ પણ એના કલાવિદ ગુરુની આજ્ઞા લઈ મિત્રની સાથે પાછો આવવા નીકળ્યો. બન્ને હેમખેમ ત્રંબાવતી નગરી પરત આવી ગયા. કોકાસે પણ આ ગાળામાં એની કલાકારીગરીથી થોડુંઘણું ધન ઉપાર્જિત કર્યું હતું. ધનવસુએ પણ એને કેટલીક ધનસહાય કરી હતી. એટલે કોકાસ હવે પોતાના અલગ ઘરમાં રહેવા ગયો.

*[આ કથામર્મને રજૂ કરતી બંને કથાઓ પં. વીર વિજયજીકૃત 'ધમ્મિલકુમાર રાસ'ના ખંડ-૪ની ઢાળ ૬-૭માં મળે છે. રાસની ભાષા મધ્યકાલીન ગુજરાતી છે અને રચના વર્ષ વિ. સં. ૧૮૯૬ (ઈ. સ. ૧૮૪૦) છે.*

*પુસ્તક : 'ધમ્મિલકુમાર રાસ' (ગદ્યાનુવાદ સહિત), સંપા. સાધ્વીજીશ્રી જિતકલ્પાશ્રીજી, સહસંપા. સા. શ્રી વિરાગરસાશ્રીજી અને સા. શ્રી ધૈર્યસાશ્રીજી, પ્રકા. શ્રી દેવી-કમલ સ્વાધ્યાય મંદિર, પાલડી, અમદાવાદ-૭. ઈ. સ. ૨૦૦૯.]*

એણે વિચાર્યું કે હવે મારી કળાનો એવો ચમત્કાર બતાવું કે નગરનો રાજા પણ ખુશ થઈ જાય. એણે કાષ્ઠનાં બે કબૂતર બનાવ્યાં. એમાં એવા કળ-સંચ ગોઠવ્યાં જેથી એ કબૂતર આકાશમાં ઊડવા લાગ્યાં. એ કબૂતરો રાજાના મહેલની અગાશીમાં સૂખવેલા ચોખા પણ એકત્ર કરી લેતાં. એ જ રીતે ખેતરો અને ખળામાંથી પણ અનાજ હરી લેતાં. ધીમે ધીમે ખેડૂતોની ફરિયાદ રાજાને કાને પહોંચી. રાજાએ મંત્રીને આની તપાસ કરવા હુકમ કર્યો. તપાસ કરતાં જાણવા મળ્યું કે કોકાસે બનાવેલાં કાષ્ઠ-કબૂતરો મહેલની અગાશીમાંથી અને ખેતરમાંથી ધાન્ય હરી જાય છે. રાજા તો આ વાત સાંભળી આશ્ચર્ય પામ્યો. લાકડાનાં કબૂતરો આકાશમાં ઊડે એ કેવી કળા! રાજાએ કોકાસને બોલાવી એની કળાની પ્રશંસા કરી. પછી રાજાએ કોકાસને કહ્યું, 'તું એવું યંત્ર બનાવ જેમાં હું અને તું આકાશમાં ઊડી શકીએ.' રાજાએ એને પ્રસન્ન થઈ વસ્ત્રાદિની ભેટ ધરી.

કોકાસે થોડા દિવસમાં બે જણા બેસી શકે એવું કાષ્ઠવિમાન તૈયાર કર્યું. વિમાન નાવ આકારનું હતું અને એમા કળ-સંચ ગોઠવ્યાં હતાં. તૈયાર થયેલું વિમાન એણે રાજાને બતાવ્યું. પછી રાજા અને કોકાસ એમાં ગોઠવાયા અને બન્ને વિદ્યાધરની માફક ગગનમાં વિહરવા લાગ્યા. લટાર મારીને બન્ને પાછા રાજમહેલે આવી ગયા. આ રીતે રોજ બન્ને આકાશની સહેલ કરીને આનંદ માણવા લાગ્યા.

થોડાક દિવસ પછી એકવાર રાણી પ્રીતિમતી રાજાને કહે, 'હે સ્વામી, તમે રોજ નવાં નવાં સ્થાનોએ આકાશમાં ઊડીને ફરવા જાઓ છો, તો અમે શો અપરાધ કર્યો છે?' રાણીનાં આ વચનો સાંભળીને રાજાને પણ થયું કે મારે રાણીને પણ આકાશગમનનો આનંદ કરાવવો જોઈએ.

આ વાત રાજાએ કોકાસને કહી, 'કોકાસ! રાણીને પણ આકાશ-ઉડ્ડયનની મઝા માણવી છે. તો આજે આપણી સાથે રાણી પણ આવશે.'

કોકાસ કહે, 'રાજાજી આ કાષ્ઠનાવમાં માત્ર બેનો જ સમાવેશ થઈ શકે એમ છે. વળી ભાર પણ એ બે જણનો જ સહી શકે એમ છે. જો ત્રણ જણ બેસવા જાય તો તે વધુ વજનથી તૂટી જશે. પણ રાણી પ્રત્યેના અનુરાગથી અને વિશેષ તો આપમતિલા સ્વભાવને કારણે રાજાએ રાણીને સાથે લઈ જવાની જીદ ચાલુ રાખી. પણ રાજાને કોણ સમજાવે ને મનાવે! કેમેય કર્યું આ હઠીલું દંપતી માન્યું જ નહીં.

કોકાસની સલાહને ગાંઠ્યા વિના રાજા-રાણી કાષ્ઠનાવમાં સંકડાઈને બેસી ગયાં. રાજાની આજ્ઞા થતાં કોકાસે વિમાન ચલાવ્યું. વિમાન પક્ષીની જેમ આકાશમાર્ગે ઊડવા લાગ્યું. તે એક હજાર કોશ પહોંચ્યું હશે ને વિમાનમાં કીલિકા, કળ, સંચ વગેરે ધીમે ધીમે ઘસાવા લાગ્યાં. અને છેવટે વિમાન નીચે પડ્યું. નીચે સરોવર હતું. એની મધ્યમાં કાષ્ઠનાવ ખાબક્યું. મહામહેનતે ત્રણે જણાં સરોવરની બહાર નીકળ્યાં.

હવે કોકાસ રાજાને કહે, 'આપ બન્ને અહીં બેસો. હું નજીકના ગામે કોઈ સુથારને શોધી કાઢું છું. સમારકામ માટે નાનાંમોટાં સાધન જોઈએ તે લઈને આવું છું.'

રાજા-રાણી સરોવરપાળે બેઠાં. કોકાસ બાજુના સલીપુર નગરમાં પહોંચ્યો. એક સુથારને શોધી કાઢ્યો. એની પાસે કેટલાંક જરૂરી સાધનો માંગ્યાં. તે સુથાર કહે, 'હું હમણાં મારાં સાધનો આપી શકું એમ નથી. કેમકે અહીંના રાજાનો રથ સજ્જ કરવામાં હું વ્યસ્ત છું.'

કોકાસ કહે, 'મને રથ બતાવો. એ સજ્જ કરવામાં હું તમને મદદ કરીશ.' પછી કોકાસે એની કાર્યદક્ષતાથી થોડા જ સમયમાં રથને તૈયાર કરી દીધો. કોકાસની કળા જોઈ પેલો સુથાર પણ આશ્ચર્ય પામ્યો. પછી એને શંકા પડી કે આવો કળાનિપુણ આ પરદેશી કોકાસ જ હોવો જોઈએ. કોકાસની ખ્યાતિથી એ પરિચિત હતો. પૂછતાછ કરતાં ખાતરી થઈ કે એ કોકાસ જ છે.

એ સુથાર કોકાસને કહે, 'તમે અહીં બેસો. હું ઘેર જઈને વધુ સારાં ઓજારો લઈ આવું.' આમ કહીને એ સુથાર ખરેખર ઘેર જવાને બદલે રાજા પાસે પહોંચ્યો અને કહ્યું કે 'ત્રંબાવતીનો કોકાસ અહીં આવ્યો છે.' પછી એણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો.

કાકજંઘ રાજાએ સુભટો મોકલીને કોકાસને રાજદરબારે બોલાવ્યો. કોકાસને કાકજંઘે પૂછ્યું, 'તારો રાજા ક્યાં છે? મને ખાતરી છે કે તારો રાજા પણ આટલે દૂર તારી સાથે આવ્યો હશે જ.' કોકાસને ખબર નથી કે આ રાજા અરિદમન વિશે કેમ પૂછે છે? એટલે એણે તો સહજ ભાવે કહી દીધું કે એ સરોવરની પાળે બેઠા છે.

હકીકતમાં આ કાકજંઘ રાજાને અરિદમન સાથે જૂની અદાવત હતી. એટલે એણે સુભટોને સરોવરપાળે મોકલ્યા. આ સુભટો અરિદમનને અને રાણીને કેદ કરી પોતાના રાજા પાસે લઈ આવ્યા. એણે અરિદમનને કેદખાનામાં ધકેલ્યો અને એની રાણીને અંતઃપુરમાં મોકલી આપી.

પછી કાકજંઘે કોકાસને વિનંતી કરી કે તારી અપૂર્વ કળા મારા રાજકુંવરોને શીખવ.' ત્યારે કોકાસ કહે, 'રાજકુંવરને સુથારીકામ શીખવું ઉચિત નથી.' પણ રાજાએ બળજબરીથી કોકાસને એમ કરવા ફરજ પાડી.

એટલે કોકાસે રાજાના કુંવરોને કળા શીખવવા માંડી. એમ કરતાં એણે સુંદર મઝાના બે ઘોડા બનાવ્યા. એમાં યંત્રો ગોઠવ્યાં. કળ ગોઠવાઈ ગઈ. પણ હજી કળ ફેરવવાની સંપૂર્ણ કળા શીખવાની કુંવરોને બાકી હતી.

એક રાતે કોકાસ નિરાંતે સૂતો હતો. એણે તૈયાર કરેલા બે ઘોડા એની નજીકમાં જ હતા. ત્યારે રાજાના બે કુમારો ઊઠીને પેલા બે ઘોડા હતા તેની ઉપર સવાર થયા. કળથી એને ચાલુ કર્યા ને ગગનમાર્ગે ઊડવા લાગ્યા.

ઊંઘ પૂરી થતાં કોકાસ જાગ્યો. બાકીના કુંવરોને પૂછ્યું કે અહીં રાખેલા બે ઘોડા ક્યાં ગયા? ત્યારે તેમણે કહ્યું કે 'અમારા ભાઈઓ અશ્વ ઉપર બેસીને આકાશમાં ગયા.' કોકાસ કહે, 'ભારે ભૂંડું થયું. તમારા એ ભાઈઓ જીવતા પાછાં આવશે નહીં. કેમકે ઘોડાના યંત્રની કળ હરેક પરિસ્થિતિમાં કેમ ચલાવવી તેનું મૂળ તેઓ જાણતા નથી.'

કુમારો વિમાસણમાં પડ્યા. આ વાત પિતા જાણશે ત્યારે શું થશે? નક્કી પિતા ગુસ્સે થશે. અને આ કોકાસને પણ શૂળીએ ચઢાવશે.

આ વાતચીત કોકાસે સાંભળી. એણે પણ એક યુક્તિ કરી. એક ચક્રયંત્ર તૈયાર કરેલું હતું એમાં બાકીના કુંવરોને બેસાડ્યા. અને કહ્યું કે પોતે શંખધ્વનિ કરે ત્યારે ચક્રની મધ્યમાં રહેલી ખીલી ઠોકજો એટલે ચક્ર તમને ગગનમંડળમાં લઈ જશે.

હવે રાજાને ખબર પડી કે અશ્વ ઉપર ઊડીને ગયેલા પોતાના કુંવરો પાછા ફરવાના નથી ત્યારે ક્રોધે ભરાયેલા કાકજંઘે કોકાસને શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો. રાજસેવકોએ આવી કોકાસને પકડ્યો અને વધસ્થાને લઈ જવાનો રાજાનો હુકમ સંભળાવ્યો. ત્યારે કોકાસે શંખનાદ કર્યો એટલે એ સાંભળી ચક્રયંત્રમાં બેઠેલા કુંવરોએ મધ્યની ખીલી ઠોકી. તરત જ યંત્ર આકાશમાં ઊડ્યું. એમાં રહેલી શૂલથી સર્વ ભેદાયા અને ત્યાં જ મૃત્યુ પામ્યા.

અહીં કોકાસને વધસ્થંભે ચડાવાયો અને મારી નંખાયો. રાજકુંવરો પણ સર્વે મરાયા. રાજા પુત્રોના મરણની વાત જાણી

મૂર્ચ્છાવશ બન્યો. પછી મૂર્ચ્છા વળતાં બેબાકળા બનેલા રાજાએ આપઘાત કરી લીધો. અરિદમન રાજા કારાગૃહમાં જ મૃત્યુ પામ્યો.

આમ, કોકાસની સ્પષ્ટ ના છતાં અરિદમન રાજાની જીદ અને સ્વચ્છંદી આપમતિલાપણાનું કેવું ભયંકર દુષ્પરિણામ આવ્યું!

## ૨. વસુદત્તાની કથા

ઉજ્જયિની નગરીમાં વસુમિત્ર નામે એક ધનાઢ્ય પુરોહિત રહેતો હતો. એની પત્નીનું નામ ધનશ્રી હતું. સંસારસુખ ભોગવતાં આ દંપતીને એક પુત્ર અને એક પુત્રીની પ્રાપ્તિ થઈ. પુત્રનું નામ ધનવસુ, પુત્રીનું નામ વસુદત્તા. વસુદત્તા રૂપે તો જાણે રંભાના અવતાર સમી. વસુદત્તા યુવાન વયમાં આવી હતી.

કોસંબી નગરીથી ધનદેવ નામનો એક વેપારી વેપાર અર્થે ઉજ્જયિની આવ્યો. વસુમિત્ર સાથે એનો પરિચય હોવાથી એને ઘેર આવીને રહ્યો. ધનદેવ અને વસુદત્તા સરખેસરખી વયનાં હોવાથી અને નિકટના સહવાસથી બન્ને સ્નેહની ગાઠથી બંધાઈ ગયાં. વસુમિત્રે આ બન્ને વચ્ચે પ્રેમ પાંગરેલો જોઈને એમનાં લગ્ન કરી આપ્યાં. ધનદેવ વેપારનું કામ પતાવી નવોઢા વસુદત્તાને લઈને કોસંબી નગરી પોતાને ઘેર આવ્યો. ધનદેવના માતાપિતા પણ આ નવપરિણીતાને જોઈને ખૂબ હર્ષ પામ્યાં.

સમય પસાર થતો ગયો. દાંપત્યસુખ ભોગવતાં વસુદત્તાને બે પુત્રની પ્રાપ્તિ થઈ. અને ત્રીજી વખત એ સગર્ભા બની.

આ ગાળામાં પતિ ધનદેવને વેપાર અર્થે પરદેશ જવાનું થયું. આવી વિયોગાવસ્થામાં અને સગર્ભાવસ્થામાં એને પિયરની યાદ આવી ગઈ. માતાપિતાને મળવા માટે તે ખૂબ અધીરી બની ગઈ. પણ જવું કેવી રીતે આ પ્રશ્ન હતો. એવામાં એને જાણવા મળ્યું કે નગર બહાર કોઈ સમુદાય ઊતરેલો છે અને તે ઉજ્જયિની જઈ રહ્યો છે. વસુદત્તાએ આ સમુદાય સાથે પિયર જવા મનમાં વિચાર્યું. સાસુ-સસરાને આ અંગે વાત કરતાં એમણે વસુદત્તાને તદ્દન અજાણ્યા સમૂહ સાથે જવું યોગ્ય નથી એવી સલાહ આપી. પછી કહ્યું કે 'કોઈ કારણે એ લોકોથી છૂટી પડી જઈશ તો મુશ્કેલીમાં મુકાઈ જઈશ. એના કરતાં ધનદેવ પાછો આવી જાય એ પછી તું એની સાથે જાય તે યોગ્ય રહેશે.'

વસુદત્તા કહે, 'સસરાજી, મારા પતિ ક્યારે આવે ને શો નિર્ણય કરે એની શી ખબર પડે? મને માતાપિતાને મળવાની ખૂબ જ ઉત્સુકતા છે.'

સસરાએ એને ઘણી સમજાવી પણ આપમતિલી વસુદત્તા વડીલની સલાહ-સમજાવટને અવગણીને બન્ને પુત્રોને લઈને પિયર જવા ઘેરથી નીકળી ગઈ. નગર બહાર પહોંચીને ઉજ્જયિની જનારા સમુદાયની તપાસ કરી તો જાણવા મળ્યું કે એ સમુદાય તો અહીંથી વિદાય થઈ ગયો છે ને ચારેક કોસ જેટલે દૂર પહોંચ્યો છે.

વસુદત્તાએ વિચાર્યું કે ઝડપથી ચાલીને એ કાફલાની સાથે જોડાઈ જઈશ. પછી ચાલતાં ચાલતાં આગળ ઉપર બે માર્ગ આવ્યા. ભૂલથી ઉજ્જયિનીનો માર્ગ લેવાને બદલે બીજા માર્ગ ઉપર તે ચડી ગઈ. અને પરિણામે ભૂલી પડી.

આ બાજુ ધનદેવ પરદેશથી ઘેર આવ્યો. પત્ની અને બે પુત્રોને ન જોતાં માતાપિતાને પૂછવા લાગ્યો. ત્યારે એમણે કહ્યું, 'બેટા! અમે વહુને ઘણું સમજાવી. પણ એણે અમારી કોઈ વાત માની નહિ અને બે બાળકોને લઈને હઠ કરીને પિયર જવા નીકળી ગઈ છે. જે અજાણ્યા સમૂહ સાથે જવાની હતી એનો એને ભેટો થયો કે કેમ એની પણ ખબર નથી.'

આ સાંભળીને ધનદેવે તરત જ ઉજ્જયિનીની વાટ પકડી. એ માર્ગે તો ક્યાંય વસુદત્તા મળી નહિ. એટલે એણે બીજા વેરાન પ્રદેશનો માર્ગ લીધો. એ રસ્તે આગળ જતાં છેવટે એને વસુદત્તા અને બે બાળકોનો ભેટો થયો. વનવગડાનો પ્રદેશ હતો. બધાં ભૂખ્યાં-તરસ્યાં હતાં. બાળકો રડતાં હતાં. છેવટે એક વૃક્ષ નીચે બધાં રોકાયાં. અહીં રાતવાસો કરીને સવારે આગળ જવાનું ધનદેવે વિચાર્યું. વસુદત્તાને પતિનું મિલન થતાં આનંદ તો થયો પણ આફતોએ એમનો પીછો છોડ્યો નહોતો.

વસુદત્તાને પેટમાં સખત પીડા ઊપડી. ધનદેવે આમતેમથી પાંદડાં ભેગાં કરી પત્નીને એના ઉપર સુવાડી. હકીકતમાં એ પીડા પ્રસવપીડા હતી. દર્દ વધતું ગયું ને છેવટે વસુદત્તાએ આ વનપ્રદેશમાં જ પુત્રને જન્મ આપ્યો. પાણી વિના પ્રસવશુદ્ધિ પણ ન થઈ શકી.

તાજી પ્રસૂતિના રુધિરની ગંધ મૃગલાના માંસ જેવી હોય છે. આવી ગંધ ચોમેર વ્યાપી ગઈ. આવી ગંધથી ખેંચાઈને એક વાઘ ત્યાં આવી ચડ્યો. વાઘની ગર્જનાથી ભયગ્રસ્ત બનેલાં પતિપત્ની કાંઈપણ વિચારે એ પહેલાં તો વાઘ ધનદેવને ઉપાડીને ત્યાંથી ભાગી ગયો. વસુદત્તા કાંઈ પણ કરવા નિરુપાય અને લાચાર હતી. વિલાપ કરવા લાગી. મૂર્ચ્છાવશ બની ગઈ. મૂર્ચ્છા ટળી, પણ ભયગ્રસ્ત થઈ જવાથી દેહ એવો તપ્ત થઈ ગયો હતો કે સ્તનનું દૂધ પણ બળી ગયું. નવજાત શિશુને દૂધ ન મળવાથી એ પણ મૃત્યુ પામ્યો.

રડતી-કકળતી વસુદત્તાએ જેમતેમ કરી ત્યાં રાત વીતાવી. પછી સવાર થતાં બન્ને બાળકોને લઈને આગળ ચાલવા લાગી. અધૂરામાં પૂરું વરસાદે પણ ધોધમાર વરસવાનું શરૂ કર્યું. આગળ જતાં એક નદી આવી. ખૂબ વરસાદ વરસી જવાથી નદી બન્ને કાંઠે વહેતી થઈ હતી. વસુદત્તા વિમાસણમાં પડી કે નદી ઓળંગી સામે કાંઠે બાળકોને લઈને પહોંચવું શી રીતે? થોડોક સમય તો શૂન્યમનસ્ક સમી બેઠી જ રહી. પછી નદીના જળ સહેજ ઓછાં થતાં તે એક પુત્રને સામે કાંઠે મૂકીને પાછી આવી. પછી બીજા બાળકને લઈને નદી ઓળંગવા લાગી. નદીની મધ્યમાં આવી ત્યાં નદીપટની વચ્ચે રહેલો એક પથ્થર

અથડાવાથી એણે પકડી રાખેલો બાળકનો હાથ છૂટી ગયો. બાળક પાણીમાં તણાવા લાગ્યો. પોતે પણ તણાવા લાગી. તણાતો બાળક નદીના પ્રવાહ સામે ઝીંક ઝીલી ન શકવાથી છેવટે તણાઈને મૃત્યુ પામ્યો. સામે કાંઠે રહેલો બાળક, માતા-બાળકને નદીના પ્રવાહમાં તણાતાં જોઈ એમને મળવા અધીરો થઈને નદીમાં કૂદી પડ્યો. અને તે પણ મૃત્યુ પામ્યો.

સાવ એકલી રહેલી વસુદત્તા તણાતી હતી ત્યાં એક આડા પડેલા વૃક્ષનો સહારો મળતાં તણાતી અટકી ગઈ. પાણીનો વેગ ઓછો થતાં ધીમે ધીમે સામે કાંઠે પહોંચી. હવે એ તદ્દન નિઃસહાય હતી. પતિ, બે બાળકો અને નવજાત શિશુ–બધાં જ મરણને શરણ થયાં હતાં.

એકલી-અટૂલી ચાલી જતી વસુદત્તાને રસ્તામાં ચોરલોકો મળ્યા. તેમણે વસુદત્તાને પકડી લીધી. પછી ચોરો એને પોતાના સ્વામી પાસે નજીકની પલ્લીમાં લઈ ગયા. સ્વામીને આ યુવાન સ્ત્રીની ભેટ ધરી.

ચોરોના સ્વામીનું નામ કાલદંડ હતું. એ તો વસુદત્તાનું રૂપ જોઈને આશ્ચર્યચકિત બની ગયો. એણે વસુદત્તાને પોતાની પટરાણી બનાવી. વસુદત્તાને આ પરિસ્થિતિનો સ્વીકાર કર્યા વિના છૂટકો જ ન હતો. કાલદંડ આ વસુદત્તામાં એવો તો આસક્ત બન્યો કે એની બીજી પત્નીઓની તદ્દન અવગણના કરવા લાગ્યો. આથી એ બધી પત્નીઓ વસુદત્તાની ઈર્ષ્યા કરવા લાગી અને વિચારવા લાગી કે આ નવી શોક્યનું કોઈક છિદ્ર હાથ લાગે તો આપણું કામ થાય.

આમ કરતાં વરસ ઉપરનો સમય વીતી ગયો. વસુદત્તાએ એક કાલદંડથી થયેલા એક પુત્રને જન્મ આપ્યો. વસુદત્તા સૌંદર્યવતી હતી એટલે એનો પુત્ર પણ રૂપ રૂપનો અંબાર હતો. કાલદંડની અન્ય સ્ત્રીઓને પતિની કાનભંભેરણી કરવાનું એક મઝાનું નિમિત્ત મળી ગયું. એ બધીએ ભેગી થઈને કાલદંડને કહ્યું કે 'પુત્ર હંમેશાં પિતા સરખો હોય અને પુત્રી માતા સરખી હોય. એટલે આ નવજાત પુત્ર તમારો નથી લાગતો. આ પુત્રના રૂપ ઉપરથી લાગે છે કે આ સ્ત્રી કોઈ અન્ય પુરુષને છાનીછપની ભોગવનારી છે.' કાલદંડ પોતે કાળો ને કદરૂપો હતો. એટલે એના મનમાં શંકાનું વિષ રેડાયું. અન્ય પત્નીઓની વાત એને ઠસી ગઈ. એ વસુદત્તા ઉપર ક્રોધે ભરાયો. પુત્રને જોવા માટે એ ખુલ્લી તલવારે વસુદત્તા પાસે દોડી ગયો. પુત્રને એણે જોયો. ચળકતી તલવારમાં પોતાનું શ્યામ મુખ એને દેખાયું અને બાળકનું ધવલ ચંદ્રમા જેવું મુખ દેખાયું. પછી એણે બાળકના હાથ, પગ, અન્ય અંગો જોયાં. ઊગતા સૂર્ય સમાં એ અંગો કેવાં કુમકુમવર્ણાં હતાં. જ્યારે પોતાનો દેહ! કેવો શ્યામવર્ણ! કેવો કુરૂપ! ઉગામેલી તલવારના એક જ પ્રહારે એણે નવજાત બાળકને હણી નાખ્યો.

જે વસુદત્તા આ કાલદંડને સૌથી માનીતી હતી એ હવે અળખામણી બની ગઈ. માથું મુંડાવી, પલ્લીથી દૂર કોઈ વૃક્ષની શાખાએ વસુદત્તાને બાંધી દેવાની એણે આજ્ઞા ફરમાવી. એના સાગરીતોએ સ્વામીની આજ્ઞાનો અમલ કર્યો.

વસુદત્તા વિચારે ચઢી. કેવા કર્મના ખેલ! પોતે શું હતી અને આજે કેવી દશામાં મુકાઈ ગઈ! પોતાની ભૂલ પણ એને સમજાઈ. વડીલની સલાહને અવગણીને એ ઘેરથી નીકળી ગઈ હતી.

આમ અત્યંત ખેદ કરતી એ વૃક્ષની ડાળીએ લટકી રહી છે. એ સમયે કોઈ શ્રેષ્ઠીના વિશાળ કાફલાએ ત્યાં પડાવ નાંખ્યો. આ સમૂહ ઉજ્જયિની તરફ જ જઈ રહ્યો હતો. એ લોકોએ વસુદત્તાને વૃક્ષની ડાળીએ બાંધેલી જોઈ. એટલે દયા આવવાથી બંધનો છોડીને એને નીચે ઉતારી. પછી બધા એને એમના શ્રેષ્ઠી પાસે લઈ આવ્યા. શ્રેષ્ઠીએ વસુદત્તાને આશ્વાસન આપ્યું. જમાડી. પછી એ થોડીક સ્વસ્થ થતાં શ્રેષ્ઠીએ વસુદત્તાને એની આવી દશા થવાનું કારણ પૂછ્યું. વસુદત્તાએ રડતાં રડતાં પોતાનો સઘળો વૃત્તાંત સંક્ષેપમાં કહી બતાવ્યો. શ્રેષ્ઠીએ એને આશ્વાસન આપતાં કહ્યું કે, 'બહેન, તું જરા પણ ભય પામીશ નહિ. અહીં તું નિર્ભય છે. મને તારો ભાઈ જ સમજજે.'

પછી કાફલો ત્યાંથી રવાના થયો. વસુદત્તા પણ એમાં શામેલ થઈ. આ સમુદાયમાં કેટલાંક સાધ્વીજીઓ પણ હતાં. તેઓ સર્વ ઉજ્જયિનીમાં પ્રભુદર્શનાર્થે આ કાફલામાં જોડાયાં હતાં. આ સાધ્વીજી મહારાજનો સંગ વસુદત્તાને થયો. એમની પાસે વસુદત્તા સંસારની અસારતાનો બોધ પામી. પછી વસુદત્તાએ કાફલાના શ્રેષ્ઠીબંધુની અનુમતિ લઈને સાધ્વીવૃંદના ગુરુણીજી સુવ્રતા સાધ્વીજી પાસે દીક્ષા અંગીકાર કરી.

આખો સમુદાય ઉજ્જયિની પહોંચ્યો. ત્યાં નવદીક્ષિતા વસુદત્તા ગુરુણીની આજ્ઞા લઇને સંસારી માતા-પિતા-બાંધવ આદિને મળી. પોતાની આત્મકથની કહી સંભળાવી. એનાથી પ્રતિબોધિત થઈને સૌ કુટુંબીજનોએ પણ ધર્મનું શરણું સ્વીકાર્યું. ✶✶✶

- *ખાતર પાડવાનું પાપકર્મ કરનાર ચોર જેમ પકડાઈ જાય છે અને પોતાનાં કર્મનાં ફળ ભોગવે છે, તેમ પાપ કરનાર જીવ આ લોકમાં કે પરલોકમાં તેનું ફળ ભોગવે છે. કરેલાં કર્મનાં ફળ ભોગવ્યા વિના છુટકારો નથી.*
- *જો કોઈ એક માણસને સમૃદ્ધિથી પૂર્ણ એવો આખો લોક આપી દેવામાં આવે તો પણ તેને એનાથી સંતોષ થશે નહિ. જીવની તૃષ્ણા આવી રીતે સંતોષાવી ઘણી કઠિન છે.*
- *જેવી રીતે જંગલમાં વિચરનાર હરણ વગેરે નાનાં પશુઓ ભયની શંકાથી સિંહથી દૂર રહે છે, તેવી રીતે મેધાવી પુરુષે ધર્મના તત્ત્વની સમીક્ષા કરીને પાપ કરવાથી દૂર રહેવું જોઈએ.*

# વૃદ્ધજનની કોઠાસૂઝ

ચંદ્રાવતી નામે નગરીમાં રત્નશેખર નામે રાજા રાજ્ય કરતો હતો. એને મદનસેન નામે એક પુત્ર હતો. રાજા જ્યારે વૃદ્ધ થયો ત્યારે એણે પુત્રને રાજગાદીએ બેસાડ્યો, અને પોતે તાપસ બનીને રાજમહેલ છોડી વનમાં ચાલ્યો ગયો.

હવે રાજ્યમાં યુવાન મદનસેનની આણ વર્તવા લાગી. પણ મદનસેન રાજકાજનો પૂરતો અનુભવી નહિ હોઈ, મંત્રી, પુરોહિત વગેરે તેના સલાહકારો હતા. એક દિવસ મંત્રી યુવાન રાજાને કહે છે, 'હે રાજા, અહીં જે વૃદ્ધ પુરુષો આપની અને રાજ્યવહીવટની સેવામાં આવે છે તે ઘણુંજ અયોગ્ય છે. કેમકે એ વૃદ્ધજનોની આંખો નિસ્તેજ બની છે, એમના મોઢામાંથી લાળ ગળે છે, ગળામાંથી કફ નીકળે છે અને તેઓ સતત નાક છીંક્યા કરે છે. એમના શરીર શિથિલ થયાં છે અને મોં ફિક્કાં પડી ગયાં છે. આવા ઘરડેરાઓથી આપણી રાજસભા શોભતી નથી. માટે એમને હવે સેવામાંથી છૂટા કરવા જોઈએ.'

બિનઅનુભવી યુવાન રાજાને મંત્રીની આ સલાહ ગળે ઊતરી ગઈ, અને એણે તરત જ એનો અમલ પણ કરી દીધો. ફરમાન કાઢીને જે જે વૃદ્ધ સેવકો હતા તેમને દૂર કરી દીધા. અને પ્રતિહારને સૂચના આપી કે વૃદ્ધોને રાજદારબારને બારણે આવવા દેવા નહીં.

હવે રાજદરબારમાં કેવળ યુવાનો જ નજરે પડતા હતા. રાજા પણ એના દિવસો સુખેથી પસાર કરતો હતો.

હવે એક દિવસ બન્યું એવું કે યુવાન રાજા મદનસેન અને એની રાણી એમના અંતઃપુરમાં સોગઠાંબાજી રમતાં હતાં. ત્યારે રાણીએ મસ્તી-આવેશમાં આવીને રાજાને ચરણપ્રહાર કર્યો. રાજાને માટે આ નવાઈભર્યું હતું.

આ ઘટના બન્યા પછી રાજા રાત્રિના પાછલા પહોરે વિચારતરંગે ચઢી ગયો. રાણીએ મારા પ્રતિ ચરણપ્રહારની ચેષ્ટા કેમ કરી? આનો સાચો જવાબ મને કોણ આપી શકે? એ વિશે વિચાર કરતાં કરતાં રાજ્યમાં એણે રાજસભામાંથી સઘળા વૃદ્ધોને દૂર કરવાનો કરેલો અમલ યાદ આવ્યો. એને થયું કે 'મારા દરબારમાં બધા યુવાનો જ છે. હવે દૈવવશાત્ મારે માથે કોઈ દુશ્મનનું સંકટ આવી પડે તો એ સંકટમાંથી માર્ગ કેમ કાઢવો? સાચો માર્ગ કોણ બતાવી શકે?'

*[આ કથાનો આધારસ્રોત છે આ. હરિભદ્રસૂરિકૃત 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળગ્રંથ પ્રાકૃતમાં, વૃત્તિની ભાષા સંસ્કૃત. પણ વૃત્તિકારે એમાં આપેલી કથાઓ બહુધા પ્રાકૃતમાં. વૃત્તિની રચના ઈ.સ. ૧૧૭૪માં. શ્રી મલયગિરિકૃત 'નંદી-અધ્યયનવૃત્તિ' (સંસ્કૃત)માં, આ. શાંતિસૂરિકૃત 'ધર્મરત્ન પ્રકરણની સ્વોપજ્ઞ વૃત્તિ' (સંસ્કૃત)માં તથા હરજી મુનિકૃત 'વિનોદ ચોત્રીસી' (મધ્યકાલીન ગુજરાતી)માં પણ આ કથા મળે છે.*

*પુસ્તક : 'વિનોદ ચોત્રીસી' (હરજી મુનિકૃત), સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ– ૯ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ–૮૬, ઈ. સ. ૨૦૦૫.]*

બીજે દિવસે સવારે મદનસેન સભા ભરીને બેઠો. એણે આખીયે રાજસભાને સંબોધીને પ્રશ્ન કર્યો કે 'કોઈ વ્યક્તિ મને ચરણપ્રહાર કરે તો તેને મારે શો દંડ કરવો? તમે વિચારીને મને કહો.'

બધા જુવાનિયા કહેવા લાગ્યા, 'અરે સ્વામી! જે વ્યક્તિ આપને ચરણપ્રહાર કરે એના ચરણના તો ટુકડેટુકડા કરી નાખવા જોઈએ.'

પણ રાજાએ આ વાત માની નહીં. તે કહે, 'જે કોઈ વિચાર કરીને મને સાચો જવાબ આપશે તેને હું રાજ્યનો મુખ્યમંત્રી બનાવીશ.'

સભા વિખરાઈ. સૌ પોતપોતાને ઘેર ગયા. બધા જ મનોમન એકસરખું વિચારવા લાગ્યા કે વૃદ્ધજન સિવાય આનો જવાબ કોઈ કહી શકે નહીં.

એક સદસ્ય પોતાને ઘેર આવ્યો ત્યારે એની રાહ જોઈને બેઠેલા એના વૃદ્ધ પિતા કહે, 'દીકરા! આજે તારે સભામાંથી આવતાં મોડું કેમ થયું? જમવાની વેળા પણ વીતી ગઈ. તારી સાથે જ હું જમું છું એ તો તું જાણે છે ને? આ મારો રોજનો નિયમ છે. પણ જો તું આમ મોડું કરે તો પછી મારો નિયમ પણ તૂટે.'

પુત્ર કહે, 'પિતાજી, સભામાં આજે એક વાત બની તે સાંભળો.' પછી એણે રાજસભામાં જે કાંઈ બન્યું હતું તે પિતાને કહી સંભળાવ્યું.

પિતા હસીને કહે, 'તું કશી ચિંતા કરીશ નહીં. આપણે પહેલાં ભોજન કરી લઈએ. સવારે તું સભામાં જઈને રાજાને કહેજે કે આપના પ્રશ્નનો જવાબ મારા પિતા આપશે. જો રાજા સંમત થાય તો મને સભામાં તેડાવી લેજે.' પુત્ર આનંદ પામ્યો.

બીજે દિવસે સવારે રાજસભામાં જઈને તેણે રાજાને કહ્યું કે, 'આપના પ્રશ્નનો જવાબ મારા પિતા કહેશે.'

રાજા પહેલાં તો થોડી અવઢવમાં પડી ગયો. કેમકે એણે જ વૃદ્ધજનોને રાજસભાના બારણે પણ ઢૂંકવાનો પ્રતિબંધ લાદ્યો હતો. છતાં એને થયું કે આ વૃદ્ધજનની પરીક્ષા તો કરું. એટલે રાજાએ એ યુવાન સદસ્યના પિતાને સભામાં તેડાવી મંગાવ્યા.

સભામાં આવેલા વૃદ્ધ પિતા કહે, 'આપનો આદેશ હોય તો હું મારું મંતવ્ય જણાવું.' રાજાએ આદેશ આપ્યો.

વૃદ્ધ પિતા કહે, 'હે રાજા! આપને જે વ્યક્તિ ચરણપ્રહાર કરે એનું તો મૂલ્યવાન મણિ-માણેક-રત્ન અને વસ્ત્રાલંકારોથી બહુમાન

કરવું.'

રાજાએ પૂછ્યું, 'એમ શા માટે?' ત્યારે વૃદ્ધ કહે, 'હે રાજા! આપને ચરણપ્રહાર કરવાની હિંમત કોણ કરે? જે આપને ખૂબ પ્રિય હોય એ જ. અને પ્રેમાળ પત્ની વિના આવું કોણ કરે? રતિકલહની વેળાએ કે મોજમસ્તીના સમયમાં પત્ની જ આ ચેષ્ટા કરે. અને આવી ચેષ્ટા એ તો પતિ પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ છે.'

રાજાએ વૃદ્ધની વાત માન્ય રાખી. આ વૃદ્ધનું તો સન્માન કર્યું જ, પણ પોતે વૃદ્ધજનોને રાજસભામાંથી દૂર કરવાનો લાદેલો અમલ રદ કર્યો. રાજસભામાં પુનઃ વૃદ્ધજનો પ્રવેશ પામ્યા.

રાજાને પણ પ્રતીત થયું કે વૃદ્ધજનોનું અનુભવજ્ઞાન અને કોઠાસૂઝ ગજબનાં હોય છે. તેથી કરીને યુવાનોએ વૃદ્ધજનોની સંગતિ ટાળવી જોઈએ નહીં.

# વૃદ્ધા-કથા

## ૧. લોભને થોભ નહીં

તિલકનગરમાં બે ડોશીઓ રહેતી હતી. એકનું નામ બુદ્ધિ, બીજીનું નામ સિદ્ધિ. બંને વચ્ચે ગાઢ સખી પણાં હતાં. પણ બંનેના ઘરમાં અપાર ગરીબી. બંનેને મનમાં ગરીબીનું દુઃખ રહ્યા કરે.

નગર બહાર ભોલક યક્ષ નામે એક દેવ હતા. તે ગામના અધિષ્ઠાયક (રક્ષક તરીકે સ્થાપેલા) દેવ ગણાતા. એમની આરાધના કરવાથી સઘળી આપત્તિ ટળી જાય છે એવી વાત સાંભળી એક દિવસ બુદ્ધિ ડોશી એકલી ભોલક યક્ષના સ્થાનકે પહોંચી અને તેમની ભક્તિ કરવા લાગી. પછી તો રોજ ત્યાં જઈને યક્ષની ત્રિકાળપૂજા કરે, સ્તુતિપાઠ કરે અને નૈવેદ્ય ધરાવે.

બુદ્ધિની આવી ભક્તિથી યક્ષ પ્રસન્ન થયા. અને એને જે જોઈએ તે માગી લેવા કહ્યું. બુદ્ધિ કહે, 'હે દેવ, જો તમે પ્રસન્ન થયા હો તો મને ધનસંપત્તિનું સુખ આપી મારી ગરીબી દૂર કરો.'

યક્ષ કહે, 'તું દરરોજ આવીને એકેક દીનાર લઈ જજે.'

પછી તો આ બુદ્ધિ દરરોજ યક્ષના સ્થાનકે જઈને દીનાર મેળવવા લાગી. એની ગરીબી દૂર થઈ ને તે સુખસમૃદ્ધિ ભોગવવા લાગી. સુંદર વસ્ત્રો, સ્વાદિષ્ટ ભોજન, રહેવાને મઝાનું ઘર. કોઈ વાતે મણા જ ન રહી. અગાઉ દળણાં-ખાંડણાં કરનારી આ બુદ્ધિ ડોશી ઘરમાં કામ અર્થે ચાકરાણી રાખતી થઈ ગઈ.

બુદ્ધિની આ સમૃદ્ધિ જોઈને સિદ્ધિ ડોશીને ઈર્ષ્યા થઈ. એક વાર લાગ જોઈએ સિદ્ધિએ બુદ્ધિને ઉમળકો આણીને પૂછ્યું, 'અલી બુદ્ધિ! કહે તો ખરી કે એવો તો તેં શો કમિયો કર્યો કે તું આ વૈભવ પામી શકી?'

બુદ્ધિ દિલની થોડી ભોળી હતી. એણે તો યક્ષદેવની ભક્તિ-ઉપાસનાની બધી વાત માંડીને સિદ્ધિને કહી સંભળાવી. બુદ્ધિની સમૃદ્ધિનું આ રહસ્ય જાણીને સિદ્ધિ પોતાને ઘેર ગઈ. એ પણ હવે યક્ષની ભક્તિ કરવા માટે ઉત્સુક બની.

સિદ્ધિ ડોશી યક્ષની પૂજા-ભક્તિ કરવા લાગી. યક્ષદેવ સિદ્ધિને પણ પ્રસન્ન થયા, અને એને વરદાન માગવા કહ્યું. સિદ્ધિ કહે, 'હે દેવ! તમે મારી સખી બુદ્ધિને જે આપ્યું તેનાથી બમણું મને આપો.' યક્ષ કહે, 'ભલે. તું દરરોજ અહીં આવીને બે દીનાર લઈ જજે.' આમ જતે દિવસે સિદ્ધિ બુદ્ધિથી પણ બેવડી સમૃદ્ધિ ભોગવવા લાગી.

બુદ્ધિ ડોશીએ સિદ્ધિનું આ પરિવર્તન જોયું. આમ કેમ બન્યું હશે એનો ભેદ એને સમજાઈ ગયો. પછી બુદ્ધિ યક્ષમંદિરે જઈને વળી પાછી યક્ષની સેવા-પૂજા કરવા લાગી. યક્ષ બુદ્ધિ પર પ્રસન્ન થયા એટલે બુદ્ધિએ યક્ષ પાસે સિદ્ધિથીયે બેવડું ધન માગ્યું.

સિદ્ધિને આ વાતની જાણ થઈ એટલે એણે પણ વળી પાછી યક્ષની આરાધના શરૂ કરી. યક્ષ ફરી સિદ્ધિ ઉપર પ્રસન્ન થયા, ને જે જોઈએ તે માગવા કહ્યું.

સિદ્ધિ ડોશીને વિચાર આવ્યો કે 'હું જે માગીશ એનાથી બુદ્ધિ બમણું માગશે. મારી હરીફાઈ તે જરૂર કરશે. એટલે હવે તો એવું કંઈક માગું કે જેથી બુદ્ધિ ખૂબ જ દુઃખ પામે. મારાથી બમણું માગવા જતાં એ દુઃખી દુઃખી થઈ જાય.'

આમ વિચારીને સિદ્ધિએ યક્ષને કહ્યું, 'હે દેવ! મારી એક આંખ કાણી કરી નાખો.' યક્ષે 'તથાસ્તુ' કહીને સિદ્ધિની એક આંખ કાણી કરી નાખી.

સિદ્ધિએ પુનઃ યક્ષની આરાધના શરૂ કરી છે એવી ખબર પડતાં જ બુદ્ધિ ડોશી સત્વરે યક્ષ પાસે પહોંચી. બુદ્ધિની ભક્તિથી પ્રસન્ન થઈને યક્ષે એને વરદાન માગવા કહ્યું. બુદ્ધિ કહે, 'હે દેવ! સિદ્ધિએ જે માગ્યું એનાથી મને બમણું આપો.'

યક્ષે તો બુદ્ધિ માગ્યા પ્રમાણે જ કર્યું. પરિણામ એ આવ્યું કે સિદ્ધિની તો એક આંખ ગઈ હતી, પણ બુદ્ધિની બંને આંખો ચાલી ગઈ. અને અતિલોભમાં તે સાવ આંધળી બની ગઈ.

*[વૃદ્ધ સ્ત્રીઓની આ ત્રણકથાઓ જૈન સાધુકવિ શ્રી હરજી મુનિકૃત 'વિનોદચોત્રીસી' નામની પદ્યવાર્તામાં મળે છે. મધ્યકાલીન ગુજરાતી ભાષામાં આ કૃતિની રચના વિ. સં. ૧૬૪૧ (ઈ. સ. ૧૫૮૫)માં થઈ છે. આમાંની ૧લી કથા ઉપા. યશોવિજયજીકૃત 'જંબૂસ્વામી રાસ' ની ૨૫મી ઢાળમાં પણ મળે છે.*

*પુસ્તક : 'હરજી મુનિકૃત 'વિનોદચોત્રીસી' સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૫.]*

## ૨. માગ્યા મેહ વરસે નહીં.

વૈરાટપુર નામે નગર હતું. ત્યાં અરિમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. રાજા અને પ્રજા

સુખમાં દિવસો પસાર કરતાં હતાં. એ નગરમાં ધનાવહ નામે એક વણિક હતો. એક દિવસ એ વણિકને ઘેર શ્રી મહાવીર સ્વામી પારણું કરવા પધાર્યા. ધનાવહે અત્યંત ભાવપૂર્વક પ્રભુજીને પારણું કરાવ્યું. એ અવસરે એ વણિકને ત્યાં સાડા બાર કરોડ સૌનેયાની વૃષ્ટિ થઈ, દુંદુભિનાદ થયો અને સુરવરોએ આકાશમાંથી પુષ્પવૃદ્ધિ કરી. સર્વત્ર જયજયકાર પ્રવર્ત્યો. પછી પ્રભુ મહાવીર ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

આ ધનાવહ વણિકની નજીકમાં જ એક ડોશી રહેતી હતી. ઘડપણને લઈને એની કાયા સાવ કૃશ થઈ ગઈ હતી. ધનાવહને ત્યાં પ્રભુજીએ કરેલા પારણાનો પ્રસંગ એણે નજરે જોયો. વણિકને ત્યાં થયેલી સુવર્ણવૃષ્ટિ જોઈને આ ડોશીને પણ લોભ લાગ્યો. એણે વિચાર્યું કે 'એક દિવસ મારે ત્યાં પણ કોઈ સાધુમહાત્માને પારણું કરાવું, તો મને પણ પેલા વણિકની જેમ અઢળક ધનની પ્રાપ્તિ થાય.'

આ વાતને દસ-બાર દિવસ થયા હશે. એવામાં આ ડોશીએ એક સાધુને જોયો. એ સાધુ વેશધારી હતો. શરીરે હૃષ્ટપુષ્ટ હતો. આ સાધુને જોઈ ડોશી તો આનંદમાં આવી ગઈ. એ તો એમ જ માનતી હતી કે બધા તાપસો એક સરખા જ હોય. એટલે ડોશીએ પેલા સાધુને પોતાને આંગણે નોંતરીને મિષ્ટાન્ન-ભોજન કરાવવાનું નક્કી કર્યું.

ડોશી એ સાધુ પાસે પહોંચી અને પોતાને ઘેર ભોજન માટે પધારવા આમંત્રણ આપ્યું. પેલો સાધુ તો આવી તક શાની જતી કરે? ડોશી એને પોતાને ઘેર તેડી લાવી અને સાધુને ભાવતાં ભોજન જમાડ્યાં. સાધુ પણ ખૂબ સંતુષ્ટ થયો.

સાધુ જમી રહ્યો એટલે ડોશી વારંવાર આકાશ તરફ મીટ માંડીને જોવા લાગી. સાધુ સાથે કાંઈક વાત કરતી જાય ને વળી પાછી આકાશ તરફ ઊંચી ડોક કરીને નજર નાખતી જાય. ત્યારે પેલા સાધુએ પૂછ્યું કે, 'માજી, વારે વારે તમે આકાશમાં શું જુઓ છો?'

ડોશી કહે, 'હું એ જોયા કરું છું કે આકાશમાંથી મારા આંગણામાં હજી સુવર્ણવૃષ્ટિ કેમ થતી નથી?' આમ કહીને એણે ધનાવહ વણિકને ત્યાં મહાવીર પ્રભુના પારણાનો જે પ્રસંગ બનેલો એની માંડીને બધી વાત કરી.

આ સાંભળીને આ જટાધારી સાધુને માજીએ ભોજન માટે આપેલા નોતરાનું રહસ્ય સમજાઈ ગયું. તે ડોશીના મનને બરાબર પામી ગયો.

એ સાધુ ડોશીને કહેવા લાગ્યો, 'માજી, મારું માનો તો તમે અહીં આંગણામાં ઊભા રહેવાને બદલે ઘરમાં જતા રહો. તમારી જે 'શ્રદ્ધા' છે, અને મારું જે 'તપ' છે એનાથી તો અહીં આકાશમાંથી વરસશે તો પથરા ને અંગારાનો વરસાદ વરસશે, સોનૈયાનો નહીં.'

આ મર્મવાણી ઉચ્ચારીને સાધુ ચાલતો થયો. ડોશીનું મોં ઝંખવાઈ ગયું.

## ૩. હાથે તે જ સાથે

કનકપુર નામે નગરમાંએક વૃદ્ધા સ્ત્રી રહેતી હતી. એને ચાર દીકરા. ચારે દીકરાને વહુઓ. કુટુંબ સુખમાં દિવસો પસાર કરતું હતું.

એક દિવસ ઘરડી સાસુએ ચારેય વહુઓને પોતાની પાસે બોલાવી. દરેકને સોનાની એક એક વસ્તુ સાચવવા આપી. પહેલી વહુને સુવર્ણસાંકળી આપી. બીજી વહુને સોનાની અંગૂથલી (વીંટી) આપી. ત્રીજી વહુને સાંકળું આપ્યું અને ચોથી વહુને ત્રણસો સોનૈયા આપ્યા. પછી ચારેય વહુઓને કહેવા લાગી, 'જ્યારે મારે કામ પડશે ત્યારે તમને આપેલી વસ્તુ હું પાછી માગી લઈશ.'

પણ ચારેય વહુઓનું ચિત્ત સોનું જોઈને ચલિત થયું. તેમણે નિશ્ચય કર્યો કે સાસુએ સાચવી રાખવા આપેલું ઘરેણું પાછું આપવું નહીં.

આમ કરતાં ઘણો સમય વીતી ગયો. ઘરડી સાસુ રોગમાં પટકાઈ. શરીરે ઘણી જ પીડા ઉપડી. વૈદ્યે આવી વૃદ્ધાની નાડી તપાસી. પછી કહ્યું કે 'માજીનો રોગ અસાધ્ય છે. એટલે હવે કંઈક ધર્મ-ઔષધ કરો.'

પછી ડોશી થોડીક ભાનમાં આવી ત્યારે એને થયું કે 'હવે મારે કાંઈક દાન-પુણ્ય કરી લેવું જોઈએ. મેં વહુઓને જે દ્રવ્ય સાચવવા આપ્યું છે તે પાછું મેળવીને એનો હવે દાન રૂપે સદ્વ્યય કરું.'

આમ વિચારીને માજીએ અતિ મંદ સ્વરે મોટી વહુને પોતાની પાસે બોલાવી ને એને સોંપેલી સુવર્ણસાંકળી માગી. માજીની આખર અવસ્થા જાણીને ખબર કાઢવા આવેલાં સગાંવહાલાં ત્યાં બેઠેલાં હતાં. તે સૌ પેલી મોટી વહુને પૂછવા લાગ્યાં કે 'માજી તારી પાસે કાંઈક માગતાં લાગે છે. એ શું માગે છે?'

એટલે મોટી વહુ કહેવા લાગી, 'સાસુજી 'સાંગરી' માગે છે જે એમને પહેલાં ખૂબ ભાવતી હતી.' આમ વહુએ 'સાંકળી'ને સ્થાને 'સાંગરી'નું જૂઠ ચલાવ્યું.

પછી બીજી વહુને બોલાવીને સાસુએ અંગૂથલી માગી. બધાંએ આ બીજી વહુને પૂછ્યું કે 'માજી શું માગે છે?' બીજી વહુ કહે 'સાસુમા એમ કહે છે કે હવે જીવ જવાની વેળાએ મારું 'અંગ ઊથલી' પડે છે. આમ બીજી વહુએ પણ ઉચ્ચારસામ્યથી વાત પલટાવી નાખી.

વૃદ્ધાએ ત્રીજી વહુને બોલાવી એને આપી રાખેલું સાંકળું માગ્યું. ત્યારે એ ત્રીજી વહુ સૌ સગાંવહાલાંને કહેવા લાગી કે 'સાસુમા કહે છે કે અહીં મને 'સાંકડું' લાગે છે.'

ચોથી વહુ પાસે સાસુએ ત્રણસો સૌનૈયા માગ્યા. ત્યારે એ વહુએ બધાંને કહ્યું કે 'માજી 'ટીંડશ શાક' માગે છે.

આમ ચારેય વહુઓએ મળીને વૃદ્ધ સાસુની દાન-પુણ્યની આશા ફળવા દીધી નહિ. વૃદ્ધાવસ્થામાં દ્રવ્યનો સદ્વ્યય કરી પુણ્ય-ઉપાર્જનનો માજીનો મનોરથ મનમાં ને મનમાં જ રહી ગયો. છેવટે માજી થોડા સમયમાં મૃત્યુ પામ્યાં.

જાતે જે ખાધું ને વાપર્યું તે જ ગાંઠે બાંધ્યું એમ માનવું. હાથે તે જ સાથે.

✶ ✶ ✶

# જા સા સા સા

વસંતપુર નામે નગરમાં અનંગસેન નામે એક સુવર્ણકાર રહેતો હતો. એ અત્યંત સ્ત્રીલંપટ હતો. તેને પાંચસો પત્નીઓ હતી. અનંગસેન એવો વહેમી કે એકેય સ્ત્રીને કદી ઘરની બહાર નીકળવા ન દે. એક વખત અનંગસેનના એક મિત્રે કોઈક અવસર નિમિત્તે આ બધી સ્ત્રીઓને પોતાને ત્યાં આવવાનું નિમંત્રણ આપ્યું. અનંગસેનની બધી સ્ત્રીઓ સ્નાન-વિલેપન કરી, મૂલ્યવાન વસ્ત્રાલંકારોથી સજ્જ થવા લાગી. હાથમાં દર્પણ ધરી રાખીને સૌ પોતપોતાનો શણગાર નીરખતી હતી. એવામાં જ આ સ્ત્રીઓનો પતિ ઘેર આવ્યો. સ્ત્રીઓને આ રીતે સજ્જ થતી જોઈને ગુસ્સે ભરાયેલા એણે એક સ્ત્રી ઉપર જોરથી ઘાતક પ્રહાર કરીને એની હત્યા કરી નાખી. એટલે બીજી પત્નીઓ પતિના આવા દુષ્કૃત્યથી એટલી ભયભીત બની ગઈ કે એમણે સ્વબચાવમાં હાથમાં ધરી રાખેલાં દર્પણો પતિની સામે ફેંક્યાં. આ દર્પણોના પ્રહારોથી અનંગસેન તત્કાલ મૃત્યુ પામ્યો. પતિની હત્યા અને લોકાપવાદના ડરની મારી આ સઘળીયે સ્ત્રીઓ પતિની પાછળ અગ્નિપ્રવેશ કરીને બળી મરી.

હવે જે સ્ત્રી પહેલી મરી હતી તે બીજા ભવમાં એક ગામમાં કોઈના પુત્ર તરીકે જન્મી. જ્યારે પતિ અનંગસેને મૃત્યુ પામીને, જે કુટુંબમાં એની પત્ની પુત્ર તરીકે જન્મી હતી એની જ બહેન તરીકે જન્મ લીધો. આમ પાછલા જન્મનાં પતિ-પત્ની નવા ભવમાં અનુક્રમે બહેન અને ભાઈ તરીકે જન્મ્યા. જ્યારે બળી મરેલી બાકીની સ્ત્રીઓ એકસાથે એક નાના ગામમાં ચોરોના સમુદાયરૂપે જન્મ પામી.

પૂર્વભવમાં પેલા અનંગસેનને સ્ત્રી પ્રત્યેની એટલી તીવ્ર આસક્તિ હતી કે એ આસક્તિના કુસંસ્કારથી આ ભવમાં પુત્રી તરીકે જન્મેલી તે સતત રુદન કરવા લાગી. કેમેય કરતાં છાની રહે નહીં. પણ એક વાર સગા ભાઈ (પૂર્વભવની અનંગસેનની પત્ની)ના હાથનો બહેનના ગુહ્ય સ્થાને

*[આ કથાનો આધારસ્રોત ગ્રંથ છે ધર્મદાસગણિ-વિરચિત 'ઉપદેશમાલા' ગ્રંથ પરનો શ્રી સિદ્ધર્ષિગણિનો 'હેયોપાદેયા ટીકા'-ગ્રંથ. 'ઉપદેશમાલા' મૂળ ગ્રંથ પ્રાકૃત ભાષાની ૫૪૩ (૫૪૪) ગાથાઓમાં રચાયો છે. એના પરની 'હેયોપાદેયા ટીકા' સંસ્કૃતમાં રચાઈ છે. એનું રચનાવર્ષ વિ. સં. ૯૭૪ છે. એમાં આ કથા સંક્ષિપ્ત સ્વરૂપે મળે છે. વિ. સં. ૧૦૫૫માં આ. વર્ધમાનસૂરિએ 'હેયોપાદેયા ટીકા' ને સ્વીકારીને એના કથાનકોને પ્રાકૃતમાં વિસ્તૃત સ્વરૂપે આલેખ્યાં છે.*

*આ ઉપરાંત આ. હરિભદ્રસૂરિરચિત 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ' (રચના વર્ષ ૧૧૭૪)માં તથા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ના૧૦મા પર્વમાં પણ આ કથા સમાવિષ્ટ છે.*

*પુસ્તક : ૧. 'ઉપદેશમાલા (હેયોપાદેયાવૃત્તિ સહિતા)', સંપા. આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ, સહયોગી સાધ્વીજી ચંદનબાલાશ્રી, પ્રકા. શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ-૧૪, વિ. સં. ૨૦૬૨ (ઈ. સ. ૨૦૦૬).*

*૨. 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.-અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨, વિ. સં. ૨૦૨૮. (ઈ. સ. ૧૯૭૨).]*

સ્પર્શ થતાં જ બહેન (પૂર્વભવનો અનંગસેન) તરત જ રડતી છાની રહી ગઈ. ભાઈએ બહેનને રડતી છાની રાખવાનો આ ઉપાય જાણી લીધો. એટલે જ્યારે જ્યારે બહેન રડે ત્યારે તે બહેનના ગુહ્ય ભાગે હાથનો સ્પર્શ કરી બહેનને છાની રાખે. માતાપિતા પોતાના પુત્રની વારંવારની આવી કુચેષ્ટા જોઈને લજ્જા પામ્યાં અને પુત્રને ઘરમાંથી કાઢી મૂક્યો. બહેન પણ થોડી મોટી થતાં ઘર છોડીને ક્યાંક ચાલી ગઈ.

માતાપિતાએ ઘરમાંથી કાઢી મૂકેલો પુત્ર રખડતો પેલા પાંચસો ચોરો (અનંગસેનની પૂર્વભવની પત્નીઓ)ના ગામમાં પહોંચ્યો અને ચોરોના સમુદાયમાં ભળી ગયો. પછી તે એ સમુદાયનો અગ્રેસર-પલ્લીપતિ બની ગયો.

એક દિવસ આ ચોરો ધાડ પાડવા માટે ગયા. એ ચોરોએ જે સ્થળે ધાડ પાડી તે સ્થળે તેમણે એક યૌવનપ્રાપ્ત કન્યાને જોઈ. તેઓ એ કન્યાને પોતાની પલ્લીમાં લઈને આવ્યા. થોડા સમયમાં તે કન્યા પલ્લીપતિ સમેત પાંચસો ચોરોની પત્ની બનીને એમની સાથે રહેવા લાગી.

થોડા સમય પછી આ ચોરો એક બીજી સ્ત્રીને દયાભાવથી આ સ્થાને લઈને આવ્યા. પણ અગાઉ ધાડ પાડીને આણેલી સ્ત્રી પોતાની અતિ તીવ્ર રાગવૃત્તિને લઈને આ બીજી સ્ત્રીના આગમનને સહન કરી શકી નહીં. એને થયું કે આ બીજી આગંતુક સ્ત્રી મારા રતિસુખમાં વિઘ્નરૂપ થશે. પરિણામે પહેલી સ્ત્રીએ એક દિવસ આ બીજી સ્ત્રીને ભોળવીને કૂવામાં ફેંકી દીધી.

પેલી પ્રથમ આણેલી યૌવનાનો આવો ઉત્કટ રાગાવેગ જોઈને પલ્લીપતિ બનેલા ભાઈના ચિત્તમાં વિચાર સ્ફુર્યો કે 'શું આ કન્યા એ મારી નાનપણની બહેન તો નથી?' કેમકે નાની હતી ત્યારે એના ગુહ્ય સ્થાને થતા પોતાના કરસ્પર્શથી એ રડતી છાની રહી જતી હતી.

આ પલ્લીપતિના ચિત્તમાં આવું મંથન

ચાલતું હતું તેવામાં જ ભગવાન મહાવીર નજીકમાં પધાર્યા છે તે જાણીને એ પલ્લીપતિ પ્રભુ મહાવીરના સમવસરણમાં જઈ પહોંચ્યો. પેલી કન્યાની ઓળખ અંગેની જિજ્ઞાસા તીવ્ર હતી, અને પ્રભુ સર્વજ્ઞ છે એમ જાણીને ભગવાનને સાંકેતિક વાણીમાં જ પ્રશ્ન કર્યો 'યા(જા) સા સા સા?' અર્થાત્ 'જે એ છે તે તે જ છે?' એટલેકે 'ઉત્કટ રાગાવેગ ધરાવતી જે સ્ત્રી તે શું મારી બહેન છે?' ત્યારે પ્રભુએ પણ એ પ્રશ્નનો એવો જ સાંકેતિક પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'યા સા સા સા.' અર્થાત્ 'હા, જે એ છે તે તે જ છે.' એટલે કે 'એ સ્ત્રી જે છે તે તારી બહેન જ છે.' પછી પ્રતિબોધિત થયેલો તે પલ્લીપતિ ત્યાંથી વિદાય થયો.

ત્યાં બેઠેલા ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે પેલા આગંતુકે સંકેતથી તમને શું પૂછ્યું? ત્યારે પ્રભુજીએ એના ઉત્તરરૂપે પલ્લીપતિની એના પૂર્વભવ સહિતની કથની કહી.

આ આખી કથા આપણા મર્મ સ્થાનને સ્પર્શી જાય એવી છે.

પલ્લીમાં આણેલી કન્યા જે પોતાની બહેન જ હતી તેની સાથે પોતે કરેલું સહશયન એ પલ્લીપતિના જીવનમાં આચરાયેલું એવું અધમ પાપકર્મ હતું કે એ પોતાના દોષ પ્રભુજી આગળ પ્રકાશી પણ ન શક્યો અને કેવળ સાંકેતિક પ્રશ્ન કરીને જ અટકી ગયો.

જીવનમાં એવાં અધમ પાપકૃત્યો માનવી કરી બેસે છે જે પ્રગટ વાચાસ્વરૂપે કહી શકાય એવાં પણ નથી હોતાં, એ આ દૃષ્ટાંતકથાનો મર્મબોધ છે.

✶✶✶

## પીડા વહેંચાય તો પાપ વહેંચાય

રાજગૃહી નગરીમાં કાલસૌરિક નામે એક કસાઈ રહેતો હતો. એ હંમેશાં પાંચસો પાડાનો વધ કરતો. એક વાર શ્રેણિક રાજાએ એને કૂવામાં નાખ્યો તો ત્યાં પણ આદતથી મજબૂર એવો તે કસાઈ માટીના પાંચસો પાડા બનાવી તેનો વધ કરતો. આવાં જીવહિંસાનાં પામપકર્મોથી એ જ્યારે રોગગ્રસ્ત થયો ત્યારે આખા શરીરે અત્યંત દાહ અને બળતરાનો અનુભવ કરવા લાગ્યો.

આ કાલસૌરિક કસાઈને સુલસ નામે પુત્ર હતો. એણે પિતાને સાજા કરવા માટે અનેક ઉપચારો કર્યા પણ કાલસૌરિક રોગમુક્ત થયો નહીં. છેવટે તે મૃત્યુ પામ્યો અને એનાં પાપકર્મોને લઈને નરકમાં ગયો.

આ કસાઈપુત્ર સુલસને અભયકુમાર મંત્રી સાથે મૈત્રી હતી. અભયકુમારની સોબતથી સુલસમાં જીવદયાના સંસ્કારો દૃઢ થયા હતા.

હવે પિતાના મૃત્યુ પછી સુલસનાં તમામ કુટુંબીજનો એકઠાં થઈને સુલસને સમજાવવા લાગ્યાં, 'પિતાનો વ્યવસાય પુત્રએ સંભાળી લેવો જોઈએ. એ રીતે હે સુલસ! તું પણ તારા પિતાનો ખાટકીનો વ્યવસાય સંભાળી લે અને પિતાના મૃત્યુના શોકમાંથી બહાર આવ.' કુટુંબીઓ કહેવા લાગ્યાં, 'ઈચ્છા-અનિચ્છાની અહીં વાત જ નથી. બાપનો વ્યવસાય સંભાળી લેવાની અને એને ચાલુ રાખવાની પુત્ર તરીકે તારી જવાબદારી છે.' પણ અભયકુમાર સાથેની મૈત્રીને કારણે એનામાં જીવદયાના સંસ્કારો એવા બળવત્તર થયા હતા કે એ ટસનો મસ ન થયો અને ફરી ફરીને પરિવારને કહેવા લાગ્યો કે 'અબોલ પ્રાણીવધનું આવું ઘોર પાપકૃત્ય હું નહીં જ કરું.'

ત્યારે સુલસને ભેગા થયેલાં સગાં કહેવા લાગ્યાં, 'જો બાપદાદાનો આ વ્યવસાય ચાલુ રાખવામાં તને પાપનો ડર લાગતો હોય તો અમે બધાં તારું પાપ થોડું થોડું વહેંચી લઈશું.' આમ કહીને સુલસનાં સગાંઓએ સુલસના હાથમાં કુહાડી પકડાવી, અને કહ્યું કે 'તું પહેલો ઘા કર પછી અમે બધાં એમ કરીશું.'

સુલસે કુહાડી ઉપાડી. પણ એ ઉપાડેલી કુહાડીથી અબોલ પ્રાણી ઉપર ઘા કરવાને બદલે એણે પોતાના પગ ઉપર ઘા કર્યો. પગમાંથી લોહી વહેલા લાગ્યું. સગાંઓ ચોંકી ઊઠયાં. કહેવા લાગ્યાં, 'અરે મૂરખ! આ તેં શું કર્યું?' સુલસ કહે, 'મને ખૂબ જ પીડા થઈ રહી છે. તમે બધાં મારા પગે થઈ રહેલી આ પીડા થોડી થોડી વહેંચી લો.' સગાં કહે, 'અરે સુલસ! કેવી ગાંડી વાત કરે છે! તને થતી પીડા અમે શી રીતે લઈ શકવાના? કોઈની પીડા બીજા કોઈથી લેવાય નહીં.'

ત્યારે સુલસે જવાબમાં કહ્યું, 'જો કોઈની પીડા બીજાઓને નથી વહેંચી શકાતી, તો કોઈએ કરેલું પાપ પણ બીજાઓને શી રીતે વહેંચી શકાય?'

ભેગાં થયેલાં કુટુંબીજનો પાસે આનો કોઈ ઉત્તર નહોતો. આપણા કોઈની પાસે પણ છે ખરો?

✶✶✶

*[આ કથાનો આધારસ્રોત ગ્રંથ છે ધર્મદાસગણિ-વિરચિત 'ઉપદેશમાલા'. ગ્રંથ પદ્યબદ્ધ અને પ્રાકૃત ભાષામાં છે. આ ગ્રંથ પરની શ્રી સિદ્ધર્ષિ ગણિની 'હેયોપાદેય ટીકા' (ભાષા સંસ્કૃત, રચના વિ. સં. ૯૭૪) માં આ કથા મળે છે. આચાર્ય સોમસુંદરસૂરિકૃત 'ઉપદેશમાલા બાલાવબોધ' (ભાષા મધ્યકાલીન ગુજરાતી, રચના વિ. સં. ૧૪૮૫)માં તથા આચાર્ય વિજયલક્ષ્મીસૂરિકૃત 'ઉપદેશ પ્રાસાદ' (ભાષા સંસ્કૃત, રચના વિ. સં. ૧૮૪૩)માં પણ આ કથા ઉપલબ્ધ છે.*

*પુસ્તક : 'શ્રી ઉપદેશપ્રાસાદ-ભાષાંતર', અનુ. શ્રી કુંવરજીભાઈ આણંદજીભાઈ, પ્રકા. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, પુનઃ પ્રકાશન શ્રી જૈન બૂક ડીપો, અમદાવાદ, ઈ. સ. ૨૦૦૧.]*

# મુનિવર કેમ હસ્યા?

*[આ કથા આચાર્યશ્રી પ્રેમપ્રભસાગરજી- 'વાત્સલ્યદીપ'કૃત 'પ્રેરક જૈન કથાઓ' પુસ્તકમાંથી લીધી છે. કથાલેખન યથાવત્ રાખ્યું છે. પ્રકા. શ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશન, અમદાવાદ-૧૩, ઈ. સ. ૨૦૦૧]*

નાગદત્ત શેઠ નગરમાં જાણીતા શ્રેષ્ઠી હતા. સુખથી જીવે. પોતાના માટે સુંદર મહેલનું નિર્માણ કરાવી રહ્યા હતા. રંગારાને એ સૂચના આપી રહ્યા હતા કે, એવો રંગ થવો જોઈએ કે વર્ષો સુધી ઝાંખો ન પડે.

રંગારો કહે, 'ચિંતા ન કરો શેઠ, એમ જ થશે.'

એ વખતે ત્યાંથી એક તપસ્વી મુનિરાજ પસાર થયા. એમણે આ જોયું ને સાંભળ્યું. એ હસી પડ્યા.

નાગદત્ત શેઠને મનમાં વિચાર તો થયો જ કે એ સંસારત્યાગી મુનિવર હસ્યા કેમ હશે? કિંતુ એમણે ઝાઝું મહત્ત્વ ન આપ્યું.

બપોરની વેળા હતી. નાગદત્ત શેઠ જમવા બેઠેલા. પારણામાં એમનો પુત્ર ઝૂલે. એણે લઘુશંકા કરી ને શેઠની થાળીમાં થોડા છાંટા ઊડ્યા. શેઠે પરવા ન કરી. જમવાનું ચાલુ રાખ્યું.

એ જ મુનિરાજ ત્યારે ત્યાં વહોરવા આવેલા. એમણે આ જોયું. એ હસી પડ્યા.

શેઠ વળી ચમક્યા.

નાગદત્ત શેઠ દુકાને બેઠેલા. ઘરાકી ચાલુ હતી તેવે સમયે એક બોકડો દુકાનમાં ચડી ગયો. શેઠે તેને બહાર કઢાવ્યો. નોકરે માર્યો. કસાઈ તેને પરાણે ઉપાડી ગયો. બોકડાની આંખમાંથી પાણી વહે! પેલા મુનિવરને એ જ વખતે વળી ત્યાંથી પસાર થવાનું થયું. એમણે આ જોયું. એ હસી પડ્યા!

નાગદત્ત શેઠ ચમક્યા. આ મુનિરાજ હસ્યા કેમ? કોઈ કારણ હશે જ.

શેઠ પહોંચ્યા ઉપાશ્રયે. સાંજ ઢળી ગયેલી. મુનિવરને વિધિવત્ વંદીને શેઠે જે મનમાં હતું તે પૂછ્યું, 'આજ આપ ત્રણ વાર હસ્યા. તેનું કારણ શું હશે?'

મુનિ મહારાજ ગંભીર થઈ ગયા. કહે, 'શેઠ, સંસારની અસારતા જોઈ હસી જવાયું હતું.'

'મને કહેવા કૃપા કરશો?'

'જી, પણ છાતી મજબૂત રાખજો.'

'ભલે.' શેઠ સાવધ થઈ ગયા.

મુનિઃ 'શેઠ સવારે તમે રંગારાને સૂચના આપતા હતા કે રંગ કદી જવો ન જોઈએ.'

'ખરું.'

મુનિઃ 'શેઠ, ભાગ્યની કરામત અકળ હોય છે. તમારું આયુષ્ય હવે માત્ર સાત જ દિવસનું બાકી છે.'

'હેં!'

મુનિઃ બપોરના બાળકની લઘુશંકાના છાંટા પણ તમને ભોજનમાં અણગમો પ્રેરતા નહોતા.'

'ખરું.'

મુનિઃ બાળક એ જ જીવ છે કે જે તમારી પત્નીનો જાર હતો ને તમે મરાવી નાખેલો. એ તમારે ત્યાં પુત્ર રૂપે જન્મ્યો છે.'

'હેં!'

મુનિ : 'સાંજના બોકડાને તમે પરાણે દુકાનમાંથી બહાર કઢાવતા હતા. એ તમારા પિતાનો જીવ હતો. દુકાન જોઈ, તમને જોયા ને એ જીવને જાતિસ્મરણ (પૂર્વભવનું) જ્ઞાન થયું. તમારે ત્યાં આશ્રય અર્થે આવી ચડ્યો. તીવ્ર આસક્તિના કારણે એ મૃત્યુ પામીને તિર્યંચ બન્યો. જાતિસ્મરણથી જાણીને તમારે ત્યાં આવ્યો પણ...'

'હેં?' શેઠ ઊભા થઈ ગયા. 'હું પહેલાં એને કસાઈને ત્યાંથી છોડાવી લાવું.' શેઠ દોડ્યા. કસાઈને ત્યાં પહોંચ્યા. ત્યારે એ બોકડાને વધેરીને હાથ લૂછતો હતો.

નાગદત્ત શેઠ હૈયાફાટ રડી રહ્યા. રે! કેવો છે આ સંસાર! એ પુનઃ ઉપાશ્રયે આવ્યા. ત્યાગી સાધુજનના ચરણ ઝાલ્યા. 'હે ગુરુદેવ, હવે મારું શું થશે? મારો ઉદ્ધાર કરો. મારું કલ્યાણ કરો.'

મુનિ : 'શેઠ, જે જીવ કર્મ બાંધે, એ જ જીવ પુરુષાર્થ કરીને મુક્ત પણ થાય. તમે મોહ-માયાનો ત્યાગ કરીને ધર્મના, ત્યાગના, સદ્‌ગુરુના શરણે જાવ. તમારું શ્રેય થશે જ .એક દિનનું શુદ્ધ ચારિત્ર પણ જીવને સદ્‌ગતિ આપે. તમારે તો સાત દિન બાકી છે.'

સંસારની અસારતા પારખી ગયેલ નાગદત્ત શેઠે દીક્ષા લીધી. વૈરાગ્યના પંથે એમને સદ્‌ગતિ આપી.

✶ ✶ ✶

- *દુઃખ આવી પડે ત્યારે મનુષ્ય તે એકલો જ ભોગવે છે. મૃત્યુ આવે ત્યારે જીવ એકલો જ પરભવમાં જાય છે. એટલા માટે જ્ઞાની માણસો કોઈ પણ વસ્તુને પોતાના શરણરૂપ માનતા નથી.*
- *ઉત્સાહી માણસ ધન કે બીજા કશા સ્વાર્થની આશામાં લોઢાના કાંટા (ખીલા) સહન કરી શકે છે, પરંતુ કોઈ પણ જાતની આશા રાખ્યા વગર વચનરૂપી કાંટા જે સહન કરે છે તે પૂજ્ય છે.*
- *બીજાઓનો તિરસ્કાર ન કરવો તથા પોતાનું ચડિયાતાપણું ન બતાવવું. પોતાનાં શ્રુતજ્ઞાન, લાભ, જાતિ, તપ અને બુદ્ધિનું અભિમાન ન કરવું.*

# બે લઘુ દૃષ્ટાંતકથાઓ

## ૧. તુંબડાની કથા

*[આ દૃષ્ટાંત કથા આગમગ્રંથ 'જ્ઞાતાધર્મકથાંગ'ના છઠ્ઠા તુંબક અધ્યયનમાં મળે છે. ભાષા પ્રાકૃત.*

*પુસ્તક : 'શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર' (ગુજરાતી અનુવાદ), અનુ. મ. સાધ્વીજી શ્રી વિનિતાબાઈ, સંપા. પં. શોભાચંદ્ર ભારિલ્લ, પ્રકા. પ્રેમ-જિનાગમ પ્ર. સમિતિ, મુંબઈ, સં. ૨૦૩૭ (ઈ. સ. ૧૯૮૧).]*

એક વખત ભગવાન મહાવીરના અંતેવાસી એવા જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ અણગારે (ગૌતમે) ભગવાનને પ્રશ્ન કર્યો કે ક્યા કારણે જીવ ભારેખમપણાને કે હળવાપણાને પ્રાપ્ત કરી શકે?

પ્રત્યુત્તરમાં ભગવાન મહાવીરે ગૌતમને આ દૃષ્ટાંત કહ્યું.

એક મોટું સુકાયેલું છિદ્રરહિત તુંબડું હોય. એને કોઈ માણસ ઘાસથી લપેટે, તુંબડાના ફરતો બધી બાજુએ માટીનો લેપ કરે. એને સુકવવા મૂકે. પછી ફરીથી ઘાસથી લપેટી માટીનો લેપ કરે. પછી સૂકવે. આમ ફરી ફરી આઠ વાર તુંબડાને ઘાસ-માટીથી લપેટી પછી એ તુંબડાને ઊંડાં જળમાં નાખે ત્યારે એ તુંબડું જે મૂળમાં તદ્દન હળવું હતું તે વારંવારના માટીના લેપને કારણે ભારે થઈ જવાથી તરી શકે નહીં. અને જળાશયના ઊંડા પાણીમાં છેક તળિયે સ્થિત થઈ જાય.

હવે તે તુંબડાનો ઉપરનો માટીનો લેપ ભીનો થઈ જેમ જેમ ઓગળતો જાય તેમ તેમ તુંબડું વજનમાં હળવું થતું જઈ જળમાં ઉપર આવતું જાય. ક્રમશઃ આઠેય ઘાસ-માટીના લેપ દૂર થતા જાય અને છેવટે માટીના લેપથી તદ્દન બંધનમુક્ત થયેલું તુંબડું પુનઃ જલસપાટી પર આવી તરતું થઈ જાય.

આ પ્રમાણે શુદ્ધ આત્મા ઉપર અસંખ્ય પાપકર્મોના સેવનથી આઠ પ્રકારની કર્મપ્રકૃતિઓનો લેપ ચડ્યા કરે. પરિણામે એના ભારેખમપણાને લઈને જીવ નરકતલમાં પહોંચી જાય. પછી જ્યારે મનુષ્ય એનાં કર્મોનો ક્ષય કરી હળવો બને છે અને આત્માને સંપૂર્ણ કર્મમુકત કરે છે ત્યારે આ સંસારસાગરને તરી જાય છે. ✷ ✷ ✷

## ૨. કડવી તુંબડીની કથા

*[આ દૃષ્ટાંત કથા આ. વિજયલક્ષ્મીસૂરિ-વિરચિત 'ઉપદેશ પ્રાસાદ' ગ્રંથમાં વ્યાખ્યાનમાં છે. ગ્રંથની ભાષા સંસ્કૃત. રચના વર્ષ સં. ૧૮૪૩.*

*પુસ્તક : 'શ્રી ઉપદેશપ્રાસાદ-ભાષાંતર', અનુ. શ્રી કુંવરજીભાઈ આણંદજીભાઈ, પ્રકા. શ્રી જૈન ધર્મ પ્ર. સભા, ભાવનગર, પુનઃ પ્રકા. જૈન બૂક ડીપો. અમદાવાદ–૧, ઈ. સ. ૨૦૦૧.]*

વિષ્ણુસ્થળ નગરમાં એક શેઠ રહેતા હતા. પત્નીનું નામ ગોમતી. એમને ગોવિંદ નામનો પુત્ર હતો. એ પુત્ર કેવળ દંભ અને બાહ્યાચારમાં નિપુણ હતો. અન્યોને યાત્રાપ્રવાસે જતા જોઈને એને પણ તીર્થયાત્રાએ જવાની અને સરિતાસ્નાનની ઈચ્છા થઈ. યાત્રાએ જતા પુત્રને માતાએ કહ્યું કે ગંગા, ગોદાવરી, ત્રિવેણી સંગમ જેવાં સરિતા સ્થાનોમાં કેવળ સ્નાન કરવાથી બંધાયેલાં પાપોનો નાશ થતો નથી. પણ પુત્રે પોતાનો આગ્રહ ત્યજ્યો નહીં. એટલે માતાએ એને બોધ પમાડવા એક કડવી તુંબડી આપીને કહ્યું કે તું જે જે સ્થળોએ સ્નાન કરે ત્યાં આ તુંબડીને પણ સ્નાન કરાવજે.

માતાનું આટલું વચન સ્વીકારીને પુત્ર તીર્થયાત્રાએ ગયો. જ્યાં જ્યાં સરિતાસ્નાન કર્યું ત્યાં ત્યાં તુંબડીને પણ સ્નાન કરાવતો હતો. થોડાક દિવસે પુત્ર પાછો આવ્યો. જમવા બેઠો. માતાએ પેલી તુંબડીનું શાક પીરસ્યું. પુત્રે એ શાક મોઢામાં મૂક્યું કે તરત જ બોલી ઊઠ્યો, 'અરે, આ તો કડવું ઝેર છે. ખાઈ શકાય એમ જ નથી.' માતા કહે, 'જે તુંબડીને તેં સ્નાન કરાવ્યાં છે તે તુંબડીમાં કડવાશ ક્યાંથી?' ત્યારે ગોવિંદ બોલ્યો, 'માતા, જળમાં સ્નાન કરાવવાથી તુંબડીની અંદરની કડવાશ શી રીતે દૂર થયા?' ત્યારે માતા કહે, 'દીકરા, મારે તને એ જ તો સમજણ આપવી હતી. જેમ પવિત્ર ગણાતી નદીઓમાં સ્નાન કરાવ્યા છતાં આ તુંબડીનો કટુદોષ ગયો નહીં, એમ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન જેવાં પાપકર્મોનો સમૂહ કેવળ સરિતાસ્નાન કરવાથી દૂર થાય નહીં. કષાયોની મલિનતા નિવાર્યા સિવાય જીવની શુદ્ધિ થતી નથી.' ✷ ✷ ✷

- *જે પાછળથી બીજાની નિંદા નથી કરતા, જે કોઈની હાજરીમાં વિરોધવાળાં વચન નથી બોલતા, જે નિશ્ચયકારી (આગ્રહી) અથવા અપ્રિયકારી ભાષા નથી બોલતા તે સદા પૂજ્ય છે.*
- *સામેથી આવતા વચનરૂપી પ્રહારો કાનમાં વાગે છે ત્યારે તે મનમાં ખેદ ઉત્પન્ન કરે છે, પરંતુ જેઓ ધર્મમાર્ગમાં શૂરવીર છે અને જિતેન્દ્રિય છે તથા 'આ મારો ધર્મ છે' એમ માનીને તે સહન કરે છે તેઓ પૂજ્ય છે.*
- *બાળક હોય કે મોટા માણસ, સ્ત્રી હોય કે પુરુષ, દીક્ષિત હોય કે ગૃહસ્થ, ગમે તે હોય, પરંતુ જેઓ કોઈની નિંદા કરતા નથી કે તિરસ્કાર કરતા નથી, તેમ જ જેઓ ક્રોધ કે માનનો ત્યાગ કરે છે તેઓ પૂજ્ય છે.*

# ઊંઘ વેચી ઉજાગરો

## નારી સન્માન સંદર્ભે એક મધ્યકાલીન દૃષ્ટાંતકથા

*[આ કથાનો આધાર છે પં. વીરવિજયજીકૃત 'ચંદ્રશેખર રાજાનો રાસ.' રાસ પદ્યબદ્ધ છે અને મધ્યકાલીન ગુજરાતી ભાષામાં વિ. સં. ૧૯૦૨માં એની રચના થઈ છે. દીર્ઘ રાસના ત્રીજા ખંડની ૧૧મી ઢાળમાં આ દૃષ્ટાંતકથા આલેખાઈ છે.*

*પુસ્તક : 'શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ', અનુ.-સંપા. સાધ્વીજી શ્રી જિતકલ્પાશ્રીજી, પ્રકા. શ્રી વડા ચૌટા સંવેગી જૈન મોટા ઉપાશ્રય, સુરત-૩, ઈ. સ. ૨૦૦૪.]*

નાનકડું એક નગર હતું. એ નગરનો એક રાજા હતો. રાજાના મહેલમાં એક મજાનો વછેરો હતો. એ વછેરો ખચ્ચર અને ઘોડીના સમાગમથી પેદા થયેલો હતો. એ વછેરાનું નામ ઉજાગરો હતું.

આ જ નગરમાં મધુ ભટ કરીને એક બ્રાહ્મણ હતો. એને ત્યાં એક ભેંસ હતી. એ ભેંસ એવી તંદુરસ્ત હતી કે એક ટંકે એક મણ દૂધ આપતી હતી. એ દૂધમાંથી ઘી બનાવીને મધુ ભટ એનું વેચાણ કરતો હતો. એ રીતે એની આજીવિકા ચાલતી હતી. આ ભેંસનું નામ ઊંઘ રાખવામાં આવ્યુંહતું.

એક દિવસ આ બ્રાહ્મણ ઘી વેચવા માટે રાજમહેલે ગયો. રાજમહેલમાં રાજાનો કુંવર હાજર હતો. એ રાજકુંવરને ઘી વેચીને બ્રાહ્મણે એના દામ માગ્યા. જેટલી રકમ આપવાની થતી હતી એટલી રકમના સિક્કા રાજકુંવરે ઉપલી મેડીએથી નીચે ફેંક્યા.એ સિક્કા એને ત્યાં બાંધેલા પેલા વછેરાની લાદમાં પડ્યા. એટલે કુંવરે નીચે આવી લાદમાંથી સિક્કા વીણીને પેલા બ્રાહ્મણને આપ્યા. એ બ્રાહ્મણે સિક્કા નીચે ફેંકાતા જોયેલા નહીં. એટલે કુંવરને લાદમાંથી સિક્કા એકઠા કરતો બ્રાહ્મણે જોયો ત્યારે એને કુતૂહલ થયું કે 'લાદમાંથી સિક્કા!' બ્રાહ્મણે પોતાનું કુતૂહલ શમાવવા રાજકુંવરને પૂછતાછ કરી. એટલે કુંવરે કહ્યું કે 'અમારા આ અશ્વની લાદ લક્ષ્મીમય છે. આ વછેરાના ભાગ્યથી અમારી ધનસંપત્તિ વધી છે.'

બ્રાહ્મણે લાલચમાં આવી જઈ રાજકુંવરને આજીજી કરી, 'આપ આ વછેરો મને બ્રાહ્મણને દાનમાં આપો. આમ કરવાથી આપને અઢળક પુણ્ય મળશે.'

આના જવાબમાં રાજકુંવરે બ્રાહ્મણને કહ્યું, 'જો તમે તમારી ભેંસ મને આપો તો બદલામાં હું તમને મારો વછેરો આપું.'

બ્રાહ્મણે લોભવશ થઈને પોતાની ભેંસ (ઊંઘ) કુંવરને આપી અને બદલામાં કુંવરનો વછેરો (ઉજાગરો) પોતે લીધો.

ઘેર જઈને બ્રાહ્મણે વછેરાની ખૂબ જ સારસંભાળ લેવા માંડી. અને નિયમિત રીતે ખૂબ દાણા નીરવા લાગ્યો. અને પ્રતીક્ષા કરવા લાગ્યો કે વછેરાની લાદમાંથી સિક્કા ક્યારે મળે છે. પણ પેલા વછેરાની લાદ એમ કંઈ નાણું આપે? વછેરો આ બ્રાહ્મણને કાંઈ ઉપયોગનો જ ન રહ્યો. ને ભેંસ આપી દેવાને કારણે ઊલટાની એની આજીવિકા સમૂળી છીનવાઈ ગઈ. આ રીતે આ મંદમતિ બ્રાહ્મણે ઊંઘ વેચીને ઉજાગરો લીધો.

આ દૃષ્ટાંતકથાની વિશેષતા એ છે કે કવિએ એનું આલેખન નારીસન્માનના સંદર્ભમાં કર્યું છે.

નારી ઘરની લક્ષ્મી છે. જે પુરુષ ઘરની સ્ત્રી પ્રત્યે દાક્ષિણ્ય અને સન્માન જાળવવાને બદલે એની ઉપેક્ષા કરે, એની સાથે કલેશ કરે અને રીસ કરી ઘરની બહાર ત્યજી દે છે અને પરસ્ત્રીમાં રમણા કરવાની વૃત્તિ રાખે છે એની સ્થિતિ પેલા બ્રાહ્મણની પેઠે ઊંઘ વેચીને ઉજાગરો લીધા જેવી થાય છે.

✶ ✶ ✶

# અધ્યાત્મ રસનું કુંડા ભરી પાન કરાવતી ગૌતમકથા

☐ગુણવંત બરવાળિયા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાહિત્ય, અધ્યાત્મ અને જનકલ્યાણ ક્ષેત્રની સફળ પ્રયોગશાળા છે. પુનઃ ગૌતમકથાનો સફળ પ્રયોગ કરવા બદલ પ્રયોગવીર ડૉ. ધનવંત શાહ આપણા સૌના અભિનંદનના અધિકારી બન્યા છે.

સંઘે, સાહિત્યક્ષેત્રે ઉત્કૃષ્ટ સાહિત્યસ્વામીઓની કૃતિના રસદર્શન કરાવતાં પરિસંવાદો કે પ્રવચનોનું આયોજન, જૈન હસ્તપ્રત વિદ્યા લિપિ વાંચન અંગેની શિબિર, અધ્યાત્મક્ષેત્રે વ્યાખ્યાનમાળા અને અધ્યાત્મ ગ્રંથોનું પ્રકાશન, જનકલ્યાણ ક્ષેત્રે જરૂરિયાતવાળી ગુજરાતની અનેક શૈક્ષણિક સંસ્થાઓ માટે દાન એકત્ર કરી કરોડો રૂપિયાનું અનુદાન પહોંચાડ્યું છે. શ્રી યુવક સંઘના આ સફળ પ્રયોગો ધર્મનું અને સાહિત્ય ક્ષેત્રનું સંવર્ધન કરનારા અને સામાજિક ક્ષેત્રે કલ્યાણનું કારણ બની ગયા છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સર્જક અને ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ ત્રિદિવસીય ગૌતમકથા દ્વારા આપણને અનુપમ જ્ઞાનાનંદની અનુભૂતિ કરાવી. મહાવીર કથાની શૃંખલામાં ત્રણ દિવસની ગૌતમકથા આપણા સૌના માટે અવિસ્મરણીય બની ગઈ.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કથાની પૂર્વભૂમિકામાં તે સમયની વૈદિક અને શ્રમણ સંસ્કૃતિની ધારાનો આછો ચિતાર આપ્યો હતો.

વિક્રમ સંવત પૂર્વ ૫૫૦માં માતા પૃથ્વીદેવીની કૂખે જન્મેલા ઈન્દ્ર જેવું રૂપ અને તેજ ધરાવતા હોવાથી એનું નામ ઈન્દ્રભૂતિ

રાખવામાં આવ્યું. નાની વયે જ મગધ દેશના સમર્થ પંડિતોમાં ઈન્દ્રભૂતિ ગણધરની ગણના થવા લાગી. વાદવિદ્યામાં પારંગત હોવાને કારણે તેમની સાથે વાદ કરવા આવેલા પરાજિત થઈને પાછા જતા. તે કેવા હતા? સાત હાથ જેટલી ઊંચી કાયા, મજબૂત શરીર, મોહક દેખાવ, તેજસ્વી વદન અને જીભ પર સરસ્વતીનો વાસ. ડૉ. કુમારપાળ દેસાઈએ ગૌતમસ્વામીની વિરાટ પ્રતિભાનું જે શબ્દચિત્ર ખડું કર્યું તેનાથી પ્રેક્ષકોને જાણે સાક્ષાત્ ગૌતમસ્વામીના પાવન દર્શનની અનુભૂતિ થઈ.

જે સમયે સૌમિલ બ્રાહ્મણે મહાયજ્ઞ આરંભ્યો એ જ સમયે અપાપાપુરીમાં કેવળજ્ઞાની પ્રભુ મહાવીર ઉપદેશ આપી રહ્યા હતા. ભગવાન મહાવીરને મહાસેન વનમાં પરાજિત કરવા જતા ઈન્દ્રભૂતિ ગૌતમ વિચારે છે કે આ જગત પર મારા જેવો મહાજ્ઞાની હોય ત્યાં સર્વજ્ઞ કોઈ હોઈ શકે જ નહિ. શું આકાશમાં બે સૂર્ય, એક ગુફામાં બે સિંહ કે એક મ્યાનમાં બે તલવાર રહી શકે? ના, આ કોઈ લોકોને ઠગનારો લાગે છે. એમણે પાંચસો શિષ્યો સાથે પડકાર ફેંકવાની ઈચ્છા સાથે સમવસરણમાં પ્રવેશ કર્યો. પણ અહીં તો શાંતિનું સામ્રાજ્ય પથરાયેલું હતું. મહાવીરની આંખોમાં કરુણા હતી. ગાય અને સિંહ એક સાથે ઉપદેશનું પાન કરતાં હતાં. મહાવીરનું પ્રશાંત રૂપ, અઢળક આત્મવૈભવ અને દિવ્ય તેજ જોયું. કોઈપણને પરમ શાંતિ પમાડે તેવી સૌમ્ય કાંતિ જોઈ.

વાત્સલ્ય નીતરતી વાણીમાં મહાવીરે કહ્યું, 'હે ગૌતમ! પધારો. તમારું સ્વાગત છે.' પોતાનું નામ સાંભળીને ઈન્દ્રભૂતિને વિસ્મય થયું, સાચે જ આ સર્વજ્ઞ લાગે છે. વળી મનમાં વિચાર્યું કે મારા જેવા મહા પંડિતને બધા જ ઓળખતા હોય. નામથી બોલાવ્યો, એમાં કશું જ આશ્ચર્ય પામવા જેવું નથી. પછી આસનપર બિરાજમાન થતાં વિચારે છે કે, મારા મનમાં જે સંશય છે તે પ્રશ્ન પૂછી હું તેને મુંઝવીશ. ત્યાં તો મહાવીરે કહ્યું:

'આત્મા છે કે નહિ એવો સંશય તમને થયો છે અને વેદપદોનું અયોગ્ય અર્થઘટન કરવાથી 'આત્મા નથી' એવી તમારી માન્યતા દૃઢ થઈ છે.' આ સાંભળતાં ઈન્દ્રભૂતિના ચિત્તમાં મહાવિસ્ફોટ સર્જાયો.

મહાવીર સ્વામી એને મિથ્યા કે મુર્ખ નથી કહેતા પરંતુ વેદવાક્યનું વિશિષ્ટ અર્થઘટન કરીને સંશય પામેલા ઈન્દ્રભૂતિને પરમ સત્ય તરફ લઈ જાય છે

'विज्ञानधन एव एतेभ्यो भूतेभ्य: समुत्थाय,
तान्ये वानु विनश्यति, न प्रेत्यस ज्ञाडस्ती.'

આનો અર્થ એ છે કે આત્મા કાળાંતરે વિવિધ દેહ ધારણ કરે છે જે વિશિષ્ટ સંજ્ઞાથી ઓળખાય છે પણ આત્મા કદી નાશ પામતો નથી. આત્મા ધ્રુવ અને નિત્ય જ રહે છે.

સર્વજ્ઞને દેખાય છે માટે માનવું જોઈએ. આત્મા પ્રત્યક્ષ દેખાય નહિ પણ પ્રક્રિયાથી જાણી શકાય. બુદ્ધિને કાઢીને નથી બતાવી શકાતી છતાં બુદ્ધિશાળીને માનીએ છીએ. દાંત દુઃખે ત્યારે જે વેદના થાય તે બતાવી શકતી નથી છતાં વેદના છે જ. જીવંત અને મૃતદેહમાં ભેદ શો. મૃત્યુ પછી હલનચલન નથી તો શું ગયું? આત્મા.

ઈન્દ્રભૂતિ ગૌતમનો શંકાનો કીડો દૂર થયો. એમના હાથ જોડાઈ ગયા અને બોલ્યા, 'આપ ખરેખર સર્વજ્ઞ છો. આપ આપના શિષ્ય તરીકે મને અને મારા પાંચસો શિષ્યોનો સ્વીકાર કરશો?'

ભગવાન કહે છે, 'હે! ઈન્દ્રભૂતિ ગૌતમ! આ બધામાં હું ભાવિ શુભ યોગનું અને ધર્મશાસનના પ્રભાવનું દર્શન કરું છું. તમારી ઋજુતાને કારણે તમારા એ જ્ઞાનનો વિશેષ ઉપયોગ થશે. આપણે સાથે રહીને ધર્મ તીર્થની પ્રભાવના કરીશું.'

ડૉ. કુમારપાળે આ આખાયે પ્રસંગનું એટલી ભાવવાહી અને રસયુક્ત શૈલીમાં નિરૂપણ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા.

ઈન્દ્રભૂતિ ગૌતમ પાછા ન આવતા તેમના ભાઈ અગ્નિભૂતિ મહાવીરને જીતવા ચાલ્યા. ભગવાને અગ્નિભૂતિની કર્મ વિશેની શંકાનું નિવારણ કર્યું. વાયુભૂતિ, સુધર્મા, મૌર્યપુત્ર અંકપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ વિગેરેની વિવિધ શંકાઓનું સમાધાન કર્યું. આ તમામ પંડિતો ૪૪૧૧ શિષ્યો સાથે ભગવાન મહાવીરનો ઉપદેશ સ્વીકારતાં ધર્મક્ષેત્રે ચમત્કારરૂપ ઘટના બની. અને ભગવાન મહાવીરનો અગિયાર પંડિતો સાથેનો આ વાર્તાલાપ 'ગણધરવાદ' નામે જાણીતો બન્યો.

ડૉ. કુમારપાળભાઈએ એક ખૂણાનો અને અઘરો વિષય પસંદ કર્યો છે. જૈન આગમોનો અભ્યાસ કરતાં જણાશે કે ભગવાન


# ।। ગૌતમકથા ।।

## ગૌતમકથા D.V.D.

**ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક અને હૃદય સ્પર્શી વાણીમાં ત્રણે દિવસની ગૌતમ કથાને જીવંત મ્હાણો ત્રણ ડી.વી.ડી.માં.**
**પ્રત્યેક ડી.વી.ડી. કથા-ચિંતન-ગીત-સંગીત અઢી કલાક**
**ત્રણે ડી.વી.ડી. એક સાથે એક આકર્ષક પેકિંગમાં**
**એક સેટ રૂા. ૩૦૦/-**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યો અને પેટ્રનો તેમજ છાત્રાલયો અને પુસ્તકાલયો, દેરાસર અને ઉપાશ્રયોને રૂા. ૨૭૦/- એક સાથે દશ ડી.વી.ડી. સેટ લેનારને એક ડી.વી.ડી. સેટ પ્રભાવના સ્વરૂપે.

બૅંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના CD A/C No. 003920100020260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારોને આ જ્ઞાનની ભેટ અર્પણ કરી જ્ઞાનકર્મનું પુણ્ય પ્રાપ્ત કરો. પરિવાર અને મિત્રો સાથે બેસીને આ ડી.વી.ડી. દ્વારા ગૌતમકથાનું દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

**વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે-અમૂલ્ય છે-શાશ્વત છે.**

મહાવીરના ગણધરો વિશે બહુ જ ઓછી માહિતી છે. તેમણે આ અઘરા વિષયની બહોળા શ્રોતાવર્ગ સમક્ષ સરળતાથી રજૂઆત કરી છે. વળી તેમની ગણધરવાદની આલેખન શૈલી વિશિષ્ટ પ્રકારની છે. સામાન્ય રીતે ગુરુ શિષ્ય પાસે તત્ત્વ સંબંધી પોતાનો પ્રશ્ન કરે અને ગુરુ તેનો ઉત્તર આપી તેની જિજ્ઞાસા સંતોષે. કથાનકો અને દર્શનસાહિત્ય દ્વારા જાણવા મળે છે કે સોક્રેટીસ અને પ્લેટો, આનંદ અને ભગવાન બુદ્ધ, શ્રીકૃષ્ણ અને અર્જુનની વચ્ચે આવી પ્રશ્નોત્તરી થઈ હતી. જ્યારે ગણધરવાદમાં શંકા અને સમાધાન બન્ને ભગવાન મહાવીર બતાવે છે. બ્રાહ્મણ પંડિતોના ચિત્તમાં રહેલા સંશયને પ્રથમ સ્વયં પ્રગટ કરે છે અને પછી તેના ઉત્તર દ્વારા સમાધાન કરે છે.

ભારત વર્ષની દાર્શનિક પરંપરામાં તે વખતે વિરોધીઓનું ખંડન અને સ્વમતનું મંડન કરી પોતાના મતની સ્થાપના કરાતી જ્યારે ભગવાને વિરોધી મતની ક્યાંય ટીકા નથી કરી જ્યારે અનેકાંતને અનુસરતી, તત્ત્વદૃષ્ટિ કે સમન્વયાત્મક દૃષ્ટિ ગણધરવાદમાં જોવા મળે છે.

મહાવીર અને ગૌતમના ભાવ સંબંધો ભવોભવથી હતા. મહાવીરના ત્રીજા મરીચીના ભવમાં એમનો મેળાપ થયો હતો. છેલ્લા ભવમાં તીર્થંકર અને ગણધર તરીકે રહેલ ગૌતમને પ્રભુ કહે છે.

'હે ગૌતમ આ ભવ પુરો કરીને ઉપર મોક્ષમાં જઈને પણ આપણે સદાને માટે બન્ને સરખા થઈ જશું અને સદા સાથે જ રહીશું.'

ડૉ. કુમારપાળ દેસાઈએ ગૌતમ કથામાં એ સુપેરે ચરિતાર્થ કર્યું કે ગૌતમ એક મહાન જિજ્ઞાસુ અને પાત્ર શિષ્ય હતા. અધ્યાત્મ જગતનું એ એવા પ્રતીક હતા કે અનેક વિષયમાં જિજ્ઞાસા પ્રગટ કરી ભગવાન પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરતા એટલે જ ભગવતી સૂત્ર, ગૌતમ સ્વામી અને ભગવાનના પ્રશ્નોત્તરીના જ્ઞાન સાગરથી પૂર્ણ બન્યું. કુલ છવ્વીસ હજાર પ્રશ્નોના સમાધાનનો વિપુલ જ્ઞાનભંડાર સર્જાયો.

ગુરુ ગૌતમસ્વામી જ્ઞાન અને શરીરથી પ્રભાવશાળી હતા માટે ભગવાન મહાવીર ધર્મકાર્ય તરીકે સંદેશવાહક મોકલવાની જરૂર પડે ત્યારે ગૌતમસ્વામીને મોકલતા.

ગૌતમસ્વામીની સાધનાને કારણે તેનામાં સ્વલબ્ધિ પ્રગટી તે અઠ્યાવીશ લબ્ધિની નોંધ આગમ સૂત્રોમાંથી જાણવા મળે છે.

ગૌતમસ્વામી ચરણલબ્ધિથી વાયુવેગે સૂર્યના કિરણો પકડી અષ્ટાપદ તીર્થ પર ચડી ગયા હતા ત્યાં એમણે જગચિંતામણી સૂત્રની રચના કરી. વળતા પંદરસોત્રણ તાપસોને એક પાત્રમાં ખીર લઈ અંગૂઠો પાત્રમાં રાખી પારણું કરાવ્યું. રસ્તામાં ગુરુ ભગવાનનું વર્ણન સાંભળતા ૫૦૧ તાપસોને કેવળજ્ઞાન થયું. ૫૦૧ને સમવસરણની શોભા જોઈ અને ૫૦૧ને મહાવીરના મુખારવિંદના દર્શન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

પાર્શ્વ પરંપરાના કેશીકુમાર અને ગૌતમસ્વામીની મુલાકાતના પ્રસંગનું ડૉ. કુમારપાળે સુંદર નિરૂપણ કર્યું.

ગણધર ગૌતમ સર્વોચ્ચ સ્થાને બિરાજમાન થતાં જાતે પાતરાં લઈને પારણાના દિવસે સ્વયં પ્રભુની આજ્ઞા લઈને ગોચરી માટે જતાં. ગોચરી માટે એક પ્રહરથી વધુ સમય ન લેતા, લુખ્ખો સુક્કો જે આહાર મળે તેને પ્રસન્નતાપૂર્વક સ્વીકારતાં. સાધુ સમાજમાં આજે પણ ગોચરી વાપરતાં ગૌતમ ગણધરનું સ્મરણ કરાય છે તેનો મુખ્ય હેતુ આહાર સંજ્ઞા તોડવાનો છે.

ગોચરી માટે ઉતાવળ નહીં. રસ્તામાં આર્દ્રકુમાર કે અતિમુક્ત મળે, સમ્રાટ કે ભિખારી મળે સર્વને ભગવાન મહાવીરનો સંદેશો કહે.

ગૌતમ કથાનું શ્રવણ કરતાં આવા એકમેવ અદ્વિતીય અને અનુપમ ગૌતમસ્વામીનું શ્રોતાની કલ્પનાસૃષ્ટિમાં સ્મરણ સ્થિર થઈ જાય. હાલિક, સાલ-મહાસાલ અને આનંદ શ્રાવકના જીવનની ઘટનાના પ્રસંગો સાંભળતા શ્રોતાજનોના હૃદય દ્રવી ઉઠે.

ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને સંકેત આપ્યો કે મોહના અંશથી ભરેલી નાની સરખી ગાંઠ છૂટી જશે એટલે તમારો નિસ્તાર થશે. એ પછી ભગવાન મહાવીરના મહાનિર્વાણની રાત્રિની ઘટનાનું વર્ણન કર્યું જે શ્રોતાજનોની આંખો આંસુભીની થાય એ રીતે કર્યું. ગૌતમસ્વામીના મિલાપના કરૂણ વર્ણનને અંતે જ્યોતમાંથી જ્યોત પ્રગટે તેમ મહાવીર નિર્વાણ ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનનું નિમિત્ત બને છે અને સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે તેનું સાદૃશ્ય ચિત્ર ખડું થયું. તેમનો આત્મા નિર્મળ થતાં દેવોએ દુંદુંભિ વગાડ્યા અને માનવીઓએ મહોત્સવ રચ્યો. વિક્રમ સં. પૂર્વે ૪૭૦ વર્ષે આસોવદી અમાવાસ્ય રાત્રિના પાછલા પહોરે બનેલી આ ઘટના દીપાવલીએ પ્રભુ મહાવીરના નિર્વાણનું સ્મરણ કરાવે છે અને ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનની સ્મૃતિ જગાવે છે.

તીર્થંકર મહાવીર પછી જૈન પરંપરામાં જે કોઈ છવાયેલી વિભૂતિ હોય તો તે ગણધર ગૌતમસ્વામી છે.

આ ત્રણ દિવસની ગૌતમ કથામાં શ્રોતાઓએ અધ્યાત્મરસનું કુંડા ભરીને પાન કર્યું.

પ્રથમ વાર આવી ગૌતમકથા તત્ત્વચિંતન સભર અને હૃદયસ્પર્શી, લોકભોગ્ય વાણીમાં સાંભળવાનો આનંદ મળ્યો.

અત્યાર સુધી આપણે દિવાળીમાં ચોપડા પૂજન કરતી વખતે 'ગૌતમ સ્વામીની લબ્ધિ હજો'થી સ્મરણ કરતાં ગણધરવાદ અને ગૌતમપૃછા શબ્દથી જ માત્ર પરિચિત હતા. પરંતુ આ કથા દ્વારા વિશેષ જાણકારી મળી. વળી આ કથાની વિશિષ્ટતા ગૌતમ સ્વામીના જીવનના વણસ્પર્શ્યા પાસાનું દર્શન કરાવવાની હતી.

ઑડિટોરિયમ અને સ્ટેજની સજાવટ એ ગૌતમ કથાની ભવ્યતા હતી તો ડૉ. કુમારપાળભાઈનું સચોટ વક્તવ્ય, ડૉ. ધનવંતભાઈનું પ્રાક્કથનઅને મહાવીર શાહનું ભક્તિ સંગીત આ કથાની દિવ્યતા હતી.

હવે, આ ક્ષેત્રના નિષ્ણાત રાજેશ પટેલની DVD દ્વારા ગૌતમ કથાને માણવાનો લ્હાવો મળી શકશે.

આવા સુંદર આયોજન બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અધિકારીઓ અને સહયોગીઓ સૌની અભિવંદના કરું છું. ✷ ✷ ✷

૬૦૧, સ્મિત ઍપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈ.)
મો.: ૦૯૮૨૦૨૧૫૫૪૨

# જયભિખ્ખુ જીવનધારા : ૩૧

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[સર્જકના જીવનમાં અપાર સંઘર્ષો આવતા હોય છે અને એમાં પણ સર્જકનો ઉદાર સ્વભાવ, એમનાં સંવેદનશીલ હૃદય અને પરગજુ વૃત્તિ ક્વચિત્ આર્થિક સંકડામણ ઊભી કરતાં હોય છે. ગુજરાતી સાહિત્યના સર્જક જયભિખ્ખુ ચિત્રપટજગતની એક ભિન્ન દુનિયામાં પ્રવેશે છે. એની અનુભવકથા જોઈએ આ એકત્રીસમા પ્રકરણમાં.]*

## ચલચિત્રની દુનિયામાં ડોકિયું

'ચાલો ત્યારે, આ અફવાની ઉજવણી કરીએ.'

ગાંધી રોડ પર આવેલા શારદા પ્રેસમાં જયભિખ્ખુ, ગુણવંતરાય આચાર્ય, ધૂમકેતુ, મનુભાઈ જોધાણી, ગૂર્જરના ગોવિંદભાઈ અને શંભુભાઈ તથા બીજા મિત્રોની મંડળી જામી હતી. નજીકમાં આવેલી ચંદ્રવિલાસ હૉટલમાંથી ફાફડા અને જલેબીની મિજબાનીની સાથે એક ખાસ પ્રકારની ચાના ઘૂંટ સહુ ભરી રહ્યા હતા. એ સમયે ચંદ્રવિલાસના ચા-ઉકાળો-મિક્સ ખૂબ જાણીતા હતા અને આ મંડળીનું એ પ્રિય પીણું હતું.

અફવાની ઉજવણી એટલે શું? વાત એમ બનેલી કે એ સમયે અમદાવાદમાં એવી ચોતરફ અફવા ફેલાઈ હતી કે પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈ પુનર્લગ્ન કરવાના છે! જયભિખ્ખુએ હસતા હસતા પોતાના હેતાળ મિત્રને આ અફવાની વાત કરી. મનુભાઈ જોધાણીએ એમના ધીર-ગંભીર અવાજમાં કહ્યું, 'હા, મેં પણ આવી વાત સાંભળી છે.' અને ગોવિંદભાઈ અને શંભુભાઈ ધીમું ધીમું હસી રહ્યા!

ત્યાં પોતાની પાતળી મુઠ્ઠી પછાડીને કનુ દેસાઈએ કહ્યું કે આ અફવા હોય તો ભલે અફવા રહી, પણ એની ઉજવણી કરીએ. ફરી ચા-ઉકાળો-મિક્સ મંગાવીને આ કાલ્પનિક પ્રસંગની હાસ્યસભર ઉજવણી કરવામાં આવી.

સાહિત્યકારની મૈત્રી સાહિત્યકાર સાથે હોય તે સ્વાભાવિક છે, જ્યારે સાહિત્યકાર અને કલાકારની મૈત્રી વિરલ હોય છે. જયભિખ્ખુ અને કનુ દેસાઈની મૈત્રી અત્યંત ગાઢ હતી.

એમની પહેલી મુલાકાત ૧૯૪૧-૪૨માં અમદાવાદના સૂર્યપ્રકાશ પ્રેસમાં થઈ હતી. એ સમયે જયભિખ્ખુ 'વિદ્યાર્થી' સાપ્તાહિકનું સંપાદન કરતા હતા. આ સાપ્તાહિકમાં એમણે કનુ દેસાઈની કલા વિશે લખ્યું અને વિશેષ તો કનુભાઈની કલાસાધનાના પ્રારંભકાળની સંઘર્ષગાથા લખી હતી. માતા હીરાબહેનનું અવસાન થતાં કનુ દેસાઈ અમદાવાદ આવ્યા. મામાને ઘરે રહ્યા અને ઘરકામથી માંડીને બહારની ખરીદી સુધીના બધાં કામ ઉપાડી લીધાં. લોટ દળ્યો, વાસીદાં વાળ્યાં; શ્રમ કરવામાં શરમ ન રાખી. આવા કનુભાઈ પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં ભણ્યા અને ત્યાંથી શાંતિનિકેતન ગયા. આ શાંતિનિકેતન એમને જીવનની આકાંક્ષાઓ વિસ્તારવાની મુક્ત ભોમકા સમું લાગ્યું. એ આર્થિક સંકડાશ ભૂલી ગયા અને પુસ્તકો, ડ્રોઈંગ-પેપર તથા સાબુ જેવી જરૂરિયાતોને માટે એક ટંક જમવાની અને એક ટંક ભૂખ્યા રહેવાની પ્રક્રિયા શરૂ કરી. વિદ્યાપીઠ તરફથી છાત્રવૃત્તિ મળતી હતી, પરંતુ એ ઘણી ઓછી હતી. એ સમયે કલકત્તામાં રહેતા 'નવચેતન'ના આદ્યતંત્રી મુરબ્બી શ્રી ચાંપશીભાઈ ઉદેશીએ એમને મદદ કરી. કલાકારોના કદરદાન અને આશ્રયદાતા ચાંપશીભાઈએ એમને અવનીન્દ્રનાથ ટાગોર, નંદલાલ બોઝ અને ત્યાંથી કવિવર રવીન્દ્રનાથ ટાગોર સુધીના મહાનુભાવોનો મેળાપ કરાવ્યો. આ સમયે કનુભાઈ પાસે એક ઓઢવાનું અને એક પાથરવાનું હતું. બહુ ઠંડી પડે ત્યારે જાડું પાથરણું ઓઢવાનું બની જાય! એક ધોતી અને એક કુરતું અને માથે સુતી વખતે પુસ્તકોનો તકિયો. પરંતુ કનુભાઈને એ તપ ફળ્યું અને દેશના મહાન ચિત્રકાર બન્યા. આ વાત જયભિખ્ખુએ 'વિદ્યાર્થી' સાપ્તાહિકમાં લખી હતી. બંને સૂર્યપ્રકાશ પ્રેસમાં મળ્યા અને એમની દોસ્તી જામી ગઈ. કનુભાઈ આ મૈત્રીને દિલોજાની કહેતા.

એ પછી તો દર રવિવારે અમદાવાદમાં કનુભાઈના નિવાસસ્થાન 'દીપિકા'માં મિત્રોનો મેળો જામતો અને ત્યારે જયભિખ્ખુ ક્યારેક સાહિત્યની વાત કરતા તો ક્યારેક પોતાના શોખના વિષય ચલચિત્રની વાત કરતા.

કનુ દેસાઈનાં પત્ની ભદ્રાબહેન જયભિખ્ખુની કલમના ચાહક હતા. આથી જયભિખ્ખુનો લેખ હાથ ચડે કે તરત જ એને વાંચી લેતાં; એટલું જ નહીં પણ એ વિશેનો પોતાનો નિખાલસ અભિપ્રાય પહેલાં કનુભાઈને ને પછી રવિવારે જયભિખ્ખુ આવે ત્યારે એમને કહેતાં. સમય જતાં આ ડાયરાનું સ્થળ શારદા પ્રેસ બન્યું. ૧૯૪૬ની અઢારમી ફેબ્રુઆરીએ પંડિત ભગવાનદાસભાઈની ભાગીદારીમાં શારદા પ્રેસનું મુહૂર્ત થયું અને ત્યારે એ મુહૂર્તમાં જયભિખ્ખુની સાથે ચિત્રકાર કનુ દેસાઈ પણ આવ્યા હતા.

૧૯મી ફેબ્રુઆરીના રોજ જયભિખ્ખુ અમદાવાદમાં મળેલી મહાકવિ ન્હાનાલાલના સ્મારક અંગેની સભામાં ગયા. શિવપુરીમાં અભ્યાસ કરતા હતા, ત્યારથી મહાકવિ ન્હાનાલાલની કવિતાનું એમણે આકંઠ પાન કર્યું હતું. આ સભામાં મહાકવિનું કઈ રીતે સ્મારક રચવું એની ચર્ચા ચાલી. એમાં જે વિચારો વ્યક્ત થયા, એનાથી જયભિખ્ખુનું હૃદય દુભાયું. ગુજરાતના આવા સમર્થ કવિના સ્મારક અંગે જે ઉમંગ અને ઊલટ હોવાં જોઈએ, એનો અભાવ

દેખાયો. કોઈ સ્મારકની વાત પર ઠંડું પાણી રેડતા હોય એમ લાગ્યું, તો કોઈ કવિ સાથેના કડવાશભર્યા સંબંધોને કારણે નીરસ લાગ્યા. કેટલીયે વાર જેમની કવિકલ્પનાની પાંખે ઉડ્ડયન કર્યું હતું અને ગુજરાત કૉલેજના રેલવે-ક્રોસિંગ પાસે ફરવા જતાં જેમના આદરપૂર્વક દર્શન કર્યાં હતાં, એમના સ્મારક અંગેની સભામાં આયોજનનો અભાવ લાગ્યો. પણ એથીયે વિશેષ સાહિત્યકારોના ગમા-અણગમા આટલા બધા તીવ્ર હોય છે એનો પહેલી વાર ખ્યાલ આવ્યો. શિવપુરીની ધરતી પર ગોવર્ધનરામનું 'સરસ્વતીચંદ્ર' વાંચનારા જયભિખ્ખુના હૃદયમાં સારસ્વતો માટે અગાધ આદર હતો, પરંતુ આ સભામાં જે રીતે ચર્ચા-વિચારણા થઈ, એનાથી એમને આઘાત થયો. તેઓ પોતાની રોજનીશીમાં માર્મિક રીતે નોંધે છે,

*'મહાકવિ ન્હાનાલાલનું સ્મારક કરવા માટે મળેલી સભામાં ગયા. અર્ધા તો 'મન વિનાનું ખાવું ને રાગ વિનાનું ગાવું' જેવું કરતા હતા.'*

આ જયભિખ્ખુને સાહિત્યસર્જન માટેની તાલાવેલી પરેશાન કરે છે. મધ્યપ્રદેશના શિવપુરીમાં હતા, ત્યારે જયભિખ્ખુએ એમની પહેલી નવલિકા 'સમાજ સામે સત્યાગ્રહ' લખી હતી. એ સમયે 'વીસમી સદી' સાપ્તાહિકમાં મોકલી હતી અને તે ૨૪-૧-૧૯૩૨ના અંકમાં પ્રગટ થઈ હતી. જયભિખ્ખુની આ પહેલી નવલિકા હતી. એ પછી લેખનકાર્ય તો ચાલ્યું અને ૧૯૪૬ની પહેલી માર્ચે જયભિખ્ખુએ એક મહિના માટે ગોવિંદભાઈ અને શંભુભાઈના સ્નેહને વશ થઈને શારદા પ્રેસમાં જવાનું નક્કી કર્યું અને ઘણાં વર્ષે એમને પુનઃ પ્રેસની જિંદગી મળી.

આ શારદા પ્રેસમાં ધીરે ધીરે સાહિત્યકારોનો ડાયરો જામવા લાગ્યો. મિત્ર કનુભાઈ દેસાઈ એ પછી અમદાવાદ છોડીને મુંબઈ ગયા અને મુંબઈમાં ફિલ્મઉદ્યોગક્ષેત્રે કલાનિર્દેશક તરીકે જોડાયા. કનુ દેસાઈએ ગુજરાતની કલાદૃષ્ટિમાં એક આગવું પરિવર્તન આણ્યું અને એમણે પંદર હજારથી વધારે ચિત્રો અને ત્રીસ જેટલા સંપુટો આપ્યા. આ કનુ દેસાઈ અમદાવાદમાં બે-ત્રણ દિવસની મુલાકાતે આવ્યા હોય તોપણ સાંજે શારદા પ્રેસમાં આવે અને ધૂમકેતુ, જયભિખ્ખુ અને ગુણવંતરાય આચાર્યની હાજરીમાં ડાયરામાં ચલચિત્રજગતની ખાટી-મીઠી વાતો કરે. ધીરે ધીરે જયભિખ્ખુના બહોળા મિત્રવર્ગમાં કનુ દેસાઈ એકરૂપ બની ગયા. એ પછી તો કનુભાઈનો આગ્રહ રહેતો કે એમના ચિત્રસંપુટોમાં જયભિખ્ખુ પ્રસ્તાવના લખે. પોતાના આ મિત્ર વિશે એમના ષષ્ટિપૂર્તિના પ્રસંગે કનુ દેસાઈએ લખ્યું:

*'એમના (જયભિખ્ખુના) મિત્રવર્ગમાં માત્ર સાહિત્યકારો નથી, પણ વિવિધ શ્રેણીના માણસો છે. તેમાં ચિત્રકારો સાથેનો તેમનો સંબંધ અતિ ગાઢ છે. તેઓ ચિત્રકળાના ખૂબ જ રસિયા છે, માર્ગસૂચનથી અને પોતાની આગવી કળાસૂઝથી શ્રી જયભિખ્ખુએ અનેક ચિત્રકારોની પીંછીમાં પ્રાણ પૂર્યા છે. 'મંગલમંદિર', 'શૃંગારિકા', પ્રણયમાધુરી' જેવા મારાં ચિત્રસંપુટોનું મૂલ્ય જે વધ્યું છે, તે એમની પ્રેરક વાણીને આભારી છે. શ્રી જયભિખ્ખુની પ્રેરક પ્રસ્તાવનાને પ્રતાપે આ ચિત્રસંપુટો આદરણીય થયા છે.'*

આ રીતે લેખક અને ચિત્રકારની આ મૈત્રી સતત વૃદ્ધિ પામતી રહી. જયભિખ્ખુએ કનુ દેસાઈના કલાસંપુટ વિશે આકર્ષક શૈલીમાં રસપ્રદ આમુખ લખ્યું તો જયભિખ્ખુએ લખેલી 'પ્રેમભક્ત કવિ જયદેવ' નવલકથાને કનુ દેસાઈએ એ 'કવિ જયદેવ' નામે ચિત્રપટ રૂપે રજૂ કરવાનો નિર્ણય કર્યો. આ ચિત્રપટનું નિર્માણ કનુ દેસાઈ પ્રોડક્શન હેઠળ થયું અને તેનું દિગ્દર્શન રામચંદ્ર ઠાકુરે કર્યું. સંગીત જ્ઞાન દત્તે આપ્યું અને એ ૧૯૪૭માં છબીઘરોમાં પ્રદર્શિત થયું.

આ નિમિત્તે જયભિખ્ખુને ચિત્રપટની દુનિયાની ઝાંખી કરવાની તક મળી. ૧૯૪૬ની ઓગણીસમી સપ્ટેમ્બરે જયભિખ્ખુ આ નવી દુનિયા નિહાળે છે. 'કવિ જયદેવ' ચિત્રપટ નિમિત્તે એ મુંબઈ જાય છે અને મુંબઈમાં એમના પરમ મિત્ર કનુ દેસાઈ સાથે દાદરમાં આવેલા અમર સ્ટુડિયોમાં જાય છે. આ અમર સ્ટુડિયોમાં જયદેવ ચિત્રપટના બે ગીતોનું 'ટેઈક' હતું અને ફિલ્મના શોખીન યુવાન જયભિખ્ખુને આ દુનિયાનો તાદૃશ અનુભવ થાય છે. કનુ દેસાઈ સાથે જે ટ્રેનમાં ગયા, ત્યાં એમને પ્રેમ અદીબ નામના કલાકારનો પરિચય થયો. એમનો સુંદર ચહેરો, સૌમ્ય વર્તન અને કાશ્મીરી દેહ જયભિખ્ખુને આકર્ષી ગયા. તેર વર્ષે ચલચિત્રજગતમા પદાર્પણ કરનાર પ્રેમ અદીબે 'ઘૂંઘટવાલી', 'ભોલેભાલે' જેવી ફિલ્મોમાં અભિનય કર્યો હતો અને ત્રણેક ચિત્રપટોનું નિર્માણ કર્યું હતું. એ પછી અમર સ્ટુડિયોમાં ગયા ત્યારે ચિનુભાઈ દેસાઈ, ચીમનલાલ દેસાઈ, સુરેન્દ્ર, અભિનેત્રી નલિની જયવંતના પતિ વીરેન્દ્ર દેસાઈ વગેરેને મળ્યા. અહીં એમણે લીલા દેસાઈ અને અમીરબાઈને પણ જોયા. 'રતન' ફિલ્મના અભિનેતા કરણ દીવાન પણ મળ્યા અને મૂળ ઈડરના એવા રામચંદ્ર ઠાકુર સાથે વાર્તાલાપ થયો. આ બધા કલાકારોને જયભિખ્ખુ જુએ છે, મળે છે. એમની સાથે વાતચીત કરે છે અને નવીન સૃષ્ટિનો અનુભવ મેળવે છે.

કનુ દેસાઈએ ચુનીભાઈ દેસાઈને 'પ્રેમભક્ત કવિ જયદેવ' નવકથાના લેખક જયભિખ્ખુનો પરિચય કરાવ્યો. આ પુસ્તકના કથાનકનો ઉપયોગ કરવા માટે ચુનીભાઈએ જયભિખ્ખુને પાંચસો રૂપિયાનો પુરસ્કાર આપ્યો. એક લેખક કોઈ જુદી જ દુનિયામાં આવ્યા હોય એવો એમને અનુભવ થાય છે અને સાથોસાથ જીવનમૂલ્યો ધરાવતા આ સર્જકને આ રૂપેરી દુનિયાના રૂપની પાછળની કુરૂપતા પણ દેખાય છે. આ અનુભવ પછી તેઓ નોંધે છે, 'સ્ટુડિયોની દુનિયા અદ્‌ભુત છે. અહીં પૈસો એ પ્રેમ છે. પ્રેમ એ લગ્ન છે. લગ્નને અને વ્યભિચારને અથવા લગ્નમાં વ્યભિચારને કંઈ છેટું નથી.'

એ પછીને દિવસે 'પ્રેમભક્ત કવિ જયદેવ' પુસ્તકના ફિલ્મ-અધિકાર કનુ દેસાઈ પ્રોડક્શનને આપવાનો કરાર પણ કર્યો અને ફરી દાદરના અમર સ્ટુડિયોમાં ગયા. અહીં એમણે જે સૃષ્ટિ જોઈ એને વિશે તેઓ લખે છે.

*'એક બાનુ પતંગિયાં જેવાં બનીને આવ્યાં. અહીં ચારે તરફ પતંગિયાં જ ઊડ્યાં કરે છે. ભમરા પણ ફરતા જ હોય છે.'*

બીજી બાજુ ફિલ્મ નિર્માણની ટૅક્નૉલોજી વિશે આ યુવાનને એમ થાય છે કે આ કૅમેરાએ તો સામાન્યમાંથી અસામાન્ય સૃષ્ટિ સર્જી દીધી છે. માત્ર એટલું કે સાઉન્ડપ્રુફ કેમેરાથી ખૂબ ગરમી લાગે છે. એમાં સુધારો કરવો જોઈએ. અમર સ્ટુડિયોના એક સેટ પર 'સરાઈ કી બહાર' નામની ફિલ્મના શૉટ્સ જોયા અને શમશાદ બેગમ અને રાજકુમારીનાં ગાયનો સાંભળ્યાં.

આમ ચિત્રકારની મૈત્રી જયભિખ્ખુને એક જુદા જગતમાં લઈ જાય છે અને એને પરિણામે એ પછી ચલચિત્રની દુનિયાની ઝાકઝમાળ અંગે જયભિખ્ખુએ કેટલાંક કૉલમ લખ્યાં અને કેટલીક નવલિકાઓ પણ સર્જી.

જયભિખ્ખુના પુસ્તકનું મુખપૃષ્ઠ કનુ દેસાઈનું જ હોય. આમ આ કલાકાર અને સર્જકનો મેળાપ એક નવી કેડી કંડારે છે. આ બંનેએ પોતાની કલા માટે આકરાં તપ કર્યાં હતાં. કનુ દેસાઈનો આનંદી સ્વભાવ એમના પત્રોમાં પણ પ્રગટ થાય છે. ૧૯૫૮ની તેવીસમી જુલાઈએ જયભિખ્ખુને લખેલા પત્રના પ્રારંભમાં લખે છેઃ

*'હો! શ્રીમાનજી! ઈંટ ઔર ઈમારત બનાનેવાલે! થોડા યાદ તો કર ભલા.*

*વર્ષો થયાં લાગે છે કે આપનો પત્ર નથી! ભૂલી તો ગયા જ હશો તેમ છતાં સ્મૃતિપટ યાદ કરશો, બાપલા! તમને હવે કોઈ કામના નહીં. એટલે ખોખલા પંઝ્યા જેવા અમે શેના યાદ આવીએ?– ભલે બાપા–ભલે! એની યાદ કરાવવા હવે–પોતે–જાતે–પંડે– રવિવારે નીકળી સોમવારે આપને ત્યાં લાંઘણ કરનાર છીએ તે જાણશો.'*

આ રીતે પત્રનો પ્રારંભ કરે છે અને એમાં એમની ગાઢ મૈત્રી જોવા મળે છે.

૧૯૪૬માં આ સમયે મુંબઈમાં કોમી રમખાણ ફાટી નીકળ્યાં. હિંદુ અને મુસલમાન વચ્ચેના વૈમનસ્યે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. ચોતરફ દહેશત હતી અને ત્યારે કોણ હુલ્લડના સપાટામાં આવી જશે એની કલ્પના કરવી મુશ્કેલ હતી. અંધાધૂંધી અને અરાજકતાનો સમય હતો. આ સમયે કપરી પરિસ્થિતિની વચ્ચે ઘેરાયેલા જયભિખ્ખુ હુલ્લડના સપાટામાં આવી જાય તો પોતાના સ્વજનોએ શું કરવું એની ચિંતા થતાં નોંધ કરે છે. આ નોંધ લખવાનો ઉદ્દેશ એટલો હતો કે પોતાના અણધાર્યા મૃત્યુ પછી કુટુંબીજનોને કોઈ મુશ્કેલી આવે નહીં.

૧૯૪૬ની ઓગણીસમી ઑગસ્ટે બપોરે એક વાગ્યે પોતાનો અંતિમ સંદેશ આલેખતા હોય એ રીતે જયભિખ્ખુ પોતાને કંઈ થાય તો શું કરવું એ વિશે આ પ્રમાણે સાત મુદ્દા નોંધે છેઃ (૧) રોકકળ ન કરવી. (૨) શાંતિથી ધર્મપ્રવૃત્તિ કરવી. (૩) મારા નિમિત્તે વિધવાવેશ ન પહેરાવવો. (૪) ખૂણાની પ્રથા બંધ રાખીને રડવું–કૂટવું નહીં. (૫) મારા પુસ્તકો, મારા લખાણો સંગ્રહિત કરી છપાવવા-વેચવા ને પાછળનાનું પોષણ કરવું. (૬) મારા પિતાની મિલકતમાં મારો લાગભાગ નથી. (૭) મેતારજ સ્થૂલિભદ્ર સિવાય બધા પુસ્તકોના કૉપીરાઈટ મારા છે. આનાથી વિરુદ્ધ વર્તવા ઈચ્છનારને ચાર હત્યાનું પાપ છે!

આ લખ્યા પછીને દિવસે જ એમને જાણવા મળ્યું કે સોળમી ઑગસ્ટે કલકત્તામાં શરૂ થયેલા કોમી રમખાણમાં પાંચથી સાત હજાર લોકો મૃત્યુ પામ્યા છે અને દસેક હજાર ઘાયલ થયા છે.

કોમી રમખાણની આ ઘટનાઓએ જયભિખ્ખુના ચિત્તને ઊંડો આઘાત આપ્યો. એક બાજુ રાષ્ટ્રપ્રેમની કથાઓ આલેખતું 'માદરે વતન' તૈયાર થતું હતું અને બીજી બાજુ માદરે વતનની આ દુઃખદ સ્થતિ હૃદયને કોરી ખાતી હતી. આવતી કાલે શું થશે એની ચિંતા માથા પર ઝળૂંબતી હતી અને એનાથીય વધારે મોટી ચિંતા તો એ હતી કે સર્જનકાર્ય માટે જે એકાંત જોઈએ, એ એકાંત સાંપડતું નહોતું. વારંવાર નિશ્ચય કરતા કે અમુક સમય સુધીમાં આ સર્જનો પૂર્ણ કરવા છે, પરંતુ બીજી બાજુ એમના સ્વભાવનું પરગજુપણું એમને પગ વાળીને બેસવા દેતું નહોતું. ઘરમાં અતિથિઓની વણજાર ચાલુ રહેતી અને કુટુંબીજનો પણ ઈચ્છતા કે એમની મુશ્કેલીમાં જયભિખ્ખુનું માર્ગદર્શન સાંપડે. ખર્ચો વધતો જતો હતો. એની ચિંતાને પરિણામે મન અતિ વ્યાકુળ રહેતું હતું અને એને પરિણામે ઘરમાં લેખનયોગ્ય વાતાવરણ મળતું નહોતું. 'પૈસો પાસે નથી, અવળ-સવળ ચાલે છે.' એમ વિચારતા આ યુવાન લેખકને એમ થાય છે કે હવે કરવું શું? ૧૯૪૬ની તેવીસમી ફેબ્રુઆરીએ પોતાની આ અંતરવ્યથા આલેખતાં લખે છેઃ

*'આ શંભુમેળામાં સાહિત્ય સર્જનની કલ્પના, હે ઈશ્વર! મનને થાક ચઢાવે છે, પણ તનનેય દુર્બળ બનાવે છે. વાહ રે સમાજ!*

*આવતી કાલે કંટાળીને લેખનકાર્ય છોડી દઉં તો આટલા બધામાંથી કોઈને અફસોસ નહીં થાય. પૈસા માત્રના આ પૂજારીઓ છે. કોઈને ઉચ્ચ ધ્યેય, ઊંચા વિચાર સાથે લેશમાત્ર લેવાદેવા નથી. પેટ ભરનારાઓનું પેડું (ટોળું) છે. કેટલીક વાર તો એવી ઈચ્છા થાય છે કે ઈશ્વર આયુષ્યનો દોર આટલાથી કાપીને નવેસર નવી જિંદગી આપે, જેમાં ખૂબ સાહિત્યસાધના કરી શકાય.'*

આ રીતે એક બાજુથી આર્થિક મૂંઝવણ અને બીજી બાજુથી સાહિત્યસર્જનની પ્રબળ ઈચ્છા વચ્ચે અવિરત સંઘર્ષ ચાલતો રહ્યો. ઉદાર સ્વભાવ, પરગજુવૃત્તિ અને બહોળા મિત્ર-સમુદાયને કારણે આ આર્થિક ચિંતા વધુ ભીંસ ઊભી કરતી. પરંતુ એ આર્થિક ચિંતા એમના આનંદી સ્વભાવને ઓછો કરી શકતી નહીં. એમના વ્યવહાર પરથી ભાગ્યે જ કોઈને ખ્યાલ આવે કે તેઓ આવી કપરી પરસ્થિતિ વચ્ચે સંઘર્ષમય જીવન જીવી રહ્યા છે.

**(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

**પર્યુષણ પર્વ નિમિત્તે કુલ રૂા. એકહજારના પુસ્તકો ખરીદનારને**
**રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૯ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ | ૨૦ |
| ૧૩ | જિન તત્ત્વ ભાગ-૨ | ૨૦ |
| ૧૪ | જિન તત્ત્વ ભાગ-૪ | ૨૦ |
| ૧૫ | જિન તત્ત્વ ભાગ-૫ | ૫૦ |
| ૧૬ | જિન તત્ત્વ ભાગ-૬ | ૨૦ |
| ૧૭ | જિન તત્ત્વ ભાગ-૭ | ૫૦ |
| ૧૮ | જિન તત્ત્વ ભાગ-૮ | ૫૦ |
| ૧૯ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૫ | ૩૦૦ |
| ૨૦ | જિન તત્ત્વ ભાગ-૬ થી ૯ | ૨૪૦ |
| ૨૧ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૨૨ | વંદનિય હૃદયસ્પર્શ – | ૫૦ |
| ૨૩ | વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૨૪ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૨૫ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫ | ૧૫૦ |
| ૨૬ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૦૦ |
| ૨૭ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ | ૨૦ |
| ૨૮ | પ્રભાવક સ્થવિરો ભાગ-૨ | ૨૦ |
| ૨૯ | પ્રભાવક સ્થવિરો ભાગ-૩ | ૨૦ |
| ૩૦ | પ્રભાવક સ્થવિરો ભાગ-૪ | ૨૦ |
| ૩૧ | પ્રભાવક સ્થવિરો ભાગ-૫ | ૨૦ |
| ૩૨ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૩૩ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૩૪ | પાસપોર્ટની પાંખે ભાગ-૧ | ૧૫૦ |
| ૩૫ | પાસપોર્ટની પાંખે ભાગ-૨ | ૧૫૦ |
| ૩૬ | પાસપોર્ટની પાંખે ભાગ-૩ | ૨૦૦ |
| ૩૭ | ન્યૂ ઝીલેન્ડ (પુસ્તિકા) | ૬ |
| ૩૮ | બેરરથી બ્રિગેડિયર | ૬૦ |
| ૩૯ | ઓસ્ટ્રેલિયા | ૬ |
| ૪૦ | સાંપ્રત સહચિંતન ભાગ-૨ | ૨૫ |
| ૪૧ | સાંપ્રત સહચિંતન ભાગ-૪ | ૨૫ |
| ૪૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૫ | ૨૫ |
| ૪૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૬ | ૨૫ |
| ૪૪ | સાંપ્રત સહચિંતન ભાગ-૭ | ૨૫ |
| ૪૫ | સાંપ્રત સહચિંતન ભાગ-૮ | ૨૫ |
| ૪૬ | સાંપ્રત સહચિંતન ભાગ-૯ | ૨૫ |
| ૪૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૦ | ૨૫ |
| ૪૮ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૧ | ૨૫ |
| ૪૯ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૨ | ૫૦ |
| ૫૦ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૩ | ૮૦ |
| ૫૧ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૪ | ૮૦ |
| ૫૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૫ | ૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૫૩ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૫૪ | પ્રબુદ્ધ ચરણે | ૫૦ |
| ૫૫ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૫૬ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૫૭ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૫૮ | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. બિપિનચન્દ્ર હી. શાહ લિખિત** | |
| ૫૯ | જૈન ધર્મના પુષ્પ ગુચ્છ | ૧૦૦ |
| ૬૦ | જૈન ધર્મના સ્વાધ્યાય સુમન | ૧૦૦ |

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11



# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૧૧

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા આ વર્ષે ૭૭મા વર્ષમાં પ્રવેશે છે.

ગુરુવાર, ૨૫–૮–૨૦૧૧ થી ગુરૂવાર તા. ૦૧–૯–૨૦૧૧ સુધી રોજ બે વ્યાખ્યાનો.

સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫

**પ્રમુખ સ્થાન : ડૉ. ધનવંત શાહ**

| દિવસ તારીખ | સમય | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|
| ગુરૂવાર ૨૫–૮–૨૦૧૧ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી શશીકાંત મહેતા | કાયોત્સર્ગ : મુક્તિની ચાવી |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | પ. પૂ. આ.અમોઘકીર્તિ સાગરજી મ.સા. | आत्माकी कर्म यात्रा |
| શુક્રવાર ૨૬–૮–૨૦૧૧ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રીમતિ અંજનાબેન શાહ | પ્રેક્ષાધ્યાન અને કષાય વિજય |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી કૃષ્ણચંદ ચોરડિયા | जैन धर्म में नयवाद-व्यवहार नय -निश्चयनय |
| શનિવાર ૨૭–૮–૨૦૧૧ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. જે. જે. રાવલ | ઈશ્વર નથી ? |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. રામજી સિંગ | जैन दर्शन की पृष्ट भूमि में गांधी जीवन दर्शन |
| રવિવાર ૨૮–૮–૨૦૧૧ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી વલ્લભભાઈ ભંશાલી | વ્યવસાય, અનાસક્તિ અને સંપન્નતા |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ગુણવંત શાહ | બટકુ રોટલો બીજા માટે |
| સોમવાર ૨૯–૮–૨૦૧૧ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી એર્વદ પરવેઝ પજાન | જરથોસ્તિ ધર્મ |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નરેશ વેદ | બ્રહ્મ સૂત્ર (મહર્ષિ બાદરાયણ) |
| મંગળવાર ૩૦–૮–૨૦૧૧ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. મોહનભાઈ પટેલ | વ્યાપારે વસતિ વિદ્યા |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. મહેબુબ દેસાઈ | ગીતા અને કુરાન |
| બુધવાર ૩૧–૮–૨૦૧૧ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી દિનકર જોષી | બુદ્ધં શરણં ગચ્છામિ |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી ભાગ્યેશ જહા | તમસો મા જ્યોતિર્ગમય |
| ગુરૂવાર ૧–૯–૨૦૧૧ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. રશ્મિકાંત ઝવેરી | ભગવાન મહાવીરનું વસિયતનામું |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રીમતી છાયાબેન શાહ | મોક્ષનું સ્વરૂપ સમજીએ |

ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. **સંચાલન : શ્રીમતી નીરૂબેન એસ. શાહ.** ભજનો રજૂ કરશે અનુક્રમે (૧) લલિતભાઈ દમણિયા (૨) કુ. ધ્વનિ પંડ્યા (૩) શ્રી ગૌતમ કામત (૪) શ્રીમતી ઝરણા વ્યાસ (૫) કુ. વૈશાલી કેલકર (૬) ડૉ. શરદ શાહ (૭) કુ. શર્મિલા શાહ અને (૮) શ્રીમતી ગાયત્રી કામત. પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમ જ ભક્તિ સંગીતની સી. ડી. **શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા)** તરફથી બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે. આ સર્વ વ્યાખ્યાનો યુવક સંઘની વેબ સાઈટ ઉપર આપ સાંભળી શકશો.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી | ચંદ્રકાન્ત દીપચંદ શાહ | રસિકલાલ લહેરચંદ શાહ | નિરુબેન એસ. શાહ<br>ધનવંત ટી. શાહ | વર્ષાબહેન રજ્જુભાઈ શાહ |
|---|---|---|---|---|
| કોષાધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રીઓ | સહમંત્રી |

- પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
- આ વર્ષે સંઘે વિચરતા સમુદાય સમર્થન મંચને આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
- સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૬ સંસ્થાઓને આજ સુધી આશરે રૂા. ૩.૬૦ કરોડ જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
- દાન આપનારને આવકવેરાની કલમ 80 G અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.